# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
## : લઘુવૃત્તિ - વિવરણ :

(ભાગ - સાતમો)

: વિવરણકાર :
આચાર્ય વિજય ચન્દ્રગુપ્ત સૂરિ

: પ્રકાશન :
: શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન :

: આર્થિક સહકાર :
શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ
શાન્તિવન બસસ્ટૅન્ડ પાસે
નારાયણનગર રોડ, પાલડી
અમદાવાદ : ૩૮૦૦૦૭

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન લઘુવૃત્તિ-વિવરણ

(ભાગ - સાતમો)

: વિવરણકાર :

પૂ. પરમશાસનપ્રભાવક
વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. પૂજ્યપાદ આ. ભ. શ્રી.
વિ. રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર સ્વ. પૂજ્યપાદ આ. ભ.
શ્રી. વિ. મુક્તિચન્દ્ર સૂ. મ. સા. ના. શિષ્યરત્ન પૂજ્યપાદ આ.
ભ. શ્રી. વિ. અમરગુપ્ત સૂ. મ. સા. ના શિષ્ય

આચાર્ય વિજય ચન્દ્રગુપ્ત સૂરિઃ

: પ્રકાશન :
: શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન :

: આર્થિક સહકાર :
શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ
શાન્તિવન બસ સ્ટૅન્ડ પાસે
નારાયણનગર રોડઃ પાલડી
અમદાવાદ : ૩૮૦૦૦૭

શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
લઘુવૃત્તિ - વિવરણ (ભા. ૭)
પ્રથમ આવૃત્તિ : નકલ - ૧૦૦૦
વિ. સં. : ૨૦૫૧ : આસો વદ ૧૧
પ્રકાશન : શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન.

: પ્રાપ્તિ સ્થાન :

શા. સૂર્યકાંત ચતુરલાલ
મુ. પો. મુરબાડ
(જિ. ઠાણે)

રજનીકાંતભાઈ એફ. વોરા
૬૫૫ સાચાપીર સ્ટ્રીટ્
પુણે કેમ્પ : પુણે ૪૧૧ 001

શા. મુકુંદભાઈ રમણલાલ
૫, નવરત્ન ફ્લેટ્સ
નવા વિકાસગૃહ રોડ પાલડી
અમદાવાદ - ૩૮000૭

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાહની પોળ
કાલુપુર રોડ
અમદાવાદ - ૩૮0 001

મૂલ્ય : ૬૦ રૂા.

: મુદ્રક ફોટોકમ્પોઝિંગ :
એસ. જયકુમાર ઍન્ડ કું.
૧૨૮/૨ રૂપનગરી, કર્વેરોડ
કોથરૂડ : પુણે ૪૧૧ ૦૨૯
ફો. નં. ૩૩૪ ૫૬૭

॥ अथ प्रारभ्यते षष्ठे ऽ ध्याये प्रथमः पादः।

## तद्धितो ऽ णादिः ६।१।१॥

હવે પછીના સૂત્રોથી જેનું વિધાન કરાશે તે अण् अञ्...વગેરે પ્રત્યયોને તદ્ધિત સંજ્ઞા થાય છે. उपगोरपत्यम् આ અર્થમાં उपगु નામને 'ङसोऽपत्ये ६-१-२८' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. ('ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિનો લોપ.) अण् (अ) પ્રત્યયને આ સૂત્રથી તદ્ધિત સંજ્ઞા. 'वृद्धिः० ७-४-१' થી उपगु નામના આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. અન્ત્ય उ ને 'अस्वय० ७-४-७०' થી अव् આદેશ...વગેરે કાર્ય થવાથી औपगवः આવો પ્રયોગ થાય છે. અર્થ –ઉપગુ (જેની પાસે ગાયો છે તે) નું સન્તાન. આવી જ રીતે ઉત્તર સૂત્રોમાં પણ अण् વગેરે પ્રત્યયને આ સૂત્રથી તદ્ધિત સંજ્ઞા સમજવી. ॥१॥

## पौत्रादि वृद्धम् ६।१।२॥

જેના નામથી કુલ વિખ્યાત હોય છે તેને परमप्रकृति કહેવાય છે. પરમપ્રકૃતિના (अपत्यप्रत्ययान्तार्थ થી ભિન્ન વ્યક્તિના) पौत्र વગેરે અપત્યને 'वृद्ध' સંજ્ઞા થાય છે. गर्गस्यापत्यं पौत्रादि આ અર્થમાં પરમ પ્રકૃતિ ગર્ગના पौत्र વગેરે અપત્યને આ સૂત્રથી वृद्ध સંજ્ઞા થવાથી गर्ग નામને (ષષ્ઠ્યન્ત गर्ग નામને) 'गर्गादि० ६-१-४२' થી यञ् (य) પ્રત્યય, 'ऐकार्थ्ये ३-२-८' થી ષષ્ઠીનો લોપ. 'वृद्धिः० ७-४-१' થી गर्ग નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી गर्ग નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गार्ग्यः આવો પ્રયોગ થાય છે. અર્થ-ગર્ગનું પૌત્રાદિ અપત્ય. पुत्रस्तु गार्गिः - આ સૂત્રથી પરમપ્રકૃતિના પૌત્રાદિ અપત્યને જ (પુત્ર સ્વરૂપ અપત્યને નહિ) ઉપર જણાવ્યા મુજબ

વૃદ્ધ સંજ્ઞા થાય છે. તેથી गर्गस्यापत्यं पुत्रः આ અર્થમાં પુત્ર-અપત્યને આ સૂત્રથી વૃદ્ધસંજ્ઞા ન થવાથી ષષ્ઠ્યન્ત गर्ग નામને 'अत इञ् ૬-૧-૩૧' થી इञ्(इ) પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી गार्गिः આવો પ્રયોગ થાય છે. અર્થ-ગર્ગનું પુત્રસ્વરૂપ અપત્ય. અહીં યાદ રાખવું કે પૌત્ર અપત્ય હોવાથી पौत्रादि ના आदि પદથી प्रपौत्र વગેરે અપત્ય જ વિવક્ષિત છે. भ्रातृ વગેરેનું ગ્રહણ आदि પદથી થતું નથી. ષષ્ઠી વગેરે વિભક્ત્યન્ત નામથી વિહિત તે તે પ્રત્યયોની પૂર્વે સર્વત્ર સ્યાદિ - વિભક્તિનો લોપ ऐकार्थ्ये ૩-૨-૮ થી થાય છે. ॥૨॥

**वंश्य-ज्यायो भ्रात्रो जींवति प्रपौत्राद्यस्त्री युवा ६।१।३॥**

પોતાના કારણ (સાક્ષાત્ કે પરંપરયા) પિતા - પિતામહ વગેરેને वंश्य કહેવાય છે અને એક-સમાન છે માતા કે પિતા જેના એવી, ઉંમરમાં અધિક વ્યક્તિને ज्येष्ठ भ्राता કહેવાય છે. પૌત્રના અપત્યને प्रपौत्र કહેવાય છે, જે પરમપ્રકૃતિથી ચોથા ક્રમાંકે છે. वंश्य અને ज्येष्ठ भ्राता એ બેમાંથી કોઇ પણ એક જીવતું હોય તો સ્ત્રીને છોડીને અન્ય પ્રપૌત્ર વગેરે અપત્યને युवन् સંજ્ઞા થાય છે. गर्गस्यापत्यं प्रपौत्रादि આ અર્થમાં આ સૂત્રથી પ્રપૌત્રાદિને युवन् સંજ્ઞા થવાથી ષષ્ઠ્યન્ત गर्ग નામને 'गर्गादि० ૬-૧-૪૨' થી यञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૬-૧-૨) નિષ્પન્ન ષષ્ઠ્યન્ત गार्ग्य નામને 'यञिञः ૬-૧-૫૪' થી आयनण् (आयन) પ્રત્યય. કારણ કે युवापत्यार्थक પ્રત્યયો; પરમપ્રકૃતિને 'वृद्धाद् यूनि ૬-૧-૩૦' થી વૃદ્ધાપત્યાર્થક પ્રત્યય કર્યા પછી જ થાય છે. તેથી તદન્ત(વૃદ્ધાપત્યાર્થક પ્રત્યયાન્ત) નામને गार्ग्य + आयन આ અવસ્થામાં गार्ग्य નામના અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી गार्ग्यायणः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગર્ગ ઋષિનું અપત્ય પ્રપૌત્રાદિ - જેના વંશ્ય અથવા જ્યેષ્ઠભ્રાતા જીવે છે - તે. સૂત્રમાં भ्रात्रो

र्जीवति આ પ્રમાણે વચનભેદ અન્યતરના જીવિત્વના ગ્રહણ માટે છે. અન્યથા વચનસામ્યમાં वंश्य અને ज्येष्ठ भ्राता ઉભયના જીવિત્વનું ગ્રહણ થાત. ॥३॥

## सपिण्डे वयःस्थानाधिके जीवद् वा ६।१।४॥

જે બેનો પરસ્પર સાતમી પેઢીનો પુરુષ સમાન-એક છે-તે બંન્ને सपिण्ड કહેવાય છે. યૌવનાદિ અવસ્થાને वय કહેવાય છે અને પિતા પુત્ર વગેરેને स्थान કહેવાય છે. વય અને સ્થાન બન્નેથી અધિક सपिण्ड જીવતા હોય તો; પરમપ્રકૃતિના જીવતા પ્રપૌત્ર-સ્ત્રીભિન્ન અપત્યને વિકલ્પથી युवन् સંજ્ઞા થાય છે. 'गर्गस्यापत्यं प्रपौत्रादि' આ અર્થમાં ઉપર જણાવેલી પરિસ્થિતિમાં આ સૂત્રથી प्रपौत्रादि અપત્યને युवन् સંજ્ઞા થવાથી गार्ग्यायणः આવા પ્રયોગ થાય છે. (જુઓ સૂ.નં. ६-१-३) વિકલ્પપક્ષમાં આ સૂત્રથી યુવસંજ્ઞા ન થાય ત્યારે 'पौत्रादि० ६-१-२' થી प्रपौत्रादि ને વૃદ્ધસંજ્ઞા થવાથી गार्ग्यः આવો પ્રયોગ થાય છે.. અર્થ-ગર્ગનું પ્રપૌત્રાદિ અપત્ય-જેના વય અને સ્થાનથી અધિક સપિણ્ડ જીવે છે અને પોતે પણ જીવે છે. ॥४॥

## युव-वृद्धं कुत्साऽर्चे वा ६।१।५॥

નિન્દાના વિષયમાં અને પૂજાના વિષયમાં ક્રમશઃ સ્ત્રીને છોડીને અન્ય યુવાપત્યને અને વૃદ્ધાપત્યને વિકલ્પથી युवन् સંજ્ઞા થાય છે. નિન્દિત યુવાપત્યનું ઉદાહરણ :- गार्ग्यः; गार्ग्यायणो वा जाल्मः અહીં युवन् સંજ્ઞા થાય ત્યારે गार्ग्यायणः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી યુવસંજ્ઞા ન થાય ત્યારે 'पौत्रादि० ६-१-२' થી વૃદ્ધસંજ્ઞા થવાથી गार्ग्यः આવો પ્રયોગ થાય છે. અર્થ-ગર્ગઋષિનું કુત્સિત યુવાપત્ય.

પૂજ્ય વૃદ્ધાપત્યનું ઉદાહરણઃ-गर्गस्य वृद्धापत्यमर्चितं (तत्रभवान्) गार्ग्यायणः, गार्ग्यो वा અહીં આ સૂત્રથી युवन् સંજ્ઞા થવાથી गार्ग्यायणः આવો પ્રયોગ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી યુવસંજ્ઞા ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધસંજ્ઞા થવાથી गार्ग्यः આવો પ્રયોગ થાય છે. અર્થ -ગર્ગનું વૃદ્ધાપત્ય; જે પૂજ્ય છે. અહીં યાદ રાખવું જોઈએ કે- યુવાપત્ય અને વૃદ્ધાપત્યને અનુક્રમે નિંદા અને પૂજાના વિષયમાં યુવત્વની નિવૃત્તિ અને યુવત્વની પ્રાપ્તિ વિકલ્પથી થાય છે. જેથી યુવત્વની નિવૃત્તિમાં વૃદ્ધ પ્રત્યયથી અને યુવત્વની પ્રાપ્તિમાં યુવપ્રત્યયથી પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં યુવત્વ અને વૃદ્ધત્વ તો સિદ્ધ છે જ. ॥૫॥

### संज्ञा दुर्वा ६।१।६॥

સંવ્યવહાર માટે હઠ- બલાત્કારથી નિયુક્ત કરાતી સંજ્ઞાને અર્થાદ્ રૂઢ એવા નામને વિકલ્પથી दु સંજ્ઞા થાય છે: देवदत्तस्येमे આ અર્થમાં देवदत्त નામને આ સૂત્રથી दु સંજ્ઞા થવાથી 'दोरीयः ६-३-३२' થી ષષ્ઠ્યન્ત देवदत्त નામને ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી देवदत्त નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી देवदत्तीयाः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં देवदत्त નામને આ સૂત્રથી दु સંજ્ઞા ન થાય ત્યારે देवदत्त નામને 'तस्येदम् ६-३-१६०' થી अण् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ देवदत्त નામના અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः स्वरे० ७-४-१' થી આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય થવાથી दैवदत्ताः આવો પ્રયોગ થાય છે. અર્થ-દેવદત્ત સમ્બન્ધીઓ. ॥૬॥

### त्यदादिः ६।१।७॥

त्यदादि ગણપાઠમાંનાં (જુઓ સૂ.નં. ૧-૪-૭ માં सर्वादि) त्यद् तद्

यद् वगेरे नामने दु संज्ञा थाय छे. त्यद् अने तद् नामने आ सूत्रथी दु संज्ञा थवाथी षष्ठ्यन्त त्यद् अने तद् नामने ( त्यस्य तस्य वेदम् आ अर्थमां) 'दोरीयः ६-३-३२' थी ईय प्रत्यय वगेरे कार्य थवाथी त्यदीयम् अने तदीयम् आवो प्रयोग थाय छे. अर्थ ( बंन्नेनो)- तेनुं. ॥७॥

## वृद्धि र्यस्य स्वरेष्वादिः ६।१।८॥

जे नामना स्वरोमां प्रथम स्वरने वृद्धिसंज्ञा (अर्थात् आ ऐ अथवा औ स्वर प्रथम स्वर छे) थई छे; ते नामने दु संज्ञा थाय छे. आम्रगुप्त नामने आ सूत्रथी दु संज्ञा. 'अवृद्धाद्० ६-१-११०' थी षष्ठ्यन्त आम्रगुप्त नामने आयनिञ् (आयनि) प्रत्यय. 'अवर्णे० ७-४-६८' थी नामना अन्त्य अ नो लोप .... वगेरे कार्य थवाथी आम्रगुप्तायनिः आवो प्रयोग थाय छे. अर्थ-आम्रगुप्तनुं संतान. ॥८॥

## एदोद् देश एवेयादौ ६।१।९॥

देशार्थक ज जे नामना स्वरोमां प्रथम स्वर ए अथवा ओ होय ए नामने, ईय ... वगेरे प्रत्ययो करवाना विषयमां दु संज्ञा थाय छे. सेपुर अने स्कोनगर नामने आ सूत्रथी दु संज्ञा. त्यारबाद ते नामने 'वाहीकेषु० ६-३-३६' थी णिक (इक) अने इकण् (इक) प्रत्यय. 'वृद्धिः० ७-४-१' थी नामना आद्यस्वर ए ने तेम ज ओ ने वृद्धि ऐ अने औ आदेश. 'अवर्णे० ७-४-६८' थी नामना अन्त्य अ नो लोप. णिक प्रत्ययान्त सैपुरिक अने स्कौनगरिक नामने स्त्रीलिंगमां 'आत् २-४-१८' थी आप् प्रत्ययादि कार्य थवाथी सैपुरिका अने स्कौनगरिका आवो प्रयोग थाय छे. इकण् प्रत्ययान्त सैपुरिक अने स्कौनगरिक नामने स्त्रीलिंगमां 'अणञे० २-४-२०' थी ङी (ई)प्रत्ययादि कार्य थवाथी

सैपुरिकी અને स्कौनगरिकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સેપુરગામમાં થયેલી. સ્કોનગર ગામમાં થયેલી. ॥૯॥

## प्राग्देशे ६।१।१०॥

જે પ્રાગ્ (પૂર્વ) દેશાર્થક નામના સ્વરોમાં આદ્યસ્વર ए અથવા ओ હોય, તે પ્રાગ્દેશાર્થક નામને ईय વગેરે પ્રત્યયો કરવાના વિષયમાં दु સંજ્ઞા થાય છે. સૂ. નં. ६-१-९ માં દેશાર્થક નામનો ઉલ્લેખ નિયમથી હોવાથી તેની વ્યાવૃત્તિ માટે આ સૂત્રમાં ફરીથી 'દેશ' નામનું ગ્રહણ છે. एणी-पचन અને गोनर्द નામને આ સૂત્રથી दु સંજ્ઞા થવાથી તેને 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી एणीपचनीयः અને गोनर्दीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - એણીપચન નામનાં પ્રાગ્દેશમાં થયેલો. ગોનર્દ નામના પ્રાગ્દેશમાં થયેલો. પૂર્વ-ઉત્તરથી વહેતી શરાવતી નદીની પૂર્વ અને દક્ષિણ દિશાના દેશને પ્રાગ્દેશ કહેવાય છે. ॥૧૦॥

## वाऽऽद्यात् ६।१।११॥

હવે પછીના સૂત્રોમાં 'वा' અને 'आद्यात्' આ બંન્ને પદનો અધિકાર સમજવો. वा ના અધિકારથી औपगवः ઈત્યાદિ પ્રયોગ સ્થળે તે તે સૂત્રથી अण् વગેરે પ્રત્યયોના વિકલ્પપક્ષમાં उपगोरपत्यम् ઈત્યાદિ વાક્ય અને સમાસ પણ થશે. તેમ જ आद्यात् ના અધિકારથી તે તે સૂત્રોમાં જેનો પ્રથમ નિર્દેશ છે તેને જ તે તે સૂત્ર મુજબ अण् વગેરે તદ્ધિત પ્રત્યયો થશે. તેથી 'सास्य पौर्णमासी ६-२-९८' - આ સૂત્રથી અધિકૃત सास्य 'देवता ६-२-१०१' માં પણ હોવાથી તે સૂત્ર મુજબ તે તે પ્રત્યય; સૂત્રમાં આદ્ય નિર્દિષ્ટ દેવતાવાચક નામને થાય છે અને अस्य નો અર્થ

પ્રત્યયાર્થ મનાય છે. ॥૧૧॥

## गोत्रोत्तरपदाद् गोत्रादिवाऽजिह्वाकात्य - हरितकात्यात् ६।१।१२॥

ગોત્ર-અપત્ય પ્રત્યયાન્ત નામ છે ઉત્તરપદ જેનું એવા નામને ગોત્ર પ્રત્યયાન્ત નામની જેમ જ તદ્ધિત પ્રત્યય થાય છે. પરન્તુ जिह्वाकात्य અને हरितकात्य નામને; પોતાના ગોત્ર પ્રત્યયાન્ત ઉત્તરપદની જેમ પ્રત્યય થતો નથી. यथा चारायणीयास्तथा कम्बलचारायणीयाः- અહીં चर નામને અપત્યાર્થમાં 'नडादिभ्य० ६-१-५३' થી आयनण् (आयन) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી चर નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી चारायण નામ બને છે. તેને 'वृद्धि र्यस्य० ६-१-८' થી दु સંજ્ઞા થવાથી 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યય વગેરે કાર્ય થવાથી चारायणीयाः આવો પ્રયોગ થાય છે. તેવી જ રીતે कम्बलप्रधानश्चारायणः આ વિગ્રહમાં 'मयूर० ३-१-११९' થી સમાસાદિ કાર્યથી નિષ્પન્ન ગોત્ર પ્રત્યયાન્તોત્તરપદક कम्बलचारायण નામને પણ આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ ईय પ્રત્યય . . વગેરે કાર્ય થવાથી कम्बलचारायणीयाः આવો પ્રયોગ થાય છે. અર્થ-ચારાયણસમ્બન્ધી. કમ્બલચારાયણ સમ્બન્ધી.

अजिह्वेत्यादीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગોત્ર પ્રત્યયાન્તોત્તરપદક जिह्वाकात्य અને हरीतकात्य નામને; ગોત્રપ્રત્યયાન્તોત્તરપદની જેમ પ્રત્યય થતો નથી. તેથી कातीयाः પ્રયોગની જેમ जिह्वाचपलः कात्यः અને हरितभक्षः कात्यः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન जिह्वाकात्य અને हरित-कात्य નામને ईय પ્રત્યય થતો નથી. પરન્તુ 'तस्येदम् ६-३-१६०' થી अण् (अ) પ્રત્યય. નામના અન્ત્ય अ નો ઉપર જણાવ્યા મુજબ લોપ. 'वृद्धिः स्वरे० ७-४-१' થી આદ્ય સ્વર इ ને અને अ ને અનુક્રમે વૃદ્ધિ

ऐ અને आ આદેશ વગેરે કાર્ય થવાથી जैह्वाकाताः અને हारितकाताः આવો પ્રયોગ થાય છે. कतस्यापत्यम् આ અર્થમાં कत નામને 'गर्गादि यञ् ६-१-४२' થી यञ् (य) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ નામના અન્ત્ય अ નો લોપ. આદ્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન कात्य નામને ઉપર જણાવ્યા મુજબ दु સંજ્ઞા. कात्य નામને ઉપર જણાવ્યા મુજબ ईय પ્રત્યય. નામના અન્ત્ય अ નો લોપ. कात्य्+ईय આ અવસ્થામાં 'तद्धितय० २-४-९२' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી कातीयाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કાત્યસમ્બન્ધીઓ. જિહ્વાકાત્ય- સમ્બન્ધીઓ. હરિતકાત્યસમ્બન્ધીઓ. ॥૧૨॥

## प्राग् जितादण् ६।१।१३॥

આ સૂત્રથી આરંભીને જિતાર્થ પૂર્વે ત્રણ પાદમાં (૬-૪-૨ સુધી) જે જે અર્થો જણાવ્યા છે તે તે અર્થમાં अण् પ્રત્યય વિકલ્પથી થાય છે. (અપવાદના વિષયમાં अण् પ્રત્યય થતો નથી.) उपगोरपत्यम् આ અર્થમાં उपगु નામને આ સૂત્રની સહાયથી 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યયાદિ (જુઓ सू.नं.६-૧-૧) કાર્ય થવાથી औपगवः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉપગુનું સન્તાન. मञ्जिष्ठया रक्तः આ અર્થમાં આ સૂત્રની સહાયથી मञ्जिष्ठा નામને 'रागाट्टो० ६-२-१' થી अण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી माञ्जिष्ठम् આવો પ્રયોગ થાય છે. અર્થ- મંજિષ્ઠથી રંગેલું. ॥૧૩॥

## धनादेः पत्युः ६।१।१४॥

ધનાદિ ગણપાઠમાંનાં નામથી પરમાં રહેલો જે पति શબ્દ; તદન્ત धनपति વગેરે નામને જિતાર્થ પૂર્વેના (सू.नं. ६-४-२ સુધીના) અર્થમાં

વિકલ્પથી अण् પ્રત્યય થાય છે. धनपति અને अश्वपति નામને આ સૂત્રની સહાયથી 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી धानपतः અને आश्वपतः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ધનપતિનું સન્તાન. અશ્વપતિનું સન્તાન. આ સૂત્ર 'अनिद० ६-१-१५' થી વિહિત ञ्य પ્રત્યયનું અને 'दोरीयः ६-३-३२' થી વિહિત ईय પ્રત્યયનું અપવાદ છે. ॥१४॥

## अनिदम्यणपवादे च दित्यदित्यादित्य- यमपत्युत्तर- पदाञ्ञ्यः ६।१।१५॥

दिति अदिति आदित्य અને यम નામને તેમ જ 'पति' છે ઉત્તરપદ જેનું એવા નામને (पत्युत्तरपदक નામને); જિતાર્થ પૂર્વેના (૬-૪-૨- સુધીના) અર્થમાં; તેમ જ इदमर्थ ને છોડીને અન્ય અપત્યાદિ અર્થમાં વિહિત જે अण् પ્રત્યય તેના અપવાદના વિષયમાં ञ्य (य)પ્રત્યય થાય છે. दिति अदिति आदित्य यम અને પત્યુત્તરપદક बृहस्पति નામને આ સૂત્રથી ञ्य પ્રત્યય. ' वृद्धिः० ७-४-१' થી નામના આદ્યસ્વર इ अ અને ऋ ને અનુક્રમે વૃદ્ધિ ऐ आ અને आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી નામના અન્ત્ય इ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી दैत्यः आदित्यः आदित्य्यः याम्यः અને बार्हस्पत्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - દિતિનું સન્તાન. અદિતિનું સન્તાન. આદિત્યનું સન્તાન. યમનું સંતાન. બૃહસ્પતિનું સન્તાન. आदित्य्यः અને याम्यः આ બંન્ને ઉદાહરણો अण् ના અપવાદના વિષયમાં પણ છે. કારણ કે 'ङसोऽपत्ये ६-१-२८' થી પ્રાપ્ત अण् પ્રત્યયનો 'अत० ६-१-३१' થી બાધ થવાથી થનાર इञ् પ્રત્યયનો આ સૂત્રથી બાધ થાય છે. અર્થાત્ अण् ના અપવાદભૂત इञ् પ્રત્યયના વિષયમાં આ સૂત્રથી ञ्य પ્રત્યય થયો છે. अनिदमीति किम् ?

= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इदमर्थ ને છોડીને જ અન્ય અપત્યાદિ અર્થમાં વિહિત अण् પ્રત્યયના અપવાદના વિષયમાં दिति अदिति વગેરે નામને ञ्य પ્રત્યય થાય છે. તેથી आदित्यस्येदम् અહીં 'तस्येदम् ६-३-१६०' થી વિહિત अण् પ્રત્યયના બાધક (અપવાદભૂત); 'दोरीयः ६-३-३२' થી વિહિત ईय પ્રત્યયના વિષયમાં આ સૂત્રથી आदित्य નામને ञ्य પ્રત્યય થતો નથી. પરન્તુ आदित्य નામને 'वृद्धि० ६-१-८' થી दु સંજ્ઞા થવાથી ईय પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ.નં. ૬-૧-૧૨ માં कातीयाः) થવાથી आदितीयं मण्डलम् આવો પ્રયોગ થાય છે. અર્થ-સૂર્યનું મંડલ. આવી જ રીતે હવે પછીના સૂત્રોમાં પણ अणपवाद વિષયમાં બૃહદ્‌વૃત્તિના આધારે ઉદાહરણો સમજી લેવા. ॥૧૫॥

**बहिषष्टीकण् च ६।१।१६॥**

बहिस् નામને જિતાર્થ પૂર્વેના (६-४-२ સુધીના) અર્થમાં टीकण् (ईक) અને ञ्य (य) પ્રત્યય થાય છે. बहिस् નામને આ સૂત્રથી टीकण् (ईक) અને ञ्य પ્રત્યય. बहिस् નામના આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. 'प्रायोऽव्ययस्य ७-४-६५' થી इस् નો લોપ... વગેરે કાર્ય થવાથી बाहीकः અને बाह्यः આવો પ્રયોગ થાય છે. અર્થ-બાહ્ય. ॥૧૬॥

**कल्यग्नेरेयण् ६।१।१७॥**

कलि અને अग्नि નામને જિતાર્થ પૂર્વેના (६-४-२ સુધીના) અર્થમાં તેમ જ इदमर्थ ને છોડીને અન્ય અપત્યાદિ અર્થમાં વિહિત अण् પ્રત્યયના અપવાદના વિષયમાં एयण् (एय) પ્રત્યય થાય છે. कलौ भवम् અને अग्नौ भवम् ઇત્યાદિ અર્થમાં આ સૂત્રથી कलि અને अग्नि નામને एयण्

પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ. આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ ઇત્યાદિ કાર્ય થવાથી कालेयम् અને आग्नेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-કલહમાં થયેલું. અગ્નિમાં થયેલું. ||૧૭||

## पृथिव्या ञाञ् ६।१।१८॥

પૃથિવી નામને જિતાર્થ પૂર્વેના (૬-૪-૨ સુધીના) અર્થમાં તેમ જ इदमर्थ ને છોડીને અન્ય અપત્યાદિ અર્થમાં વિહિત अण् પ્રત્યયના અપવાદના વિષયમાં ञ (अ) અને अञ् (अ) પ્રત્યય થાય છે. पृथिव्यां भवा આ અર્થમાં પૃથિવી નામને આ સૂત્રથી ञ અને अञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી પૃથિવી નામના અન્ત્ય ई નો લોપ. ञ પ્રત્યયાન્ત पार्थिव નામને 'अजादेः २-४-१६' થી સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય. अञ् પ્રત્યયાન્ત पार्थिव નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી पार्थिवा અને पार्थिवी આવો પ્રયોગ થાય છે. અર્થ-પૃથ્વીમાં થયેલી. ||૧૮||

## उत्सादेरञ् ६।१।१९॥

उत्सादि ગણપાઠમાંનાં उत्स વગેરે નામને જિતાર્થ પૂર્વેના (૬-૪-૨ સુધીના) અર્થમાં તેમ જ इदमर्थ ને છોડીને અન્ય અપત્યાદિ અર્થમાં વિહિત अण् પ્રત્યયના અપવાદના વિષયમાં अञ् (अ) પ્રત્યય થાય છે. उत्सस्यापत्यम् આ અર્થમાં उत्स નામને અને उदपानस्येदम् આ અર્થમાં उदपान નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. નામના આદ્ય સ્વર उ ને 'वृद्धिः स्वरे० ७-४-१' થી વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી

અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औत्सः અને औदपानम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ઉત્સનું અપત્ય. ઉદપાન (કૂવો) સમ્બન્ધી. ||૧૯||

## वष्कयादसमासे ६।१।२०॥

સમાસમાં ન હોય એવા वष्कय નામને જિતાર્થ પૂર્વેના (૬-૪-૨ સુધીના ) અર્થમાં તેમ જ इदमर्थ ને છોડીને અન્ય અપત્યાદિ અર્થમાં વિહિત अण् પ્રત્યયના અપવાદના વિષયમાં अञ् પ્રત્યય થાય છે. वष्कयस्यापत्यम् આ અર્થમાં वष्कय નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ, વગેરે કાર્ય થવાથી वाष्कयः આવો પ્રયોગ થાય છે. અર્થ-વષ્કયનું અપત્ય. असमास इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસમાં ન હોય તો જ वष्कय નામને જિતાર્થ પૂર્વેના અર્થમાં તેમ જ इदमर्थ થી ભિન્ન અપત્યાદિ અર્થમાં વિહિત अण् પ્રત્યયના અપવાદના વિષયમાં अञ् પ્રત્યય થાય છે. તેથી सुवष्कयस्यापत्यम् આ અર્થમાં सुवष्कय નામને આ સૂત્રથી अञ् પ્રત્યય થતો નથી. પરન્તુ 'अत इञ् ૬-૧-૩૧' થી इञ् (इ) પ્રત્યય વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી सौवष्कयिः આવો પ્રયોગ થાય છે. અર્થ-સુવષ્કયનું અપત્ય. ||૨૦||

## देवाद् यञ् च ६।१।२१॥

देव નામને જિતાર્થ પૂર્વેના (૬-૪-૨ સુધીના) અર્થમાં તેમ જ इदमर्थ ને છોડીને અન્ય અપત્યાદિ અર્થમાં વિહિત अण् પ્રત્યયના અપવાદના વિષયમાં यञ् અને अञ् પ્રત્યય થાય છે. देवस्येदम् આ અર્થમાં देव

નામને આ સૂત્રથી यञ् અને अञ् પ્રત્યય. देव નામના ए ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી देव નામના अ નો લોપ વગેરે કાર્ય થવાથી दैव्यम् અને दैवम् આવો પ્રયોગ થાય છે. અર્થ- દેવસમ્બન્ધી. ॥૨૧॥

## अः स्थाम्नः ६।१।२२॥

स्थामन् નામને જિતાર્થ પૂર્વેના અર્થમાં अ પ્રત્યય થાય છે. अश्वस्थाम्नोऽपत्यम् આ અર્થમાં अश्वस्थामन् નામને આ સૂત્રથી अ પ્રત્યય. 'नोऽपद० ૭-૪-૬૧' થી अन् નો લોપ. 'पृषोदरादयः ३-२-૧૫૫' થી स्थामन् ના स् ને त् આદેશ વગેરે કાર્ય થવાથી अश्वत्थामः આવો પ્રયોગ થાય છે. અર્થ - અશ્વત્થામાનું અપત્ય. ॥૨૨॥

## लोम्नो ऽ पत्येषु ६।१।२३॥

लोमन् નામને જિતાર્થ પૂર્વેના બહુત્વવિશિષ્ટ અપત્ય અર્થમાં अ પ્રત્યય થાય છે. उडुलोम्नोऽपत्यानि આ અર્થમાં उडुलोमन् નામને આ સૂત્રથી अ પ્રત્યય. 'नो ऽ पद० ૭-૪-૬૧' થી लोमन् ના अन् નો લોપ...વગેરે કાર્ય થવાથી उडुलोमाः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉડુલોમના અપત્યો. बहुवचनं किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સૂત્રસ્થ બહુવચનના કારણે लोमन् નામને બહુત્વવિશિષ્ટ જ અપત્યાર્થમાં अ પ્રત્યય થાય છે. તેથી उडुलोम्नो ऽ पत्यम् અહીં એકત્વ-વિશિષ્ટ અપત્યાર્થમાં उडुलोमन् નામને આ સૂત્રથી अ પ્રત્યય થતો નથી. પરન્તુ 'बाह्वादि० ६-१-३२' થી इञ् પ્રત્યય થાય છે. જેથી 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી औडुलोमिः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉડુલોમનું ગોત્રાપત્ય. ॥૨૩॥

## द्विगोरनपत्ये य-स्वरादे र्लुबद्विः ६।१।२४॥

અપત્ય અર્થને છોડીને અન્ય જિતાર્થ પૂર્વેના અર્થમાં વિધાન છે જેનું એવા પ્રત્યયના વિષયમાં થયેલા દ્વિગુ સમાસથી પરમાં રહેલા य् થી શરૂ થતા પ્રત્યયનો તેમ જ સ્વરાદિ પ્રત્યયનો લુપ્ થાય છે. પરન્તુ બીજીવાર લુપ્ થતો નથી. द्वयो रथयो र्वोढा આ અર્થમાં 'रथात्० ६-३-१७५' ની સહાયથી 'यः ६-३-१७६' થી વિહિત य પ્રત્યયના વિષયમાં 'संख्या० ३-१-९९' થી દ્વિગુ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન द्विरथ નામને ઉપર જણાવ્યા મુજબ य પ્રત્યય. य પ્રત્યયનો આ સૂત્રથી લોપ (લુપ્)... વગેરે કાર્ય થવાથી द्विरथः આવો પ્રયોગ થાય છે. અર્થ- બે રથને વહન કરનાર. पञ्चसु कपालेषु संस्कृतः આ અર્થમાં 'संस्कृते० ६-२-१४०' થી વિહિત अण् પ્રત્યયના વિષયમાં ઉપર જણાવ્યા મુજબ દ્વિગુ સમાસ વગેરે કાર્યથી નિષ્પન્ન पञ्चकपाल નામને ઉપર જણાવ્યા મુજબ अण् પ્રત્યય. अण् પ્રત્યયનો આ સૂત્રથી લોપ (લુપ્)... વગેરે કાર્ય થવાથી पञ्चकपालः આવો પ્રયોગ થાય છે. અર્થ- પાંચ કપાલમાં બનેલો.

अनपत्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અપત્યાર્થથી ભિન્ન જ જિતાર્થ પૂર્વેના અર્થમાં વિધાન છે જેનું એવા પ્રત્યયના વિષયમાં થયેલા દ્વિગુ સમાસથી પરમાં રહેલા यादि અને स्वरादि પ્રત્યયનો લુપ્ થાય છે. તેથી द्वयोर्मात्रोरपत्यम् આ અર્થમાં 'संख्या० ६-१-६६' થી વિહિત अण् પ્રત્યયના વિષયમાં ઉપર જણાવ્યા મુજબ દ્વિગુ સમાસ વગેરે કાર્યથી નિષ્પન્ન द्विमातृ નામને ઉપર જણાવ્યા મુજબ (६-१-६६ થી) अण् પ્રત્યય તથા मातृ શબ્દને मातुर् આદેશ. 'वृद्धिः० ७-४-१' થી द्वि ના इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી द्वैमातुरः આવો પ્રયોગ થાય છે. અહીં अण् પ્રત્યય અપત્યાર્થક હોવાથી તેનો આ સૂત્રથી લુપ્ થતો નથી. અર્થ- બે માતાનું અપત્ય. अद्विरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અપત્યાર્થથી ભિન્ન પ્રાગ્

જિતાર્થમાં વિહિત પ્રત્યયના વિષયમાં થયેલા દ્વિગુ સમાસથી પરમાં રહેલા यादि અને स्वरादि પ્રત્યયનો બીજીવાર લુપ્ થતો નથી. તેથી ઉપર જણાવ્યા મુંજબ पञ्चसु कपालेषु संस्कृतः આ અર્થમાં નિષ્પન્ન पञ्चकपाल નામને 'तस्येदम् ६-३-१६०' થી पञ्चकपालस्येदम् આ અર્થમાં अण् પ્રત્યય. पञ्चकपाल નામના આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पाञ्चकपालम् આવો પ્રયોગ થાય છે. અહીં पञ्चकपालः આ પ્રયોગમાં એકવાર अण् (સ્વરાદિ) પ્રત્યયનો આ સૂત્રથી; લુપ્ થયા બાદ બીજીવાર ઉપર જણાવ્યા મુજબ તેનો લોપ થતો નથી. અર્થ-પાંચ કપાલમાં બનેલા સમ્બન્ધી. ॥૨૪॥

## प्राग् वतः स्त्री-पुंसात् नञ्स्नञ् ६।१।२५॥

वत् પ્રત્યયાર્થ (સૂ.નં. ૭-૧-૫૧, ૭-૧-૫૨ થી વિહિત वत् પ્રત્યયાર્થ) પૂર્વેના અર્થમાં તેમ જ इदमर्थ ને છોડીને અન્ય અપત્યાદિ અર્થમાં વિહિત अण् પ્રત્યયના અપવાદના વિષયમાં स्त्री અને पुम्स् નામને અનુક્રમે नञ् (न) અને स्नञ् (स्न) પ્રત્યય થાય છે. स्त्रिया अपत्यम् અને पुंसोऽपत्यम् આ અર્થમાં स्त्री નામને આ સૂત્રથી नञ् પ્રત્યય અને पुम्स् નામને આ સૂત્રથી स्नञ् પ્રત્યય. 'पदस्य २-१-८९' થી पुम्स् નામના स् નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી स्त्री ના ई ને વૃદ્ધિ ऐ આદેશ તેમ જ पुम्स् ના उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી स्त्रैणः અને पौंस्नः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-સ્ત્રીનું અપત્ય. પુરુષનું અપત્ય. प्राग् वत इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वत् (સૂ. નં. ૭-૧-૫૧, ૭-૧-૫૨ થી વિહિત) પ્રત્યયાર્થ પૂર્વેના જ અર્થમાં (वत् પ્રત્યયાદિના અર્થમાં નહિ ) स्त्री અને पुम्स् નામને અનુક્રમે नञ् અને स्नञ् પ્રત્યય થાય છે. તેથી स्त्रिया इव અહીં वत् પ્રત્યયના અર્થમાં આ સૂત્રથી नञ्

પ્રત્યય થતો નથી. પરન્તુ 'स्यादेरिवे ૭-૧-૫૨' થી वत् પ્રત્યયાદિ કાર્ય થાય છે. જેથી स्त्रीवत् આવો પ્રયોગ થાય છે. અર્થ-સ્ત્રીની જેમ. ॥૨૫॥

### त्वे वा ६।१।२६॥

त्व પ્રત્યયના વિષયમાં स्त्री અને पुम्स् નામને અનુક્રમે नञ् અને स्नञ् પ્રત્યય વિકલ્પથી થાય છે. स्त्रिया भावः અને पुंसो भावः આ અર્થમાં આ સૂત્રથી स्त्री નામને नञ् (न) પ્રત્યય અને पुम्स् નામને स्नञ् (स्न) પ્રત્યય ...વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૬-૧-૨૫) અનુક્રમે स्त्रैणम् અને पौंस्नम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં स्त्री અને पुम्स् નામને આ સૂત્રથી અનુક્રમે नञ् અને स्नञ् પ્રત્યય ન થાય ત્યારે 'भावे० ૭-૧-૫૫' થી त्व પ્રત્યય. पुम्स्+त्व આ અવસ્થામાં 'पदस्य ૨-૧-૮૯' થી स् નો લોપ. 'पुमो० ૧-૩-૯' થી म् ને र् આદેશ અને પૂર્વ અક્ષર ઉપર અનુસ્વાર. र् ને 'चटते० ૧-૩-૭' થી स्-આદેશ વગેરે કાર્ય થવાથી स्त्रीत्वम् અને पुंस्त्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ-સ્ત્રીનો ધર્મ. પુરુષનો ધર્મ. ॥૨૬॥

### गोः स्वरे यः ६।१।२७॥

गो નામને સ્વરાદિ તદ્ધિત પ્રત્યયની પ્રાપ્તિ હોય ત્યારે य પ્રત્યય થાય છે. गोरिदम् આ અર્થમાં 'तस्येदम् ૬-૩-૧૬૦' થી સ્વરાદિ अण् પ્રત્યયની પ્રાપ્તિમાં આ સૂત્રથી गो નામને य પ્રત્યય. 'य्यक्ये ૧-૨-૨૫' થી गो નામના ओ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી गव्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ગાયસમ્બન્ધી. स्वर इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ જ તદ્ધિત પ્રત્યયની પ્રાપ્તિમાં गो નામને य પ્રત્યય થાય છે. તેથી गो નામને 'प्रकृते मयट् ૭-૩-૧' થી मयट् ની

પ્રાપ્તિમાં આ સૂત્રથી य પ્રત્યય ન થવાથી मयट् પ્રત્યયાદિ કાર્ય થવાથી गोमयम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ગાયસમ્બન્ધી. ॥૨૭॥

## ङसोऽपत्ये ६।१।२८॥

અપત્યાર્થમાં ષષ્ઠ્યન્ત નામને તે તે સૂત્રથી વિહિત તે તે अण् ... વગેરે પ્રત્યય થાય છે. उपगोरपत्यम् અને दितेरपत्यम् આ અર્થમાં આ સૂત્રની સહાયથી उपगु નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય અને 'अनिद० ६-१-१५' થી दिति નામને ञ्य (य)પ્રત્યય... વગેરે કાર્ય થવાથી औपगवः અને दैत्यः આવો પ્રયોગ થાય છે. પ્રક્રિયાદિ માટે જાુઓ સૂ. નં. ६-१-१३ અને ६-१-१५. ॥२८॥

## आद्यात् ६।१।२९॥

અપત્યાર્થક તદ્ધિત પ્રત્યય પરમપ્રકૃતિને જ થાય છે. પરમ્પરયા પૌત્રાદિ અપત્યો; પરમપ્રકૃતિથી માંડીને સકલ પૂર્વજોના સંબન્ધી છે. તેથી અનન્તરવૃદ્ધ અને અનન્તરયુવન્ વાચક નામને પણ તે સંબન્ધની વિવક્ષામાં અપત્યાર્થક તે તે પ્રત્યયોની પ્રાપ્તિ છે. તેનું નિયમન, આ સૂત્રથી થાય છે. उपगोरपत्यम् औपगवः અહીં उपगु નામને 'ङसोऽपत्ये ६-१-२८' માં જણાવ્યા મુજબ अण् પ્રત્યયાદિ કાર્ય થાય છે. तस्याप्यौपगविः औपगवस्यापत्यम् આ અર્થમાં औपगव નામને 'अत इञ् ६-१-३१' થી इञ् (इ) પ્રત્યયાદિ કાર્ય થવાથી औपगविः આવો પ્રયોગ થાય છે. औपगवेरप्यौपगवः - औपगवेरपत्यम् આ અર્થમાં औपगवि નામને 'यञिञः ६-१-५४' થી आयनण् પ્રત્યયની પ્રાપ્તિ હતી. પરન્તુ આ સૂત્રના નિયમનથી તે થતો નથી. જેથી उपगु નામને अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી અહીં પણ औपगवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉપગુનું

સન્તાન. ઉપગુના અપત્યનું સન્તાન. ઉપગુના અપત્યના અપત્યનું સંતાન.

અહીં એ વિચારવું જોઈએ કે અપત્યાર્થક अण् વગેરે પ્રત્યયરહિત જ નામ પરમપ્રકૃતિ હોવાથી औपगवस्यापत्यम् આ અવસ્થામાં આ સૂત્રના સામર્થ્યથી औपगवः આવો જ પ્રયોગ થવો જોઈએ; તેથી तस्याप्यौपगविः આ ઉદાહરણ યદ્યપિ સઙ્ગત નથી; પરન્તુ પાણિની વ્યાકરણના અનુસારે "गोत्रे स्वेकोनप्रत्ययानां परम्परा; यद्वा स्वद्वयूनसङ्ख्येभ्योऽनिष्टोत्पत्तिः प्रसज्यते" અર્થાત્ અપત્યાર્થક પ્રત્યયોમાં તે જેટલામાં ક્રમે હોય તેના કરતા એક સંખ્યાન્યૂનસંખ્યાક પ્રત્યયોની પરમ્પરા થશે. જેમકે આ સૂત્રના ઉદાહરણમાં ચતુર્થાવસ્થાનું વર્ણન કરતા ત્રણ પ્રત્યયો બતાવ્યા છે. આ પ્રથમ વ્યવસ્થા છે. અથવા જેટલા પ્રત્યયોની પ્રાપ્તિ હોય એમાંથી બે પ્રત્યયો સિવાય શેષ પ્રત્યયોનું થવું અનિષ્ટ છે. આ બીજી વ્યવસ્થા છે. આમાંથી પ્રથમ વ્યવસ્થા મુજબ વિચાર કરીએ તો; ક્રમશઃ अण् इञ् અને आयनण् પ્રત્યય થવો જોઈએ. પરન્તુ ત્યાં अण् પ્રત્યય જ થાય છે. બીજી વ્યવસ્થા મુજબ વિચાર કરીએ તો अण् અને इञ् પ્રત્યયથી અતિરિક્ત आयनण् પ્રત્યય થવો નહિ જોઈએ-એ ગ્રન્થકારને ઈષ્ટ છે. આથી સમજાય છે કે-અપત્યાર્થક પ્રત્યયથી રહિત અને અપત્યાર્થક પ્રથમ પ્રત્યયથી સહિત નામને परमप्रकृति કહેવાય છે. ॥૨૯॥

## वृद्धाद् यूनि ६।१।३०॥

युवापत्य માં વિહિત જે પ્રત્યય છે; તે परमप्रकृति (અપત્યાર્થક પ્રત્યયથી રહિત નામ) થી વિહિત વૃદ્ધાપત્યાર્થક પ્રત્યયાન્ત નામને જ થાય છે. આ સૂત્ર પૂર્વસૂત્રનું અપવાદ છે. गर्गस्यापत्यं वृद्धम् આ અર્થમાં गर्ग નામને 'गर्गादि र्यञ् ૬-૧-૪૨' થી यञ् પ્રત્યય. गर्ग નામના આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे०

૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન गार्ग्य નામને; આ સૂત્રની સહાયથી गार्ग्यस्यापत्यं युवा આ અર્થમાં 'यञिञः ૬-૧-૫૪' થી आयनण् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ गार्ग्य નામના अ નો લોપ... વગેરે કાર્ય થવાથી गार्ग्यायणः આવો પ્રયોગ થાય છે. અર્થ-ગર્ગ ઋષિના વૃદ્ધાપત્યનું (ગાર્ગ્યનું) યુવાપત્ય. ॥૩૦॥

## अत इञ् ६।१।३१॥

ષષ્ઠ્યન્ત અકારાન્ત નામને અપત્યાર્થમાં इञ् (इ) પ્રત્યય થાય છે. दक्षस्यापत्यम् આ અર્થમાં दक्ष નામને આ સૂત્રથી इञ् પ્રત્યય. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી ષષ્ઠીનો લોપ. 'अवर्णे० ૭-૪-૬૮' થી નામના અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી दाक्षिः આવો પ્રયોગ થાય છે. અર્થ-दक्षનું અપત્ય. अण् પ્રત્યયનો અપવાદભૂત इञ् પ્રત્યય છે. ॥૩૧॥

## बाह्वादिभ्यो गोत्रे ६।१।३२॥

પોતાના અપત્યની સન્તાનમાં પોતાના (સ્વસન્તાન) વ્યવહારના કારણભૂત ઋષિ અથવા ઋષિભિન્ન પ્રથમપુરુષના અપત્યને ગોત્ર કહેવાય છે. बाह्वादि ગણપાઠમાંનાં ષષ્ઠ્યન્ત बाहु વગેરે નામને અપત્યાર્થમાં इञ् પ્રત્યય થાય છે. बाहोरपत्यम् અને उपबाहोरपत्यम् આ અર્થમાં बाहु અને उपबाहु નામને આ સૂત્રથી इञ् પ્રત્યય. આદ્ય સ્વર उ ને 'वृद्धिः० ૭-૪-૧' થી औ આદેશ. અન્ત્ય उ ને 'अस्वय० ૭-૪-૭૦' થી अव् આદેશ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ बाहविः અને औपबाहविः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-બાહુનું ગોત્રાપત્ય. ઉપબાહુનું ગોત્રાપત્ય. ॥૩૨॥

## वर्मणोऽचक्रात् ६।१।३३॥

चक्र નામથી ભિન્ન નામથી પરમાં રહેલો જે वर्मन् શબ્દ, તદન્ત નામને અપત્યાર્થમાં इञ् (इ) પ્રત્યય થાય છે. इन्द्रवर्मणोऽपत्यम् આ અર્થમાં ષષ્ઠ્યન્ત इन्द्रवर्मन् નામને આ સૂત્રથી इञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી इन्द्र નામના इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'नोऽपदस्य० ७-४-६१' થી अन् નો લોપ વગેરે કાર્ય થવાથી ऐन्द्रवर्मिः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઈન્દ્રવર્મનું અપત્ય. अचक्रादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ चक्र નામથી ભિન્ન જ નામથી પરમાં રહેલો જે वर्मन् શબ્દ; તદન્ત નામને અપત્યાર્થમાં इञ् પ્રત્યય થાય છે. તેથી चक्रवर्मणोऽपत्यम् આ અર્થમાં ષષ્ઠ્યન્ત चक्रवर्मन् નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી 'चाक्रवर्मणः' આવો પ્રયોગ થાય છે. અહીં 'अवर्मणो० ७-४-५९' થી અન્ત્યસ્વરાદિ अन् ભાગના લોપનો નિષેધ છે. અર્થ-ચક્રવર્મનું અપત્ય. ॥३३॥

## अजादिभ्यो धेनोः ६।१।३४॥

अजादि ગણપાઠમાંનાં अज ... વગેરે નામથી પરમાં રહેલો જે धेनु શબ્દ; તદન્ત ષષ્ઠ્યન્ત નામને અપત્યાર્થમાં इञ् પ્રત્યય થાય છે. अजधेनोरपत्यम् આ અર્થમાં अजधेनु નામને અને वष्कधेनोरपत्यम् આ અર્થમાં वष्कधेनु નામને આ સૂત્રથી इञ् (इ) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. અન્ત્ય उ ને 'अस्वय० ७-४-७०' થી अव् આદેશ વગેરે કાર્ય થવાથી आजधेनविः અને वाष्कधेनविः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - અજધેનુનું અપત્ય. વષ્કધેનુનું અપત્ય. ॥३४॥

## ब्राह्मणाद् वा ६।१।३५॥

ब्राह्मण-નામથી પરમાં રહેલો જે ધેનુ શબ્દ, તદન્ત ષષ્ઠ્યન્ત નામને (ब्राह्मणधेनु નામને) અપત્યાર્થમાં વિકલ્પથી इञ् (इ) પ્રત્યય થાય છે. ब्राह्मणधेनोरपत्यम् આ અર્થમાં ब्राह्मणधेनु નામને આ સૂત્રથી इञ् પ્રત્યય. અન્ત્ય उ ને 'अस्वय० ७-४-७०' થી अव् આદેશ વગેરે કાર્ય થવાથી ब्राह्मणधेनविः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इञ् પ્રત્યય ન થાય ત્યારે 'उत्सादेरञ् ६-१-१९' થી अञ् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી ब्राह्मणधेनवः આવો પ્રયોગ થાય છે. અર્થ - બ્રાહ્મણ ધેનુનું અપત્ય. ॥૩૫॥

## भूयस्-सम्भूयोऽम्भोऽमितौजसः स्लुक् च ६।१।३६॥

भूयस् सम्भूयस् अम्भस् અને अमितौजस् નામને અપત્યાર્થમાં इञ् (इ) પ્રત્યય થાય છે; અને ત્યારે નામના અન્ત્ય स् નો લોપ થાય છે. भूयसोऽपत्यम्; सम्भूयसोऽपत्यम् अम्भसोऽपत्यम् અને अमितौजसोऽपत्यम् આ અર્થમાં અનુક્રમે भूयस् सम्भूयस् अम्भस् અને अमितौजस् નામને આ સૂત્રથી इञ् પ્રત્યય અને નામના અન્ત્ય स् નો લોપ. 'अवर्णे० ७-४-६८' થી इञ् પ્રત્યયની પૂર્વેના अ નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી નામના આદ્ય સ્વર ऊ ને અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે भौयिः साम्भूयिः आम्भिः અને आमितौजिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ભૂયસ્‌નું અપત્ય. સમ્ભૂયસ્‌નું અપત્ય. અમ્ભસ્‌નું અપત્ય. અમિતૌજસ્‌નું અપત્ય. ॥૩૬॥

## शालङ्क्यौदि-षाडि-वाड्वलि ६।१।३७॥

शालङ्कि औदि षाडि અને वाड्वलि-આ અપત્યાર્થક इञ् પ્રત્યયાન્ત નામોનું નિપાતન કરાય છે. शलङ्कोरपत्यम् उदकस्यापत्यम् षण्णामपत्यम् અને वाग्वादस्यापत्यम् આ અર્થમાં ક્રમશઃ शलङ्कु उदक षट् અને वाग्वाद નામને આ સૂત્રથી इञ् પ્રત્યય. તેમજ शलङ्कु નામના उ નો અને उदक નામના क નો લોપ. षट् ના ट् ને ड् આદેશ. અને वाद નામને वल આદેશ. 'वृद्धिः० ७-४-१' થી નામના આદ્યસ્વર अ તથા उ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી इञ् પ્રત્યયની પૂર્વેના अ નો લોપ...વગેરે કાર્ય થવાથી અનુક્રમે शालङ्किः; औदिः; षाडिः; અને वाड्वलिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શલઙ્કુનું અપત્ય. ઉદકનું અપત્ય. છનું અપત્ય. વાગ્વાદનું અપત્ય. ॥૩૭॥

## व्यास-वरुट-सुधातृ-निषाद-बिम्ब-चण्डालादन्त्यस्य चा ऽ क् ६।१।३८॥

व्यास वरुट सुधातृ निषाद बिम्ब અને चण्डाल નામને અપત્યાર્થમાં इञ् પ્રત્યય થાય છે; અને ત્યારે તે તે નામના અન્ત્યવર્ણને अक् આદેશ થાય છે. व्यासस्यापत्यम् वरुटस्यापत्यम् सुधातुरपत्यम् निषादस्यापत्यम् बिम्बस्यापत्यम् અને चण्डालस्यापत्यम् આ અર્થમાં અનુક્રમે व्यास वरुट सुधातृ निषाद बिम्ब અને चण्डाल નામને આ સૂત્રથી इञ् પ્રત્યય. તેમ જ અન્ત્ય સ્વરને अक् આદેશ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ इ તથા उ ને વૃદ્ધિ आ ऐ અને औ આદેશ. व्यास નામના व् પછી 'य्वः पदा० ७-४-५' થી ऐ નો આગમ... વગેરે કાર્ય થવાથી वैयासकिः वारुटकिः सौधातकिः नैषादकिः बैम्बकिः અને चाण्डालकिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-વ્યાસનું અપત્ય. વરુટનું અપત્ય. સુધાતૃનું અપત્ય. નિષાદનું અપત્ય. બિંબનું અપત્ય. ચંડાલનું અપત્ય. ॥૩૮॥

## पुनर्भू-पुत्र-दुहितृ-ननान्दुरनन्तरे ऽ ञ् ६।१।३९॥

पुनर्भू पुत्र दुहितृ અને ननान्दृ નામને અનન્તરાપત્યાર્થમાં (પુત્રાર્થમાં) अञ् (अ) પ્રત્યય થાય છે. पुनर्भुवोऽनन्तरापत्यम् ; पुत्रस्यानन्तरापत्यम्; दुहितुरनन्तरापत्यम् અને ननान्दुरनन्तरापत्यम् આ અર્થમાં અનુક્રમે पुनर्भू पुत्र दुहितृ અને ननान्दृ નામને આ સૂત્રથી अञ् (अ) પ્રત્યય.'वृद्धिः० ૭-૪-૧'થી આદ્યસ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી पुत्र ના अ નો લોપ. 'अस्वय० ૭-૪-૭૦' થી भू ના ऊ ને अव् આદેશ... વગેરે કાર્ય થવાથી અનુક્રમે पौनर्भवः; पौत्रः; दौहित्रः; અને नानान्द्रः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પુનર્ભૂનો પુત્ર. પુત્રનો પુત્ર. પુત્રીનો પુત્ર. નણન્દનો પુત્ર. અહીં યાદ રાખવું કે આ સૂત્રમાં अण् નું ગ્રહણ ન કરતા अञ् નું ગ્રહણ કર્યું છે તેનું પ્રયોજન આ સૂત્રના વિષયમાં નથી. પરન્તુ ઉત્તરસૂત્રમાં છે. અર્થાદ્ આ સૂત્રથી अञ् કે अण् નું વિધાન થાય તો તેમાં કોઈ વિશેષ નથી...ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી સમજી લેવું. ॥૩૯॥

## परस्त्रियाः परशुश्चा ऽ सावर्ण्ये ६।१।४०॥

ઉપભોક્તા પુરુષની જાતિથી ભિન્ન જાતીય પરસ્ત્રીવાચક परस्त्री નામને અનન્તરાપત્યાર્થમાં अञ् (अ) પ્રત્યય થાય છે; અને ત્યારે परस्त्री નામને परशु આદેશ થાય છે. परस्त्रिया अनन्तरापत्यम् આ અર્થમાં परस्त्री નામને આ સૂત્રથી अञ् પ્રત્યય અને परस्त्री નામને परशु આદેશ. परशु ના આદ્યસ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ આદેશ. उ ને 'अस्वय० ૭-૪-૭૦' થી अव् આદેશ... વગેરે કાર્ય થવાથી पारशवः આવો પ્રયોગ થાય છે. અર્થ-(બ્રાહ્મણાદિ પુરુષથી થયેલ) વિજાતીય (બ્રાહ્મણાદિથી ઈતર) સ્ત્રીનો પુત્ર. असावर्ण्य इति किम् ?= આ સૂત્રથી

ઉપર જણાવ્યા મુજબ ઉપભોક્તા પુરુષની જાતિથી ભિન્ન જાતીય જ પરસ્ત્રી (સજાતીય નહિ) વાચક परस्त्री નામને અનન્તરાપત્યાર્થમાં अञ् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. તેથી सजातीयायाः परस्त्रिया अनन्तरापत्यम् આ અર્થમાં परस्त्री નામને આ સૂત્રથી अञ् પ્રત્યય થતો નથી. પરન્તુ 'कल्याण्या० ६-१-७७' થી एयण् (एय)પ્રત્યય અને स्त्री ના ई ને इन् આદેશ થાય છે. જેથી परस्त्रिन्+एय આ અવસ્થામાં पर નામના આદ્યસ્વર अ ને તેમ જ स्त्रिन् ના इ ને 'अनु० ७-४-२७' થી અનુક્રમે વૃદ્ધિ आ અને ऐ આદેશાદિ કાર્ય થવાથી पारस्त्रैणेयः આવો પ્રયોગ થાય છે. અર્થ - સજાતીય પરસ્ત્રીનો પુત્ર. ।।૪૦।।

## विदादे वृद्धे ६।१।४१।।

विदादि ગણપાઠમાંનાં विद (बिद) વગેરે નામને વૃદ્ધાપત્યાર્થમાં अञ् (अ) પ્રત્યય થાય છે. विदस्य वृद्धापत्यम् અને उर्वस्य वृद्धापत्यम् આ અર્થમાં विद અને उर्व નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ અને उ ને વૃદ્ધિ ऐ અને औ આદેશ... વગેરે કાર્ય થવાથી वैदः (बैदः) અને और्वः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિદનું વૃદ્ધાપત્ય. ઉર્વનું વૃદ્ધાપત્ય. ।।૪૧।।

## गर्गादे र्यञ् ६।१।४२।।

गर्गादि ગણપાઠમાંનાં गर्ग વગેરે નામને વૃદ્ધાપત્યાર્થમાં यञ् (य) પ્રત્યય થાય છે. गर्गस्य वृद्धापत्यम् અને वत्सस्य वृद्धापत्यम् આ અર્થમાં गर्ग અને वत्स નામને આ સૂત્રથી यञ् (य) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી નામના અન્ત્ય अ નો લોપ. નામના आद्य સ્વર अ ને

'वृद्धिः० ७-४-१' थी वृद्धि आ આદેશ વગેરે કાર્ય થવાથી गार्ग्यः અને वात्स्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગર્ગનું વૃદ્ધાપત્ય. વત્સનું વૃદ્ધાપત્ય. ॥૪૨॥

**मधु-बभ्रो ब्राह्मण-कौशिके ६।१।४३॥**

मधु અને बभ्रु નામને અનુક્રમે બ્રાહ્મણ અને કૌશિક સ્વરૂપ વૃદ્ધાપત્યાર્થમાં यञ् પ્રત્યય થાય છે. मधोर्वृद्धापत्यं ब्राह्मणः અને बभ्रो र्वृद्धापत्यं कौशिकः આ અર્થમાં मधु અને बभ्रु નામને આ સૂત્રથી यञ् (य) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી નામના આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ. 'अस्वयं० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ... ઈત્યાદિ કાર્ય થવાથી माधव्यो ब्राह्मणः અને बाभ्रव्यः कौशिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-મધુનું વૃદ્ધાપત્ય-બ્રાહ્મણ. બભ્રુનું વૃદ્ધાપત્ય-કૌશિક. ॥૪૩॥

**कपिबोधादाङ्गिरसे ६।१।४४॥**

कपि અને बोध નામને; आङ्गिरस સ્વરૂપ વૃદ્ધાપત્યાર્થમાં यञ् (य) પ્રત્યય થાય છે. कपे र्वृद्धापत्यमाङ्गिरसः અને बोधस्य वृद्धापत्यमाङ्गिरसः આ અર્થમાં कपि અને बोध નામને આ સૂત્રથી यञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી નામના આદ્ય સ્વર अ ને અને ओ ને वृद्धि आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી નામના અન્ત્ય इ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી काप्यः અને बौध्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-કપિનું વૃદ્ધાપત્ય-આઙ્ગિરસ. બોધનું વૃદ્ધાપત્ય-આઙ્ગિરસ. અઙ્ગિરસના સર્વ ગોત્રાપત્યને આઙ્ગિરસ કહેવાય છે. ॥૪૪॥

## वतण्डात् ६।१।४५॥

ષષ્ઠ્યન્ત वतण्ड નામને આઙ્ગિરસ સ્વરૂપ વૃદ્ધાપત્યાર્થમાં यञ् પ્રત્યય જ થાય છે. वतण्डस्य वृद्धापत्यमाङ्गिरसः આ અર્થમાં वतण्ड નામને આ સૂત્રથી यञ् (य) પ્રત્યય. નામના આદ્યસ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી નામનાં અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वातण्ड्य आङ्गिरसः આવો પ્રયોગ થાય છે. અર્થ-વતણ્ડનું આઙ્ગિરસ સ્વરૂપ વૃદ્ધાપત્ય. 'गर्गादे र्यञ् ૬-૧-૪૨'થી वतण्ड નામને यञ् પ્રત્યય સિદ્ધ હોવા છતાં 'शिवादेरण् ૬-૧-૬૦' થી પ્રાપ્ત अण् પ્રત્યયના નિષેધ માટે આ સૂત્રનું પ્રણયન છે. ॥૪૫॥

## स्त्रियां लुप् ६।१।४६॥

વતણ્ડનું આઙ્ગિરસ સ્વરૂપ વૃદ્ધાપત્ય સ્ત્રી હોય તો वतण्ड નામથી પરમાં રહેલા यञ् પ્રત્યયનો લોપ થાય છે. वतण्डस्य वृद्धापत्यमाङ्गिरसी આ અર્થમાં वतण्ड નામને 'वतण्डात् ૬-૧-૪૫'થી यञ् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ. वतण्ड નામને 'जातेरया० ૨-૪-૫૪' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી वतण्डी आङ्गिरसी આવો પ્રયોગ થાય છે. અર્થ- વતણ્ડનું આઙ્ગિરસ સ્વરૂપ વૃદ્ધાપત્ય સ્ત્રી. ॥૪૬॥

## कुञ्जादेर्ञायन्यः ६।१।४७॥

कुञ्जादि ગણપાઠમાંનાં ષષ્ઠ્યન્ત कुञ्ज વગેરે નામને વૃદ્ધાપત્યાર્થમાં ञायन्य (आयन्य)પ્રત્યય થાય છે. कुञ्जस्य वृद्धापत्यम् અને ब्रध्नस्य वृद्धापत्यम् આ અર્થમાં कुञ्ज અને ब्रध्न નામને આ સૂત્રથી ञायन्य (आयन्य)પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ અને अ ને વૃદ્ધિ

औ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कौञ्जायन्यः અને ब्राध्नायन्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ -કુબ્જનું વૃદ્ધાપત્ય. બ્રધ્નનું વૃદ્ધાપત્ય. ॥૪૭॥.

## स्त्रीबहुष्वायनञ् ६।१।४८॥

कुञ्जादि ગણપાઠમાંનાં कुञ्ज વગેરે નામોને બહુત્વવિશિષ્ટ વૃદ્ધાપત્યાર્થમાં અને બહુત્વવિશિષ્ટ ન હોય તો પણ સ્ત્રી સ્વરૂપ વૃદ્ધાપત્યાર્થમાં आयनञ् પ્રત્યય થાય છે. कुञ्जस्य वृद्धापत्यं स्त्री અને कुञ्जस्य वृद्धापत्यानि આ અર્થમાં कुञ्ज નામને આ સૂત્રથી आयनञ् (आयन) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. कौञ्जायन નામને સ્ત્રીલિંગમાં 'जातेरया० २-४-५४'થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે कौञ्जायनी અને कौञ्जायनाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ –કુબ્જનું વૃદ્ધાપત્ય સ્ત્રી. કુબ્જના વૃદ્ધાપત્યો. ॥૪૮॥

## अश्वादेः ६।१।४९॥

अश्वादि ગણપાઠમાંનાં अश्व વગેરે નામને વૃદ્ધાપત્યાર્થમાં आयनञ् પ્રત્યય થાય છે. अश्वस्य वृद्धापत्यम् અને शङ्खस्य वृद्धापत्यम् આ અર્થમાં अश्व અને शङ्ख નામને આ સૂત્રથી आयनञ् પ્રત્યય. अश्व અને शङ्ख નામના આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आश्वायनः અને शाङ्खायनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અશ્વનું વૃદ્ધાપત્ય. શઙ્ખનું વૃદ્ધાપત્ય. ॥૪૯॥

## शपभरद्वाजादात्रेये ६।१।५०॥

આત્રેય સ્વરૂપ વૃદ્ધાપત્યાર્થમાં शप અને भरद्वाज નામને आयनञ् (आयन) પ્રત્યય થાય છે. शपस्य वृद्धापत्यमात्रेयः અને भरद्वाजस्य वृद्धापत्यमात्रेयः આ અર્થમાં शप અને भरद्वाज નામને આ સૂત્રથી आयनञ् પ્રત્યય. નામના આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી वृद्धि आ આદેશ. અન્ત્ય अ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ વગેરે કાર્ય થવાથી शापायनः અને भारद्वाजायनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - શપનું વૃદ્ધાપત્ય આત્રેય. ભરદ્વાજનું વૃદ્ધાપત્ય આત્રેય (અત્રિ ઋષિના ગોત્રાપત્યને આત્રેય કહેવાય છે). ॥५०॥

## भर्गात् त्रैगर्त्ते ६।१।५१॥

भर्ग નામને त्रैगर्त्त (त्रिगर्त्तનું ગોત્રાપત્ય) સ્વરૂપ વૃદ્ધાપત્યાર્થમાં आयनञ् (आयन) પ્રત્યય થાય છે. भर्गस्य वृद्धापत्यं त्रैगर्त्तः આ અર્થમાં भर्ग નામને આ સૂત્રથી आयनञ् પ્રત્યય. આદ્યસ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી वृद्धि आ આદેશ. અન્ત્ય अ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ વગેરે કાર્ય થવાથી भार्गायणः આવો પ્રયોગ થાય છે. અર્થ -ભર્ગનું વૃદ્ધાપત્ય ત્રૈગર્ત્ત. ॥५१॥

## आत्रेयाद् भारद्वाजे ६।१।५२॥

आत्रेय નામને ભારદ્વાજ (ભરદ્વાજનું અપત્ય) સ્વરૂપ યુવાપત્યાર્થમાં आयनञ् (आयन) પ્રત્યય થાય છે. आत्रेयस्य युवापत्यं भारद्वाजः આ

અર્થમાં आत्रेय નામને આ સૂત્રથી आयनञ् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી आत्रेय નામના अ નો લોપ વગેરે કાર્ય થવાથી आत्रेयायणो भारद्वाजः આવો પ્રયોગ થાય છે. અર્થ-ભારદ્વાજ સ્વરૂપ આત્રયેનું યુવાપત્ય. (आत्रेय નામ વૃદ્ધાપત્યાર્થમાં 'इतोऽनिञः ૬-૧-૭૨' થી વિહિત एयण् પ્રત્યયાન્ત છે. તેને આ સૂત્રથી વિહિત आयनञ् પ્રત્યય 'वृद्धाद्० ૬-૧-૩૦' ની સહાયથી યુવાપત્યાર્થમાં થાય છે). ॥૫૨॥

### नडादिभ्य आयनण् ६।१।५३॥

नडादि ગણપાઠમાંનાં नड વગેરે નામને વૃદ્ધાપત્યાર્થમાં आयनण् (आयन) પ્રત્યય થાય છે. नडस्य वृद्धापत्यम् અને चरस्य वृद्धापत्यम् આ અર્થમાં नड અને चर નામને આ સૂત્રથી आयनण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી नड અને चर નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી नाडायनः અને चारायणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-નડનું વૃદ્ધાપત્ય. ચરનું વૃદ્ધાપત્ય. ॥૫૩॥

### यञिञः ६।१।५४॥

વૃદ્ધાપત્યાર્થમાં (સૂ. નં. ૬-૧-૪૨ વગેરેથી તેમજ 'अत इञ् ૬-૧-૩૧' વગેરેથી) વિહિત यञ् અને इञ् પ્રત્યયાન્ત નામને યુવાપત્યાર્થમાં ('वृद्धाद्० ૬-૧-૩૦' ની સહાયથી) आयनण् પ્રત્યય થાય છે. गार्ग्यस्य युवापत्यम् અને दाक्षे र्युवापत्यम् આ અર્થમાં गार्ग्य ('गर्गादि० ૬-૧-૪૨' થી गर्ग નામને વિહિત यञ् પ્રત્યયાન્ત) નામને અને दाक्षि ('अत इञ् ૬-૧-૩૧' થી दक्ष નામને વિહિત इञ् પ્રત્યયાન્ત) નામને આ સૂત્રથી आयनण् (आयन ) પ્રત્યય. નામના અન્ત્ય अ અને इ નો 'अवर्णे० ૭-

૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી गार्ग्यायणः અને दाक्षायणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગાર્ગ્યનું યુવાપત્ય. દાક્ષિનું યુવાપત્ય. ॥૫૪॥

## हरितादेरञः ६।१।५५॥

हरितादि(विदाद्यन्तर्गत) ગણપાઠમાંનાં; વૃદ્ધાપત્યાર્થમાં ('विदादे० ६-१-४१'થી) વિહિત अञ् પ્રત્યયાન્ત हारित... વગેરે નામને યુવાપત્યાર્થમાં (સૂ.નં. ૬-૧-૩૧ ની સહાયથી) आयनण् પ્રત્યય થાય છે. हरितस्य वृद्धापत्यम् અને किन्दासस्य वृद्धापत्यम् આ અર્થમાં हरित અને किन्दास નામને 'विदादे० ६-१-४१' થી अञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન हारित અને कैन्दास નામને; हारितस्यापत्यं युवा અને कैन्दासस्यापत्यं युवा આ અર્થમાં આ સૂત્રથી आयनण्' (आयन) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हारितायनः અને कैन्दासायनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- હારિતનું યુવાપત્ય. કૈન્દાસનું યુવાપત્ય. ॥૫૫॥

## क्रोष्टृ-शलङ्को लुक् च ६।१।५६॥

क्रोष्टृ અને शलङ्कु નામને વૃદ્ધાપત્યાર્થમાં आयनण् (आयन) પ્રત્યય થાય છે; અને ત્યારે નામના અન્ત્ય વર્ણનો લોપ થાય છે. क्रोष्टुरपत्यं वृद्धम् અને शलङ्कोरपत्यं वृद्धम् આ અર્થમાં क्रोष्टृ નામને અને शलङ्कु નામને આ સૂત્રથી आयनण् પ્રત્યય અને અન્ત્યવર્ણ ऋ નો અને उ નો લોપ. 'वृद्धिः० ७-४-१'થી આદ્યસ્વર ओ અને अ ને વૃદ્ધિ औ તથા आ આદેશ...વગેરે કાર્ય થવાથી क्रौष्टायनः અને शालङ्कायनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ક્રોષ્ટૃનું વૃદ્ધાપત્ય.. શલઙ્કુનું

વૃદ્ધાપત્ય. ॥૫૬॥

## दर्भ-कृष्णाऽग्निशर्म-रण-शरद्वच्छुनकादाग्रायण-ब्राह्मण-वार्षगण्य-वाशिष्ठ-भार्गव-वात्स्ये ६।१।५७॥

दर्भ कृष्ण अग्निशर्मन् रण शरद्वत् અને शुनक નામને અનુક્રમે आग्रायण ब्राह्मण वार्षगण्य वाशिष्ठ भार्गव અને वात्स्य સ્વરૂપ વૃદ્ધાપત્યાર્થમાં आयनण् પ્રત્યય થાય છે. दर्भस्य वृद्धापत्यमाग्रायणः; कृष्णस्य वृद्धापत्यं ब्राह्मणः; अग्निशर्मणो वृद्धापत्यं वार्षगण्यः; रणस्य वृद्धापत्यं वाशिष्ठः; शरद्वतो वृद्धापत्यं भार्गवः અને शुनकस्य वृद्धापत्यं वात्स्यः આ અર્થમાં दर्भ कृष्ण अग्निशर्मन् रण शरद्वत् અને शुनक નામને આ સૂત્રથી आयनण् પ્રત્યય. આદ્યસ્વર अ ऋ અને उ ને 'वृद्धिः० ૭-૪-૧'થી વૃદ્ધિ आ आर् અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ૭-૪-૬૧'થી अग्निशर्मन् ના अन् નો લોપ વગેરે કાર્ય થવાથી दार्भायणः कार्ष्णायनः आग्निशर्मायणः राणायनः शारद्वतायनः અને शौनकायनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દર્ભનું વૃદ્ધાપત્ય-આગ્રાયણ (અગ્રનું ગોત્રાપત્ય.) કૃષ્ણનું વૃદ્ધાપત્ય-બ્રાહ્મણ. અગ્નિશર્માનું વૃદ્ધાપત્ય-વાર્ષગણ્ય (વર્ષગણનું વૃદ્ધાપત્ય.) રણનું વૃદ્ધાપત્ય-વાશિષ્ઠ (વશિષ્ઠનું ગોત્રાપત્ય.) શરદ્વત્નું વૃદ્ધાપત્ય-ભાર્ગવ (ભૃગુનું ગોત્રાપત્ય.). શુનકનું વૃદ્ધાપત્ય-વાત્સ્ય (વત્સનું ગોત્રાપત્ય). ॥૫૭॥

## जीवन्त- पर्वताद् वा ६।१।५८॥

जीवन्त અને पर्वत નામને વૃદ્ધાપત્યાર્થમાં વિકલ્પથી आयनण् પ્રત્યય થાય છે. जीवन्तस्य वृद्धापत्यम् અને पर्वतस्य वृद्धापत्यम् આ

અર્થમાં जीवन्त અને पर्वत નામને આ સૂત્રથી आयनण् પ્રત્યય. 'वृद्धिः ૦ ૭-૪-૧'થી આદ્યસ્વર ई અને अ ને વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮'થી નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી जैवन्तायनः અને पार्वतायनः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आयनण् પ્રત્યય ન થાય ત્યારે 'अत इञ् ૬-૧-૩૧' થી इञ् પ્રત્યય વગેરે કાર્ય થવાથી जैवन्तिः અને पार्वतिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જીવન્તનું વૃદ્ધાપત્ય. પર્વતનું વૃદ્ધાપત્ય. ।।૫૮।।

## द्रोणाद् वा ६।१।५९।।

द्रोण નામને અપત્યાર્થમાં (વૃદ્ધ-યુવા કોઈપણ) વિકલ્પથી आयनण् પ્રત્યય થાય છે. द्रोणस्यापत्यम् આ અર્થમાં द्रोण નામને આ સૂત્રથી आयनण् પ્રત્યય. આદ્યસ્વર ओ' ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्रौणायनः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आयनण् પ્રત્યય ન થાય ત્યારે 'अत् इञ् ૬-૧-૩૧' થી द्रोण નામને इञ् (इ)પ્રત્યયાદિ કાર્ય થવાથી द्रौणिः આવો પ્રયોગ થાય છે. અર્થ-દ્રોણનું અપત્ય. સૂ.નં. ૬-૧-૫૮ થી આ સૂત્રનું પૃથક્ પ્રણયન હોવાથી સૂ.નં. ૬-૧-૪૧ થી પ્રવર્ત્તમાન वृद्धे ની અનુવૃત્તિ આ સૂત્રમાં નથી. ।।૫૯।।

## शिवादेरण् ६।१।६०।।

शिवादि ગણપાઠમાંનાં शिव વગેરે નામને અપત્યમાત્રાર્થમાં अण् પ્રત્યય થાય છે. शिवस्यापत्यम् અને प्रौष्ठस्यापत्यम् આ અર્થમાં शिव અને प्रौष्ठ નામને આ સૂત્રથી अण् (अ) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી નામના અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ ને

વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી शैवः અને प्रौष्ठः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - શિવનું અપત્ય. પ્રૌષ્ઠનું અપત્ય. ॥૬૦॥

**ऋषि - वृष्ण्यन्धक - कुरुभ्यः ६।१।६१॥**

ऋषि વાચક નામને; वृष्णिवंश વાચક નામને; अन्धकवंश વાચક નામને અને कुरुवंश વાચક નામને અપત્યાર્થમાં अण् પ્રત્યય થાય છે. वशिष्ठस्यापत्यम् वसुदेवस्यापत्यम् श्वफल्कस्यापत्यम् અને नकुलस्यापत्यम् આ અર્થમાં લૌકિક ઋષિવાચક वशिष्ठ નામને; વૃષ્ણિવંશવાચક वसुदेव નામને; અન્ધકવંશવાચક श्वफल्क નામને અને કુરુવંશવાચક नकुल નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वाशिष्ठः वासुदेवः श्वाफल्कः અને नाकुलः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - વશિષ્ઠનું અપત્ય. વસુદેવનું અપત્ય. શ્વફલ્કનું અપત્ય. નકુલનું અપત્ય. ॥૬૧॥

**कन्या-त्रिवेण्याः कनीन-त्रिवणं च ६।१।६२॥**

कन्या અને त्रिवेणी નામને અપત્યાર્થમાં अण् પ્રત્યય થાય છે. અને अण् પ્રત્યયના યોગમાં कन्या નામને कनीन તેમજ त्रिवेणी નામને त्रिवण આદેશ થાય છે. कन्याया अपत्यम् અને त्रिवेण्या अपत्यम् આ અર્થમાં कन्या અને त्रिवेणी નામને આ સૂત્રથી अण् પ્રત્યય; તેમજ कन्या નામને कनीन અને त्रिवेणी નામને त्रिवण આદેશ. આદ્ય સ્વર अ ને તથા इ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कानीनः અને त्रैवणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કન્યાનું અપત્ય. ત્રિવેણીનું અપત્ય. ॥૬૨॥

## शुङ्गाभ्यां भारद्वाजे ६।१।६३॥

શુઙ્ગ અને શુઙ્ગા આ ક્રમશઃ પુલ્લિંગ અને સ્ત્રીલિઙ્ગ શબ્દને ભારદ્વાજ સ્વરૂપ અપત્યાર્થમાં अण् (अ) પ્રત્યય થાય છે. शुङ्गस्यापत्यम् અને शुङ्गाया अपत्यम् આ અર્થમાં शुङ्ग અને शुङ्गा નામને अण् પ્રત્યય. આદ્ય સ્વર उ ને 'वृद्धिः० ७-४-१' થી वृद्धि औ આદેશ. અન્ત્ય સ્વર अ અને आ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ... વગેરે કાર્ય થવાથી शौङ्गो भारद्वाजः આવો પ્રયોગ થાય છે. અર્થ-શુઙ્ગ અથવા શુઙ્ગાનું અપત્ય ભારદ્વાજ (ભરદ્વાજનું ગોત્રાપત્ય). ॥६३॥

## विकर्ण-च्छगलाद् वात्स्याऽऽत्रेये ६।१।६४॥

विकर्ण અને छगल નામને અનુક્રમે वात्स्य અને आत्रेय સ્વરૂપ અપત્યાર્થમાં अण् પ્રત્યય થાય છે. विकर्णस्यापत्यं वात्स्यः અને छगलस्यापत्यमात्रेयः આ અર્થમાં विकर्ण અને छगल નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર इ અને अ ને वृद्धि ऐ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ... વગેરે કાર્ય થવાથી वैकर्णो वात्स्यः અને छागल आत्रेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિકર્ણનું અપત્ય વાત્સ્ય. છગલનું અપત્ય આત્રેય. ॥६४॥

## णश्च विश्रवसो विश्लुक् च वा ६।१।६५॥

विश्रवस् નામને અપત્યાર્થમાં अण् પ્રત્યય થાય છે. अण् પ્રત્યયના યોગમાં विश्रवस् નામના અન્ત્ય વર્ણને ण આદેશ થાય છે અને ण ના યોગમાં विश्रवस् નામના विश् નો વિકલ્પથી લોપ થાય છે. विश्रवसोऽपत्यम् આ અર્થમાં विश्रवस् નામને આ સૂત્રથી अण् પ્રત્યય. अण् ના યોગમાં

विश्रवस् નામના स् ને ण આદેશ અને ण ના યોગમાં વિકલ્પથી विश्रवस् નામના विश् નો લોપ. रवण + अण् અને विश्रवण + अण् આ અવસ્થામાં આદ્ય સ્વર अ અને इ ને 'वृद्‌धिः० ७-४-१' થી વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી रावणः અને वैश्रवणः આવો પ્રયોગ થાય છે. અર્થ-વિશ્રવાનું અપત્ય રાવણ. ॥६५॥

**सङ्ख्या-सं-भद्रान्मातु र्मातु र्च ६।१।६६॥**

સઙ્ખ્યાવાચક નામ; सम् અને भद्र નામથી પરમાં રહેલા मातृ નામને અપત્યાર્થમાં अण् પ્રત્યય થાય છે; અને ત્યારે मातृ નામને मातुर् આદેશ થાય છે. द्वयो र्मात्रोरपत्यम् सम्मातुरपत्यम् અને भद्रमातुरपत्यम् આ અર્થમાં द्विमातृ (द्वि અને मातृ નામનો 'संख्या० ३-१-९९' થી द्विगु સમાસાદિ કાર્યથી નિષ્પન્ન) નામને તેમજ सम्मातृ (संगता माता) નામને અને भद्रमातृ (भद्राया भद्रस्य वा माता) નામને આ સૂત્રથી अण् પ્રત્યય; અને मातृ નામને मातुर् આદેશ. આદ્ય સ્વર इ અને अ ને 'वृद्‌धिः० ७-४-१' થી વૃદ્ધિ ऐ તથા आ આદેશ વગેરે કાર્ય થવાથી द्वैमातुरः साम्मातुरः અને भाद्रमातुरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે માતાનું અપત્ય. સારી માતાનું અપત્ય. ભદ્રમાતાનું અપત્ય. ॥६६॥

**अदो र्नदी-मानुषीनाम्नः ६।१।६७॥**

दु સંજ્ઞાવાળા નામને છોડીને અન્ય नदी વાચક અને मानुषी વાચક નામને અપત્યાર્થમાં अण् પ્રત્યય થાય છે. यमुनाया अपत्यम् અને देवदत्ताया अपत्यम् આ અર્થમાં यमुना અને देवदत्ता નામને આ સૂત્રથી अण् પ્રત્યય. તેની પૂર્વેના आ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ.

આદ્યસ્વર अ અને ए ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ અને ऐ આદેશ... વગેરે કાર્ય થવાથી यामुनः प्रणेता અને दैवदत्तः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યમુનાનું અપત્ય પ્રણેતા (વ્યક્તિવિશેષ). દેવદત્તનું અપત્ય. अदोरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ दु સંજ્ઞાવાળા નામને છોડીને જ અન્ય નદી અને માનુષીવાચક નામને અપત્યાર્થમાં अण् પ્રત્યય થાય છે. તેથી 'संज्ञा दुर्वा ६-१-६' થી વિહિત दु સંજ્ઞાવાળા चन्द्रभागा નામને; चन्द्रभागाया अपत्यम् આ અર્થમાં આ સૂત્રથી अण् પ્રત્યય થતો નથી. પરન્તુ 'ङ्याप्-त्यूङः ६-१-७०'થી एयण्(एय)પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થાય છે. તેથી चान्द्रभागेयः આવો પ્રયોગ થાય છે. અર્થ- ચન્દ્રભાગાનું અપત્ય. ॥६७॥

**पीला-साल्वा-मण्डूकाद् वा ६।१।६८॥**

पीला साल्वा અને मण्डूक નામને અપત્યાર્થમાં વિકલ્પથી अण् પ્રત્યય થાય છે. पीलाया अपत्यम् साल्वाया अपत्यम् અને मण्डूकस्यापत्यम् આ અર્થમાં पीला साल्वा અને मण्डूक નામને આ સૂત્રથી अण् પ્રત્યય. તેની પૂર્વેના आ અને अ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ. આદ્યસ્વર ई અને अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ ऐ અને आ આદેશ... વગેરે કાર્ય થવાથી पैलः साल्वः અને माण्डूकः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् પ્રત્યય ન થાય ત્યારે पीला અને साल्वा નામને 'द्विस्वराद० ६-१-७१' થી एयण् (एय) પ્રત્યય, અને मण्डूक નામને 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पैलेयः साल्वेयः અને माण्डूकिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પીલાનું અપત્ય. સાલ્વાનું અપત્ય. મણ્ડૂકનું અપત્ય. ॥६८॥

## दितेश्चैयण् वा ६।१।६९॥

दिति નામને અને मण्डूक નામને અપત્યાર્થમાં વિકલ્પથી एयण् પ્રત્યય થાય છે. पीला અને साल्वा નામને પૂર્વ (૬-૧-૬૮) સૂત્રથી વિકલ્પથી अण् નું વિધાન હોવાથી વિકલ્પપક્ષમાં તેને एयण् પ્રત્યય 'द्विस्वरा० ૬-૧-૭૧' થી સિદ્ધ જ છે. તેથી આ સૂત્રમાં च થી તેનું ગ્રહણ કર્યું નથી. दितेरपत्यम् અને मण्डूकस्यापत्यम् આ અર્થમાં दिति નામને અને मण्डूक નામને આ સૂત્રથી एयण् (एय) પ્રત્યય. આદ્યસ્વર इ અને अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ ऐ અને आ આદેશ. અન્ત્ય इ અને अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી दैतेयः અને माण्डूकेयः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી एयण् પ્રત્યય ન થાય ત્યારે दिति નામને 'अनिदम्य० ૬-૧-૧૫' થી ञ्य(य)પ્રત્યય અને मण्डूक નામને 'अत इञ् ૬-૧-૩૧' થી इञ् પ્રત્યય વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી दैत्यः અને माण्डूकिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દિતિનું અપત્ય. મણ્ડૂકનું અપત્ય. ॥૬૯॥

## ङ्याप्-त्यूङः ६।१।७०॥

ङी (ई); आप् (आ); ति અને ऊङ् (ऊ) પ્રત્યયાન્ત (સ્ત્રી પ્રત્યયાન્ત) નામને અપત્યાર્થમાં एयण् (एय) પ્રત્યય થાય છે. सुपर्ण्या अपत्यम्; विनताया अपत्यम्; युवत्या अपत्यम् અને कमण्डल्वा अपत्यम् આ અર્થમાં અનુક્રમે सुपर्णी (ङ्यन्त); विनता (आबन्त); युवति (त्यन्त) અને कमण्डलू (ऊङन्त) નામને આ સૂત્રથી एयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી નામના આદ્ય સ્વર उ इ અને अ ને વૃદ્ધિ औ ऐ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી નામના અન્ત્ય સ્વર ई आ અને इ નો લોપ. ऊ નો 'अकद्रू० ૭-૪-૬૯' થી લોપ વગેરે કાર્ય થવાથી सौपर्णेयः; वैनतेयः;

यौवतेयः અને कामण्डलेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - સુપર્ણીનું અપત્ય. વિનતાનું અપત્ય. યુવતિનું અપત્ય. કમણ્ડલૂનું અપત્ય. ॥૭૦॥

## द्विस्वरादनद्याः ६।१।७१॥

નદીવાચક નામથી ભિન્ન દ્વિસ્વરી (બે સ્વરથી યુક્ત) -ङी; आप्; ति અને ऊङ् પ્રત્યયાન્ત નામને અપત્યાર્થમાં एयण् પ્રત્યય થાય છે. આ સૂત્ર સૂ. નં. ૬-૧-૬૭ નું અપવાદ છે. दत्ताया अपत्यम् આ અર્થમાં दत्ता નામને આ સૂત્રથી एयण् પ્રત્યય. આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી दात्तेयः આવો પ્રયોગ થાય છે. અર્થ- દત્તાનું અપત્ય. अनद्या इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નદીવાચક નામને છોડીને અન્ય જ દ્વિ સ્વરી - ङी आप् ति અને ऊङ् પ્રત્યયાન્ત નામને અપત્યાર્થમાં एयण् પ્રત્યય થાય છે. તેથી દ્વિસ્વરી પણ નદીવાચક सिप्रा (आबन्त) નામને; सिप्राया अपत्यम् આ અર્થમાં આ સૂત્રથી एयण् પ્રત્યય થતો નથી. પરન્તુ 'अदोर्नदी० ૬-૧-૬૭' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી सैप्रः આવો પ્રયોગ થાય છે. અર્થ- સિપ્રાનું (સિપ્રાનદીનું) અપત્ય. ॥૭૧॥

## इतोऽनिञः ६।१।७२॥

इञ् પ્રત્યયાન્ત નામને છોડીને અન્ય દ્વિસ્વરી (બેસ્વરવાળા) इकारान्त નામને અપત્યાર્થમાં एयण् (एय) પ્રત્યય થાય છે. नाभेरपत्यम् આ અર્થમાં नाभि નામને આ સૂત્રથી एयण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી नाभि નામના इ નો લોપ વગેરે કાર્ય થવાથી नाभेयः આવો પ્રયોગ થાય

છે. અર્થ- નાભિનું અપત્ય. अनिञ इति किम् ?= આ સૂત્રથી इञ् પ્રત્યયાન્ત નામને છોડીને અન્ય જ દ્વિસ્વરી इकारान्त નામને અપત્યાર્થમાં एयण् પ્રત્યય થાય છે. તેથી दक्षस्यापत्यम् આ અર્થમાં दक्ष નામને 'अत इञ् ૬-૧-૩૧' થી વિહિત इञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન દ્વિસ્વરી પણ इञ् પ્રત્યયાન્ત दाक्षि નામને दाक्षेरपत्यम् આ અર્થમાં આ સૂત્રથી एयण् પ્રત્યય થતો નથી. પરન્તુ 'यञिञः ૬-૧-૫૪' થી आयनण् પ્રત્યય થાય છે, જેથી दाक्षायणः આવો પ્રયોગ થાય છે. અર્થ-દાક્ષિનું અપત્ય યુવા. द्विस्वरादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इञ् પ્રત્યયાન્ત નામથી ભિન્ન દ્વિસ્વરી જ इकारान्त નામને અપત્યાર્થમાં एयण् પ્રત્યય થાય છે. તેથી मरीचेरपत्यम् આ અર્થમાં બહુસ્વરી मरीचि નામને આ સૂત્રથી एयण् પ્રત્યય ન થવાથી 'ङसोऽपत्ये ૬-૧-૨૮' થી अण् પ્રત્યયાદિ કાર્ય થાય છે, જેથી मारीचः આવો પ્રયોગ થાય છે. અર્થ- મરીચિનું અપત્ય. ॥૭૨॥

### शुभ्रादिभ्यः ६।१।७३॥

શુભ્રાદિ ગણપાઠમાંનાં शुभ्र વગેરે નામને અપત્યાર્થમાં एयण् (एय) પ્રત્યય થાય છે. शुभ्रस्यापत्यम् અને विष्टपुरस्यापत्यम् આ અર્થમાં शुभ्र અને विष्टपुर નામને આ સૂત્રથી एयण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ અને इ ને વૃદ્ધિ औ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शौभ्रेयः અને वैष्टपुरेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શુભ્રનું અપત્ય. વિષ્ટપુરનું અપત્ય. ॥૭૩॥

### श्याम-लक्षणाद् वाशिष्ठे ६।१।७४॥

श्याम અને लक्षण નામને वाशिष्ठ સ્વરૂપ અપત્યાર્થમાં एयण् પ્રત્યય

થાય છે. श्यामस्यापत्यं वाशिष्ठः અને लक्षणस्यापत्यं वाशिष्ठः આ અર્થમાં श्याम નામને અને लक्षण નામને આ સૂત્રથી एयण्(एय)પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ.. વગેરે કાર્ય થવાથી श्यामेयः અને लाक्षणेयो वाशिष्ठः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શ્યામનું અપત્ય વાશિષ્ઠ. લક્ષણનું અપત્ય વાશિષ્ઠ. ।।૭૪।।

**विकर्ण- कुषीतकात् काश्यपे ६।१।७५।।**

विकर्ण અને कुषीतक નામને काश्यप સ્વરૂપ અપત્યાર્થમાં एयण् પ્રત્યય થાય છે. विकर्णस्यापत्यम् काश्यपः અને कुषीतकस्यापत्यं काश्यपः આ અર્થમાં विकर्ण અને कुषीतक नामने આ સૂત્રથી एयण्(एय) પ્રત્યય. આદ્યસ્વર इ અને उ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ ऐ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ... વગેરે કાર્ય થવાથી वैकर्णेयः काश्यपः અને कौषीतकेयः काश्यपः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિકર્ણનું અપત્ય-કાશ્યપ. કુષીતકનું અપત્ય- કાશ્યપ. ।।૭૫।।

**भ्रुवो भ्रुव् च ६।१।७६।।**

भ्रू શબ્દને અપત્યાર્થમાં एयण् પ્રત્યય થાય છે. અને ત્યારે भ्रू નામને भ्रुव् આદેશ થાય છે. भ्रुवोऽपत्यम् આ અર્થમાં भ्रू નામને આ સૂત્રથી एयण् (एय) પ્રત્યય અને भ्रू નામને भ्रुव् આદેશ. તેના उ ને 'वृद्धिः० ૭-૪-૧' થી औ આદેશ વગેરે કાર્ય થવાથી भ्रौवेयः આવો પ્રયોગ થાય છે. અર્થ- ભ્રૂનું અપત્ય. ।।૭૬।।

## कल्याण्यादेरिन् चाऽन्तस्य ६।१।७७॥

कल्याण्यादि ગણપાઠમાંનાં कल्याणी વગેરે નામને અપત્યાર્થમાં एयण् પ્રત્યય થાય છે. અને ત્યારે कल्याणी વગેરે નામના અન્ત્ય વર્ણને इन् આદેશ થાય છે. कल्याण्या अपत्यम् તથા सुभगाया अपत्यम् આ અર્થમાં कल्याणी અને सुभगा નામને આ સૂત્રથી एयण् (एय) પ્રત્યય. તેમ જ અન્ત્ય ई ને અને आ ને इन् આદેશ. 'वृद्धिः० ૭-૪-૧' થી कल्याणी નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'हृद्-भग० ૭-૪-૨૫' થી सुभगा નામના उ ને અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ વગેરે કાર્ય થવાથી काल्याणिनेयः અને सौभागिनेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-કલ્યાણીનું અપત્ય. સુભગાનું અપત્ય. ॥૭૭॥

## कुलटाया वा ६।१।७८॥

कुलटा નામને અપત્યાર્થમાં एयण् પ્રત્યય થાય છે; અને ત્યારે कुलटा નામના અન્ત્યવર્ણને વિકલ્પથી इन् આદેશ થાય છે. कुलटा નામ आप् પ્રત્યયાન્ત હોવાથી 'ङ्याप्० ૬-૧-૭૦' થી તેને एयण् પ્રત્યય સિદ્ધ જ છે. આ સૂત્રનું પ્રણયન માત્ર इन् આદેશ માટે છે. તેથી वा નો અન્વય इन् આદેશની સાથે જ છે. एयण् પ્રત્યયની સાથે નહિ. कुलटाया अपत्यम् આ અર્થમાં कुलटा (कुलान्यटति) નામને આ સૂત્રથી एयण् પ્રત્યય; અને कुलटा નામના અન્ત્ય आ ને વિકલ્પથી इन् આદેશથી નિષ્પન્ન कुलटिन् + एयण् અને कुलटा + एयण् આ અવસ્થામાં આદ્યસ્વર उ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી कौलटिनेयः અને कौलटेयः આવો પ્રયોગ થાય છે. અર્થ-કુલટાનું અપત્ય. ॥૭૮॥

## चटकाण्णैरः, स्त्रियां तु लुप् ६।१।७९॥

चटक નામને (नामग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् આ ન્યાયથી चटका નામને પણ) અપત્યમાત્ર અર્થમાં णैर (ऐर) પ્રત્યય થાય છે; અને સ્ત્રી સ્વરૂપ અપત્યાર્થમાં તે णैर પ્રત્યયનો લોપ થાય છે. चटकस्य (चटकाया वा) अपत्यम् पुमान् આ અર્થમાં चटक નામને આ સૂત્રથી णैर પ્રત્યય. આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી वृद्धि आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી चाटकैरः આવો પ્રયોગ થાય છે. चटकस्या (चटकाया वा) ऽ पत्यानि स्त्रियः આ અર્થમાં चटका નામને સ્ત્રી અપત્યાર્થમાં આ સૂત્રથી णैर પ્રત્યય અને તેનો લોપ. चटक નામને સ્ત્રીલિઙ્ગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી चटकाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ચટકનું (અથવા ચટકાનું પણ) અપત્ય. ચટક (અથવા ચટકા) ના સ્ત્રી સ્વરૂપ અપત્યો. સૂત્રમાં स्त्रियां तु लुप् ના સ્થાને अस्त्रियाम् આ પ્રમાણેના નિર્દેશથી પણ કાર્ય સિદ્ધ થાત. પરન્તુ णैर ભિન્ન પ્રત્યયનો બાધ કરવા णैर નું વિધાન કરી ઉપર જણાવ્યા મુજબ લુપ્નું વિધાન કર્યું છે. અન્યથા સ્ત્રી અપત્યમાં णैर ભિન્ન પ્રત્યય થાત-એ સમજી શકાય છે. ॥७९॥

## क्षुद्राभ्य एरण् वा ६।१।८०॥

આંખ વગેરે અઙ્ગથી હીન અથવા અનિયત પુરુષ - પતિવાળી સ્ત્રીને ક્ષુદ્ર કહેવાય છે. ક્ષુદ્રાર્થક સ્ત્રીલિઙ્ગનામને અપત્યાર્થમાં एरण् પ્રત્યય વિકલ્પથી થાય છે. काणाया अपत्यम् અને दास्या अपत्यम् આ અર્થમાં काणा અને दासी નામને આ સૂત્રથી एरण् (एर) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ અને ई નો લોપ વગેરે કાર્ય થવાથી

काणेरः અને दासेरः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી एरण् પ્રત્યય ન થાય ત્યારે 'द्विस्वरा० ६-१-७१' થી एयण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી काणेयः અને दासेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - કાણી સ્ત્રીનું અપત્ય. દાસીનું અપત્ય. ॥૮૦॥

### गोधाया दुष्टे णारश्च ६।१।८१॥

गोधा નામને દુષ્ટાપત્યાર્થમાં णार (आर) અને एरण् (एर) પ્રત્યય થાય છે. गोधाया अपत्यं दुष्टम् આ અર્થમાં गोधा નામને આ સૂત્રથી णार અને एरण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી गौधारः અને गौधेरो गोधायामहिजातः આવો પ્રયોગ થાય છે. અર્થ- સર્પથી ગોધામાં ઉત્પન્ન અપત્ય. ॥૮૧॥

### जण्ट - पण्टात् ६।१।८२॥

जण्ट અને पण्ट નામને અપત્યાર્થમાં णार (आर) પ્રત્યય થાય છે. जण्टस्यापत्यम् અને पण्टस्यापत्यम् આ અર્થમાં जण्ट અને पण्ट નામને આ સૂત્રથી णार પ્રત્યય. वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી जाण्टारः અને पाण्टारः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - જણ્ટનું અપત્ય. પણ્ટનું અપત્ય. ॥૮૨॥

### चतुष्पाद्भ्य एयञ् ६।१।८३॥

ચાર પગવાળા પ્રાણીવાચક નામને અપત્યાર્થમાં एयञ् પ્રત્યય થાય

છે. कमण्डल्वा अपत्यम् આ અર્થમાં कमण्डलू નામને આ સૂત્રથી एयञ् (एय) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अकद्रू० ૭-૪-૬૯' થી અન્ત્ય ऊ નો લોપ વગેરે કાર્ય થવાથી कामण्डलेयः આવો પ્રયોગ થાય છે. અર્થ- કમણ્ડલૂ (પશુવિશેષની જાતિ) નું અપત્ય. (આ સૂત્રથી સ્ત્રીલિંગ નામોને જ ઉપર જણાવ્યા મુજબ एयञ् પ્રત્યયનું વિધાન છે). ॥૮૩॥

## गृष्ट्यादेः ६।१।८४॥

गृष्ट्यादि ગણપાઠમાંનાં गृष्टि વગેરે નામને અપત્યાર્થમાં एयञ् પ્રત્યય થાય છે. गृष्ट्या अपत्यम् અને हृष्ट्या अपत्यम् આ અર્થમાં गृष्टि અને हृष्टि નામને આ સૂત્રથી एयञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી गार्ष्टेयः અને हार्ष्टेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગૃષ્ટિનું અપત્ય. હૃષ્ટિનું અપત્ય. ॥૮૪॥

## वाडवेयो वृषे ६।१।८५॥

વડવા નામને 'वृष' અર્થમાં एयञ् અથવા एयण् પ્રત્યયનું નિપાતન કરાય છે. જે, ગર્ભમાં બીજનું સિઞ્ચન કરે છે તેને वृष કહેવાય છે. वडवाया वृषः આ અર્થમાં वडवा નામને આ સૂત્રથી एयञ् અથવા एयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી वाडवेयः આવો પ્રયોગ થાય છે. અર્થ- બળદ. एयण् કે एयञ् નું નિપાતન કરવાથી બંન્ને પ્રત્યયમાંથી એકપણ પ્રત્યય વડવા નામને અપત્યાર્થમાં થતો નથી. અન્યથા અન્યતર પ્રત્યય અપત્યાર્થમાં થાત. ॥૮૫॥

## रेवत्यादेरिकण् ६।१।८६॥

રેવત્યાદિ ગણપાઠમાંનાં રેવતી વગેરે નામને અપત્યાર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. रेवत्या अपत्यम् અને अश्वपाल्या अपत्यम् આ અર્થમાં રેવતી અને अश्वपाली નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ए અને अ ને વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી रैवतिकः અને आश्वपालिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- રેવતીનું અપત્ય. અશ્વપાલીનું અપત્ય. ॥૮૬॥

## वृद्धस्त्रियाः क्षेपे णश्च ६।१।८७॥

વૃદ્ધપ્રત્યયાન્ત સ્ત્રીવાચક નામને અપત્યાર્થમાં નિન્દા અર્થ ગમ્યમાન હોય તો ण અને इकण् પ્રત્યય થાય છે. 'गर्गस्य वृद्धापत्यं स्त्री गार्गी तस्या (गार्ग्याः) युवापत्यं निन्द्यः આ અર્થમાં गार्गी નામને આ સૂત્રથી ण (अ) અને इकण् (इक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી गार्गः અને गार्गिको वा जाल्मः આવો પ્રયોગ થાય છે. અર્થ- ગાર્ગીનું અજ્ઞાનપિતૃક યુવાપત્ય. (गर्ग નામને 'गर्गादि० ૬-૧-૪૨' થી यञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गार्ग्य નામને 'यञो० ૨-૪-૬૭'થી ङी પ્રત્યય. 'अस्य ङ्यां० ૨-૪-૮૬' થી ङी ની પૂર્વેના अ નો લોપ. 'तद्धितय० ૨-૪-૯૨' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી गार्गी આવો પ્રયોગ થાય છે.) ॥૮૭॥

## भ्रातुर्व्यः ६।१।८८॥

અપત્યાર્થમાં भ्रातृ નામને व्य પ્રત્યય થાય છે. भ्रातुरपत्यम् આ

અર્થમાં भ्रातृ નામને આ સૂત્રથી व्य પ્રત્યયાદિ કાર્ય થવાથી भ्रातृव्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- ભાઈનો પુત્ર. ॥૮૮॥

## ईयः स्वसुश्च ६।१।८९॥

भ्रातृ અને स्वसृ નામને અપત્યાર્થમાં ईय પ્રત્યય થાય છે. भ्रातुरपत्यम् અને स्वसुरपत्यम् આ અર્થમાં भ्रातृ અને स्वसृ નામને આ સૂત્રથી ईय પ્રત્યય વગેરે કાર્ય થવાથી भ्रात्रीयः અને स्वस्रीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ભાઈનું અપત્ય. બેનનું અપત્ય. ॥૮૯॥

## मातृ-पित्रादे र्डेयणीयणौ ६।१।९०॥

मातृ અને पितृ નામ આદિમાં' છે જેના અને स्वसृ નામ છે અન્તમાં જેના એવા मातृष्वसृ અને पितृष्वसृ નામને, અપત્યાર્થમાં डेयण् અને ईयण् પ્રત્યય થાય છે. मातृष्वसुरपत्यम् અને पितृष्वसुरपत्यम् આ અર્થમાં मातृष्वसृ અને पितृष्वसृ નામને આ સૂત્રથી डेयण् (एय) તેમ જ ईयण् (ईय) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી पितृ નામના इ ને વૃદ્ધિ ऐ આદેશ. डेयण् ની પૂર્વેના स्वसृ નામના ऋ નો 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી લોપ વગેરે કાર્ય થવાથી मातृष्वसेयः; मातृष्वस्रीयः; पैतृष्वसेयः અને पैतृष्वस्रीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- માતાની બેનનું અપત્ય. પિતાની બેનનું અપત્ય. ॥૯૦॥

## श्वशुराद् यः ६।१।९१॥

श्वशुर નામને અપત્યાર્થમાં य પ્રત્યય થાય છે. श्वसुरस्यापत्यम् આ

અર્થમાં શ્વશુર નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી श्वशुर નામના અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી श्वशुर्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- સસરાનું અપત્ય- સાળો. ।।૯૧।।

## जातौ राज्ञः ૬।૧।૯૨।।

જાતિ અર્થ ગમ્યમાન હોય તો राजन् નામને અપત્યાર્થમાં य પ્રત્યય થાય છે. राजन् નામને राज्ञोऽपत्यम् આ અર્થમાં આ સૂત્રથી य પ્રત્યય... વગેરે કાર્ય થવાથી राजन्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- ક્ષત્રિય. राजन् + य આ અવસ્થામાં 'नोऽपद० ૭-૪-૬૧' થી अन् ના લોપની પ્રાપ્તિ હતી. તેનો 'अनोऽट्ये ये ૭-૪-૫૧' થી નિષેધ થાય છે.।।૯૨।।

## क्षत्रादियः ૬।૧।૯૩।।

જાતિ અર્થ ગમ્યમાન હોય તો क्षत्र નામને અપત્યાર્થમાં इय પ્રત્યય થાય છે. क्षत्रस्यापत्यम् આ અર્થમાં क्षत्र નામને અપત્યાર્થમાં इय પ્રત્યય. इय ની પૂર્વેના અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ... વગેરે કાર્ય થવાથી क्षत्रियः આવો પ્રયોગ થાય છે. અર્થ- ક્ષત્રિય. ।।૯૩।।

## मनोऽ याणौ षश्चान्तः ૬।૧।૯૪।।

જાતિ અર્થ ગમ્યમાન હોય તો मनु નામને અપત્યાર્થમાં य અને अण् પ્રત્યય થાય છે. અને ત્યારે मनु નામના અન્તમાં ष् નો આગમ થાય છે. मनोरपत्यानि આ અર્થમાં मनु નામને આ સૂત્રથી य અને अण् (अ) પ્રત્યય; તેમજ मनु નામના અન્તે ष् નો આગમ. अण् પ્રત્યયની પૂર્વે मनु નામના अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી आ આદેશ.... વગેરે કાર્ય થવાથી

मनुष्याः અને मानुषाः આવો પ્રયોગ થાય છે. અર્થ- મનુષ્યજાતિ. ||૯૪||

**माणवः कुत्सायाम् ६।१।९५।।**

નિન્દા અર્થ ગમ્યમાન હોય તો અપત્યાર્થમાં વિહિત ઔત્સર્ગિક अण् પ્રત્યય પરમાં હોય તો मनु નામના न् ને ण् આદેશનું નિપાતન કરાય છે. मनोरपत्यम् આ અર્થમાં मनु નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् (अ) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ. 'अस्वयं० ७-४-७०' થી उ ને अव् આદેશ. આ સૂત્રથી न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી माणवः આવો પ્રયોગ થાય છે. અર્થ- મનુનું મૂર્ખ અપત્ય. ||૯૫||

**कुलादीनः ६।१।९६।।**

કેવલ कुल નામને તેમ જ कुल નામ છે અન્તમાં જેના એવા कुलान्त નામને અપત્યાર્થમાં ईन પ્રત્યય થાય છે. बहुकुलस्यापत्यम् અને कुलस्यापत्यम् આ અર્થમાં बहुकुल નામને અને कुल નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી ईन પ્રત્યયની પૂર્વેના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી बहुकुलीनः અને कुलीनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારા કુલનું અપત્ય. કુલીન. અહીં યાદ રાખવું કે સૂ. નં. '૬-૧-૯૭' થી સમાસમાં कुल નામને य અને एयकञ् પ્રત્યયનો નિષેધ કરાયો છે. તેથી અહીં कुलान्त અને કેવલ कुल નામનું ગ્રહણ થાય છે. ||૯૬||

## यैयकञावसमासे वा ६।१।९७॥

કેવલ कुल નામને અને कुल નામ છે અન્તમાં જેના એવા कुलान्त નામને; कुल નામ સમાસમાં ન હોય તો અપત્યાર્થમાં વિકલ્પથી य અને एयकञ् (एयक) પ્રત્યય થાય છે. कुलस्यापत्यम् અને बहुकुलस्यापत्यम् આ અર્થમાં कुल નામને અને बहुकुल નામને આ સૂત્રથી य અને एयकञ् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. एयकञ् પ્રત્યયની પૂર્વે આદ્ય સ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ વગેરે કાર્ય થવાથી कुल्यः; कौलेयकः અને बहुकुल्यः बाहुकुलेयकः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य અને एयकञ् પ્રત્યય ન થાય ત્યારે कुल અને बहुकुल નામને 'कुलादीनः ६-१-९६' થી ईन પ્રત્યયાદિ કાર્ય થવાથી कुलीनः અને बहुकुलीनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ -કુલીન. સારા કુલનું અપત્ય.

असमास इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कुल શબ્દ સમાસમાં ન હોય તો જ કેવલ कुल નામને અને कुलान्त નામને અપત્યાર્થમાં य તેમજ एयकञ् પ્રત્યય થાય છે. તેથી आढ्यकुल (आढ्यं च तत्कुलम्) નામને આ સૂત્રથી य તેમજ एयकञ् પ્રત્યય થતો નથી; પરન્તુ ઉપર જણાવ્યા મુજબ ईन પ્રત્યયાદિ કાર્ય થાય છે. જેથી आढ्य - कुलीनः આવો પ્રયોગ થાય છે. અર્થ- શ્રીમન્ત કુલનું અપત્ય. ॥९७॥

## दुष्कुलादेयण् वा ६।१।९८॥

दुष्कुल નામને અપત્યાર્થમાં વિકલ્પથી एयण् પ્રત્યય થાય છે. दुष्कुलस्यापत्यम् આ અર્થમાં दुष्कुल નામને આ સૂત્રથી एयण् (एय) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી दु ના उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ... વગેરે કાર્ય થવાથી दौष्कुलेयः આવો

પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી एयण् પ્રત્યય ન થાય ત્યારે 'कुलादीनः ६-१-९६' થી ईन પ્રત્યયાદિ કાર્ય થવાથી दुष्कुलीनः આવો પ્રયોગ થાય છે. અર્થ- ખરાબ કુલનું અપત્ય. ॥९८॥

## महाकुलाद् वाऽञीनञौ ६।१।९९॥

महाकुल નામને અપત્યાર્થમાં अञ् (अ) અને ईनञ् (ईन्) પ્રત્યય વિકલ્પથી થાય છે. महाकुलस्यापत्यम् આ અર્થમાં महाकुल નામને આ સૂત્રથી अञ् અને ईनञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ.. વગેરે કાર્ય થવાથી माहाकुलः અને माहाकुलीनः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अञ् અને ईनञ् પ્રત્યય ન થાય ત્યારે महाकुल નામને 'कुलादीनः ६-१-९६' થી ईन પ્રત્યયાદિ કાર્ય થવાથી महाकुलीनः આવો પ્રયોગ થાય છે. અર્થ- મોટાકુલનું અપત્ય. સૂત્રમાં महाकुल આ પ્રમાણે आ ની સાથે પાઠ હોવાથી महतां कुलम् महत्कुलम् तस्यापत्यम् આ અર્થમાં महत्कुल નામને આ સૂત્રથી अञ् અને ईनञ् પ્રત્યય થતો નથી ...॥९९॥

## कुर्वादेर्ञ्यः ६।१।१००॥

कुर्वादि ગણપાઠમાંનાં कुरु વગેરે નામને; અપત્યાર્થમાં ञ्य (य) પ્રત્યય થાય છે. कुरोरपत्यानि અને शङ्कोरपत्यानि આ અર્થમાં कुरु અને शङ्कु નામને આ સૂત્રથી ञ्य (य) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अस्वय० ७-४-७०' થી નામના અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી कौरव्याः અને शाङ्कव्याः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કુરુના. અપત્યો.

શઙ્કુના અપત્યો. ॥૧૦૦॥

**सम्राजः क्षत्रिये ६।१।१०१॥**

सम्राज् નામને ક્ષત્રિય સ્વરૂપ અપત્યાર્થમાં ञ्य પ્રત્યય થાય છે. सम्राजोऽपत्यम् આ અર્થમાં આ સૂત્રથી सम्राज् નામને ञ्य (य) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી साम्राज्यः क्षत्रियः આવો પ્રયોગ થાય છે. અર્થ-ક્ષત્રિય. ॥૧૦૧॥

**सेनान्त-कारु-लक्ष्मणादिञ् च ६।१।१०२॥**

सेन શબ્દ અન્તમાં છે જેના તે सेनान्त નામને; 'कारु' (કરનાર) અર્થવાળા નામને અને लक्ष्मण નામને અપત્યાર્થમાં इञ् અને ञ्य પ્રત્યય થાય છે. हरिषेणस्यापत्यम् तन्तुवायस्या-ऽपत्यम् અને लक्ष्मणस्यापत्यम् આ અર્થમાં સેનાન્ત हरिषेण નામને કાર્વર્થક तन्तुवाय નામને અને लक्ष्मण નામને આ સૂત્રથી इञ् (इ) અને ञ्य (य) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हारिषेणिः हारिषेण्यः; तान्तुवायिः तान्तुवाय्यः અને लाक्ष्मणिः लाक्ष्मण्यः; આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- હરિષેણનું અપત્ય. વણકરનું અપત્ય. લક્ષ્મણનું અપત્ય. ॥૧૦૨॥

**सुयाम्नः सौवीरेष्वायनिञ् ६।१।१०३॥**

સૌવીર દેશમાંના અર્થનાં વાચક सुयामन् નામને અપત્યાર્થમાં आयनिञ्(आयनि) પ્રત્યય થાય છે. सुयाम्नोऽपत्यम् આ અર્થમાં सुयामन् નામને આ સૂત્રથી आयनिञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી उ ને વૃદ્ધિ औ આદેશ. सुयामन् નામના अन् નો, 'नोऽपद० ૭-૪-૬૧'થી લોપ

વગેરે કાર્ય થવાથી सौयामायनिः આવો પ્રયોગ થાય છે. અર્થ-સુયામન્નું અપત્ય. ॥१०३॥

## पाण्टाहृति-मिमताण्णश्च ६।१।१०४॥

સૌવીરાર્થક (સૌવીર દેશમાંના અર્થનાં વાચક)पाण्टाहृति અને मिमत નામને અપત્યાર્થમાં ण અને आयनिञ् પ્રત્યય થાય છે. पाण्टाहृतेरपत्यम् અને मिमतस्यापत्यम् આ અર્થમાં पाण्टाहृति અને मिमत નામને આ સૂત્રથી ण (अ) અને आयनिञ् (आयनि) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ અને अ નો લોપ. मिमत નામના इ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી पाण्टाहृतः पाण्टाहृतायनिः અને मैमतः मैमतायनिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાણ્ટાહૃતિનું અપત્ય(સૌવીરનું ગોત્રાપત્ય). મિમતનું અપત્ય (સૌવીરનું ગોત્રાપત્ય). ॥१०४॥

## भागवित्ति-तार्णबिन्दवाऽऽकशापेयान्निन्दायामिकण् वा ६।१।१०५॥

વૃદ્ધપ્રત્યયાન્ત સૌવીરાર્થક भागवित्ति तार्णबिन्दव અને आकशापेय નામને નિન્દા અર્થ જણાતો હોય તો યુવાપત્યાર્થમાં વિકલ્પથી इकण् પ્રત્યય થાય છે. भागवित्तेरपत्यं युवा (निन्द्यः); तार्णबिन्दवस्यापत्यं युवा (निन्द्यः) અને आकशापेयस्यापत्यम् युवा (निन्द्यः) આ અર્થમાં भागवित्ति तार्णबिन्दव અને आकशापेय નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી નામના અન્ત્ય સ્વર इ નો અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી भागवित्तिकः तार्णबिन्दविकः અને आकशापेयिकः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इकण् પ્રત્યય ન થાય ત્યારે भागवित्तिक નામને 'यञिञः ६-१-५४' થી आयनण् પ્રત્યય; અને तार्णबिन्दव તથા आकशापेय નામને 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યય

વગેરે કાર્ય થવાથી भागवित्तायनः तार्णबिन्दविः અને आकशापेयिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ભાગવિત્તિનું (સૌવીરનું) યુવાપત્ય શઠ. તાર્ણબિન્દવનું (સૌવીરનું) યુવાપત્ય શઠ. આકશાપેય (સૌવીર)નું યુવાપત્ય શઠ. (भगवित्तस्यापत्यम् तृणबिन्दोरपत्यम् અને अकशापस्यापत्यम् આ અર્થમાં भगवित्त तृणबिन्दु અને अकशाप નામને અનુક્રમે 'अत इञ् ૬-૧-૩૧' થી; 'ङसोऽपत्ये ૬-૧-૨૮' થી અને 'शुभ्रादिभ्यः ૬-૧-૭૩' થી इञ् अण् અને एयण् પ્રત્યયાદિ કાર્ય થવાથી भागवित्ति तार्णबिन्दव અને आकशापेय નામ બને છે.) ॥૧૦૫॥

### सौयामायनि-यामुन्दायनि-वार्ष्यायणेरीयश्च वा ६।१।१०६॥

વૃદ્ધપ્રત્યયાન્ત સૌવીરાર્થક सौयामायनि यामुन्दायनि અને वार्ष्यायणि નામને નિન્દ્ય અર્થ ગમ્યમાન હોય તો યુવાપત્યાર્થમાં ईय અને इकण् પ્રત્યય વિકલ્પથી થાય છે. सौयामायनेरपत्यं युवा निन्द्यः; यामुन्दायनेरपत्यं युवा निन्द्यः અને वार्ष्यायणेरपत्यं युवा निन्द्यः આ અર્થમાં सौयामायनि यामुन्दायनि અને वार्ष्यायणि નામને આ સૂત્રથી ईय અને इकण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી सौयामायनीयः, सौयामायनिकः; यामुन्दायनीयः यामुन्दायनिकः અને वार्ष्यायणीयः, वार्ष्यायणिकः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ईय અને इकण् પ્રત્યય ન થાય ત્યારે 'ङसोऽपत्ये ૬-૧-૨૮' થી अण् પ્રત્યય. 'ञिदार्षा० ૬-૧-૧૪૦' થી તે अण् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી सौयामायनिः; यामुन्दायनिः અને वार्ष्यायणिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-સૌયામાયનિ (સૌવીર) નું યુવાપત્ય નિન્દ્ય. યામુન્દાયનિ (સૌવીર) નું યુવાપત્ય નિન્દ્ય. વાર્ષ્યાયણિનું (સૌવીરનું) યુવાપત્ય નિન્દ્ય. (सुयाम्नो वृद्धापत्यम्; यमुन्दस्य वृद्धापत्यम्; અને वृषस्य वृद्धापत्यम् આ અર્થમાં सुयामन्; यमुन्द અને वृष નામને અનુક્રમે; 'सुयाम्नः० ૬-૧-

१०३' थी आयनिञ् પ્રત્યય; 'तिकादे० ६-१-१०७' थी आयनिञ् પ્રત્યય; અને 'दगु-कोशल० ६-१-१०८' थी यायनिञ् પ્રત્યય વગેરે કાર્ય થવાથી सौयामायनि यामुन्दायनि અને वार्ष्यायणि નામ બને છે.) ॥१०६॥

## तिकादेरायनिञ् ६।१।१०७॥

तिकादि ગણપાઠમાંનાં तिक વગેરે નામને અપત્યાર્થમાં आयनिञ् પ્રત્યય થાય છે. तिकस्यापत्यम् અને कितवस्यापत्यम् આ અર્થમાં तिक અને कितव નામને આ સૂત્રથી आयनिञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી तैकायनिः અને कैतवायनिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તિકનું અપત્ય. કિતવનું અપત્ય. ॥१०७॥

## दगु-कोशल-कर्मार-च्छागवृषाद् यादिः ६।१।१०८॥

दगु कोशल कर्मार च्छाग અને वृष નામને અપત્યાર્થમાં यायनिञ् (यायनि) પ્રત્યય થાય છે. दगोरपत्यम् कोशलस्यापत्यम् कर्मारस्यापत्यम् च्छागस्यापत्यम् અને वृषस्यापत्यम् આ અર્થમાં આ સૂત્રથી यायनिञ् (यादिरायनिञ्) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ओ અને ऋ ને વૃદ્ધિ आ औ અને आर् આદેશ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ने अव् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दागव्यायनिः कौशल्यायनिः कार्मार्यायणिः छाग्यायनिः અને वार्ष्यायणिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દગુનું અપત્ય. કોશલનું અપત્ય. કર્મારનું અપત્ય. છાગનું અપત્ય. વૃષનું અપત્ય. ॥१०८॥

## द्विस्वरादणः ६।१।१०९॥

વૃદ્ધાપત્યાર્થક अण् (अ)પ્રત્યયાન્ત દ્વિસ્વરી (બે સ્વર છે જેમાં તે) નામને અપત્યાર્થમાં आयनिञ् (आयनि)પ્રત્યય થાય છે. कर्तुरपत्यम् આ અર્થમાં 'ङसोऽपत्ये ६-१-२८' થી कर्तृ નામને अण् પ્રત્યય...વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન अण् પ્રત્યયાન્ત દ્વિસ્વરી कार्त्र નામને कार्त्रस्यापत्यम् આ અર્થમાં આ સૂત્રથી आयनिञ् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कार्त्रायणिः આવો પ્રયોગ થાય છે. અર્થ-કર્તાના વૃદ્ધાપત્યનું અપત્ય. ॥१०९॥

## अवृद्धाद् दो र्नवा ६।१।११०॥

વૃદ્ધાપત્યાર્થક પ્રત્યયાન્ત નામથી ભિન્ન, दुसंज्ञक નામને અપત્યાર્થમાં आयनिञ् પ્રત્યય વિકલ્પથી થાય છે. आम्रगुप्तस्यापत्यम् આ અર્થમાં (आम्रगुप्त નામને સૂ.નં.'६-१-८' થી दु.સંજ્ઞા થાય છે.) આ સૂત્રથી आयनिञ् (आयनि) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आम्रगुप्तायनिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आयनिञ् પ્રત્યય ન થાય ત્યારે 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી आम्रगुप्तिः આવો પ્રયોગ થાય છે. અર્થ-આમ્રગુપ્તનું અપત્ય. ॥११०॥

## पुत्रान्ताद् ६।१।१११॥

पुत्र શબ્દ છે અન્તમાં જેના એવા दुसंज्ञक નામને વિકલ્પથી आयनिञ् પ્રત્યય થાય છે. गार्गीपुत्रस्यापत्यम् આ અર્થમાં 'वृद्धिर्यस्य० ६-१-८' થી

વિહિત दु સંજ્ઞક गार्गीपुत्र નામને આ સૂત્રથી आयनिञ् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गार्गीपुत्रायणिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आयनिञ् પ્રત્યય ન થાય ત્યારે 'अत इञ् ૬-૧-૩૧' થી इञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી गार्गीपुत्रिः આવો પ્રયોગ થાય છે. અર્થ- ગાર્ગીના પુત્રનું અપત્ય. गार्गीपुत्रायणिः અહીં યદ્યપિ સૂ.નં. ૬-૧-૧૧૦ થી आयनिञ् પ્રત્યય સિદ્ધ હોવા છતાં આ સૂત્રનું પ્રણયન; સૂ.નં. ૬-૧-૧૧૨ થી क નો આગમ ન થાય- એ માટે છે. આ સૂત્રના વિકલ્પપક્ષમાં સૂ. નં. ૬-૧-૧૧૨ થી क् આગમ થાય ત્યારે गार्गीपुत्रकायणिः આવો ત્રીજો પ્રયોગ પણ થાય છે.... ઈત્યાદિ બૃહદ્‌વૃત્તિથી સમજી લેવું.... ||૧૧૧||

**चर्मि-वर्मि-गारेट-कार्कट्य-काक-लङ्का-वाकिनाच्च कश्चान्तोऽन्त्यस्वरात् ६|१|११२||**

चर्मिन् वर्मिन् गारेट कार्कट्य काक लङ्का અને वाकिन નામને તેમજ 'पुत्र' શબ્દ છે અન્તમાં જેના એવા પુત્રાન્ત दुसंज्ञक નામને અપત્યાર્થમાં વિકલ્પથી आयनिञ् પ્રત્યય થાય છે. અને आयनिञ् પ્રત્યયના યોગમાં નામના અન્ત્યસ્વરની પરમાં क् નો આગમ થાય છે. चर्मिणोऽपत्यम्; वर्मिणोऽपत्यम्; गारेटस्यापत्यम्; कार्कट्यस्यापत्यम्; काकस्यापत्यम्; लङ्काया अपत्यम्; वाकिनस्यापत्यम् અને गार्गीपुत्रस्यापत्यम्; આ અર્થમાં અનુક્રમે चर्मिन्, वर्मिन्, गारेट, कार्कट्य, काक, लङ्का અને वाकिन નામને તેમ જ गार्गीपुत्र નામને (સૂ.નં. ૬-૧-૮ થી વિહિત दुसंज्ञक નામને) આ સૂત્રથી आयनिञ् (आयनि) પ્રત્યય; તેમ જ चर्मिन् વગેરે નામના અન્ત્યસ્વરની પરમાં क् નો આગમ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને वृद्धि आ આદેશ. चर्मिन् અને वर्मिन् ના न् નો 'नोऽपद० ૭-૪-૬૧' થી લોપ.. વગેરે કાર્ય થવાથી અનુક્રમે

चार्मिकायणिः; वार्मिकायणिः; गारेटकायनिः; कार्कट्यकायनिः; काककायनिः; लाङ्ककायनिः; वाकिकायनिः અને गार्गीपुत्रकायणिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आयनिञ् પ્રત્યય ન થાય ત્યારે चर्मिन् અને वर्मिन् નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. गारेट काक અને वाकिन નામને તેમ જ गार्गीपुत्र નામને 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યય; અને कार्कट्य નામને તથા लङ्का નામને 'यञिञः ६-१-५४' અને 'द्विस्वराद० ६-१-७१' થી અનુક્રમે आयनण् અને एयण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી चार्मिणः, वार्मिणः, गारेटिः कार्कट्यायनः, काकिः, लाङ्केयः, वाकिनिः અને गार्गीपुत्रिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચર્મીનું અપત્ય. વર્મીનું અપત્ય. ગારેટનું અપત્ય. કાર્કટ્યનું અપત્ય. કાકનું અપત્ય. લઙ્કાનું અપત્ય. વાકિનનું અપત્ય. ગાર્ગીપુત્રનું અપત્ય. ॥११२॥

**अदोरायनिः प्रायः ६।१।११३॥**

दु સંજ્ઞક નામોને છોડીને અન્ય· નામને અપત્યાર્થમાં પ્રાયઃ (પ્રયોગાનુસાર) आयनि પ્રત્યય વિકલ્પથી થાય છે. ग्लुचुकस्यापत्यम् આ અર્થમાં ग्लुचुक નામને આ સૂત્રથી आयनि પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી ग्लुचुकायनिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आयनि પ્રત્યય ન થાય ત્યારે 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી ग्लौचुकिः આવો પ્રયોગ થાય છે. અર્થ-ગ્લુચુકનું અપત્ય. प्राय इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ दुसंज्ञक નામથી ભિન્ન નામને અપત્યાર્થમાં પ્રયોગાનુસાર જ आयनि પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી दक्षस्यापत्यम् આ અર્થમાં दक्ष નામને આ સૂત્રથી आयनि પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ इञ्

પ્રત્યયાદિ કાર્ય થવાથી दाक्षिः આવો પ્રયોગ થાય છે. અર્થ-દક્ષનું અપત્ય. ॥૧૧૩॥

## राष्ट्र-क्षत्रियात् सरूपाद् राजाऽपत्ये द्रिरञ् ६।१।११४॥

રાષ્ટ્રવાચક નામ સરૂપ (સમાન વર્ણવાળા) ક્ષત્રિયવાચક નામને અને ક્ષત્રિયવાચક નામ સરૂપ રાષ્ટ્રવાચક નામને ક્રમશઃ- અપત્યાર્થમાં અને રાજા સ્વરૂપ અર્થમાં अञ् પ્રત્યય થાય છે અને તેને द्रि સંજ્ઞા થાય છે. ક્ષત્રિયવાચક અને રાષ્ટ્રવાચક विदेह નામને ક્રમશઃ- અપત્યાર્થમાં અને ક્ષત્રિય-રાજા અર્થમાં આ સૂત્રથી अञ् પ્રત્યય અને अञ् ને द्रि સંજ્ઞા. 'बहुष्व० ६-१-१२४' થી अञ् નો લુપ્ (લોપ)... વગેરે કાર્ય થવાથી विदेहाः अपत्यानि राजानो वा આવો પ્રયોગ થાય છે. અર્થ-વિદેહદેશના રાજાઓ અથવા વિદેહદેશના ક્ષત્રિયોના અપત્યો. सरूपादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ राष्ट्र અને क्षत्रिय વાચક નામથી સરૂપ જ क्षत्रिय અને राष्ट्र વાચક નામને અનુક્રમે અપત્ય અને રાજાર્થમાં द्रि સંજ્ઞક अञ् પ્રત્યય થાય છે. તેથી सुराष्ट्राणां राजा આ અર્થમાં सुराष्ट्र નામને ; (તે નામ રાષ્ટ્રવાચક છે. પરન્તુ ક્ષત્રિયવાચક ન હોવાથી सरूप નથી.) આ સૂત્રથી द्रि સંજ્ઞક अञ् પ્રત્યય થતો નથી. પરન્તુ बहुविषयेभ्यः ६-३-४५' થી अकञ् પ્રત્યય થાય છે. જેથી આદ્ય સ્વર उ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सौराष्ट्रको राजा આવો પ્રયોગ થાય છે. અર્થ-સુરાષ્ટ્રદેશનો રાજા. અહીં યાદ રાખવું કે विदेहानां राजानोऽपत्यानि वा આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ विदेहाः આવો પ્રયોગ થાય છે. એકવચન દ્વિવચનમાં તો તાદૃશ द्रि સંજ્ઞક अञ् પ્રત્યયનો લુપ્ થતો ન હોવાથી वैदेहः અને वैदेहौ આવો પ્રયોગ થાય છે. ॥૧૧૪॥

## गान्धारि - साल्वेयाभ्याम् ६।१।११५॥

ક્ષત્રિયવાચક નામના સરૂપ (સમાનવર્ણવાળા) રાષ્ટ્રવાચક गान्धारि અને साल्वेय નામને તેમજ રાષ્ટ્રવાચક નામના સરૂપ ક્ષત્રિયવાચક गान्धारि અને साल्वेय નામને અનુક્રમે રાજાર્થમાં અને અપત્યાર્થમાં દ્રિ સંજ્ઞક अञ् પ્રત્યય થાય છે. લઘુવૃત્તિમાં यथासङ्ख्य પદ તાદૃશ રાષ્ટ્રાર્થક નામને રાજાર્થમાં અને તાદૃશ ક્ષત્રિયાર્થક નામને અપત્યાર્થમાં-એતાદૃશ યથાસઙ્ખ્યાર્થક છે. गान्धारि નામને રાજાર્થમાં અને साल्वेय નામને અપત્યાર્થમાં - એતાદૃશ યથાસંખ્યાર્થક નથી. કારણ કે સૂત્રોપાત્ત દ્વિવચનથી વચનભેદના કારણે તેની નિવૃત્તિ થાય છે. गान्धारीणां राजानोऽपत्यानि वा અને साल्वेयानां राजानोऽपत्यानि वा આ અર્થમાં गान्धारि અને साल्वेय નામને આ સૂત્રથી દ્રિ સંજ્ઞક अञ् (अ) પ્રત્યય. તેનો 'बहुष्व० ૬-૧-૧૨૪' થી લુપ્ (લોપ)...ઇત્યાદિ કાર્ય થવાથી गान्धारयः અને साल्वेयाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગાન્ધારિ દેશના રાજાઓ. ગાન્ધારિ ક્ષત્રિયોના અપત્યો. સાલ્વેય દેશના રાજાઓ. સાલ્વેય ક્ષત્રિયોના અપત્યો. આ સૂત્ર સૂ. નં. ૬-૧-૧૧૮ નું અપવાદ છે. ॥૧૧૫॥

## पुरु - मगध - कलिङ्ग - शूरमस - द्विस्वरादण् ६।१।११६॥

ક્ષત્રિયવાચક નામના સરૂપ (સમાનવર્ણવાળા) રાષ્ટ્રાર્થક पुरु मगध कलिङ्ग અને शूरमस નામને તેમજ द्विस्वरी (બે સ્વરવાળા) નામને રાજાર્થમાં; તથા રાષ્ટ્રવાચક નામના સરૂપ ક્ષત્રિયાર્થક पुरु मगध कलिङ्ग અને शूरमस નામને તેમજ द्विस्वरी નામને અપત્યાર્થમાં अण् પ્રત્યય થાય છે. અને તેને (આ સૂત્રથી) દ્રિ સંજ્ઞા થાય છે. અહીં द्विस्वरी નામના ઉપાદાનથી पुरु નામનું ગ્રહણ થઈ શકતું હોવા છતાં તેનું પૃથગ્ ગ્રહણ

તે અસરૂપ હોવા છતાં તેને अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થાય-એ માટે છે. पुरु નામ રાષ્ટ્રવાચક નથી. પરન્તુ ક્ષત્રિય વાચક છે. पुरोरपत्यम्; मगधानां राजाऽपत्यं वा; कलिङ्गानां राजाऽपत्यं वा; शूरमसस्यापत्यम् शूरमसानां राजा वा; अङ्गानां राजा अङ्गस्यापत्यं वा; આ અર્થમાં पुरु मगध कलिङ्ग शूरमस અને अङ्ग નામને આ સૂત્રથી द्रि સંજ્ઞક अण् પ્રત્યય; 'वृद्धिः स्वरे० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ अ અને ऊ ને વૃદ્ધિ औ आ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ૭-૪-૭૦' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી पौरवः; मागधः; कालिङ्गः; शौरमसः; અને आङ्गः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પુરુ ક્ષત્રિયનું અપત્ય. મગધદેશનો રાજા અથવા મગધ ક્ષત્રિયનું અપત્ય. કલિઙ્ગ દેશનો રાજા અથવા કલિઙ્ગ ક્ષત્રિયનું અપત્ય. શૂરમસનો રાજા અથવા શૂરમસ ક્ષત્રિયનું અપત્ય. અઙ્ગદેશનો રાજા અથવા અઙ્ગક્ષત્રિયનું અપત્ય. ॥૧૧૬॥

**साल्वांश-प्रत्यग्रथ-कलकूटाऽश्मकादिञ् ६।१।११७॥**

ક્ષત્રિય વાચક નામના સરૂપ राष्ट्र વાચક એવા--साल्वांश (साल्वदेश નો અંશ) વાચક નામ; प्रत्यग्रथ નામ; कलकूट નામ તેમ જ अश्मक નામને રાજાર્થમાં અને राष्ट्र વાચક નામના સરૂપ ક્ષત્રિય વાચક એવા साल्वांश વાચક નામ તેમ જ प्रत्यग्रथ कलकूट અને अश्मक નામને અપત્યાર્થમાં द्रि સંજ્ઞક इञ् પ્રત્યય થાય છે. उदुम्बराणां राजा उदुम्बरस्यापत्यम्; प्रत्यग्रथानां राजा प्रत्यग्रथस्यापत्यम्; कलकूटानां राजा कलकूटस्यापत्यम्; અને अश्मकानां राजा अश्मकस्यापत्यम् આ અર્થમાં અનુક્રમે उदुम्बर प्रत्यग्रथ कलकूट અને अश्मक નામને આ સૂત્રથી इञ् પ્રત્યય અને તેને द्रि સંજ્ઞા. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો

લોપ વગેરે કાર્ય થવાથી औदुम्बरिः, प्रात्यग्रथिः, कालकूटिः અને आश्मकिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉદુમ્બરનો રાજા અથવા તેનું અપત્ય. પ્રત્યગ્રથનો રાજા અથવા તેનું અપત્ય. કલકૂટનો રાજા અથવા તેનું અપત્ય. અશ્મકનો રાજા અથવા તેનું અપત્ય. ॥૧૧૭॥

## दु-नादि-कुर्वित्-कोशलाऽजादाञ्ञ्यः ६।१।११८॥

क्षत्रिय વાચક નામના સરૂપ (સમાન વર્ણવાલા) राष्ट्र વાચક એવા- दु સંજ્ઞાવાળા નામ; न् છે આદિમાં જેના તે नादि નામ; कुरु નામ; इकारान्त નામ; कोशल નામ અને अजाद નામને રાજાર્થમાં; તેમ જ राष्ट्र વાચક નામના સરૂપ क्षत्रियવાચક એવા दु સંજ્ઞક, નકારાદિ, कुरु, इकारान्त, कोशल અને अजाद નામને અપત્યાર્થમાં द्रि સંજ્ઞક ञ्य (य) પ્રત્યય થાય છે. आम्बष्ठानां राजा आम्बष्ठस्यापत्यम्; निषधानां राजा निषधस्यापत्यम्; कुरूणां राजा कुरोरपत्यम्; अवन्तीनां राजा अवन्तेरपत्यम्; कोशलानां राजा कोशलस्याऽपत्यम् અને अजादानां राजा अजादस्याऽपत्यम् આ અર્થમાં आम्बष्ठ (दु સંજ્ઞક); निषध (નકારાદિ); कुरु, अवन्ति (इकारान्त); कोशल અને अजाद નામને આ સૂત્રથી ञ्य (य) પ્રત્યય અને તેને द्रि સંજ્ઞા. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ उ इ તથા ओ ને અનુક્રમે વૃદ્ધિ आ औ ऐ તથા औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ તથા इ નો લોપ. અન્ત્ય उ ને 'अस्वय० ૭-૪-૭૦' થી अव् આદેશ વગેરે કાર્ય થવાથી आम्बष्ठ्यः; नैषध्यः; कौरव्यः; आवन्त्यः; कौशल्यः અને आजाद्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અમ્બષ્ઠનો રાજા અથવા તેનું અપત્ય. નિષધનો રાજા અથવા તેનું અપત્ય. કુરુનો રાજા અથવા તેનું અપત્ય. અવન્તિનો રાજા અથવા તેનું અપત્ય. કોશલનો રાજા અથવા તેનું અપત્ય. અજાદનો રાજા અથવા તેનું અપત્ય. ॥૧૧૮॥

## पाण्डो र्ड्यण् ६।१।११९॥

क्षत्रिय વાચક નામના સરૂપ राष्ट्र વાચક पाण्डु નામને રાજાર્થમાં અને राष्ट्र વાચક નામના સરૂપ क्षत्रियવાચક पाण्डु નામને અપત્યાર્થમાં द्रि સંજ્ઞક र्ड्यण् (य) પ્રત્યય થાય છે. पाण्डूनां राजा અને पाण्डोरपत्यम् આ અર્થમાં पाण्डु નામને આ સૂત્રથી र्ड्यण् (य) પ્રત્યય અને તેને द्रि સંજ્ઞા. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય उ નો લોપ વગેરે કાર્ય થવાથી पाण्ड्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- પાણ્ડુદેશનો રાજા અથવા તેનું અપત્ય. र्ड्यण् પ્રત્યયમાં ण् અનુબન્ધ વૃદ્ધિનું નિમિત્ત છે. વૃદ્ધિનિમિત્તક पुंवद् ભાવના નિષેધ માટે તે અનુબન્ધનું અહીં ઉપાદાન છે. તેથી पाण्ड्या भार्यः અહીં સૂ. નં. '૩-૨-૫૫' થી પુંવદ્ભાવનો નિષેધ થયો છે. ॥૧૧૯॥

## शकादिभ्यो द्रे लुप् ६।१।१२०॥

शकादि ગણપાઠમાંનાં शक વગેરે (પ્રયોગથી ગમ્ય) નામથી પરમાં રહેલા द्रि સંજ્ઞક પ્રત્યયનો लुप् -લોપ થાય છે. शकानां राजा शकस्यापत्यम् આ અર્થમાં તેમ જ यवनानां राजा यवनस्यापत्यम् આ અર્થમાં शक અને यवन નામને અનુક્રમે 'पुरुमगध० ६-१-११६' થી द्रि સંજ્ઞક अण् અને 'राष्ट्र - क्षत्रिया० ६-१-११४' થી अञ् (द्रि સંજ્ઞક) પ્રત્યય. આ સૂત્રથી તે अण् અને अञ् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી शकः અને यवनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શકદેશનો રાજા અથવા તેનું અપત્ય. યવનદેશનો રાજા અથવા તેનું અપત્ય. ॥૧૨૦॥

## कुन्त्यवन्तेः स्त्रियाम् ६।१।१२१॥

कुन्ति અને अवन्ति નામથી પરમાં રહેલા द्रि સંજ્ઞક ञ्य પ્રત્યયનો અર્થ સ્ત્રી હોય તો તે द्रि સંજ્ઞક પ્રત્યયનો લુપ્ થાય છે. कुन्तेरपत्यं स्त्री અને अवन्तेरपत्यं स्त्री આ અર્થમાં 'दु-नादि० ६-१-११८' થી વિહિત कुन्ति અને अवन्ति નામથી પરમાં રહેલા द्रि સંજ્ઞક ञ्य પ્રત્યયનો આ સૂત્રથી લુપ્. कुन्ति અને अवन्ति નામને 'नुर्जातिः २-४-७२' થી ङी (ई) પ્રત્યય વગેરે કાર્ય થવાથી कुन्ती અને अवन्ती આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કુન્તિનું અપત્ય સ્ત્રી. અવન્તિનું અપત્ય સ્ત્રી અથવા કુન્તિદેશની રાણી. અવન્તિદેશની રાણી. स्त्रियामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कुन्ति અને अवन्ति નામથી પરમાં રહેલા द्रि સંજ્ઞક પ્રત્યયનો અર્થ સ્ત્રી હોય તો જ તેનો લુપ્ થાય છે. તેથી कुन्तेरपत्यं पुमान् कुन्तीनां राजा वा આ અર્થમાં कुन्ति નામને ઉપર જણાવ્યા મુજબ થયેલા द्रि સંજ્ઞક ञ्य પ્રત્યયનો આ સૂત્રથી લોપ થતો નથી. તેથી આદ્ય સ્વર उ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી कौन्त्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- કુન્તિનું અપત્ય પુરુષ અથવા કુન્તિ દેશનો રાજા. ॥१२१॥

## कुरोर्वा ६।१।१२२॥

कुरु નામથી પરમાં રહેલા द्रि સંજ્ઞક ञ्य પ્રત્યયનો અર્થ સ્ત્રી હોય તો તે द्रि સંજ્ઞક ञ्य પ્રત્યયનો લોપ વિકલ્પથી થાય છે. कुरोरपत्यं स्त्री આ અર્થમાં कुरु નામને 'दु-नादि० ६-१-११८' થી द्रि સંજ્ઞક ञ्य પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ. कुरु નામને સ્ત્રીલિંગમાં 'उतोऽप्राणि० २-४-७३' થી ऊङ् પ્રત્યયાદિ કાર્ય થવાથી कुरूः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં

આ સૂત્રથી ञ्य પ્રત્યયનો લોપ ન થાય ત્યારે આદ્ય સ્વર उ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ औ આદેશ. અન્ત્ય उ ને 'अस्वय० ૭-૪-૭૦' થી अव् આદેશ. कौरव्य નામને સ્ત્રીલિંગમાં 'कौरव्य० ૨-૪-૭૦' થી ङी પ્રત્યય અને તેની પૂર્વે डायन् નો આગમ. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી कौरव्य ના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कौरव्यायणी આવો પ્રયોગ થાય છે. અર્થ- કુરુનું અપત્ય સ્ત્રી. ॥૧૨૨॥

### द्रेरञणोऽप्राच्य-भर्गादेः ६।१।१२३॥

પ્રાચ્ય દેશવાચક નામ અને भर्गादि ગણપાઠમાંનાં નામને છોડીને અન્ય નામથી પરમાં રહેલા द्रि સંજ્ઞક अञ् અને अण् પ્રત્યયનો અર્થ સ્ત્રી હોય તો તેનો લોપ થાય છે. शूरसेनस्यापत्यं स्त्री આ અર્થમાં शूरसेन નામને 'राष्ट्र-क्षत्रिया० ६-१-११४' થી द्रि સંજ્ઞક अञ् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ. शूरसेन નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી शूरसेनी આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે मद्रस्यापत्यं स्त्री આ અર્થમાં मद्र નામને 'पुरु-मगध० ६-१-११६' થી द्रि સંજ્ઞક अण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ. ઉપર જણાવ્યા મુજબ मद्र નામને ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી मद्री આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શૂરસેનનું અપત્ય સ્ત્રી. મદ્રનું અપત્ય સ્ત્રી. प्राच्यादिवर्जनं किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાચ્ય દેશવાચક અને भर्गादि ગણપાઠમાંનાં નામથી ભિન્ન જ નામથી પરમાં રહેલા द्रि સંજ્ઞક अञ् અને अण् પ્રત્યયનો અર્થ સ્ત્રી હોય તો તે द्रि સંજ્ઞક अण् અને अञ् પ્રત્યયનો લોપ થાય છે. તેથી पञ्चालस्यापत्यं स्त्री અને भर्गस्यापत्यं स्त्री આ અર્થમાં पञ्चाल નામને અને भर्ग નામને ઉપર જણાવ્યા મુજબ અનુક્રમે अञ् અને अण् પ્રત્યય ; તેને द्रि સંજ્ઞા. તે द्रि સંજ્ઞક अण् અને अञ् પ્રત્યયનો આ સૂત્રથી લોપ થતો નથી. જેથી આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧'

થી વૃદ્ધિ आ આદેશ. અન્ત્ય अ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ વગેરે કાર્ય થવાથી पाञ्चाली અને भार्गी આવો પ્રયોગ થાય છે. અર્થ- પઞ્ચાલનું અપત્ય સ્ત્રી. ભર્ગનું અપત્ય સ્ત્રી. (સૂ.નં. ૬-૧-૧૨૦) થી द्रि ની અનુવૃત્તિ ચાલુ હોવા છતાં द्रि નું આ સૂત્રમાં જે ગ્રહણ છે. તે અન્યાધિકારમાં પણ વિહિત द्रि સંજ્ઞક પ્રત્યયના લોપ માટે છે... એ બૃહદ્વૃત્તિથી જાણવું. ॥૧૨૩॥

## बहुष्वस्त्रियाम् ६।१।१२४॥

પ્રત્યયાર્થ સ્ત્રી ન હોય તો; બહુત્વવિશિષ્ટાર્થક द्रि સંજ્ઞક પ્રત્યયનો અર્થાત્ પ્રત્યયાર્થ બહુત્વવિશિષ્ટ હોય તો તે द्रि સંજ્ઞક પ્રત્યયનો લુપ્- લોપ થાય છે. पञ्चालस्यापत्यानि पञ्चालानां राजानः આ અર્થમાં पञ्चाल નામને 'राष्ट्र-क्षत्रियात्० ६-१-११४' થી अञ् પ્રત્યય અને તેને द्रि સંજ્ઞા. તે द्रि સંજ્ઞક પ્રત્યયનો આ સૂત્રથી લોપ... વગેરે કાર્ય થવાથી पञ्चालाः આવો પ્રયોગ થાય છે. અર્થ- પઞ્ચાલનું અપત્ય. પઞ્ચાલના રાજાઓ. अस्त्रियामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રત્યયાર્થ સ્ત્રી ન હોય તો જ તાદૃશ બહુત્વવિશિષ્ટાર્થક द्रि સંજ્ઞક પ્રત્યયનો લુપ્ થાય છે. તેથી पञ्चालस्यापत्यानि स्त्रियः આ અર્થમાં पञ्चाल નામને ઉપર જણાવ્યા મુજબ द्रि સંજ્ઞક अञ् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ ન થવાથી पाञ्चाल्यः આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ.નં. ૬-૧-૧૨૩) અર્થ- પઞ્ચાલની છોકરીઓ. ॥૧૨૪॥

## यस्कादेर्गोत्रे ६।१।१२५॥

यस्कादि ગણપાઠમાંનાં यस्क વગેરે નામથી વિહિત જે બહુત્વવિશિષ્ટાર્થક ગોત્ર પ્રત્યય; તદન્ત यस्कादि નામના પ્રત્યયનો;

સ્ત્રીલિઙ્ગને છોડીને બીજે લોપ થાય છે. यस्कस्य गोत्रापत्यानि અને लह्यस्य गोत्रापत्यानि આ અર્થમાં यस्क અને लह्य નામને 'शिवादेरण् ६-१-६०' થી अण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ... વગેરે કાર્ય થવાથી यस्काः અને लह्याः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યસ્કના ગોત્રાપત્યો. લહ્યના ગોત્રાપત્યો. गोत्र इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यस्कादि ગણપાઠમાંનાં यस्क વગેરે નામથી વિહિત જે બહુત્વવિશિષ્ટાર્થક ગોત્ર પ્રત્યય જ (પ્રત્યયમાત્ર નહિ.); તદન્ત यस्क વગેરે નામોના પ્રત્યયનો સ્ત્રીલિઙ્ગને છોડીને અન્યત્ર લોપ થાય છે. તેથી यस्कस्येमे આ અર્થમાં यस्क નામને 'प्राग् जि० ६-१-१३' થી વિહિત अण् પ્રત્યયનો લોપ આ સૂત્રથી થતો નથી. જેથી આદ્યસ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. અન્ત્ય अ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ વગેરે કાર્ય થવાથી यास्काः छात्राः આવો પ્રયોગ થાય છે. અર્થ- યસ્કના શિષ્યો. ॥૧૨૫॥

## यञञोऽश्यापर्णान्त-गोपवनादेः ६।१।१२६॥

બહુત્વવિશિષ્ટ- ગોત્રાર્થક यञ् અને अञ् પ્રત્યયાન્ત નામના પ્રત્યયનો સ્ત્રીલિંગને છોડીને અન્યત્ર લોપ થાય છે. પરન્તુ તે પ્રત્યય; गोपवन શબ્દથી માંડીને श्यापर्ण શબ્દ સુધીના શબ્દથી વિહિત ન હોવો જોઈએ. गर्गस्य गोत्रापत्यानि અને विदस्य गोत्रापत्यानि આ અર્થમાં गर्ग અને विद નામને અનુક્રમે 'गर्गादि० ६-१-४२' થી અને 'विदादे० ६-१-४१' થી यञ् અને अञ् પ્રત્યય. આ સૂત્રથી अञ् અને यञ् નો લોપ વગેરે કાર્ય થવાથી गर्गाः અને विदाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગર્ગના ગોત્રાપત્યો. વિદના ગોત્રાપત્યો. अश्यापर्णेत्यादीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गोपवन થી આરંભીને श्यापर्ण સુધીના નામોથી ભિન્ન જ -બહુત્વવિશિષ્ટગોત્રાર્થક यञ् અને अञ् પ્રત્યયાન્ત નામના

પ્રત્યયનો સ્ત્રીલિઙ્ગને છોડીને અન્યત્ર લોપ થાય છે. તેથી गोपवनस्य गोत्रापत्यानि અહીં गोपवन નામને 'विदादे० ૬-૧-૪૧' થી अञ् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ થતો નથી. જેથી આદ્યસ્વર ओ ને 'वृद्‌धिः० ૭-૪-૧' થી વૃદ્‌ધિ औ આદેશ. અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી गौपवनाः આવો પ્રયોગ થાય છે. અર્થ- ગોપવનના ગોત્રાપત્યો. गोपवन થી श्यापर्ण સુધીના નામો विदादि ગણમાં પઠિત છે. ॥૧૨૬॥

## कौण्डिन्याऽऽगस्त्ययोः कुण्डिनाऽगस्ती च ६।१।१२७॥

कौण्डिन्य અને आगस्त्य શબ્દના બહુત્વવિશિષ્ટાર્થક ગોત્રાર્થક यञ् અને अण् પ્રત્યયનો; સ્ત્રીલિંગને છોડીને અન્યત્ર લુપ્-લોપ થાય છે; અને ત્યારે कुण्डिनी નામને તથા अगस्त्य નામને ક્રમશઃ कुण्डिन અને अगस्ति આદેશ થાય છે. कुण्डिन्या गोत्रापत्यानि અને अगस्त्यस्य गोत्राऽपत्यानि આ અર્થમાં 'गर्गादि० ૬-૧-૪૨' થી कुण्डिनी નામને यञ् પ્રત્યય. અને 'ऋषि० ૬-૧-૬૧' થી अगस्त्य નામને अण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ અને कुण्डिनी નામને कुण्डिन આદેશ. તેમ જ अगस्त्य નામને अगस्ति આદેશ... વગેરે કાર્ય થવાથી कुण्डिनाः અને अगस्तयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કુણ્ડિનીના ગોત્રાપત્યો. અગસ્ત્યના ગોત્રાપત્યો. ॥૧૨૭॥

## भृग्वङ्गिरस्-कुत्स-वशिष्ठ-गोतमात्रेः ६।१।१२८॥

भृगु अङ्गिरस् कुत्स वशिष्ठ गोतम અને अत्रि નામથી વિહિત જે બહુત્વવિશિષ્ટગોત્રાર્થક પ્રત્યય તદન્ત નામના પ્રત્યયનો સ્ત્રીલિંગને છોડીને અન્યત્ર લોપ થાય છે. भृगो र्गोत्रापत्यानि; अङ्गिरसो गोत्रापत्यानि;

कुत्सस्य गोत्रापत्यानि; वशिष्ठस्य गोत्रापत्यानि; गोतमस्य गोत्रापत्यानि અને अत्रे गोत्रापत्यानि આ અર્થમાં भृगु अङ्गिरस् कुत्स वशिष्ठ અને गोतम નામને 'ऋषि० ६-१-६१' थी अण् પ્રત્યય. अत्रि નામને 'इतो० ६-१-७२' थी एयण् પ્રત્યય. આ સૂત્રથી તે अण् અને एयण् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી भृगवः; अङ्गिरसः; कुत्साः; वशिष्ठाः; गोतमाः અને अत्रयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ભૃગુના ગોત્રાપત્યો. અઙ્ગિરસ્‌ના ગોત્રાપત્યો. કુત્સના ગોત્રાપત્યો. વશિષ્ઠના ગોત્રાપત્યો. ગોતમના ગોત્રાપત્યો. અત્રિના ગોત્રાપત્યો. ભૃગુ વગેરે નામો ઋષિવિશેષ વાચક છે. ॥૧૨૮॥

## प्राग्भरते बहुस्वरादिञः ६।१।१२९॥

બહુત્વવિશિષ્ટ પ્રાગ્ભરતગોત્રા (પ્રાગ્ અને ભરત ગોત્રા) ર્થક इञ् પ્રત્યયાન્ત જે બહુસ્વરી નામ તેના इञ् પ્રત્યયનો સ્ત્રીલિઙ્ગને છોડીને અન્યત્ર લોપ થાય છે. क्षीरकलम्भस्य गोत्रापत्यानि તેમ જ उद्दालकस्य गोत्रापत्यानि આ અર્થમાં क्षीरकलम्भ અને उद्दालक નામને 'अत इञ् ६-१-३१' थी इञ् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી क्षीरकलम्भाः અને उद्दालकाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ક્ષીરકલમ્ભના પ્રાગ્ગોત્રાપત્યો. ઉદ્દાલકના ભરતગોત્રાપત્યો. प्राग्भरत इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુત્વવિશિષ્ટ प्राग् અને भरत જ ગોત્રાર્થક इञ् પ્રત્યયાન્ત બહુસ્વરવાળા નામના इञ् પ્રત્યયનો સ્ત્રીલિંગને છોડીને અન્યત્ર લોપ થાય છે. તેથી वलाकस्य गोत्रापत्यानि આ અર્થમાં वलाक નામને ઉપર જણાવ્યા મુજબ इञ् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ ન થવાથી આદ્યસ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वालाकयः આવો પ્રયોગ થાય છે. અર્થ- વલાકના

ગોત્રાપત્યો. बहुस्वरादिति-किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુત્વવિશિષ્ટ प्राग् અને ભરતગોત્રાર્થક इञ् પ્રત્યયાન્ત બહુસ્વરવાળા જ નામના इञ् પ્રત્યયનો સ્ત્રીલિંગને છોડીને અન્યત્ર લોપ થાય છે. તેથી चेकस्य गोत्रापत्यानि આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ इञ् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ ए ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી चैकयः આવો પ્રયોગ થાય છે. અર્થ- ચેકના પ્રાગ્ ભરત ગોત્રાપત્યો. અહીં યાદ રાખવું જોઈએ કે ભરતો પણ પ્રાગ્ ગોત્રવાળા હોવાથી પ્રાગ્ ગ્રહણથી ભરતોનું પણ ગ્રહણ શક્ય હોવા છતાં અહીંની જેમ અન્યત્ર પણ (સૂ. નં. ૬-૧-૧૪૩ માં) પ્રાગ્ગ્રહણથી ભરતોનું ગ્રહણ ન થાય-એ માટે ભરતનું આ સૂત્રમાં પૃથક્ ગ્રહણ છે. ॥૧૨૯॥

## वोपकादेः ६।१।१३०॥

उपकादि ગણપાઠમાંનાં उपक વગેરે નામથી વિહિત જે પ્રત્યય તદન્ત નામના બહુત્વવિશિષ્ટ ગોત્રાર્થક પ્રત્યયનો સ્ત્રીલિંગને છોડીને અન્યત્ર લોપ વિકલ્પથી થાય છે. उपकस्य गोत्रापत्यानि અને लमकस्य गोत्रापत्यानि આ અર્થમાં उपक અને लमक નામને 'नडादि० ૬-૧-૫૩' થી आयनण् પ્રત્યય. આ સૂત્રથી તેનો લોપ વગેરે કાર્ય થવાથી उपकाः અને लमकाः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં आयनण् પ્રત્યયનો લોપ આ સૂત્રથી ન થાય ત્યારે 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી औपकायनाः અને लामकायनाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉપકના ગોત્રાપત્યો. લમકના ગોત્રાપત્યો. ॥૧૩૦॥

## तिककितवाऽऽदौ द्वन्द्वे ६।१।१३१॥

तिककितवादि ગણપાઠમાંનાં द्वन्द्व સમાસમાંનાં तैकायनि कैतवायनि ઇત્યાદિ નામોના બહુત્વવિશિષ્ટ ગોત્રાર્થક પ્રત્યયનો સ્ત્રીલિંગને છોડીને અન્યત્ર લોપ થાય છે. तैकायनयश्च कैतवायनयश्च અને औब्जयश्च काकुभाश्च આ અર્થમાં द्वन्द्व સમાસ. આ સૂત્રથી तैकायनि અને कैतवायनि નામના ('तिकादे० ६-१-१०७' થી વિહિત) आयनिञ् પ્રત્યયનો તેમજ औब्जि નામના ('अत० ६-१-३१' થી વિહિત) इञ् પ્રત્યયનો અને काकुभ નામના ('शिवादेरण् ६-१-६०' થી વિહિત) अण् પ્રત્યયનો લોપ... વગેરે કાર્ય થવાથી तिककितवाः અને उब्जककुभाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તિક અને કિતવના ગોત્રાપત્યો. ઉબ્જ અને કકુભના ગોત્રાપત્યો. ॥१३१॥

## द्व्यादेस्तथा ६।१।१३२॥

द्वि સંજ્ઞકાદિ પ્રત્યયોનો પૂર્વસૂત્રોથી જે જે અવસ્થામાં લોપ થાય છે. તે રીતે અર્થાત્ તે અવસ્થામાં द्विसंज्ञकादि પ્રત્યયાન્ત નામોના द्वन्द्व સમાસમાં અબહુત્વવિશિષ્ટાર્થક द्वि સંજ્ઞકાદિ પ્રત્યયનો લોપ થાય છે. બહુત્વવિશિષ્ટાર્થક द्वि સંજ્ઞક પ્રત્યયનો લોપ આ પૂર્વે વિહિત છે જ. અબહુત્વવિશિષ્ટાર્થક द्वि સંજ્ઞકાદિ પ્રત્યયના લોપ માટે આ સૂત્રનું પ્રણયન છે. द्व्यादि માં આદિ પદથી; ગોત્રપ્રત્યયાધિકારથી ભિન્નાધિકારમાંના પણ द्वि સંજ્ઞક પ્રત્યયનો લોપ આ સૂત્રથી થાય છે. वार्कैण्यश्च लौहध्वज्यश्च कौण्डीवृश्यश्च આ વિગ્રહમાં द्वन्द्व સમાસ. वार्कैण्य નામના ('वृका० ७-३-६४' થી વિહિત) द्वि સંજ્ઞક टेण्यण् પ્રત્યયનો; लौहध्वज्य ના ज्य પ્રત્યયનો (જે 'पूगाद० ७-३-६०' થી વિહિત છે.); તેમજ कौण्डीवृश्य નામના ज्यट् પ્રત્યયનો (જે 'वाहीके० ७-३-६३' થી વિહિત છે) આ

સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી वृकलोहध्वज-कुण्डीवृशाः આવો પ્રયોગ થાય છે. અર્થ-વૃક લોહધ્વજ અને કુણ્ડીવૃશ(વૃક અને કુણ્ડીવૃશ શસ્ત્રજીવી સંઘાર્થક છે અને લોહધ્વજ અર્થકામપ્રધાન સંઘાર્થક છે.) तथेति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસમાંનાં द्रि સંજ્ઞકાદિ પ્રત્યયાન્ત નામોના અબહુત્વવિશિષ્ટાર્થક द्रि સંજ્ઞકાદિ પ્રત્યયનો પૂર્વે જણાવ્યા મુજબ જ લોપ થાય છે. તેથી गार्गी च वात्स्यश्च वाज्यश्च આ અર્થમાં નિષ્પન્ન द्वन्द्व સમાસમાંનાં वात्स्य અને वाज्य નામના यञ् પ્રત્યયનો (જે 'गर्गादि० ६-१-४२' થી વિહિત છે) આ સૂત્રથી લોપ થાય છે. પરન્તુ गर्गस्य वृद्धापत्यं स्त्री આ અર્થમાં गर्ग નામથી વિહિત यञ् પ્રત્યયનો લોપ; આ પૂર્વે સ્ત્રીલિંગને છોડીને અન્યત્ર વિહિત હોવાથી અહીં સ્ત્રીલિંગમાં આ સૂત્રથી તેનો લોપ થતો નથી. જેથી गार्गीवत्सवाजाः આવો પ્રયોગ થાય છે. અર્થ- ગર્ગનું વૃદ્ધાપત્ય સ્ત્રી, વત્સનું વૃદ્ધાપત્ય અને વાજનું વૃદ્ધાપત્ય. ॥૧૩૨॥

## वाऽन्येन ६।१।१३३॥

द्रि સંજ્ઞકાદિ પ્રત્યયાન્ત નામથી અતિરિક્ત નામની સાથેના द्रि સંજ્ઞકાદિ પ્રત્યયાન્ત નામના द्वन्द्व સમાસમાં અબહુત્વવિશિષ્ટાર્થક द्रि સંજ્ઞકાદિ પ્રત્યયનો પૂર્વે જણાવ્યા મુજબ વિકલ્પથી લોપ થાય છે. आङ्गश्च वाङ्गश्च दाक्षिश्च અહીં द्रि સંજ્ઞકાદિ પ્રત્યયાન્ત आङ्ग वाङ्ग નામનો તદતિરિક્ત दाक्षि નામની સાથે द्वन्द्व સમાસ. તેમાંના आङ्ग અને वाङ्ग નામના अण् પ્રત્યયનો (જે 'पुरु-मगध० ६-१-११६' થી વિહિત છે) આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી अङ्गवङ्गदाक्षयः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે आङ्गवाङ्गदाक्षयः આવો પ્રયોગ થાય છે. અર્થ- અઙ્ગનું વઙ્ગનું અને દક્ષનું અપત્ય. ॥૧૩૩॥

### द्व्येकेषु षष्ठ्यास्तत्पुरुषे यञादेर्वा ६।१।१३४॥

ષષ્ઠી તત્પુરુષસમાસમાં જે ષષ્ઠી- એકવચન અથવા દ્વિવચનાન્ત નામ; તે નામના यञ् વગેરે પ્રત્યયનો વિકલ્પથી પૂર્વે જણાવ્યા મુજબ લોપ થાય છે. गार्ग्यस्य गार्ग्ययो र्वा कुलम् અને वैदस्य वैदयो र्वा कुलम् આ વિગ્રહમાં તત્પુરુષ સમાસ. તેના ષષ્ઠી વિભક્તિના એકવચનાન્ત અને દ્વિવચનાન્ત गार्ग्य અને वैद નામના અનુક્રમે यञ् અને अञ् (જે અનુક્રમે 'गर्गादि० ६-१-४२' થી અને 'विदादे० ६-१-४१' થી વિહિત છે) પ્રત્યયનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી गर्गकुलम् અને विदकुलम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यञ् વગેરે પ્રત્યયનો લોપ ન થાય ત્યારે गार्ग्यकुलम् અને वैदकुलम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- એક અથવા બે ગર્ગાપત્યનું કુલ. એક અથવા બે વિદાપત્યનું કુલ.

द्व्येकेष्विति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ષષ્ઠી તત્પુરુષ સમાસમાં જે ષષ્ઠી એકવચન કે દ્વિવચનાન્ત જ (બહુવચનાન્ત નામ નહિ) નામ; તે નામના यञादि પ્રત્યયનો પૂર્વે જણાવ્યા મુજબ વિકલ્પથી લોપ થાય છે. તેથી गर्गाणां कुलम् આ વિગ્રહમાં નિષ્પન્ન ષષ્ઠી તત્પુરુષ સમાસના ષષ્ઠી બહુવચનાન્ત गर्ग નામના यञ् પ્રત્યયનો વિકલ્પથી આ સૂત્રથી લોપ થતો નથી. જેથી 'यञञो० ६-१-१२६' થી यञ् પ્રત્યયનો નિત્ય લોપ થવાથી गर्गकुलम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘણા ગર્ગાપત્યોનું કુલ. ॥૧૩૪॥

### न प्रागूजितीये स्वरे ६।१।१३५॥

ગોત્રાર્થમાં ઉત્પન્ન પ્રત્યયોનો 'बहुष्व० ६-१-१२४' ...વગેરે સૂત્રોથી લોપ વિહિત છે. તે લોપ ; जितार्थ પૂર્વેના (सू. नं. ६-४-२ સુધીના)

અર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યયના વિષયમાં થતો નથી. गर्गाणामिमे અને अत्रीणामिमे આ અર્થમાં- બહુત્વવિશિષ્ટાર્થક गार्ग्य અને आत्रेय નામને 'दोरीयः ६-३-३२' થી વિહિત ईय પ્રત્યયના વિષયમાં; गार्ग्य નામના यञ् ના લોપની 'यञञो० ६-१-१२६' થી; અને आत्रेय નામના एयण् ના લોપની 'भृग्वङ्गि० ६-१-१२८' થી પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ. गार्ग्य+ईय અને आत्रेय+ईय આ અવસ્થામાં 'अवर्णे० ७-४-६८' થી નામના અન્ત્ય अ નો લોપ. 'तद्धितय० २-४-९२' થી गार्ग्य નામના य् નો લોપ વગેરે કાર્ય થવાથી गार्गीयाः અને आत्रेयीयाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગર્ગાપત્યો સમ્બન્ધી. અત્રિના અપત્યો સમ્બન્ધી. गर्ग નામને 'गर्गादि० ६-१-४२' થી यञ् પ્રત્યય; અને अत्रि નામને 'इतोऽनिञः ६-१-७२' થી एयण् પ્રત્યયાદિ કાર્ય થવાથી गार्ग्य અને आत्रेय નામ બને છે. અહીં એ યાદ રાખવું કે गर्गाणामिमे અને अत्रीणामिमे આ વિગ્રહ વાક્યમાં તો યથાપ્રાપ્ત यञ् પ્રત્યયાદિનો લોપ થાય છે જ.

प्रागजितीय इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જિતાર્થ પૂર્વેના જ અર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યયના વિષયમાં; 'बहुष्व० ६-१-१२४'.... ઈત્યાદિ સૂત્રથી પ્રાપ્ત- ગોત્રાર્થક પ્રત્યયનો લોપ થતો નથી. તેથી अत्रिभ्यो हितः આ અર્થમાં आत्रेय નામને 'तस्मै हिते ७-१-३५' થી ईय પ્રત્યય. તે સ્વરાદિ હોવા છતાં જિતાર્થ પૂર્વેના અર્થમાં વિહિત ન હોવાથી આ સૂત્રથી एयण् પ્રત્યયના લોપનો નિષેધ થતો નથી. જેથી 'भृग्वङ्गि० ६-१-१२८' થી एयण् નો લોપ. अत्रि+ईय આ અવસ્થામાં 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી अत्रीयः આવો પ્રયોગ થાય છે. અર્થ- અત્રિના અપત્યો માટે હિતકર. स्वर इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જિતાર્થ પૂર્વેના અર્થમાં વિહિત સ્વરાદિ જ (વ્યઞ્જનાદિ નહિ) પ્રત્યયના વિષયમાં; 'बहुष्व० ६-१-१२४'... ઈત્યાદિ સૂત્રથી પ્રાપ્ત-ગોત્રાર્થક પ્રત્યયનો લોપ થતો નથી.

તેથી गर्गेभ्य आगतम् આ અર્થમાં गार्ग्य નામને 'नृ-हेतुभ्यो० ६-३-१५६' થી मयट् પ્રત્યય. તે પ્રત્યય જિતાર્થ પૂર્વેના અર્થમાં વિહિત હોવા છતાં વ્યઞ્જનાદિ હોવાથી यञ् પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ થતો નથી. જેથી 'यञञो० ६-१-१२६' થી यञ् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી गर्गमयम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ગર્ગના અપત્યોથી આવેલું. ॥१३५॥

## गर्ग-भार्गविका ६।१।१३६॥

द्वन्द्व સમાસથી; સૂ.નં.'६-३-१६३' થી વિવાહ અર્થમાં જે अकल् પ્રત્યય વિહિત છે, તે अकल् પ્રત્યય પરમાં હોય તો; गर्गभार्गविका આ द्वन्द्व સમાસમાં अण् પ્રત્યયનો લોપ થતો નથી. गर्गाणां भृगूनां च विवाहः આ અર્થમાં गार्ग्य (गगादि० ६-१-४२ થી यञ् ) અને भार्गव (भृगु નામને 'ऋषि-वृष्ण्य० ६-१-६१' થી अण् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) નામનો द्वन्द्व સમાસ. गार्ग्य-भार्गव નામને 'विवाहे० ६-३-१६३' થી अकल् પ્રત્યય. गार्ग्य નામના यञ् પ્રત્યયનો 'यञञो० ६-१-१२६' થી લોપ. भार्गव નામના अण् પ્રત્યયના લોપની; 'भृग्वङ्गि० ६-१-१२८' થી પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્રથી નિષેધ. 'अवर्णे० ७-४-६८' થી भार्गव નામના અન્ત્ય अ નો લોપ. गर्गभार्गवक નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યય. 'अस्या० २-४-१११' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી गर्गभार्गविका આવો પ્રયોગ થાય છે. અર્થ- ગર્ગના વૃદ્ધાપત્યો અને ભૃગુના વૃદ્ધાપત્યોનો વિવાહ. ॥१३६॥

## यूनि लुप् ६।१।१३७॥

જિતાર્થ પૂર્વેના અર્થમાં સ્વરાદિ પ્રત્યયના વિષયમાં યુવાપત્યાર્થક

પ્રત્યયનો લુપ્-લોપ થાય છે. અને ત્યારબાદ જે પ્રત્યયની પ્રાપ્તિ હોય તે પ્રત્યય થાય છે. पाण्टाहृतस्येमे આ અર્થમાં पाण्टाहृत નામને (पाण्टाहृतेरपत्यम् युवा આ અર્થમાં 'पाण्टाहृति० ६-१-१०४' થી ग પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન નામને) 'दोरीयः ६-३-३२' થી સ્વરાદિ ગ પ્રત્યય કરવાના વિષયમાં આ સૂત્રથી पाण्टाहृत નામના ण પ્રત્યય લોપ. ત્યારબાદ पाण्टाहृति નામને 'वृद्धेञः ६-३-२८' થી अञ् (अ) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી पाण्टाहृताः આવો પ્રયોગ થાય છે. અર્થ- પાણ્ટાહૃતિના યુવાપત્યોના છાત્રો. ॥१३७॥

## वायनणायनिञोः ६।१।१३८॥

જિતાર્થ પૂર્વેના અર્થમાં સ્વરાદિ પ્રત્યયના વિષયમાં યુવાપત્યાર્થક आयनण् અને आयनिञ् પ્રત્યયનો વિકલ્પથી લુપ્-લોપ થાય છે. गार्ग्यस्य युवापत्यस्येमे આ અર્થમાં गार्ग्य નામને 'यञिञः ६-१-५४' થી आयनण् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गार्ग्यायण નામને 'दोरीयः ६-३-३२' થી સ્વરાદિ ईय પ્રત્યય કરવાના વિષયમાં આ સૂત્રથી आयनण् પ્રત્યયનો લોપ. गार्ग्य+ईय આ અવસ્થામાં 'अवर्णे० ७-४-६८' થી गार्ग्य નામના અન્ત્ય अ નો લોપ. 'तद्धित० २-४-९२' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી गार्गीयाः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आयनण् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે गार्ग्यायणीयाः આવો પ્રયોગ થાય છે. અર્થ- ગાર્ગ્યના યુવાપત્યસમ્બન્ધી. આવી જ રીતે हैत्रस्य युवापत्यस्येमे આ અર્થમાં हैत्र નામને 'द्विस्वरा० ६-१-१०९' થી आयनिञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન हैत्रायणि નામને 'दोरीयः ६-३-३२' થી સ્વરાદિ ईय પ્રત્યય કરવાના વિષયમાં આ સૂત્રથી आयनिञ् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી हैत्रीयाः અને વિકલ્પપક્ષમાં આ

સૂત્રથી आयनिञ् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે हैत्रायणीयाः આવો પ્રયોગ થાય છે. અર્થ-હૈત્રના યુવાપત્યના સમ્બન્ધી. ॥૧૩૮॥

## द्रीञो वा ६।१।१३९॥

द्रि સંજ્ઞક इञ् પ્રત્યયાન્ત નામથી પરમાં રહેલા યુવાપત્યાર્થક પ્રત્યયનો વિકલ્પથી લોપ થાય છે. उदुम्बरस्यापत्यम् આ અર્થમાં उदुम्बर નામને 'साल्वांश० ६-१-११७' થી द्रि સંજ્ઞક इञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન औदुम्बरि નામને औदुम्बरेरपत्यम् युवा આ અર્થમાં 'यञिञः ६-१-५४' થી आयनण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી औदुम्बरिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आयनण् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે औदुम्बरि + आयनण् આ અવસ્થામાં 'अवर्णे० ७-४-६८' થી इ નો લોપ વગેરે કાર્ય થવાથી औदुम्बरायणः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉદુમ્બરના અપત્યનું યુવાપત્ય. ॥૧૩૯॥

## ञिदार्षादणिञोः ६।१।१४०॥

અપત્યાર્થક ञित् પ્રત્યય (ञ् અનુબન્ધ છે જેમાં તે પ્રત્યય) અને आर्ष (ऋष्यपत्यार्थक) પ્રત્યય છે અન્તમાં જેના એવા નામથી પરમાં રહેલા યુવાપત્યાર્થક अण् અને इञ् પ્રત્યયનો લોપ થાય છે. तिकस्यापत्यम् આ અર્થમાં तिक નામને 'तिकादे० ६-१-१०७' થી વિહિત आयनिञ् (ञित्) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન तैकायनि નામને ( ञित्प्रत्ययान्त નામને) तैकायनेरपत्यम् આ અર્થમાં 'ङसोऽपत्ये ६-१-२८' થી अण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી तैकायनिः આવો પ્રયોગ થાય છે. અર્થ-તિકાપત્યનું યુવાપત્ય. वशिष्ठस्यापत्यम् આ અર્થમાં 'ऋषि-वृष्ण्य० ६-१-६१' થી વિહિત आर्ष अण् પ્રત્યયાદિ કાર્યથી

નિષ્પન્ન वाशिष्ठ (आर्ष प्रत्ययान्त) નામને वाशिष्ठस्यापत्यम् આ અર્થમાં 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી वाशिष्ठः આવો પ્રયોગ થાય છે. અર્થ- વશિષ્ઠના અપત્યનું અપત્ય. અહીં સમજી શકાય છે કે બંન્ને સ્થાને પિતા અને પુત્રવાચક એક જ નામ છે. ॥૧૪૦॥

## अब्राह्मणात् ६।१।१४१॥

બ્રાહ્મણાર્થક નામથી ભિન્ન વૃદ્ધપ્રત્યયાન્ત (વૃદ્ધાપત્યાર્થક પ્રત્યયાન્ત) નામથી પરમાં રહેલા યુવાપત્યાર્થક પ્રત્યયનો લોપ થાય છે. अङ्गस्यापत्यम् આ અર્થમાં अङ्ग નામને 'पुरुमगध० ६-१-११६' થી વિહિત अण् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન आङ्ग નામને आङ्गस्यापत्यं युवा આ અર્થમાં 'द्विस्वराद० ६-१-१०९' થી आयनिञ् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી आङ्गः આવો પ્રયોગ થાય છે. અર્થ- અઙ્ગના વૃદ્ધાપત્યનું અપત્ય. अब्राह्मणादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બ્રાહ્મણાર્થક નામથી ભિન્ન જ વૃદ્ધપ્રત્યયાન્ત નામથી પરમાં રહેલા યુવાપત્યાર્થક પ્રત્યયનો લોપ થાય છે. તેથી गर्गस्यापत्यम् આ અર્થમાં गर्ग નામને 'गर्गादि० ६-१-४२' થી यञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गार्ग्य નામને 'यञिञः ६-१-५४' થી गार्ग्यस्यापत्यं युवा આ અર્થમાં જે आयनण् પ્રત્યય થાય છે, તેનો આ સૂત્રથી લોપ ન થવાથી गार्ग्यः पिता અને गार्ग्यायणः पुत्रः આવો પ્રયોગ થાય છે. અર્થ-ગર્ગ ઋષિના વૃદ્ધાપત્યનું અપત્ય. ઋષિવાચક નામ બ્રાહ્મણાર્થક છે-એ યાદ રાખવું. ॥૧૪૧॥

## पैलादेः ६।१।१४२॥

पैलादि ગણપાઠમાંનાં पैल વગેરે નામથી પરમાં રહેલા યુવાપત્યાર્થક પ્રત્યયનો લોપ થાય છે. पैलस्यापत्यं युवा અને शालङ्केरपत्यं युवा આ અર્થમાં पैल નામને 'द्विस्वरादणः ६-१-१०९' થી आयनिञ् પ્રત્યય અને शालङ्कि નામને 'यञिञः ६-१-५४' થી आयनण् પ્રત્યય. આ સૂત્રથી आयनिञ् અને आयनण् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી पैलः અને शालङ्किः આવો પ્રયોગ થાય છે. पीलाया अपत्यम् આ અર્થમાં पीला નામને 'पीला-साल्वां० ६-१-६८' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી અને शलङ्कोरपत्यम् આ અર્થમાં शलङ्कु નામને 'शालङ्क्यौ० ६-१-३७' થી इञ् પ્રત્યયાદિના નિપાતનથી ક્રમશઃ पैल અને शालङ्कि નામ બને છે. અર્થ ક્રમશઃ- પૈલનું યુવાપત્ય. શાલઙ્કિનું યુવાપત્ય. पैलादि નામો બ્રાહ્મણવાચક હોવાથી અને પ્રાચ્યગોત્રાર્થક ન હોવાથી પૂર્વ (६-१-१४१)અને ઉત્તર (६-१-१४३) સૂત્રથી पैलादि નામથી પરમાં રહેલા યુવા પ્રત્યયના લોપની પ્રાપ્તિ ન હતી. તેથી આ સૂત્રનું પ્રણયન છે. ॥૧૪૨॥.

## प्राच्येञोऽतौल्वल्यादेः ६।१।१४३॥

तौल्वल्यादि ગણપાઠમાંનાં तौल्वलि વગેરે નામને છોડીને અન્ય; प्राच्यगोत्रार्थक इञ् પ્રત્યયાન્ત નામથી પરમાં રહેલા युवापत्यार्थक પ્રત્યયનો લોપ થાય છે. पन्नागारस्य गोत्रापत्यम् આ અર્થમાં पन्नागार નામને 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન पान्नागारि નામને पान्नागारस्यापत्यं युवा આ અર્થમાં 'यञिञः ६-१-५४' થી आयनण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ... વગેરે કાર્ય થવાથી पान्नागारिः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે मन्थरषेणस्यापत्यम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ इञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન मान्थरषेणि નામને

मान्थरषेणेरपत्यं युवा આ અર્થમાં आयनण् પ્રત્યય અને તેનો લોપ વગેરે કાર્ય થવાથી मान्थरषेणिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પન્નાગારના પ્રાચ્યગોત્રાપત્યનું યુવાપત્ય. મન્થરષેણના પ્રાચ્યગોત્રાપત્યનું યુવાપત્ય.

प्राच्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तौल्वलि વગેરે નામને છોડીને અન્ય; प्राच्यगोत्रार्थक જ इञ् પ્રત્યયાન્ત નામથી પરમાં રહેલા યુવાપત્યાર્થક પ્રત્યયનો લોપ થાય છે. તેથી दक्षस्यापत्यम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ इञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન उदीच्यगोत्रार्थक इञ् પ્રત્યયાન્ત दाक्षि નામને दाक्षेरपत्यं युवा આ અર્થમાં જે आयनण् પ્રત્યય થાય છે. તેનો આ સૂત્રથી લોપ થતો નથી. જેથી दाक्षायणः આવો પ્રયોગ થાય છે. અર્થ અને પ્રક્રિયા માટે સૂ.નં. ૬-૧-૫૪ જુઓ. तौल्वल्यादिवर्जनं किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तौल्वल्यादि ગણપાઠમાંનાં तौल्वलि વગેરે નામને છોડીને અન્ય જ; પ્રાચ્યગોત્રાર્થક इञ् પ્રત્યયાન્ત નામથી પરમાં રહેલા યુવાપત્યાર્થક પ્રત્યયનો લોપ થાય છે. તેથી तूल्वलस्यापत्यम् આ અર્થમાં तूल्वल નામને ઉપર જણાવ્યા મુજબ इञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન तौल्वलि નામને तौल्वलेरपत्यम् આ અર્થમાં જે आयनण् પ્રત્યય થાય છે, તેનો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ- તૌલ્વલિનું યુવાપત્ય. ॥૧૪૩॥

श्री विक्रमादित्य......... હે રાજન્! તમે શ્રી વિક્રમાદિત્ય રાજાનું કાંઈ પણ પ્રકૃત ન કર્યું. અર્થાદ્ એનું બધું જ તમે વિકૃત કર્યું. કારણ કે સૌથી પહેલા તમે એના યશને હરી લીધો. અને પછી ક્ષણવારમાં તેની રાજધાની અવન્તિને ભાંગી નાખી.

इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
षष्ठेऽध्याये प्रथमः पादः।

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## रागाट्टो रक्ते ६।२।१॥

જેનાથી કપડા વગેરે રંગાય તેવા કુસુમ્ભાદિ દ્રવ્યને राग કહેવાય છે. તાદૃશ રાગવિશેષવાચક તૃતીયાન્ત નામને રક્તાર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. 'वाद्यात् ६-१-११' થી 'वा' નો અધિકાર આ સૂત્રમાં પણ ચાલુ હોવાથી વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् વગેરે પ્રત્યય ન થાય ત્યારે વાક્ય અથવા સમાસ પણ થાય છે- એ સ્મરણીય છે. कुसुम्भेन रक्तम् આ અર્થમાં 'प्राग् जिता० ६-१-१३' ની સહાયથી कुसुम्भ નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી कुसुम्भ નામના આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कौसुम्भं वासः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં 'कुसुम्भेन रक्तम्' અને 'कुसुम्भरक्तम्' આવો પ્રયોગ થાય છે. અર્થ- કસુંબાથી રંગેલું વસ્ત્ર. અહીં યાદ રાખવું જોઈએ કે રંગવાના દ્રવ્ય તરીકે લોકમાં જે પ્રસિદ્ધ છે તદ્વાચક નામને જ આ સૂત્રથી તે તે પ્રત્યય થાય છે. માત્ર જેનાથી રંગાય છે તેનાથી (તે નામથી) આ સૂત્રથી अण् વગેરે પ્રત્યય વિહિત નથી. તેથી पीतेन रक्तम्... ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી पीत વગેરે નામને अण् વગેરે પ્રત્યય થતો નથી. ॥१॥

## लाक्षा-रोचनादिकण् ६।२।२॥

તૃતીયાન્ત लाक्षा અને रोचना નામને રક્તાર્થમાં इकण् પ્રત્યય થાય છે. लाक्षया रक्तम् અને रोचनया रक्तम् આ અર્થમાં लाक्षा અને रोचना નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે

કાર્ય થવાથી लाक्षिकम् અને रौचनिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- લાખથી રંગેલું. ગોરોચન ચંદનથી રંગેલું. ॥૨॥

### शकल - कदूर्दमाद्वा ६।२।३॥

તૃતીયાન્ત शकल અને कदूर्दम નામને રક્તાર્થમાં વિકલ્પથી इकण् પ્રત્યય થાય છે. शकलेन रक्तम् અને कदूर्दमेन रक्तम् આ અર્થમાં शकल અને कदूर्दम નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शाकलिकम् અને कादूर्दमिकम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इकण् પ્રત્યય ન થાય ત્યારે 'प्राग् जिता० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી शाकलम् અને कादूर्दमम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શકલ-વૃક્ષવિશેષની છાલથી રંગેલું. કાદંવથી રંગેલું. ॥૩॥

### नील-पीतादकम् ६।२।४॥

તૃતીયાન્ત नील અને पीत નામને રક્તાર્થમાં અનુક્રમે अ અને क પ્રત્યય થાય છે. नीलेन रक्तम् અને पीतेन रक्तम् આ અર્થમાં नील નામને આ સૂત્રથી अ અને पीत નામને આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી नीलम् અને पीतकम् આવો પ્રયોગ થાય છે. नील+अ આ અવસ્થામાં नील નામના અન્ત્ય अ ને લોપ 'अवर्णे० ७-४-६८' થી વિહિત છે. અર્થ ક્રમશઃ- નીલથી રંગેલું. પીતથી રંગેલું. ॥૪॥

### उदितगुरो र्भाद् युक्तेऽब्दे ६।२।५॥

ગુરુનો ઉદય થયો છે જેમાં એવા નક્ષત્રવાચક તૃતીયાન્ત નામને;

યુક્ત-વર્ષ અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. उदितगुरुणा पुष्येण युक्तं वर्षम् આ અર્થમાં આ સૂત્રથી पुष्य નામને 'प्राग् जिता० ६-१-१३' ની સહાયથી अण् (अ) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી पुष्य નામના આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'तिष्य० २-४-९०' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી पौषं वर्षम् આવો પ્રયોગ થાય છે. અર્થ-જેમાં ગુરુનો ઉદય થયો છે તે પુષ્ય નક્ષત્રથી યુક્ત વર્ષ. ॥५॥

**चन्द्रयुक्तात्काले लुप् त्वप्रयुक्ते ६।२।६॥**

ચંદ્રથી યુક્ત નક્ષત્રવાચક તૃતીયાન્ત નામને યુક્ત કાલાર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. યુક્તકાલાર્થક નામનો પ્રયોગ ન હોય તો તે अण् વગેરે પ્રત્યયનો લોપ થાય છે. चन्द्रयुक्तेन पुष्येण युक्तमहः આ અર્થમાં पुष्य નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जिता० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી पौषमहः આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ. નં. ६-२-५) અર્થ-ચન્દ્રથી યુક્ત એવા પુષ્યનક્ષત્રથી યુક્ત દિવસ. अद्य पुष्यः અહીં યુક્ત કાલાર્થક નામનો પ્રયોગ ન હોવાથી पुष्य નામથી વિહિત अण् પ્રત્યયનો આ સૂત્રથી લોપ થયો છે. અર્થ-ચન્દ્રયુક્ત પુષ્યનક્ષત્રથી યુક્ત આજનો કાળ. ॥६॥

**द्वन्द्वादियः ६।२।७॥**

ચન્દ્રયુક્ત નક્ષત્રવાચક તૃતીયાન્ત દ્વન્દ્વસમાસને (સમાસથી નિષ્પન્ન નામને) યુક્ત કાલાર્થમાં ईय પ્રત્યય થાય છે. राधानुराधाभिश्चन्द्रयुक्ताभिर्युक्तमहः આ અર્થમાં राधानुराधा નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णेव० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ... વગેરે કાર્ય થવાથી राधानुराधीयमहः

આવો પ્રયોગ થાય છે. અર્થ-ચન્દ્રયુક્ત રાધાનુરાધાથી યુક્ત દિવસ. ॥૭॥

**श्रवणाऽश्वत्थान्नाम्न्यः ६।२।८॥**

તૃતીયાન્ત ચન્દ્રયુક્ત નક્ષત્રવાચક श्रवण અને अश्वत्थ નામને સંજ્ઞાના વિષયમાં યુક્ત કાલાર્થમાં अ પ્રત્યય થાય છે. चन्द्रयुक्तेन श्रवणेन युक्ता रात्रिः અને चन्द्रयुक्तेनाश्वत्थेन युक्ता पौर्णमासी આ અર્થમાં श्रवण અને अश्वत्थ નામને આ સૂત્રથી अ પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. श्रवण અને अश्वत्थ નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી श्रवणा रात्रिः અને अश्वत्था पौर्णमासी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-રાત્રિવિશેષ. પૂનમવિશેષ. ચન્દ્રયુક્ત શ્રવણ કે અશ્વત્થ નક્ષત્રથી યુક્ત દિવસ વગેરેના એ નામ નથી. नाम्नीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ચન્દ્રયુક્ત નક્ષત્રવાચક श्रवण અને अश्वत्थ નામને યુક્ત કાલાર્થમાં સંજ્ઞાના જ વિષયમાં अ પ્રત્યય થાય છે. તેથી चन्द्रयुक्तेन श्रवणेन युक्तमहः અને चन्द्रयुक्तैन अश्वत्थेन युक्तमहः આ અર્થમાં श्रवण અને अश्वत्थ નામને આ સૂત્રથી अ પ્રત્યય ન થવાથી સૂ. नं. ६-२-६ માં જણાવ્યા મુજબ अण् પ્રત્યયાદિ કાર્ય થાય છે. જેથી श्रावणमहः અને आश्वत्थमहः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચન્દ્રયુક્ત શ્રવણનક્ષત્રથી યુક્ત દિવસ. ચન્દ્રયુક્ત અશ્વત્થનક્ષત્રથી યુક્ત દિવસ. ॥૮॥

**षष्ठ्याः समूहे ६।२।९॥**

ષષ્ઠ્યન્ત નામને સમૂહ અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. चषाणां समूहः અને स्त्रीणां समूहः આ અર્થમાં चष અને स्त्री નામને આ સૂત્રની સહાયથી અનુક્રમે 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય

અને 'प्राग्वतः० ६-१-२५' થી नञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ અને આદ્યસ્વર ई ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી चाषम् અને स्त्रैणम् આવો પ્રયોગ થાય છે. અર્થ- મદ્યવિશેષનો સમુદાય. સ્ત્રીઓનો સમુદાય. ||૯||

## भिक्षादेः ६।२।१०॥

भिक्षादि ગણપાઠમાંનાં भिक्षा વગેરે ષષ્ઠ્યન્ત નામને સમૂહ અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. भिक्षाणां समूहः અને गर्भिणीनां समूहः આ અર્થમાં આ સૂત્રની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર इ અને अ ને વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ અને ई નો લોપ વગેરે કાર્ય થવાથી भैक्षम् અને गार्भिणम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ભિક્ષાઓનો સમુદાય. ગર્ભિણીઓનો સમુદાય. અહીં 'कवचि० ६-२-१४' થી इकण् પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી બાધ થાય છે. અન્યથા 'षष्ठ्याः० ६-२-९' થી યથાવિહિત પ્રત્યયનું વિધાન કરેલું હતું જ. મેઘમાલા અર્થમાં गर्भिणी નામ અચિત્તવાચક છે. ||૧૦||

## क्षुद्रक-मालवात् सेनानाम्नि ६।२।११॥

ષષ્ઠ્યન્ત क्षुद्रकमालव નામને સમૂહાર્થમાં સેનાના નામના વિષયમાં अण् પ્રત્યય થાય છે. क्षुद्रकमालवानां (क्षुद्रकाश्च मालवाश्च क्षुद्रकमालवास्तेषाम्) समूहः આ અર્થમાં क्षुद्रकमालव નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. क्षौद्रकमालव નામને 'अणञे० २-४-२०' થી ङी

પ્રત્યયાદિ કાર્ય થવાથી क्षौद्रकमालवी सेना આવો પ્રયોગ થાય છે. અર્થ- ક્ષુદ્રક માલવોના સમુદાય સ્વરૂપ સેના વિશેષ અર્થાત્ તે નામની સેનાવિશેષ.

અહીં યાદ રાખવું કે-'गोत्रोक्ष० ६-२-१२' થી પ્રાપ્ત अकञ् પ્રત્યયનો બાધ કરવા આ સૂત્રનું પ્રણયન છે. યદ્યપિ અહીં क्षुद्रकमालव નામને अण् પ્રત્યયનું વિધાન છે. અને 'गोत्रोक्ष० ६-२-१२' થી ગોત્ર પ્રત્યયાન્ત मालव વગેરે નામથી પ્રત્યયનું વિધાન (अकञ् નું વિધાન) છે. તેથી क्षुद्रकमालव નામને अकञ् ની પ્રાપ્તિ ન હોવાથી તેના બાધ માટે આ સૂત્રથી अण् પ્રત્યયનું વિધાન નિરર્થક છે; પરન્તુ 'धेनोरनञः ६-२-१५' થી नञ् (न) પદથી પરમાં ન હોય તો કેવલ અથવા ધેનુ શબ્દ અન્તમાં છે જેના એવા નામથી इकण् પ્રત્યયનું વિધાન કર્યું હોવાથી સમૂહાર્થમાં તે તે સૂત્રથી તે તે નામને વિહિત પ્રત્યય તત્તદન્ત નામને પણ થાય છે. એ સૂચિત થાય છે. અન્યથા માત્ર ધેનુ નામને જ જો પ્રત્યય થવાનો હોય અને તદન્ત (धेन्वन्त) નામને પ્રત્યયની પ્રાપ્તિ જ ન હોય તો સૂ.નં. ૬-૨-૧૫ માં अनञ् નું ઉપાદાન અર્થહીન બને....ઈત્યાદિ સમજી લેવું. ॥૧૧॥

## गोत्रोक्ष-वत्सोष्ट्र-वृद्धाऽजोरभ्र-मनुष्य-राज-राजन्य-राजपुत्रादकञ् ६।२।१२॥

ષષ્ઠ્યન્ત ગોત્ર પ્રત્યયાન્ત નામને, તેમ જ उक्षन् वत्स उष्ट्र वृद्ध अज उरभ्र मनुष्य राजन् राजन्य અને राजपुत्र નામને સમૂહાર્થમાં अकञ् પ્રત્યય થાય છે. गार्ग्याणाम् उक्ष्णाम् वत्सानाम् उष्ट्राणाम् वृद्धानाम् अजानाम् उरभ्राणाम् मनुष्याणाम् राज्ञाम् राजन्यानाम् राजपुत्राणां वा समूहः આ અર્થમાં અનુક્રમે गार्ग्य उक्षन् वत्स उष्ट्र वृद्ध अज उरभ्र मनुष्य राजन् राजन्य અને राजपुत्र નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ उ અને ऋ ને વૃદ્ધિ आ औ અને आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'तद्धित० २-४-९२' થી गार्ग्य ના य्

નો લોપ. 'नो ऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् નો લોપ... વગેરે કાર્ય થવાથી गार्गकम् औक्षकम् वात्सकम् औष्ट्रकम् वादृर्धकम् आजकम् औरभ्रकम् मानुष्यकम् राजकम् राजन्यकम् અને राजपुत्रकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગાર્ગ્યોનો સમુદાય. બળદોનો સમુદાય. વાછરડાઓનો સમુદાય. ઊંટોનો સમુદાય. વૃદ્ધોનો સમુદાય. બકરાઓનો સમુદાય. ઘેટાઓનો સમુદાય. મનુષ્યોનો સમુદાય. રાજાઓનો સમુદાય. રાજન્ય ક્ષત્રિયોનો સમુદાય. રાજપુત્રોનો સમુદાય. गार्ग्याणां समूहः અહીં 'यञञो० ६-१-१२६' થી यञ् ના લોપની પ્રાપ્તિ હતી. તેનો 'न प्राग्० ६-१-१३५' થી નિષેધ થાય છે. અને राजन्य તથા मनुष्य નામના य् નો લોપ 'तद्धित० २-४-९२' થી પ્રાપ્ત હતો. પરન્તુ 'न राजन्य० २-४-९४' થી તેનો નિષેધ થયો છે. ॥૧૨॥

## केदाराण्ण्यश्च ६।२।१३॥

ષષ્ઠ્યન્ત केदार નામને समूह અર્થમાં ण्य અને अकञ् પ્રત્યય થાય છે. केदाराणां समूहः આ અર્થમાં केदार નામને આ સૂત્રથી ण्य અને अकञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી कैदार्यम् અને कैदारकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ખેતરોનો સમુદાય. ॥૧૩॥

## कवचि-हस्त्यचित्ताच्चेकण् ६।२।१४॥

ષષ્ઠ્યન્ત- कवचिन् हस्तिन् અચિત્તાર્થક નામ અને केदार નામને સમૂહ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. कवचिनाम् हस्तिनाम् अपूपानाम् केदाराणाम् वा समूहः આ અર્થમાં અનુક્રમે कवचिन् નામને हस्तिन् નામને અચિત્તાર્થક अपूप નામને અને केदार નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-

૪-૧' થી આદ્ય સ્વર अ અને ए ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपदस्य० ૭-૪-૬૧' થી અન્ત્ય इन् નો લોપ વગેરે કાર્ય થવાથી कावचिकम् हास्तिकम् आपूपिकम् અને कैदारिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કવચવાલાઓનો સમુદાય. હાથીઓનો સમુદાય. માલપૂડાનો સમુદાય. ખેતરોનો સમુદાય. ॥૧૪॥

## धेनोरनञः ६।२।१५॥

नञ् અવ્યયથી પરમાં ન હોય તો ષષ્ઠ્યન્ત ધેનુ નામને સમૂહ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. धेनूनां समूहः આ અર્થમાં ધેનુ નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'ऋवर्णो० ૭-૪-૭૧' થી इकण् પ્રત્યયના इ નો લોપ વગેરે કાર્ય થવાથી धैनुकम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ગાયોનો સમુદાય. अनञ इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नञ् અવ્યયથી પરમાં ન હોય તો જ ષષ્ઠ્યન્ત ધેનુ નામને સમૂહ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. તેથી न धेनुः, अधेनुः अधेनूना समूहः આ અર્થમાં नञ् અવ્યયથી પરમાં રહેલા ધેનુ નામને આ સૂત્રથી इकण् પ્રત્યય થતો નથી. પરન્તુ 'षष्ठ्याः० ૬-૨-૯' ની સહાયથી 'उत्सादे० ૬-૧-૧૯' થી अञ् પ્રત્યય થાય છે. જેથી अधेनु+अञ् આ અવસ્થામાં 'अनुश० ૭-૪-૨૭' થી अधेनु નામના આદ્ય સ્વર अ ને અને ધેનુ નામના ए ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अस्वय० ૭-૪-૭૦' થી उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી आधैनवम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ધેનુથી ભિન્ન (ભેંસ વગેરે) નો સમુદાય. આ સૂત્રમાં अनञः આ પ્રમાણે જે પ્રતિષેધ છે તે, સમૂહાર્થમાં વિહિત પ્રત્યયો કેવલ પ્રકૃતિની જેમ તદન્ત પ્રકૃતિને પણ થાય છે-એ જણાવવા માટે છે. તેથી गोधैनुकम् ब्राह्मणराजन्यकम् ... વગેરે પ્રયોગો ઉપપન્ન છે. ॥૧૫॥

## ब्राह्मण-माणव-वाडवाद् यः ६।२।१६॥

ब्राह्मण माणव અને वाडव આ ષષ્ઠ્યન્ત નામને સમૂહ અર્થમાં य પ્રત્યય થાય છે. ब्राह्मणानाम् माणवानाम् वाडवानाम् वा समूहः આ અર્થમાં ब्राह्मण माणव અને वाडव નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી ब्राह्मण्यम् माणव्यम् અને वाडव्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બ્રાહ્મણોનો સમુદાય. મૂઢમાણસોનો સમુદાય. ઘોડાઓનો અથવા માણસોનો સમુદાય. ॥१६॥

## गणिकाया ण्यः ६।२।१७॥

ષષ્ઠ્યન્ત गणिका નામને સમૂહ અર્થમાં ण्य (य) પ્રત્યય થાય છે. गणिकानां समूहः આ અર્થમાં गणिका નામને આ સૂત્રથી ण्य પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી गाणिक्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ગણિકાઓનો સમુદાય. અહીં યાદ રાખવું કે સૂ. નં. ૬-૨-૧૬ અને આ સૂત્ર બંન્નેનો એક યોગ કરી ण्य પ્રત્યયના વિધાનથી પણ ब्राह्मण्यम् .. ઈત્યાદિ પ્રયોગ થઈ શકત. પરન્તુ સૂ. નં. ૬-૨-૧૬ થી य પ્રત્યયનું વિધાન પુંવદ્ ભાવ માટે છે. આશય એ છે કે સૂ. નં. '૭-૩-૩' થી પ્રકૃતાદિ અર્થમાં સમૂહાર્થની જેમ પ્રત્યયનું વિધાન છે. તેથી ब्राह्मणाः प्रकृता यस्यां यात्रायां આ અર્થમાં ब्राह्मण નામને 'तयोः समू० ७-३-३' ની સહાયથી 'ब्राह्मणः० ६-२-१६' થી य પ્રત્યયાદિ કાર્યથી ब्राह्मण्या यात्रा આવો પ્રયોગ થાય છે. અને ત્યારબાદ ब्राह्मण्या यात्रा यस्य આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસમાં 'परतः० ३-२-४९' થી પુંવદ્ભાવાદિ કાર્યથી ब्राह्मण्ययात्रः આવો પ્રયોગ થાય છે. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ य પ્રત્યયના બદલે જો ण्य પ્રત્યય કરવામાં આવે તો 'तद्धितः० ३-२-५५'

થી 'પુંવદ્ભાવ' નો નિષેધ થવાથી ब्राह्मण्यायात्रः આવો અનિષ્ટ પ્રયોગ થશે ..ઇત્યાદિ સ્વયં સમજી લેવું. ॥૧૭॥

### केशाद् वा ૬।૨।૧૮॥

ષષ્ઠ્યન્ત केश નામને સમૂહ અર્થમાં ण्य પ્રત્યય વિકલ્પથી થાય છે. केशानां समूहः આ અર્થમાં केश નામને આ સૂત્રથી ण्य પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ण्य પ્રત્યય ન થાય ત્યારે 'कवचि० ૬-૨-૧૪' થી इकण् પ્રત્યય. ઉભયત્ર 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે कैश्यम् અને कैशिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ-વાળનો સમુદાય. ॥૧૮॥

### वाऽश्वादीयः ૬।૨।૧૯॥

ષષ્ઠ્યન્ત अश्व નામને વિકલ્પથી ईय પ્રત્યય થાય છે. अश्वानां समूहः આ અર્થમાં अश्व નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી अश्वीयः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ईय પ્રત્યય ન થાય ત્યારે 'प्राग् जि० ૬-૧-૧૩' ની સહાયથી 'षष्ठ्याः० ૬-૨-૯' થી अण् પ્રત્યય. अश्व નામના આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી आ આદેશ... વગેરે કાર્ય થવાથી आश्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘોડાઓનો સમુદાય. ॥૧૯॥

### पर्श्वा ड्वण् ૬।૨।૨૦॥

ષષ્ઠ્યન્ત पर्शू નામને સમૂહ અર્થમાં ड्वण् (व) પ્રત્યય થાય છે. पर्शूनां समूहः આ અર્થમાં આ સૂત્રથી पर्शू નામને ड्वण् પ્રત્યય. 'डित्यन्त्य०

२-१-११४' थी અન્ત્ય ऊ નો લોપ. 'वृद्धिः० ७-४-१' थी આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ વગેરે કાર્ય થવાથી पार्श्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ-પશૂઓનો સમુદાય. ॥२०॥

## ईनोऽह्नः क्रतौ ६।२।२१॥

ષષ્ઠ્યન્ત अहन् નામને સમૂહ અર્થમાં પ્રત્યયાર્થ क्रतु હોય તો ईन પ્રત્યય થાય છે. अह्नां समूहः આ અર્થમાં अहन् નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' थी अहन् નામના અન્ત્ય अन् નો લોપ... વગેરે કાર્ય થવાથી अहीनः क्रतुः આવો પ્રયોગ થાય છે. અર્થ- યજ્ઞ-વિશેષ. આ સૂત્રથી क्रतु અર્થ હોય તો જ ઉપર જણાવ્યા મુજબ अहन् નામને ईन પ્રત્યય થાય છે. તેથી क्रतु થી ભિન્ન અર્થમાં 'श्वादिभ्योऽञ् ६-२-२६' थी अञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' थी આદ્યસ્વર अ ને वृद्धि आ આદેશ. ઉપાન્ત્ય अ નો 'अनीना० ७-४-६६' थी લોપ...વગેરે કાર્ય થવાથી आह्नम् આવો પ્રયોગ થાય છે. અર્થ-દિવસોનો સમુદાય. ॥२१॥

## पृष्ठाद् यः ६।२।२२॥

ષષ્ઠ્યન્ત पृष्ठ નામને; પ્રત્યયાર્થ યજ્ઞ હોય તો સમૂહાર્થમાં य પ્રત્યય થાય છે. पृष्ठानां समूहः આ અર્થમાં पृष्ठ નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' थी અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पृष्ठ्यः क्रतुः આવો પ્રયોગ થાય છે. અર્થ- યજ્ઞવિશેષ. ॥२२॥

## चरणाद् धर्मवत् ६।२।२३॥

कठ कालाप વગેરેને चरण કહેવાય છે. चरणार्थक નામને ધર્માર્થમાં

જેમ પ્રત્યયો થાય છે; તેમ ષષ્ઠ્યન્ત તે चरण વાચક નામને સમૂહાર્થમાં પ્રત્યય થાય છે. જેમ 'कठानां धर्मः' આ અર્થમાં कठ નામને 'चरणा० ६-३-१६८' થી अकञ् પ્રત્યય થાય છે; તેમ 'कठानां समूहः' આ અર્થમાં (સમૂહાર્થમાં) પણ આ સૂત્રથી कठ નામને अकञ् (अक) પ્રત્યય થાય છે. તેથી कठ+अकञ् આ અવસ્થામાં 'वृद्धिः० ७-४-१' થી कठ નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી काठकम् આવો પ્રયોગ થાય છે: અર્થ- કઠોનો સમુદાય. 'कठेन प्रोक्तं विदन्ति अधीयते वेति कठाः' આ રીતે कठ નામને 'तद्वेत्त्य० ६-२-११७' થી વિહિત अण् પ્રત્યયનો 'प्रोक्तात् ६-२-१२९' થી લોપ થવાથી નિષ્પન્ન कठ નામને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી સમૂહાર્થમાં अकञ् પ્રત્યય થયો છે- એ યાદ રાખવું. ॥२३॥

## गो-रथ-वातात् त्रल् - कट्यलूलम् ६।२।२४॥

સમૂહ અર્થમાં ષષ્ઠ્યન્ત गो रथ અને वात નામને અનુક્રમે त्रल् (त्र); कट्यल् (कट्य) અને ऊल પ્રત્યય થાય છે. गवां समूहः; रथानां समूहः અને वातानां समूहः આ અર્થમાં આ સૂત્રથી गो નામને त्रल् પ્રત્યય; रथ નામને कट्यल् પ્રત્યય અને वात નામને ऊल પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી वात નામના અન્ત્ય अ નો લોપ. गोत्र નામને અને रथकट्य નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી गोत्रा; रथकट्या અને वातूलः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગાયોનો સમુદાય. રથોનો સમુદાય. હવાનો સમુદાય. ॥२४॥

## पाशादेश्च ल्यः ६।२।२५॥

पाशादि ગણપાઠમાંનાં पाश વગેરે ષષ્ઠ્યન્ત નામને તેમ જ ષષ્ઠ્યન્ત

गो रथ અને वात નામને સમૂહ અર્થમાં ल्य (य) પ્રત્યય થાય છે. पाशानां तृणानां गवां रथानां वातानाञ्च समूहः આ અર્થમાં पाश तृण गो रथ અને वात નામને આ સૂત્રથી ल्य પ્રત્યય. पाश વગેરે નામના અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ. 'य्यक्ये ૧-૨-૨૫' થી गो નામના ओ ને अव् આદેશ. पाश्य तृण्य गव्य रथ्य અને वात्य નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पाश्या, तृण्या,गव्या,रथ्या અને वात्या આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાશોનો સમુદાય. તૃણોનો સમુદાય. ગાયોનો સમુદાય. રથોનો સમુદાય. વાતસમુદાય. ॥૨૫॥

### श्वादिभ्योऽञ् ६।२।२६॥

श्वादि ગણપાઠમાંનાં ષષ્ઠ્યન્ત श्वन् વગેરે નામને સમૂહ અર્થમાં अञ् (अ) પ્રત્યય થાય છે. शूनां समूहः અને अह्नां समूहः આ અર્થમાં श्वन् અને अहन् નામને આ સૂત્રથી अञ् (अ) પ્રત્યય. 'द्वारादेः ૭-૪-૬' થી श्वन् ના व् ની પૂર્વે औ. 'नोऽपद० ૭-૪-૬૧' થી श्वन् ના अन् નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી अहन् નામના આદ્યસ્વર अ ને वृद्धि आ આદેશ. ઉપાન્ત્ય अ નો 'अनीना० ૭-૪-૬૬' થી લોપ વગેરે કાર્ય થવાથી शौवम् અને आह्नम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કૂતરાઓનો સમુદાય. દિવસોનો સમુદાય. ॥૨૬॥

### खलाऽऽदिभ्यो लिन् ६।२।२७॥

खलादि ગણપાઠમાંનાં खल વગેરે ષષ્ઠ્યન્ત નામને સમૂહાર્થમાં लिन् (इन्) પ્રત્યય થાય છે. खलानां समूहः અને ऊकानां समूहः આ અર્થમાં खल અને ऊक નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. खलिन् અને ऊकिन् નામને 'स्त्रियां० ૨-૪-૧' થી

સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી खलिनी અને ऊकिनी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ખલ મનુષ્યોનો સમુદાય. ઊકોનો સમુદાય. ॥૨૭॥

## ग्राम - जन-बन्धु - गज - सहायात् तल् ६।२।२८॥

સમૂહ અર્થમાં ग्राम जन बन्धु गज અને सहाय આ ષષ્ઠ્યન્ત નામને तल् પ્રત્યય થાય છે. ग्रामाणां जनानां बन्धूनां गजानां सहायानाञ्च समूहः આ અર્થમાં ग्राम जन बन्धु गज અને सहाय નામને આ સૂત્રથી तल् પ્રત્યય. 'आत् २-४-१८' થી સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી ग्रामता; जनता; बन्धुता; गजता અને सहायता આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગામોનો સમુદાય. લોકોનો સમુદાય. બન્ધુઓનો સમુદાય. હાથીઓનો સમુદાય. સહાયોનો સમુદાય. ॥૨૮॥

## पुरुषात् कृत-हित-वध-विकारे चैयञ् ६।२।२९॥

કૃત હિત વધ વિકાર અને સમૂહ અર્થમાં पुरुष નામને एयञ् (एय) પ્રત્યય થાય છે. અહીં યાદ રાખવું કે कृत हित વગેરે અર્થમાં જે વિભક્તિ વિહિત છે તદન્ત पुरुष નામને તે તે અર્થમાં આ સૂત્રથી एयञ् પ્રત્યય વિહિત છે. पुरुषेण कृतो ग्रन्थः; पुरुषाय हितं पथ्यम्; पुरुषस्य वधः; पुरुषस्य विकारः અને पुरुषाणां समूहः આ અર્થમાં અનુક્રમે કૃત વગેરે અર્થમાં पुरुष નામને આ સૂત્રથી एयञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पौरुषेयो ग्रन्थः; पौरुषेयं पथ्यम्; पौरुषेयो वधः; पौरुषेयो विकारः અને पौरुषेयः समूहः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-પુરુષે કરેલો ગ્રન્થ. પુરુષ માટે હિતકર-પથ્ય. પુરુષનો વધ. પુરુષનો

વિકાર. પુરુષોનો સમુદાય. ॥૨૯॥

**विकारे ६।२।३०॥**

ષષ્ઠ્યન્ત નામને વિકાર અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. દ્રવ્યની અવસ્થાન્તરને વિકાર કહેવાય છે. अश्मनां विकारः આ અર્થમાં अश्मन् નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'वाश्मनो० ७-४-६३' થી અન્ત્ય સ્વરાદિ अन् નો લોપ વગેરે કાર્ય થવાથી आश्मः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં अन् નો લોપ ન થાય ત્યારે आश्मनः આવો પ્રયોગ થાય છે. અર્થ- પથ્થરોનો વિકાર. ॥૩૦॥

**प्राण्यौषधि- वृक्षेभ्यो ऽवयवे च ६।२।३१॥**

प्राणी વાચક औषधि વાચક અને वृक्ष વાચક ષષ્ઠ્યન્ત નામને વિકાર અને અવયવ અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. कपोतानां, दूर्वाणां बिल्वानाञ्च विकारोऽवयवो वा આ અર્થમાં પ્રાણીવાચક कपोत ઔષધિવાચક दूर्वा અને વૃક્ષવાચક बिल्व નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ऊ અને इ ને અનુક્રમે વૃદ્ધિ आ औ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ અને आ નો લોપ વગેરે કાર્ય થવાથી कापोतं सक्थि मांसं वा; दौर्वं काण्डं भस्म वा અને बैल्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કબૂતરની સાથળ અથવા તેનું માંસ. દૂર્વાની શાખા અથવા ભસ્મ. બિલ્વની ડાળી અથવા ભસ્મ. ॥૩૧॥

## तालाद् धनुषि ६।२।३२॥

षष्ठ्यन्त ताल नामने धनुष्य स्वरूप विकारार्थमां अण् प्रत्यय थाय छे. तालस्य विकारो धनुः आ अर्थमां ताल नामने आ सूत्रथी अण् प्रत्यय. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी तालं धनुः आवो प्रयोग थाय छे. अर्थ- ताडनुं धनुष्य. धनुषीति किम्?= आ सूत्रथी उपर जणाव्या मुजब धनुष्य स्वरूप ज विकारार्थमां षष्ठ्यन्त ताल नामने अण् प्रत्यय थाय छे. तेथी धनुष्यभिन्न विकारार्थमां ताल नामने 'दोरप्रा० ६-२-४९' थी मयट् (मय)प्रत्ययादि कार्य थवाथी तालमयम् काण्डम् आवो प्रयोग थाय छे. अर्थ- ताडनो स्कन्ध. ॥३२॥

## त्रपु-जतोः षोन्तश्च ६।२।३३॥

षष्ठ्यन्त त्रपु अने जतु नामने विकारार्थमां अण् प्रत्यय थाय छे. अने त्यारे त्रपु अने जतु नामना अन्तमां ष् नो आगम थाय छे. त्रपूणां विकारः अने जतूनां विकारः आ अर्थमां त्रपु अने जतु नामने आ सूत्रथी अण् प्रत्यय अने तेनी पूर्वे ष् नो आगम. 'वृद्धिः० ७-४-१' थी आद्यस्वर अ ने वृद्धि आ आदेश... वगेरे कार्य थवाथी त्रापुषम् अने जातुषम् आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- कथीर अथवा सीसानो विकार. लाखनो विकार. ॥३३॥

## शम्या लः ६।२।३४॥

विकार अने अवयव अर्थमां षष्ठ्यन्त शमी नामने अण् प्रत्यय थाय छे. अने त्यारे शमी नामना अन्तमां ल नो आगम थाय छे. शम्या विकारोऽवयवो वा आ अर्थमां शमी नामने आ सूत्रथी अण् (अ) प्रत्यय

અને તેની પૂર્વે ल નો આગમ. 'वृद्धिः० ૭-૪-૧' થી शमी નામના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી शामीलं भस्म આવો પ્રયોગ થાય છે. शामील નામને સ્ત્રીલિંગમાં 'अणञे० ૨-૪-૧૮' થી ङी (ई) પ્રત્યયાદિ કાર્ય થવાથી शामीली शाखा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શમીવૃક્ષની રાખ. શમીવૃક્ષની શાખા. ॥૩૪॥

**पयो -द्रोर्यः ६।२।३५॥**

ષષ્ઠ્યન્ત पयस् અને द्रु નામને વિકારાર્થમાં य પ્રત્યય થાય છે. पयसो विकारः અને द्रो र्विकारः આ અર્થમાં पयस् અને द्रु નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अस्वय० ૭-૪-૭૦' થી द्रु નામના उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી पयस्यम् અને द्रव्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દુધનો વિકાર. દ્રવ્ય. ॥૩૫॥

**उष्ट्रादकञ् ६।२।३६॥**

વિકાર અને અવયવ અર્થમાં ષષ્ઠ્યન્ત उष्ट्र નામને अकञ् પ્રત્યય થાય છે. उष्ट्रस्य विकारोऽवयवो वा આ અર્થમાં उष्ट्र નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औष्ट्रकं मांसमङ्गं वा આવો પ્રયોગ થાય છે. અર્થ- ઊંટનું માંસ અથવા અંગ. આવી જ રીતે સ્ત્રીલિંગ उष्ट्री નામને अकञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી औष्ट्रकम् मांसमङ्गं वा આવો પ્રયોગ થાય છે. ॥૩૬॥

## उमोर्णाद्वा ६।२।३७॥

ષષ્ઠ્યન્ત उमा અને ऊर्णा નામને યથાસંભવ વિકાર અને અવયવ અર્થમાં વિકલ્પથી अकञ् પ્રત્યય થાય છે. उमाया विकारोऽवयवो वा અને ऊर्णाया विकारः આ અર્થમાં उमा અને ऊर्णा નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ અને ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી औमकम् અને और्णकम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अकञ् પ્રત્યય ન થાય ત્યારે 'विकारे ૬-૨-૩૦' ની સહાયથી 'प्राग् जि० ૬-૧-૧૩' થી अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી औमम् અને और्णः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અળસીનો વિકાર અથવા અવયવ. ઊનની કામળી. ॥૩૭॥

## एण्या एयञ् ६।२।३८॥

ષષ્ઠ્યન્ત एणी નામને વિકાર અને અવયવ અર્થમાં एयञ् પ્રત્યય થાય છે. एण्या विकारोऽवयवो वा આ અર્થમાં एणी નામને આ સૂત્રથી एयञ् (एय) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી ऐणेयं मांसमङ्गं वा આવો પ્રયોગ થાય છે. અર્થ- એણી- હરિણીવિશેષનું માંસ અથવા અંગ. ॥૩૮॥

## कौशेयम् ६।२।३९॥

વિકાર અર્થમાં ષષ્ઠ્યન્ત कोश નામને एयञ् પ્રત્યયનું નિપાતન કરાય છે. कोशस्य विकारः આ અર્થમાં कोश નામને આ સૂત્રથી एयञ् (एय)

પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कौशेयं वस्त्रं सूत्रं वा આવો પ્રયોગ થાય છે. અર્થ-રેશમી વસ્ત્ર અથવા દોરો. નિપાતન રૂઢ્યર્થ માટે છે. તેથી વસ્ત્ર અને સૂત્ર ભિન્ન ભસ્માદિ વિકારાર્થમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ एयञ् પ્રત્યય થતો નથી. ॥૩૯॥

### परशव्याद् यलुक् च ६।२।४०॥

ષષ્ઠ્યન્ત परशव्य નામને વિકાર અર્થમાં अण् પ્રત્યય થાય છે અને ત્યારે य નો લોપ થાય છે. परशव्यस्य विकारः આ અર્થમાં परशव्य નામને આ સૂત્રથી अण् પ્રત્યય અને य નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી पारशवम् આવો પ્રયોગ થાય છે. અર્થ-પરશવ્ય (કુહાડીને હિતકર) નો વિકાર. અહીં યાદ રાખવું જોઈએ કે परशव्य + अण् આ અવસ્થામાં 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ થયા બાદ 'तद्धित० २-४-९२' થી य् નો લોપ પણ થઈ શકે છે; તેથી યદ્યપિ આ સૂત્રમાં य નું ગ્રહણ આવશ્યક નથી; પરન્તુ 'कंसीया० ६-२-४१' માં જો આ પ્રમાણે જ अ અને य् નો લોપ થાય તો 'स्वरस्य० ७-४-११०' થી સ્થાનિવદ્ભાવ થવાથી 'अवर्णे० ७-४-६८'થી कंसी ના ई નો લોપ નહિ થાય. તેથી य નો (સમુદાયનો) જ આ સૂત્રથી લોપ વિહિત છે..... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ. ॥૪૦॥

### कंसीयाञ् ञ्यः ६।२।४१॥

ષષ્ઠ્યન્ત कंसीय નામને વિકારાર્થમાં ञ्य પ્રત્યય થાય છે અને ત્યારે कंसीय નામના य નો લોપ થાય છે. कंसीयस्य विकारः આ અર્થમાં कंसीय નામને આ સૂત્રથી ञ्य (य) પ્રત્યય અને य નો લોપ. 'वृद्धिः० ७-४-१'

થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી कंसी ના ई નો લોપ વગેરે કાર્ય થવાથી कांस्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ-કાંસુ ધાતુવિશેષ. ।।૪૧।।

## हेमार्थान्माने ६।२।४२।।

હેમાર્થક ષષ્ઠ્યન્ત નામને માનસ્વરૂપ વિકારાર્થમાં अण् પ્રત્યય થાય છે. हाटकस्य विकारः (मानविशेषः) આ અર્થમાં हाटक નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हाटको निष्कः આવો પ્રયોગ થાય છે. અર્થ-સોનાનો નિષ્ક (૧તોલો વગેરે માપ). मान इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ માન સ્વરૂપ જ વિકારાર્થમાં ષષ્ઠ્યન્ત હેમાર્થક નામને अण् પ્રત્યય થાય છે. તેથી हाटकमयी यष्टिः અહીં માનસ્વરૂપ વિકાર અર્થ ન હોવાથી हाटक નામને આ સૂત્રથી अण् પ્રત્યય ન થવાથી 'दोरप्रा० ૬-૨-૪૯' થી मयट् પ્રત્યય. 'अणञे० ૨-૪-૧૮' થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ-સુવર્ણનો દંડ. ।।૪૨।।

## द्रोर्वयः ६।२।४३।।

માન સ્વરૂપ વિકારાર્થમાં ષષ્ઠ્યન્ત द्रु નામને वय પ્રત્યય થાય છે. द्रो र्विकारः (मानविशेषः) આ અર્થમાં द्रु નામને આ સૂત્રથી वय પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्रुवयं मानम् આવો પ્રયોગ થાય છે. અર્થ-માપ-વજન. ।।૪૩।।

## मानात् क्रीतवत् ६।२।४४।।

જેના વડે મપાય તે સંખ્યા વગેરેને માન કહેવાય છે. તે માનાર્થક

નામને વિકારાર્થમાં 'ક્રીતાર્થ' ની જેમ પ્રત્યય થાય છે. शतेन क्रीतम् આ અર્થમાં જેવી રીતે शत નામને 'शतात्० ६-४-१३१' થી य અને इक પ્રત્યય થાય છે; તેવી રીતે આ સૂત્રની સહાયથી शतस्य विकारः આ અર્થમાં शत નામને 'शतात्० ६-४-१३१' થી य અને इक પ્રત્યય. शत નામના અન્ત્ય अ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ વગેરે કાર્ય થવાથી शत्यः અને शतिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- સોનો વિકાર. ॥૪૪॥

### हेमाऽऽदिभ्योऽञ् ६।२।४५॥

हेमादि ગણપાઠમાંના ષષ્ઠ્યન્ત हेमन् વગેરે નામને યથાસંભવ વિકાર અને અવયવ અર્થમાં अञ्(अ) પ્રત્યય થાય છે. हेम्नो विकारः અને रजतस्य विकारः આ અર્થમાં हेमन् અને रजत નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. આદ્યસ્વર ए અને अ ને 'वृद्धिः० ७-४-१' થી અનુક્રમે વૃદ્ધિ ऐ અને आ આદેશ. हेमन् નામના અન્ત્ય अन् નો 'नोऽपद० ७-४-६१' થી લોપ. हैम નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-१८' થી ङी પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી रजत નામના અન્ત્ય अ નો લોપ... વગેરે કાર્ય થવાથી हैमी यष्टिः અને राजतः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સુવર્ણયષ્ટિ. ચાંદીનો કળશ વગેરે. ॥૪૫॥

### अभक्ष्याऽऽच्छादने वा मयट् ६।२।४६॥

ભક્ષ્ય અને આચ્છાદનને છોડીને અન્ય-વિકાર અને અવયવ અર્થમાં; ષષ્ઠ્યન્ત નામને વિકલ્પથી मयट् (मय) પ્રત્યય થાય છે. भस्मनो विकारः આ અર્થમાં भस्मन् નામને આ સૂત્રથી मयट् પ્રત્યય. 'नाम्नो नो० २-१-९१' થી न् નો લોપ વગેરે કાર્ય થવાથી भस्ममयम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી मयट् પ્રત્યય ન થાય ત્યારે 'विकारे ६-२--३०'

ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી भास्मनम् આવો પ્રયોગ થાય છે. (અહીં 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય अन् ના લોપની પ્રાપ્તિ હતી. તેનો 'अणि ७-४-५२' થી નિષેધ થાય છે.) અર્થ- ભસ્મનો વિકાર.

अभक्ष्याऽऽच्छादन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભક્ષ્ય અને આચ્છાદનથી ભિન્ન જ વિકાર અને અવયવ અર્થમાં ષષ્ઠ્યન્ત નામને વિકલ્પથી मयट् પ્રત્યય થાય છે. તેથી मुद्गस्य विकारः અને कर्पासस्य विकारः અહીં અનુક્રમે ભક્ષ્ય અને આચ્છાદન સ્વરૂપ વિકારાર્થમાં मुद्ग અને कर्पास નામને આ સૂત્રથી मयट् પ્રત્યય થતો નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ अण् પ્રત્યય. આદ્યસ્વર ऊ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मौद्गः सूपः અને कार्पासः पटः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મગની દાળ. રૂનું કપડું. ॥४६॥

## शर-दर्भ-कूदी-तृण-सोम-वल्वजात् ६।२।४७॥

ભક્ષ્ય અને આચ્છાદનથી ભિન્ન, વિકાર અને અવયવ અર્થમાં ષષ્ઠ્યન્ત शर दर्भ कूदी तृण सोम અને वल्वज નામને નિત્ય मयट् પ્રત્યય થાય છે. शराणां दर्भाणां कूदीनां तृणानां सोमानां वल्वजानां वा विकारो ऽ वयवो वा આ અર્થમાં शर, दर्भ, कूदी, तृण, सोम અને वल्वज નામને આ સૂત્રથી मयट् પ્રત્યયાદિ કાર્ય થવાથી शरमयम् ; दर्भमयम् ; कूदीमयम् ; तृणमयम् ; सोममयम् અને वल्वजमयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ— શર- ઘાસવિશેષનો વિકાર. ડાભ- ઘાસવિશેષનો વિકાર. કૂદી- ઘાસવિશેષનો વિકાર. તૃણનો વિકાર. સોમ-ઔષધિનો વિકાર. વલ્વજ- ઘાસવિશેષનો વિકાર. ॥४७॥

## एकस्वरात् ६।२।४८॥

ષષ્ઠ્યન્ત એકસ્વરી નામને; ભક્ષ્ય અને આચ્છાદનથી ભિન્ન એવા વિકાર અને અવયવાર્થમાં मयट् પ્રત્યય થાય છે. वाचां विकारः આ અર્થમાં वाच् નામને આ સૂત્રથી मयट् પ્રત્યય. 'धुटस्तृतीयः २-१-७६' થી च् ને ज् આદેશ. 'च-जः० २-१-८६' થી ज् ને ग् આદેશ. 'प्रत्यये च १-३-२' થી ग् ને ङ् આદેશ... વગેરે કાર્ય થવાથી वाङ्मयम् આવો પ્રયોગ થાય છે. અર્થ- વાણીનો વિકાર. ॥૪૮॥

## दोरप्राणिनः ६।२।४९॥

પ્રાણીવાચક નામને છોડીને અન્ય दु સંજ્ઞક ષષ્ઠ્યન્ત નામને ; ભક્ષ્ય અને આચ્છાદનથી ભિન્ન વિકાર અને અવયવ અર્થમાં मयट् પ્રત્યય થાય છે. आम्रस्य विकारः આ અર્થમાં आम्र નામને (वृद्धिर्यस्य० ६-१-८ થી વિહિત दु સંજ્ઞા.) આ સૂત્રથી मयट् પ્રત્યયાદિ કાર્ય થવાથી आम्रमयम् આવો પ્રયોગ થાય છે. અર્થ- કેરીનો વિકાર. अप्राणिन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અપ્રાણીવાચક જ दु સંજ્ઞક ષષ્ઠ્યન્ત નામને ભક્ષ્ય અને આચ્છાદનથી ભિન્ન એવા વિકાર અને અવયવાર્થમાં मयट् પ્રત્યય નિત્ય થાય છે. તેથી चाषस्य विकारः આ અર્થમાં પ્રાણ્યર્થ दु-સંજ્ઞક चाष નામને આ સૂત્રથી નિત્ય मयट् પ્રત્યય થતો ન હોવાથી 'अभक्ष्या० ६-२-४६' થી વિકલ્પે मयट् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ.નં. ૬-૨-૪૬) चाषम् અને चाषमयम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ચાષ નામના પ્રાણીનો વિકાર અને અવયવ. ॥૪૯॥

## गोः पुरीषे ६।२।५०॥

षष्ठ्यन्त गो नामने 'पुरीष' अर्थमां मयट् प्रत्यय थाय छे. गोः पुरीषम् आ अर्थमां गो नामने आ सूत्रथी मयट् प्रत्ययादि कार्य थवाथी गोमयं पुरीषम् आवो प्रयोग थाय छे. अर्थ- गायनुं छाण. पयस्तु गव्यम् = आ सूत्रथी उपर जणाव्या मुजब पुरीष अर्थमां ज गो नामने मयट् प्रत्यय थाय छे. तेथी दुधरूप विकारार्थमां गो नामने आ सूत्रथी मयट् प्रत्यय न थवाथी 'गोः स्वरे यः ६-१-२७' थी य प्रत्यय. ओ ने 'य्यक्ये १-२-२५' थी अव् आदेश वगेरे कार्य थवाथी गव्यम् आवो प्रयोग थाय छे. अर्थ- गायनुं दुध. आ सूत्र; 'एकस्वरात् ६-२-४८' आ सूत्रमां नियम करे छे. संकोचनुं स्वरूप स्वयं समजी शकाय-एवुं स्पष्ट छे. ॥५०॥

## व्रीहेः पुरोडाशे ६।२।५१॥

षष्ठ्यन्त व्रीहि नामने पुरोडाश स्वरूप विकारार्थमां नित्य मयट् प्रत्यय थाय छे. व्रीहि नामने 'व्रीहिनां विकारः-पुरोडाशः' आ अर्थमां आ सूत्रथी मयट् प्रत्यय वगेरे कार्य थवाथी व्रीहिमयः पुरोडाशः आवो प्रयोग थाय छे. अर्थ- चोखानुं यज्ञीय द्रव्यविशेष. पुरोडाश इति किम् ?= आ सूत्रथी उपर जणाव्या मुजब व्रीहि नामने पुरोडाश स्वरूप ज विकारार्थमां नित्य मयट् प्रत्यय थाय छे. तेथी ओदनादि विकारार्थमां व्रीहि नामने आ सूत्रथी मयट् प्रत्यय न थवाथी, 'विकारे ६-२-३०' नी सहायथी 'प्राग् जि० ६-१-१३' थी अण् प्रत्यय. 'वृद्धिः० ७-४-१' थी आद्यस्वर ई ने वृद्धि ऐ आदेश. 'अवर्णे० ७-४-६८' थी इ नो लोप वगेरे कार्य थवाथी व्रैह ओदनः अने व्रैहं भस्म आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- चोखाना भात. चोखानो लोट. ॥५१॥

## तिलयवादनाम्नि ६।२।५२॥

સંજ્ઞાનો વિષય ન હોય તો; ષષ્ઠ્યન્ત तिल અને यव નામને વિકાર અને અવયવ અર્થમાં मयट् પ્રત્યય થાય છે. तिलानां विकारः અને यवानां विकारः આ અર્થમાં तिल અને यव નામને આ સૂત્રથી मयट् પ્રત્યયાદિ કાર્ય થવાથી तिलमयम् અને यवमयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તલનો વિકાર. જવનો વિકાર. अनाम्नीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાનો વિષય ન હોય તો જ ષષ્ઠ્યન્ત तिल અને यव નામને વિકાર અને અવયવ અર્થમાં નિત્ય मयट् પ્રત્યય થાય છે. તેથી સંજ્ઞાના વિષયમાં तिल અને यव નામને આ સૂત્રથી मयट् પ્રત્યય ન થવાથી; 'विकारे ६-२-३०' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. આદ્યસ્વર इ અને अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી तैलम् અને यावः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તેલ. અળતો. ॥૫૨॥

## पिष्टात् ६।२।५३॥

સંજ્ઞાનો વિષય ન હોય તો ષષ્ઠ્યન્ત पिष्ट નામને વિકારાર્થમાં मयट् પ્રત્યય થાય છે. पिष्टस्य विकारः આ અર્થમાં पिष्ट નામને આ સૂત્રથી मयट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पिष्टमयम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ચૂર્ણનો વિકાર. ॥૫૩॥

## नाम्नि कः ६।२।५४॥

સંજ્ઞાના વિષયમાં ષષ્ઠ્યન્ત पिष्ट નામને વિકારાર્થમાં क પ્રત્યય થાય

છે. पिष्टस्य विकारः આ અર્થમાં पिष्ट નામને આ સૂત્રથી क પ્રત્યય. पिष्टक નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्या० ૨-૪-૧૧૧' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી पिष्टिका આવો પ્રયોગ થાય છે. અર્થ- રંગોળી. ॥૫૪॥

### ह्योगोदोहादीनञ् हियङ्गुश्चास्य ६।२।५५॥

ષષ્ઠ્યન્ત ह्योगोदोह નામને; સંજ્ઞાના વિષયમાં વિકારાર્થમાં ईनञ् પ્રત્યય થાય છે; અને ત્યારે ह्योगोदोह નામને हियङ्गु આદેશ થાય છે. ह्योगोदोहस्य विकारः આ અર્થમાં ह्योगोदोह નામને આ સૂત્રથી ईनञ् (ईन) પ્રત્યય ; અને ह्योगोदोह નામને हियङ्गु આદેશ. આદ્યસ્વર इ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ ऐ આદેશ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી हैयङ्गवीनम् नवनीतं घृतं वा આવો પ્રયોગ થાય છે. અર્થ- માખણ અથવા ઘી. नाम्नीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ ह्योगोदोह નામને વિકારાર્થમાં ईनञ् પ્રત્યય થાય છે અને ત્યારે ह्योगोदोह નામને हियङ्गु આદેશ થાય છે. તેથી સંજ્ઞાનો વિષય ન હોય ત્યારે ह्योगोदोह નામને આ સૂત્રથી ईनञ् પ્રત્યય ન થવાથી 'विकारे ६-२-३०' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. આદ્યસ્વર ओ ને ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી ह्यौगोदोहं तक्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ- છાસ. ॥૫૫॥

### अपो यञ् वा ६।२।५६॥

ષષ્ઠ્યન્ત अप् નામને વિકારાર્થમાં यञ् પ્રત્યય વિકલ્પથી થાય છે. अपां विकारः આ અર્થમાં अप् નામને આ સૂત્રથી यञ् પ્રત્યય. 'वृद्धिः०

૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી आप्यम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી यञ् (य) પ્રત્યય ન થાય ત્યારે 'एकस्व० ६-२-४८' થી मयट् પ્રત્યયાદિ કાર્ય થવાથી अम्मयम् આવો પ્રયોગ થાય છે. અર્થ- પાણીનો વિકાર. ।।૫૬।।

## लुप् बहुलं पुष्प-मूले ६।२।५७।।

વિકાર અને અવયવાર્થ પુષ્પ અથવા મૂલ સ્વરૂપ હોય તો; વિકાર અને અવયવાર્થમાં વિહિત પ્રત્યયનો બહુલતયા લોપ થાય છે. मल्लिकाया विकारोऽवयवो वा पुष्पम् અને विदार्या अवयवो मूलम् આ અર્થમાં मल्लिका અને विदारी નામને 'अभक्ष्या० ६-२-४६' થી વિહિત मयट् પ્રત્યયનો; તેમ જ તેના વિકલ્પપક્ષમાં 'प्राग् जि० ६-१-१३' થી વિહિત अण् પ્રત્યયનો આ સૂત્રથી લોપ... વગેરે કાર્ય થવાથી मल्लिका पुष्पम् અને विदारी मूलम् આવો પ્રયોગ થાય છે. (અહીં યાદ રાખવું કે मयट् અને अण् પ્રત્યયનો લોપ થયા બાદ અનુક્રમે आप् અને ङी પ્રત્યયની 'ङ्यादे० २-४-९५' થી નિવૃત્તિ થયા બાદ ફરીથી आप् અને ङी પ્રત્યય થાય છે. ) અર્થ ક્રમશઃ- મલ્લિકાનું ફૂલ. વિદારીનું મૂળ.

बहुलमिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પુષ્પ અને મૂળ સ્વરૂપ વિકાર અથવા અવયવાર્થમાં વિહિત પ્રત્યયનો બહુલતયા જ લોપ થાય છે. તેથી वरणस्य(विकारः) पुष्पम् અને एरण्डस्य (विकारो) मूलम् આ અર્થમાં वरण અને एरण्ड નામને 'प्राण्यौष० ६-२-३१' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ અને ए ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ .. વગેરે કાર્ય થવાથી वारणं पुष्पम् અને ऐरण्डं मूलम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી અહીં अण् નો લોપ થતો નથી. અર્થ ક્રમશઃ-વરણનું ફૂલ. એરણ્ડિયાનું મૂલ. ।।૫૭।।

## फले ६।२।५८॥

ફલ સ્વરૂપ વિકાર અને અવયવ અર્થમાં થયેલા પ્રત્યયનો લોપ (लुप्) થાય છે. आमलक्याः फलं विकारोऽवयवो वा આ અર્થમાં आमलकी નામને 'दोरप्रा० ६-२-४९' થી વિહિત मयट् પ્રત્યયનો આ સૂત્રથી લોપ. 'ङ्यादे० २-४-९५' થી ङी પ્રત્યયની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી आमलकम् આવો પ્રયોગ થાય છે. અર્થ-આમળાનું ફળ. ॥५८॥

## प्लक्षादेरण् ६।२।५९॥

प्लक्षादि ગણપાઠમાંનાં प्लक्ष વગેરે ષષ્ઠ્યન્ત નામને; ફલ સ્વરૂપ વિકારાર્થમાં અથવા અવયવાર્થમાં अण् પ્રત્યય થાય છે. प्लक्षस्य विकारोऽवयवो वा फलम् અને अश्वत्थस्य विकारोऽवयवो वा फलम् આ અર્થમાં प्लक्ष અને अश्वत्थ નામને આ સૂત્રથી अण् પ્રત્યય. આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ ... વગેરે કાર્ય થવાથી प्लाक्षम् અને आश्वत्थम् આવો પ્રયોગ થાય છે. અર્થ-પીપળાનું ફળ.. પીપળાનું ફળ. અહીં યાદ રાખવું જોઈએ કે આ સૂત્રથી વિહિત अण् પ્રત્યયનો, પૂર્વસૂત્રથી લોપ થતો નથી. અન્યથા 'प्राण्यौषधि० ६-२-३१' થી अण् પ્રત્યય વિહિત જ હતો. ॥५९॥

## जम्ब्वा वा ६।२।६०॥

ફલાત્મક વિકાર અને અવયવ અર્થમાં; ષષ્ઠ્યન્ત जम्बू નામને વિકલ્પથી अण् પ્રત્યય થાય છે. जम्ब्वा विकारोऽवयवो वा फलम् આ અર્થમાં આ સૂત્રથી जम्बू નામને अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. અન્ત્ય ऊ ને 'अस्वय० ७-४-७०' થી अव् આદેશ

વગેરે કાર્ય થવાથી जाम्बवम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् પ્રત્યય ન થાય ત્યારે 'प्राग् जि० ૬-૧-૧૩' થી વિહિત (प्राण्यौ० ૬-૨-૩૧ ની સહાયથી) अण् પ્રત્યયનો 'फले ૬-૨-૫૮' થી લોપ થવાથી સ્ત્રીલિંગમાં जम्बूः આવો પ્રયોગ થાય છે. 'क्लीबे ૨-૪-૯૭' થી ऊ ને હ્રસ્વ उ આદેશ થવાથી जम्बु આવો પ્રયોગ થાય છે. અર્થ-જંબૂ વૃક્ષનું ફળ. ॥૬૦॥

## न द्विरद्रुवय-गोमय-फलात् ६।२।६१॥

द्रुवय અને गोमय તેમજ ફલાર્થક નામને છોડીને અન્ય ષષ્ઠ્યન્ત વિકારાવયવાર્થક પ્રત્યયાન્ત નામને; વિકાર અને અવયવ અર્થમાં પ્રત્યય થતો નથી. कपोतस्य विकारोऽवयवो वा આ અર્થમાં कपोत નામને 'प्राण्यौष० ૬-૨-૩૧' ની સહાયથી 'प्राग् जिता० ૬-૧-૧૩' થી अण् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कापोत નામને कापोतस्य विकारोऽवयवो वा આ અર્થમાં 'दोरप्रा० ૬-૨-૪૯' થી પ્રાપ્ત मयट् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી कापोतस्य विकारोऽवयवो वा આવું વાક્ય જ પ્રયોજાય છે. અર્થ-કાપોત (કબૂતરનું માંસ વગેરે) નો વિકાર અથવા અવયવ. अद्रुवयेत्यादीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિકાર કે અવયવાર્થક પ્રત્યયાન્ત ષષ્ઠ્યન્ત; द्रुवय અને गोमय તેમ જ ફલાર્થક નામથી ભિન્ન જ નામને વિકાર અને અવયવાર્થમાં પ્રત્યય થતો નથી. તેથી द्रोर्विकारो मानविशेषः આ અર્થમાં द्रु નામને 'द्रोर्वयः ૬-૨-૪૩' થી वय પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન द्रुवय નામને; गोः पुरीषम् આ અર્થમાં गो નામને 'गोः पुरीषे ૬-૨-૫૦' થી मयट् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गोमय નામને તેમ જ कपित्थस्य विकारोऽवयवो वा આ અર્થમાં कपित्थ નામને 'प्राग् जि० ૬-૧-૧૩' થી अण् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कपित्थ ('फले ૬-૨-૫૮' થી अण् નો લોપ ) નામને; વિકારાર્થમાં પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ ન થવાથી 'विकारे ૬-૨-

૩૦' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-૪-૧' થી આદ્ય સ્વર उ, ओ અને अ ને અનુક્રમે વૃદ્ધિ औ; औ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्रौवयं खण्डम्; गौमयं भस्म અને कापित्थो रसः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-દ્રવ્યનો ખંડ. ગાયના છાણાની રાખ. કોઠાના ઝાડના ફળનો રસ. ॥૬૧॥

## पितृ-मातुर्व्य-डुलं भ्रातरि ६।२।६२॥

भ्रातृ અર્થમાં ષષ્ઠ્યન્ત पितृ અને मातृ નામને અનુક્રમે व्य અને डुल (उल) પ્રત્યય થાય છે. पितुर्भ्राता અને मातुर्भ्राता આ અર્થમાં पितृ નામને અને मातृ નામને આ સૂત્રથી અનુક્રમે व्य અને डुल પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી मातृ નામના ऋ નો લોપ વગેરે કાર્ય થવાથી पितृव्यः અને मातुलः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-કાકા. મામા. ॥૬૨॥

## पित्रो डामहट् ६।२।६३॥

पिता અને माता અર્થમાં ષષ્ઠ્યન્ત पितृ અને मातृ નામને डामहट् (आमह) પ્રત્યય થાય છે. पितुः पिता माता वा, मातुः पिता माता वा આ અર્થમાં पितृ અને मातृ નામને આ સૂત્રથી डामहट् (आमह) પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય ऋ નો લોપ. સ્ત્રીલિંગમાં (माता અર્થમાં) पितामह અને मातामह નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી पितामहः पितामही અને मातामहः मातामही આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પિતાના પિતા. પિતાની માતા. માતાના પિતા. માતાની માતા. ॥૬૩॥

## अवे दुग्धे सोढ-दूस-मरीसम् ६।२।६४॥

षष्ठ्यन्त अवि નામને दुग्ध અર્થમાં सोढ दूस અને मरीस પ્રત્યય થાય છે. अवे र्दुग्धम् આ અર્થમાં अवि નામને આ સૂત્રથી सोढ दूस અને मरीस પ્રત્યય વગેરે કાર્ય થવાથી अविसोढम् ; अविदूसम् અને अविमरीसम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘેટાનું દુધ. ॥६४॥

## राष्ट्रेऽनङ्गादिभ्यः ६।२।६५॥

अङ्गादि ગણપાઠમાંનાં अङ्ग વગેરે નામોને છોડીને અન્ય ષષ્ઠ્યન્ત નામને; રાષ્ટ્ર અર્થમાં अण् પ્રત્યય થાય છે. शिबीनां राष्ट्रम् આ અર્થમાં शिबि નામને આ સૂત્રથી अण् પ્રત્યય. આદ્યસ્વર इ ને 'વૃદ્ધિઃ૦ ૭-૪-૧' થી વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી शैबम् આવો પ્રયોગ થાય છે. અર્થ-શિબિઓનું રાષ્ટ્ર. अङ्गादिवर्जनं किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अङ्गादि ગણપાઠમાંનાં નામોને છોડીને અન્ય જ ષષ્ઠ્યન્ત નામને રાષ્ટ્ર અર્થમાં अण् પ્રત્યય થાય છે. તેથી अङ्गानां बङ्गानां वा राष्ट्रम् આ અર્થમાં આ સૂત્રથી अङ्ग અને बङ्ग નામને अण् પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ વાક્ય જ રહે છે. અર્થ- અઙ્ગ અથવા બઙ્ગ લોકોનું રાષ્ટ્ર. ॥६५॥

## राजन्यादिभ्योऽकञ् ६।२।६६॥

राजन्यादि ગણપાઠમાંનાં राजन्य વગેરે ષષ્ઠ્યન્ત નામને રાષ્ટ્ર અર્થમાં अकञ् પ્રત્યય થાય છે. राजन्यानां राष्ट्रम् અને दैवयातवानां राष्ट्रम् આ અર્થમાં राजन्य અને दैवयातव નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય.

'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી राजन्यकम् અને दैवयातवकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ક્ષત્રિયોનું રાષ્ટ્ર. દૈવયાતવોનું રાષ્ટ્ર. ॥૬૬॥

## वसाते र्वा ६।२।६७॥

ષષ્ઠ્યન્ત वसाति નામને राष्ट्र અર્થમાં વિકલ્પથી अकञ् પ્રત્યય થાય છે. वसातीनां राष्ट्रम् આ અર્થમાં वसाति નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. આદ્ય સ્વર अ ને 'वृद्‌धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી वासातकम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अकञ् પ્રત્યય ન થાય ત્યારે 'राष्ट्रेऽन० ६-२-६५' થી अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી वासातम् આવો પ્રયોગ થાય છે. અર્થ-વસાતિઓનું રાષ્ટ્ર. ॥૬૭॥

## भौरिक्यैषुकार्यादेर्विध - भक्तम् ६।२।६८॥

भौरिक्यादि ગણપાઠમાંનાં અને ऐषुकार्यादि ગણપાઠમાંનાં ષષ્ઠ્યન્ત - भौरिकि વગેરે અને ऐषुकारि વગેરે નામને રાષ્ટ્ર અર્થમાં અનુક્રમે विध અને भक्त પ્રત્યય થાય છે. भौरिकीणां भौलिकीनां वा राष्ट्रम् આ અર્થમાં भौरिकि અને भौलिकि નામને આ સૂત્રથી विध પ્રત્યય. તેમજ ऐषुकारीणां सारस्यायनानां वा राष्ट्रम् આ અર્થમાં ऐषुकारि અને सारस्यायन નામને આ સૂત્રથી भक्त પ્રત્યય વગેરે કાર્ય થવાથી भौरिकिविधम्; भौलिकिविधम्; ऐषुकारिभक्तम् અને सारस्यायनभक्तम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ભૌરિકિઓનું રાષ્ટ્ર. ભૌલિકિઓનું રાષ્ટ્ર. ઐષુકારિઓનું રાષ્ટ્ર. સારસ્યાયનોનું રાષ્ટ્ર. ॥૬૮॥

## निवासा ऽदूरभव इति देशे नाम्नि ६।२।६९॥

પ્રત્યયાન્ત નામ દેશમાં રૂઢ હોય તો, ષષ્ઠ્યન્ત નામને નિવાસાર્થમાં અને અદૂરભવાર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. शिबीनां निवासः અને विदिशाया अदूरभवम् આ અર્થમાં शिबि અને विदिशा નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. આદ્ય સ્વર इ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ અને आ નો લોપ વગેરે કાર્ય થવાથી शैबम् અને वैदिशं पुरम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શૈબનગર. વૈદિશનગર. સૂત્રમાં इति પદનું ઉપાદાન, વ્યવહારમાં રૂઢ એવા નગરના ઉપાદાન માટે છે. ॥६९॥

## तदत्राऽस्ति ६।२।७०॥

પ્રત્યયાન્ત દેશનામ હોય તો; અસ્તિત્વવિશિષ્ટ પ્રથમાન્ત નામને; સપ્તમ્યર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. उदुम्बरा अस्मिन् देशे सन्ति આ અર્થમાં उदुम्बर નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. આદ્યસ્વર उ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औदुम्बरं पुरम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઔદુમ્બર નામનું નગર. ॥७०॥

## तेन निर्वृत्ते च ६।२।७१॥

પ્રત્યયાન્ત દેશનું નામ હોય તો; તૃતીયાન્ત નામને નિર્વૃત્તાર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. कुशाम्बेन निर्वृत्ता આ અર્થમાં આ સૂત્રની સહાયથી कुशाम्ब નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. આદ્યસ્વર

ઉ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. कौशाम्ब નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી कौशाम्बी આવો પ્રયોગ થાય છે. અર્થ-કૌશામ્બી નગરી. સૂત્રમાં च નું ઉપાદાન; निवास अदूरभव तदत्रास्ति અને निर्वृत्त- આ અર્થચતુષ્કની આગળના સૂત્રોમાં અનુવૃત્તિ લઈ જવા માટે કર્યું છે. આ ચાર અર્થમાં થનારા પ્રત્યયો ચાતુરર્થિક કહેવાય છે. ।।૭૧।।

**नद्यां मतुः ६।२।७२।।**

પ્રત્યયાન્ત નદીનું રૂઢ નામ હોય તો; નિવાસાદિ (निवास, अदूरभव, तदत्रास्ति અને तेन निर्वृत्तम्) ચાર અર્થમાં (યથાસંભવ)નામને मतु (मत्) પ્રત્યય થાય છે. उदुम्बराः सन्त्यस्याम् આ અર્થમાં उदुम्बर નામને આ સૂત્રથી मतु પ્રત્યય. 'अनजि० ३-२-७८' થી અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ. 'मावर्णा० २-१-९४' થી मतु ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી उदुम्बरावती આવો પ્રયોગ થાય છે. અર્થ-નદીવિશેષ. ।।૭૨।।

**मध्वादेः ६।२।७३।।**

પ્રત્યયાન્ત; દેશનું નામ હોય તો मध्वादि ગણપાઠમાંનાં मधु વગેરે નામને ચાર અર્થમાં (નિવાસાદિ અર્થમાં) मतु પ્રત્યય થાય છે. मधुनि विसानि वा सन्त्यस्मिन् આ અર્થમાં मधु અને विस નામને આ સૂત્રથી मतु પ્રત્યય. 'मावर्णा० २-१-९४' થી मतु (मत्) ના म् ને व् આદેશ વગેરે કાર્ય થવાથી मधुमान् અને विसवान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મધુમાન્ દેશવિશેષ. વિસવાન્ દેશવિશેષ. ।।૭૩।।

## नड-कुमुद-वेतस-महिषाड्डित् ६।२।७४॥

પ્રત્યયાન્ત દેશનું નામ હોય તો; ચાર અર્થમાં नड कुमुद वेतस અને महिष નામને डित् मतु (मतुड्) પ્રત્યય થાય છે. नडाः; कुमुदानि; वेतसानि; महिषा वा सन्त्यस्मिन् આ અર્થમાં नड कुमुद वेतस અને महिष નામને આ સૂત્રથી डित्-मतु(मत्) પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી नड्वान्; कुमुद्वान्; वेतस्वान् અને महिष्मान् આવો પ્રયોગ થાય છે. અર્થ- તે તે નામના દેશવિશેષ. ॥૭૪॥

## नड-शादाद् वलः ६।२।७५॥

દેશના નામના વિષયમાં नड અને शाद નામને ચાતુરર્થિક (નિવાસાદિ ચાર અર્થમાં) डिद्वल પ્રત્યય થાય છે. नडाः शादा वा सन्त्यस्मिन् આ અર્થમાં આ સૂત્રથી नड અને शाद નામને डिद् वल (वलड्) પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી नड्वलम् અને शाड्वलम् આવો પ્રયોગ થાય છે. અર્થ- તે તે નામનો દેશવિશેષ. ॥૭૫॥

## शिखायाः ६।२।७६॥

દેશની સંજ્ઞામાં शिखा નામને ચાતુરર્થિક (નિવાસાદિ અર્થમાં) वल પ્રત્યય થાય છે. शिखा अस्त्यस्मिन् આ અર્થમાં शिखा નામને આ સૂત્રથી वल પ્રત્યયાદિ કાર્ય થવાથી शिखावलम् पुरम् આવો પ્રયોગ થાય છે. અર્થ- શિખાવલ નામનું નગર. ॥૭૬॥.

## शिरीषादिक - कणौ ६।२।७७॥

દેશની સંજ્ઞાના વિષયમાં शिरीष નામને ચાતુરર્થિક इक અને कण् (क)

प्रत्यय થાય છે. शिरीषाः सन्त्यस्मिन् આ અર્થમાં शिरीष નામને આ સૂત્રથી इक અને कण् प्रत्यय. 'अवर्णे० ૭-૪-૬૮' થી इक પ્રત્યયની પૂર્વેના અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી कण् પ્રત્યયની પૂર્વે આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી शिरीषिकः અને शैरीषकः આવો પ્રયોગ થાય છે. અર્થ- તે નામનો પ્રદેશવિશેષ. ॥૭૭॥

**शर्कराया इकणीयाऽण् च ६।२।७८॥**

દેશની સંજ્ઞાના વિષયમાં शर्करा નામને ચાતુરર્થિક (નિવાસાદ્યર્થક) इकण्; ईय; अण्; इक અને कण् પ્રત્યય થાય છે. शर्कराः सन्त्यस्मिन् આ અર્થમાં शर्करा નામને આ સૂત્રથી इकण् (इक); ईय; अण् (अ); इक અને कण् (क) પ્રત્યય. इकण् अण् અને कण् પ્રત્યયની પૂર્વે 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. इकण् ईय अण् અને इक પ્રત્યયની પૂર્વે અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી शार्करिकः; शर्करीयः शार्करः शर्करिकः અને शार्करकः આવો પ્રયોગ થાય છે. અર્થ- તે નામનો પ્રદેશ. ॥૭૮॥

**रोऽश्मादेः ६।२।७९॥**

દેશની સંજ્ઞાના વિષયમાં अश्मादि ગણપાઠમાંનાં अश्मन् વગેરે નામને ચાતુરર્થિક र પ્રત્યય થાય છે. अश्मानि यूषाणि वा सन्त्यस्मिन् આ અર્થમાં આ સૂત્રથી अश्मन् અને यूष નામને र પ્રત્યય. 'नाम्नो नो० ૨-૧-૯૧' થી નામના અન્ત્ય न् નો લોપ .. વગેરે કાર્ય થવાથી अश्मरः અને यूषरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અશ્મર નામનો પ્રદેશ. યૂષર નામનો પ્રદેશ. ॥૭૯॥

प्रेक्षादेरिन् ६।२।८०॥

દેશની સંજ્ઞાના વિષયમાં प्रेक्षादि ગણપાઠમાંનાં प्रेक्षा વગેરે નામને ચાતુરર્થિક इन् પ્રત્યય થાય છે. प्रेक्षाः फलका वा सन्त्यस्मिन् આ અર્થમાં प्रेक्षा અને फलका નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી प्रेक्षी અને फलकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રેક્ષી નામનો પ્રદેશ. ફલકી નામનો પ્રદેશ. ॥૮૦॥

तृणादेः सल् ६।२।८१॥

દેશની સંજ્ઞાના વિષયમાં तृणादि ગણપાઠમાંનાં तृण વગેરે નામને ચાતુરર્થિક सल् (स) પ્રત્યય થાય છે. तृणानि नदा वा सन्त्यस्याम् આ અર્થમાં तृण અને नद નામને આ સૂત્રથી सल् પ્રત્યય. तृणस અને नदस નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી तृणसा અને नदसा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તૃણસા નામનો પ્રદેશ. નદસા નામનો પ્રદેશ. ॥૮૧॥

काशादेरिलः ६।२।८२॥

દેશની સંજ્ઞાના વિષયમાં; काशादि ગણપાઠમાંનાં काश... વગેરે નામને ચાતુરર્થિક इल પ્રત્યય થાય છે काशा वाशा वा सन्त्यस्मिन् આ અર્થમાં काश અને वाश નામને આ સૂત્રથી इल પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી काशिलम् અને वाशिलम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કાશિલ નામનો પ્રદેશ. વાશિલ નામનો પ્રદેશ. ॥૮૨॥

अरीहणादेरकण् ६।२।८३॥

દેશવિશેષની સંજ્ઞાના વિષયમાં अरीहणादि ગણપાઠમાંનાં अरीहण વગેરે

નામને ચાતુરર્થિક अकण् (अक) પ્રત્યય થાય છે. अरीहणाः खण्डवो वा सन्त्यस्मिन् આ અર્થમાં अरीहण અને खण्डु નામને આ સૂત્રથી अकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वयम्भु० ૭-૪-૭૦' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી आरीहणकम् અને खाण्डवकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આરીહણક નામનો પ્રદેશ. ખાંડવક નામનો પ્રદેશ. ॥૮૩॥

## सुपन्थ्यादेर्ञ्यः ૬।૨।૮૪॥

દેશની સંજ્ઞાના વિષયમાં सुपन्थ्यादि ગણપાઠમાંનાં सुपथिन् વગેરે નામને ચાતુરર્થિક ञ्य (य) પ્રત્યય થાય છે. સૂત્રમાં पन्थ्यादि નિર્દેશ હોવાથી सुपथिन् નામના प ની પરમાં न् નો આગમ થાય છે. सुपथाः सुवन्थिनो वा सन्त्यस्मिन् આ અર્થમાં सुपथिन् અને सुवन्थिन् નામને આ સૂત્રથી ञ्य પ્રત્યય અને सुपथिन् નામના प ની પરમાં न् નો આગમ. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્ય इन् નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ ને औ આદેશ... વગેરે કાર્ય થવાથી सौपन्थ्यम् અને सौवन्थ्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સૌપન્થ્ય નામનો પ્રદેશ. સૌવન્થ્ય નામનો પ્રદેશ. ॥૮૪॥

## सुतङ्गमादेरिञ् ૬।૨।૮૫॥

દેશની સંજ્ઞાના વિષયમાં सुतङ्गमादि ગણપાઠમાંનાં सुतङ्गम વગેરે નામને ચાતુરર્થિક इञ् (इ) પ્રત્યય થાય છે. सुतङ्गमा मुनिवित्ता वा सन्त्यस्मिन् આ અર્થમાં सुतङ्गम અને मुनिवित्त નામને આ સૂત્રથી इञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सौतङ्गमिः અને मौनिवित्तिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સૌતઙ્ગમિ નામનો પ્રદેશ. मौनिवित्ति

નામનો પ્રદેશ. ॥૮૫॥

**बलादे र्यः ६।२।८६॥**

દેશની સંજ્ઞાના વિષયમાં बलादि ગણપાઠમાંનાં નામને (बल વગેરે નામને) ચાતુરર્થિક य પ્રત્યય થાય છે. बलेन निर्वृत्तम् અને पुलेन निर्वृत्तम् આ અર્થમાં बल અને पुल નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી बल्यम् અને पुल्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બલ્ય નામનો પ્રદેશ. પુલ્ય નામનો પ્રદેશ. ॥૮૬॥

**अहरादिभ्योऽञ् ६।२।८७॥**

દેશની સંજ્ઞાના વિષયમાં अहरादि ગણપાઠમાંનાં अहन् વગેરે નામને ચાતુરર્થિક अञ् (अ) પ્રત્યય થાય છે. अह्ना निर्वृत्तम् અને लोम्ना निर्वृत्तम् આ અર્થમાં अहन् અને लोमन् નામને આ સૂત્રથી अञ् (अ) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ તથા ओ ને વૃદ્ધિ आ તથા औ આદેશ. 'अनीना० ૭-૪-૬૬' થી अहन् ના ઉપાન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ૭-૪-૬૧' થી लोमन् ના अन् નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી आह्नम् અને लौमम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આહ્ન નામનો પ્રદેશ. લૌમ નામનો પ્રદેશ. સૂત્રમાં બહુવચનનો નિર્દેશ આકૃતિગણના પરિગ્રહ માટે છે. ॥૮૭॥

**सख्यादेरेयण् ६।२।८८॥**

દેશની સંજ્ઞાના વિષયમાં सख्यादि ગણપાઠમાંનાં सखि વગેરે નામને ચાતુરર્થિક एयण् (एय) પ્રત્યય થાય છે. सख्युः सखिदत्तस्य वा निवासः આ અર્થમાં सखि અને सखिदत्त નામને આ સૂત્રથી एयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-

૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો અને इ નો લોપ... વગેરે કાર્ય થવાથી साखेयः અને साखिदत्तेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સાખેય નામનો પ્રદેશ. સાખેયદત્ત નામનો પ્રદેશ. ॥૮૮॥

## पन्थ्यादेरायनण् ६।२।८९॥

દેશની સંજ્ઞાના વિષયમાં पन्थ्यादि ગણપાઠમાંનાં पथिन् વગેરે નામને ચાતુરર્થિક आयनण् (आयन) પ્રત્યય થાય છે. સૂત્રસ્થ पन्थि નિર્દેશથી पथ् ને पन्थ् આદેશ થાય છે. पन्थाः पक्षो वाऽस्त्यस्मिन् આ અર્થમાં पथिन् અને पक्ष નામને આ સૂત્રથી आयनण् પ્રત્યય અને पथ् ને पन्थ् આદેશ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્ય इन् નો લોપ વગેરે કાર્ય થવાથી पान्थायनः અને पाक्षायणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાન્થાયન નામનો પ્રદેશ. પાક્ષાયણ નામનો પ્રદેશ. ॥૮૯॥

## कर्णादेरायनिञ् ६।२।९०॥

દેશની સંજ્ઞાના વિષયમાં कर्णादि ગણપાઠમાંનાં कर्ण વગેરે નામને ચાતુરર્થિક आयनिञ् (आयनि) પ્રત્યય થાય છે. कर्णस्य वसिष्ठस्य वा निवासः આ અર્થમાં कर्ण અને वसिष्ठ નામને આ સૂત્રથી आयनिञ् (आयनि) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી कार्णायनिः અને वासिष्ठायनिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કાર્ણાયનિ નામનો પ્રદેશ. વાસિષ્ઠાયનિ નામનો પ્રદેશ. ॥૯૦॥

## उत्करादेरीयः ६।२।९१॥

દેશની સંજ્ઞાના વિષયમાં उत्करादि ગણપાઠમાંનાં उत्कर વગેરે નામને ચાતુરર્થિક ईय પ્રત્યય થાય છે. उत्कराः सङ्करा वा सन्त्यस्मिन् આ અર્થમાં उत्कर અને सङ्कर નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી उत्करीयः અને सङ्करीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉત્કરીય નામનો પ્રદેશ. સઙ્કરીય નામનો પ્રદેશ. ॥૯૧॥

## नडादेः कीयः ६।२।९२॥

દેશની સંજ્ઞાના વિષયમાં नडादि ગણપાઠમાંનાં नड વગેરે નામને ચાતુરર્થિક कीय પ્રત્યય થાય છે. नडाः प्लक्षा वा सन्त्यस्मिन् આ અર્થમાં नड અને प्लक्ष નામને આ સૂત્રથી कीय પ્રત્યયાદિ કાર્ય થવાથી नडकीयः અને प्लक्षकीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નડકીય નામનો પ્રદેશ. પ્લક્ષકીય નામનો પ્રદેશ. ॥૯૨॥

## कृशाश्वादेरीयण् ६।२।९३॥

દેશની સંજ્ઞાના વિષયમાં कृशाश्वादि ગણપાઠમાંના कृशाश्व વગેરે નામને ચાતુરર્થિક ईयण् (ईय) પ્રત્યય થાય છે. कृशाश्वा अरिष्टानि वा सन्त्यस्मिन् આ અર્થમાં कृशाश्व અને अरिष्ट નામને આ સૂત્રથી ईयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ; અને ऋને વૃદ્ધિ आर् આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી कार्शाश्वीयः અને आरिष्टीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કાર્શાશ્વીય નામનો પ્રદેશ. આરિષ્ટીય નામનો પ્રદેશ. ॥૯૩॥

## ऋश्यादेः कः ६।२।९४॥

દેશની સંજ્ઞાના વિષયમાં ऋश्यादि ગણપાઠમાંનાં ऋश्य વગેરે નામને ચાતુરર્થિક क પ્રત્યય થાય છે. ऋश्या न्यग्रोधा वा सन्त्यस्मिन् આ અર્થમાં ऋश्य અને न्यग्रोध નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી ऋश्यकः અને न्यग्रोधकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઋશ્યક નામનો પ્રદેશ. ન્યગ્રોધક નામનો પ્રદેશ. ॥૯૪॥

## वराहादेः कण् ६।२।९५॥

દેશની સંજ્ઞાના વિષયમાં वराहादि ગણપાઠમાંનાં वराह વગેરે નામને ચાતુરર્થિક कण् પ્રત્યય થાય છે. वराहाः पलाशा वा सन्त्यस्याम् આ અર્થમાં वराह અને पलाश નામને આ સૂત્રથી कण् (क) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી वाराहकम् અને पालाशकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વારાહક નામનો પ્રદેશ. પાલાશક નામનો પ્રદેશ. ॥૯૫॥

## कुमुदादेरिकः ६।२।९६॥

દેશની સંજ્ઞાના વિષયમાં कुमुदादि ગણપાઠમાંનાં कुमुद વગેરે નામને ચાતુરર્થિક इक પ્રત્યય થાય છે. कुमुदानि, इक्कटानि वा सन्त्यस्याम् આ અર્થમાં कुमुद અને इक्कट નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कुमुदिकः અને इक्कटिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કુમુદિક નામનો પ્રદેશ. ઈક્કટિક નામનો પ્રદેશ. ॥૯૬॥

## अश्वत्थादेरिकण् ६।२।१७॥

દેશની સંજ્ઞાના વિષયમાં अश्वत्थादि ગણપાઠમાંનાં अश्वत्थ વગેરે નામને ચાતુરર્થિક इकण् પ્રત્યય થાય છે. अश्वत्थाः कुमुदानि वा सन्त्यस्याम् આ અર્થમાં अश्वत्थ અને कुमुद નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आश्वत्थिकम् અને कौमुदिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આશ્વત્થિક નામનો પ્રદેશ. કૌમુદિક નામનો પ્રદેશ. ॥૧૭॥

## साऽस्य पौर्णमासी ६।२।१८॥

આ સૂત્રમાં 'निवासा० ६-२-६९' થી इति અને नाम्नि નો અધિકાર ચાલુ છે. તેથી 'इति' ના સામર્થ્યના કારણે આ સૂત્રથી માસ અથવા માસાદ્ર્ધની સંજ્ઞાના વિષયમાં જ નીચે જણાવ્યા મુજબ अण् વગેરે પ્રત્યયો વિહિત છે. આ પૂર્વેના સૂત્રમાં પણ 'इति' નો અધિકાર ચાલુ હોવાથી સામાન્યરીતે પ્રસિદ્ધ પ્રયોગોમાં જ તે તે સૂત્રથી તે તે પ્રત્યયોનું વિધાન છે. તેથી તેવા પ્રસિદ્ધ પ્રયોગોનું નિરૂપણ કરવા સ્વરૂપ પ્રપંચ માટે તે તે સૂત્રમાં પ્રકૃતિનું વિધાન છે. એ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઈએ.

સંજ્ઞાના વિષયમાં; પ્રથમાન્તપદાર્થ पौर्णमासी હોય તો પ્રથમાન્ત નામને; ષષ્ઠ્યર્થમાં (અવયવાવયવીના સંબંધમાં) યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. पौषी पौर्णमासी अस्य આ અર્થમાં પૌર્ણમાસ્યર્થક પ્રથમાન્ત पौषी નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जिता० ६-१-१३' થી अण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી पौषो मासोऽर्द्धमासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ-સંપૂર્ણ પોષમાસ અથવા અદ્ર્ધમાસ. ॥૧૮॥

## आग्रहायण्यश्वत्थादिकण् ६।२।९९॥

સંજ્ઞાના વિષયમાં; પૌર્णमास्यर्थक - પ્રથમાન્ત आग्रहायणी અને अश्वत्था નામને ષષ્ઠ્યર્થમાં इकण् પ્રત્યય થાય છે. आग्रहायणी अश्वत्था वा पौर्णमासी अस्य આ અર્થમાં તાદૃશ आग्रहायणी અને अश्वत्था નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને ई નો લોપ વગેરે કાર્ય થવાથી आग्रहायणिको मासोऽदूर्धमासो वा અને आश्वत्थिको मासोऽदूर्धमासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સંપૂર્ણ માગસર માસ અથવા અદ્ર્ધ માગસર માસ. સમ્પૂર્ણ આસો માસ અથવા અદ્ર્ધ આસો માસ. ॥૯૯॥

## चैत्री-कार्तिकी-फाल्गुनी-श्रवणाद् वा ६।२।१००॥

સંજ્ઞાના વિષયમાં પૌર્ણમાસ્યર્થક-પ્રથમાન્ત चैत्री कार्त्तिकी फाल्गुनी અને श्रवणा નામને ષષ્ઠ્યર્થમાં વિકલ્પથી इकण् પ્રત્યય થાય છે. चैत्री कार्त्तिकी फाल्गुनी श्रवणा वा पौर्णमासी अस्य આ અર્થમાં તાદૃશ પૌર્ણમાસ્યર્થક પ્રથમાન્ત चैत्री कार्त्तिकी फाल्गुनी અને श्रवणा નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई તથા आ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી चैत्रिकः कार्त्तिकिकः फाल्गुनिकः અને श्रावणिकः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इकण् પ્રત્યય ન થાય ત્યારે 'साऽस्य ૬-૨-૯૮' ની સહાયથી 'प्राग् जि० ૬-૧-૧૩' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી चैत्रः कार्त्तिकः फाल्गुनः અને श्रावणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચૈત્ર માસ અથવા પક્ષ. કાર્તિક મહિનો અથવા પક્ષ. ફાલ્ગુન મહિનો અથવા પક્ષ. શ્રાવણ મહિનો અથવા પક્ષ. ॥૧૦૦॥

## देवता ६।२।१०१॥

દેવતાર્થક પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. जिनो देवताऽस्य; अग्निर्देवताऽस्य અને अदितिर्देवताऽस्य આ અર્થમાં આ સૂત્રની સહાયથી जिन નામને 'प्राग् जिता० ६-१-१३' થી अण् પ્રત્યય; अग्नि નામને 'कल्यग्ने० ६-१-१७' થી एयण् પ્રત્યય અને अदिति નામને 'अनिद० ६-१-१५' થી ज्य પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ અને अ ને વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ તથા इ નો લોપ વગેરે કાર્ય થવાથી जैनः आग्नेयः અને आदित्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જિન (વીતરાગ) નો સેવક. અગ્નિદેવનો સેવક. અદિતિ દેવનો સેવક. ॥१०१॥

## पैङ्गाक्षीपुत्रादेरीयः ६।२।१०२॥

पैङ्गाक्षीपुत्रादि ગણપાઠમાંનાં पैङ्गाक्षीपुत्र વગેરે પ્રથમાન્ત દેવતાર્થક નામને ષષ્ઠ્યર્થમાં ईय પ્રત્યય થાય છે. पैङ्गाक्षीपुत्रो देवताऽस्य અને तार्णविन्दवो देवताऽस्य આ અર્થમાં पैङ्गाक्षीपुत्र નામને અને तार्णविन्दव નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पैङ्गाक्षीपुत्रीयम् અને तार्णविन्दवीयं हविः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૈઙ્ગાક્ષીપુત્રદેવતાસંબન્ધી હોમ કરવાનું અન્નવિશેષ. તાર્ણવિન્દવ દેવતાસમ્બન્ધી હોમ કરવાનું અન્નવિશેષ. ॥१०२॥

## शुक्रादियः ६।२।१०३॥

દેવતાર્થક પ્રથમાન્ત शुक्र નામને ષષ્ઠ્યર્થમાં इय પ્રત્યય થાય છે. शुक्रो देवताऽस्य આ અર્થમાં शुक्र નામને આ સૂત્રથી इय પ્રત્યય. 'अवर्णे० ७-४-

૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शुक्रियं हविः આવો પ્રયોગ થાય છે. અર્થ- શુક્રદેવતાસમ્બન્ધી હોમ કરવાનું અન્નવિશેષ. ॥૧૦૩॥

**शतरुद्रात् तौ ६।२।१०४॥**

દેવતાર્થક પ્રથમાન્ત शतरुद्र નામને ષષ્ઠ્યર્થમાં ईय અને इय પ્રત્યય થાય છે. शतरुद्रो देवताऽस्य આ અર્થમાં शतरुद्र નામને આ સૂત્રથી ईय અને इय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शतरुद्रीयम् અને शतरुद्रियम् આવો પ્રયોગ થાય છે. અર્થ- શતરુદ્ર દેવતા-સમ્બન્ધી. ॥૧૦૪॥

**अपोनपादपान्नपातस्तृचातः ६।२।१०५॥**

દેવતાર્થક પ્રથમાન્ત अपोनपात् અને अपान्नप्रात् નામને ષષ્ઠ્યર્થમાં તે બે- ईय અને इय પ્રત્યય થાય છે. અને ત્યારે आत् ને तृ આદેશ થાય છે. अपोनपाद् अपान्नपाद् वा देवताऽस्य આ અર્થમાં अपोनपात् અને अपान्नपात् નામને આ સૂત્રથી ईय અને इय પ્રત્યય. તેમ જ आत् ને तृ આદેશ... વગેરે કાર્ય થવાથી अपोनप्त्रीयम् अपोनप्त्रियम् અને अपान्नप्त्रीयम् अपान्नप्त्रियम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અપોનપાત્ દેવસંબંધી. અપાન્નપાત્ દેવસમ્બન્ધી. ॥૧૦૫॥

**महेन्द्राद् वा ६।२।१०६॥**

પ્રથમાન્ત દેવતાર્થક महेन्द्र નામને ષષ્ઠ્યર્થમાં ईय અને इय પ્રત્યય વિકલ્પથી થાય છે. महेन्द्रो देवताऽस्य આ અર્થમાં महेन्द्र નામને ईय અને इय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી

महेन्द्रीयम् અને महेन्द्रियम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ईय કે इय પ્રત્યય ન થાય ત્યારે 'देवता ૬-૨-૧૦૧' ની સહાયથી 'प्राग् जि० ૬-૧-૧૩' થી अण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી माहेन्द्रं हविः આવો પ્રયોગ થાય છે. અર્થ-મહેન્દ્ર દેવતાસંબન્ધી હોમ કરવાનું અન્નવિશેષ. ॥૧૦૬॥

**क-सोमाट्ट्यण् ६।२।१०७॥**

દેવતાર્થક પ્રથમાન્ત क અને सोम નામને ષષ્ઠ્યર્થમાં ट्यण् (य) પ્રત્યય થાય છે. को (ब्रह्मा) देवताऽस्य અને सोमो देवताऽस्य આ અર્થમાં क અને सोम નામને આ સૂત્રથી ट्यण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને અને ओ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कायम् અને सौम्यं हविः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-બ્રહ્માસમ્બન્ધી હવિ. સોમદેવ સબંધી હવિ (હોમ કરવાનું અન્નવિશેષ.) ॥૧૦૭॥

**द्यावापृथिवी-शुनासीरा-ऽग्नीषोम-मरुत्वद्-वास्तोष्पति-गृहमेधादीय-यौ ६।२।१०८॥**

દેવતાર્થક પ્રથમાન્ત द्यावापृथिवी शुनासीर अग्नीषोम मरुत्वद् वास्तोष्पति અને गृहमेध નામને ષષ્ઠ્યર્થમાં ईय અને य પ્રત્યય થાય છે. द्यावापृथिव्यौ देवताऽस्य; शुनासीरो देवताऽस्य; अग्नीषोमौ देवताऽस्य; मरुत्वान् देवताऽस्य वास्तोष्पति र्देवताऽस्य; અને गृहमेधो देवताऽस्य આ અર્થમાં द्यावापृथिवी शुनासीर अग्नीषोम मरुत्वद् वास्तोष्पति અને गृहमेध નામને આ સૂત્રથી ईय અને य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई अ અને इ નો લોપ વગેરે કાર્ય થવાથી द्यावापृथिवीयम् द्यावापृथिव्यम्; शुनासीरीयम्; शुनासीर्यम्; अग्नीषोमीयम् अग्नीषोम्यम्; मरुत्वतीयम् मरुत्वत्यम्; वास्तोष्पतीयम्

वास्तोष्पत्यम्; અને गृहमेधीयम् गृहमेध्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દ્યાવાપૃથ્વી દેવસમ્બન્ધી. શુનાસીર દેવસમ્બન્ધી. અગ્નીષોમ દેવસમ્બન્ધી. મરુત્વદ્ દેવસંબન્ધી. વાસ્તોષ્પતિ દેવસમ્બન્ધી. ગૃહમેધ દેવસમ્બન્ધી. ॥૧૦૮॥

### वाय्वृतु-पित्रुषसो यः ६।२।१०९॥

દેવતાર્થક પ્રથમાન્ત वायु ऋतु पितृ અને उषस् નામને ષષ્ઠ્યર્થમાં य પ્રત્યય થાય છે. वायु र्देवताऽस्य; ऋतवो देवताऽस्य; पितरो देवताऽस्य અને उषा देवताऽस्य આ અર્થમાં वायु ऋतु पितृ અને उषस् નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ. 'ऋतो० १-२-२६' થી અન્ત્ય ऋ ને र् આદેશ... વગેરે કાર્ય થવાથી वायव्यम् ऋतव्यम् पित्र्यम् અને उषस्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વાયુદેવતાસમ્બન્ધી. ઋતુદેવતાસમ્બન્ધી. પિતૃદેવતાસમ્બન્ધી. ઉષા (પ્રભાતનો અધિષ્ઠાયક દેવ) દેવતાસમ્બન્ધી. ॥૧૦૯॥

### महाराजप्रोष्ठपदादिकण् ६।२।११०॥

દેવતાર્થક પ્રથમાન્ત महाराज અને प्रोष्ठपद નામને ષષ્ઠ્યર્થમાં इकण् પ્રત્યય થાય છે. महाराजो देवताऽस्य અને प्रोष्ठपदो देवताऽस्य આ અર્થમાં महाराज અને प्रोष्ठपद નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ અને ओ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી माहाराजिकः અને प्रौष्ठपदिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મહારાજ દેવસમ્બન્ધી. પ્રોષ્ઠપદ દેવસમ્બન્ધી. ॥૧૧૦॥

## कालाद् भववत् ६।२।१११॥

કાલવિશેષવાચક નામોને ભવાર્થમાં 'प्रावृष० ६-३-९२' વગેરે સૂત્રોથી જે રીતે પ્રત્યયોનું વિધાન કરાશે, તે જ રીતે કાલવિશેષવાચક દેવતાર્થક પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં પ્રત્યય થાય છે. मासे भवम् અને प्रावृषि भवम् આ અર્થમાં જેવી રીતે અનુક્રમે કાલવિશેષવાચક मास અને प्रावृष् નામને 'वर्षा० ६-३-८०' થી इकण् અને 'प्रावृष एण्यः ६-३-९२' થી एण्य પ્રત્યય થાય છે; તેવી રીતે मासो देवताऽस्य અને प्रावृड् देवताऽस्य આ અર્થમાં આ સૂત્રની સહાયથી मास અને प्रावृष् નામને ઉપર જણાવ્યા મુજબ અનુક્રમે इकण् (इक) અને एण्य પ્રત્યય થાય છે. તેથી 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मासिकम् અને प्रावृषेण्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- માસ દેવતાસંબન્ધી. પ્રાવૃષ્ દેવતાસમ્બન્ધી. સૂત્રમાં वत् નું ગ્રહણ સર્વસાદૃશ્ય માટે છે- તે બરાબર સમજી લેવું. ॥૧૧૧॥

## आदेः छन्दसः प्रगाथे ६।२।११२॥

પ્રથમાન્ત આદિભૂત છન્દોવાચક નામને; પ્રગાથ સ્વરૂપ ષષ્ઠ્યર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. જ્યાં બે ઋચાને प्रग्रथन અથવા प्रकर्षगान થી ત્રણ કરાય છે; તે મંત્રવિશેષને પ્રગાથ કહેવાય છે. पङ्क्तिरादिरस्य (प्रगाथस्य) આ અર્થમાં આ સૂત્રની સહાયથી पङ्क्ति નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી पाङ्क्तः प्रगाथः આવો પ્રયોગ થાય છે. અર્થ- પઙ્ક્તિ છંદ પ્રારંભમાં છે જેના એવો પ્રગાથ. आदेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રથમાન્ત આદિભૂત જ છન્દોવાચક નામને પ્રત્યયાન્ત પ્રગાથ હોય તો ષષ્ઠ્યર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. તેથી अनुष्टुब् मध्यमस्य

प्रगाथस्य અહીં મધ્યમ છન્દોવાચક अनुष्टुब् નામને આ સૂત્રથી अण् વગેરે પ્રત્યય ઉપર જણાવ્યા મુજબ થતો નથી. અર્થ- જેના મધ્યમાં અનુષ્ટુબ્ છંદ છે તે પ્રગાથ. ॥૧૧૨॥

**योद्धृ-प्रयोजनाद् युद्धे ६।२।११३॥**

પ્રથમાન્ત योद्धृ અને प्रयोजन સ્વરૂપ અર્થવાળા નામને યુદ્ધ સ્વરૂપ ષષ્ઠ્યર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. विद्याधरो योद्धाऽस्य (युद्धस्य) અને सुभद्रा प्रयोजनमस्य (युद्धस्य) આ અર્થમાં विद्याधर અને सुभद्रा નામને આ સૂત્રની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર इ તથા उ ને વૃદ્ધિ ऐ તથા औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ તથા आ નો લોપ...વગેરે કાર્ય થવાથી वैद्याधरं युद्धम् અને सौभद्रं युद्धम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિદ્યાધરસમ્બન્ધી (યોદ્ધાનું) યુદ્ધ. સુભદ્રા માટેનું યુદ્ધ. ॥૧૧૩॥

**भावघञोऽस्यां णः ६।२।११४॥**

ભાવાર્થક घञ् (अ) પ્રત્યયાન્ત- પ્રથમાન્ત નામને સ્ત્રીત્વવિશિષ્ટ (સ્ત્રીલિંગ) સપ્તમ્યર્થમાં ण (अ) પ્રત્યય થાય છે. प्रपातोऽस्याम् આ અર્થમાં प्रपात નામને આ સૂત્રથી ण પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. प्रापात નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रापाता तिथिः આવો પ્રયોગ થાય છે. અર્થ- વૃદ્ધિ તિથિ. भावेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભાવાર્થક જ घञ् પ્રત્યયાન્ત પ્રથમાન્ત નામને સ્ત્રીલિંગ સપ્તમ્યર્થમાં ण પ્રત્યય થાય છે. તેથી प्राकारोऽस्याम् અહીં કર્માર્થક घञ् પ્રત્યયાન્ત प्राकार નામને આ સૂત્રથી ण પ્રત્યય થતો નથી. અર્થ- કિલ્લો છે

જેમાં તે. આ સૂત્રમાં પણ इति ની અનુવૃત્તિ વર્તમાન હોવાથી द्रोणपाकोऽस्याम् ઈત્યાદિ સ્થળે પ્રયોગાનુસાર द्रोणपाक વગેરે નામને આ સૂત્રથી ण પ્રત્યય થતો પણ નથી. ॥૧૧૪॥

## श्यैनम्पाता-तैलम्पाता ६।२।११५॥

ભાવાર્થક घञ् પ્રત્યયાન્ત पात નામ પરમાં હોય તો श्येन અને तिल નામની પરમાં म् નો આગમ થાય છે. અહીં ण પ્રત્યય તો પૂર્વ (૬।૨।૧૧૪) સૂત્રથી જ સિદ્ધ છે. આ સૂત્ર માત્ર म् આગમનું વિધાન કરે છે. श्येनपातोऽस्याम् અને तिलपातोऽस्याम् આ અર્થમાં श्येनपात અને तिलपात નામને 'भावघञो० ६-२-११४' થી ण પ્રત્યય. આ સૂત્રથી श्येन અને तिल નામના અન્તમાં म् નો આગમ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ए તથા इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી श्यैनम्पाता तैलम्पाता तिथिः क्रियाभूमिः क्रीडा वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–શ્યેનપાત છે જેમાં તે તિથિ, ક્રિયાભૂમિ અથવા રમત. તિલપાત છે જેમાં તે તિથિ, ક્રિયાભૂમિ અથવા ક્રીડા. ॥૧૧૫॥

## प्रहरणात् क्रीडायाम् ६।२।११६॥

પ્રહરણાર્થક પ્રથમાન્ત નામને સ્ત્રીત્વવિશિષ્ટ ક્રીડા સ્વરૂપ સપ્તમ્યર્થમાં ण (अ) પ્રત્યય થાય છે. दण्डः प्रहरणमस्याम् (क्रीडायाम्) આ અર્થમાં दण्ड નામને આ સૂત્રથી ण પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ.નં. ६-२-११४) થવાથી दाण्डा क्रीडा આવો પ્રયોગ થાય છે. અર્થ- દણ્ડથી ઘાતપ્રતિઘાત છે જેમાં તે ક્રીડા. क्रीडायामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રથમાન્ત પ્રહરણાર્થક નામને; ક્રીડા સ્વરૂપ જ સ્ત્રીત્વવિશિષ્ટ સપ્તમ્યર્થમાં ण પ્રત્યય

થાય છે. તેથી खड्गः प्रहरणमस्यां सेनायाम् અહીં તાદૃશ સેના સ્વરૂપ સપ્તમ્યર્થમાં खड्ग નામને આ સૂત્રથી ण પ્રત્યય થતો નથી. અર્થ– તલવાર છે પ્રહરણ જેમાં એવી સેના. ॥૧૧૬॥

### तद् वेत्त्यधीते ६।२।११७॥

દ્વિતીયાન્ત નામને वेत्ति અને अधीते અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. मुहूर्तं वेत्त्यधीते वा અને छन्दो वेत्त्यधीते वा આ અર્થમાં मुहूर्त્त અને छन्दस् નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१'થી આદ્યસ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ વગેરે કાર્ય થવાથી मौहूर्त्तः અને छान्दसः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મુહૂર્ત્તનો જાણનારો અથવા ભણનારો. છન્દશાસ્ત્રનો જાણનારો અથવા ભણનારો. ॥૧૧૭॥

### न्यायादेरिकण् ६।२।११८॥

न्यायादि ગણપાઠમાંનાં દ્વિતીયાન્ત न्याय વગેરે નામને वेत्ति અને अधीते અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. न्यायं वेत्त्यधीते वा અને न्यासं वेत्त्यधीते वा આ અર્થમાં न्याय અને न्यास નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'य्वः पदा० ७-४-५' થી न्याय અને न्यास નામના न् ની પરમાં ऐ નો આગમ વગેરે કાર્ય થવાથી नैयायिकः અને नैयासिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ન્યાયનો જાણનારો અથવા ભણનારો. ન્યાસનો જાણનારો અથવા ભણનારો. ॥૧૧૮॥

## पद-कल्प-लक्षणान्त-क्रत्वाख्यानाऽऽख्यायिकात् ६।२।११९॥

પદ કલ્પ અને લક્ષણ શબ્દ અન્તમાં છે જેના એવા દ્વિતીયાન્ત નામને, તેમ જ क्रतु आख्यान અને आख्यायिका વાચક દ્વિતીયાન્ત નામને वेत्ति અને अधीते અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. पूर्वपदम् मातृकल्पम् गोलक्षणम् अग्निष्टोमम् यवक्रीतम् वासवदत्तञ्च वेत्त्यधीते वा આ અર્થમાં पूर्वपद मातृकल्प गोलक्षण अग्निष्टोम यवक्रीत અને वासवदत्त નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ऊ ओ અને अ ને વૃદ્ધિ औ औ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पौर्वपदिकः मातृकल्पिकः गौलक्षणिकः आग्निष्टोमिकः यावक्रीतिकः અને वासवदत्तिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૂર્વપદનો જાણકાર અથવા ભણનાર. માતૃકલ્પનો જાણનાર અથવા ભણનાર. ગોલક્ષણનો જાણકાર અથવા ભણનાર. અગ્નિષ્ટોમનો જાણકાર અથવા ભણનાર. યવક્રીતનો જાણનાર અથવા ભણનાર. વાસવદત્તનો જાણકાર અથવા ભણનાર. ॥૧૧૯॥

## अकल्पात् सूत्रात् ६।२।१२०॥

कल्प નામથી ભિન્ન એવા અન્ય નામથી પરમાં રહેલો સૂત્ર શબ્દ છે અન્તમાં જેના એવા દ્વિતીયાન્ત નામને वेत्ति અને अधीते અર્થમાં इकण् પ્રત્યય થાય છે. वृत्तिसूत्रं वेत्त्यधीते वा આ અર્થમાં वृत्तिसूत्र નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वार्त्तिसूत्रिकः આવો પ્રયોગ થાય છે, અર્થ- વૃત્તિસહિત સૂત્રનો જાણકાર અથવા ભણનાર. अकल्पादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कल्प ભિન્ન જ નામથી પરમાં રહેલ જ सूत्र નામ છે અન્તમાં જેના એવા દ્વિતીયાન્ત નામને वेत्ति અને अधीते

અર્થમાં इकण् પ્રત્યય થાય છે. તેથી सूत्रं कल्पसूत्रञ्च वेत्त्यधीते वा આ અર્થમાં કેવલ सूत्र નામને અને कल्पसूत्र નામને આ સૂત્રથી इकण् પ્રત્યય થતો નથી. જેથી 'तद् वेत्त्यधीते ६-२-११७' ની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી सौत्रः અને काल्पसौत्रः (અહીં ઉભયપદમાં આદ્ય સ્વરને 'अनुश० ७-४-२७' થી વૃદ્ધિ થાય છે) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સૂત્રનો જાણકાર અથવા ભણનાર. કલ્પસૂત્રનો જાણકાર અથવા ભણનાર. ॥૧૨૦॥

## अधर्म-क्षत्र-त्रि-संसर्गाऽङ्गाद् विद्यायाः ६।२।१२१॥

धर्म क्षत्र त्रि संसर्ग અને अङ्ग નામથી ભિન્ન નામથી પરમાં રહેલ विद्या નામ છે અન્તમાં જેના એવા દ્વિતીયાન્ત નામને वेत्ति અને अधीते અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. वायसविद्याम् वेत्त्यधीते वा આ અર્થમાં वायसविद्या નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી वायसविद्यिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- વાયસ વિદ્યાનો જાણકાર અથવા ભણનાર.

अधर्मादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ धर्म क्षत्र त्रि संसर्ग અને अङ्ग નામથી અન્ય જ નામથી પરમાં રહેલો જ विद्या શબ્દ છે અન્તમાં જેના એવા દ્વિતીયાન્ત નામને वेत्ति અને अधीते અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. તેથી विद्यां धर्मविद्यां क्षत्रविद्यां त्रिविद्यां संसर्गविद्यामङ्गविद्याञ्च वेत्त्यधीते वा આ અર્થમાં કેવલ विद्या નામને અને धर्म વગેરે નામથી પરમાં રહેલ विद्या નામ છે અન્તમાં જેના એવા धर्मविद्या क्षत्रविद्या વગેરે નામને આ સૂત્રથી इकण् પ્રત્યય થતો નથી. જેથી 'तद् वेत्त्यधीते ६-२-११७' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ તથા अ ને વૃદ્ધિ ऐ તથા आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી वैद्यः धार्मविद्यः क्षात्रविद्यः त्रैविद्यः सांसर्गविद्यः

અને आङ्गविद्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમંશઃ- વિદ્યાનો જાણકાર અથવા ભણનાર. ધર્મવિદ્યાનો જાણકાર અથવા ભણનાર. ક્ષત્રિયવિદ્યાનો જાણકાર અથવા ભણનાર. ત્રિવિદ્યાનો જાણકાર અથવા ભણનાર. સંસર્ગવિદ્યાનો જાણકાર અથવા ભણનાર. અઙ્ગવિદ્યાનો જાણકાર અથવા ભણનાર. ॥૧૨૧॥

**याज्ञिकौक्थिक - लौकायितिकम् ६।२।१२२॥**

वेत्ति અને अधीते આ અર્થમાં इकण् પ્રત્યયાન્ત याज्ञिक औक्थिक અને लौकायितिक નામોનું નિપાતન કરાય છે. यज्ञं याज्ञिक्यञ्च वेत्त्यधीते वा આ અર્થમાં यज्ञ અને याज्ञिक्य નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. उक्थम् वेत्त्यधीते वा અને लोकायतं वेत्त्यधीते वा આ અર્થમાં उक्थ અને लोकायत નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. નિપાતનના કારણે આ સૂત્રથી याज्ञिक्य નામના इक्य નો લોપ. लोकायत નામના य સમ્બન્ધી अ ને इ આદેશ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ उ અને ओ ને વૃદ્ધિ आ औ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી याज्ञिकः औक्थिकः અને लौकायितिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યજ્ઞ અથવા યાજ્ઞિક્ય (યાજ્ઞિકોનો ધર્મ) નો જાણકાર અથવા ભણનાર. સામવેદના અંશવિશેષનો (વિશેષ વ્યાખ્યાનનો) જાણકાર અથવા ભણનાર. નાસ્તિકમતનો જાણકાર. અથવા ભણનાર. ॥૧૨૨॥

**अनुब्राह्मणादिन् ६।२।१२३॥**

દ્વિતીયાન્ત अनुब्राह्मण નામને वेत्ति અને अधीते અર્થમાં इन् પ્રત્યય થાય છે. अनुब्राह्मणं वेत्त्यधीते वा આ અર્થમાં अनुब्राह्मण નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી

अनुब्राह्मणी આવો પ્રયોગ થાય છે. અર્થ- બ્રાહ્મણસદૃશ ગ્રન્થને જાણનાર અથવા ભણનાર. ॥૧૨૩॥

### शत-षष्टेः पथ इकट् ६।२।१२४॥

शत અને षष्टि નામથી પરમાં રહેલ पथिन् નામ છે અન્તમાં જેના એવા દ્વિતીયાન્ત (शतपथिन् અને षष्टिपथिन्) નામને वेत्ति અને अधीते અર્થમાં इकट् પ્રત્યય થાય છે. शतपथं वेत्त्यधीते वा षष्टिपथं वेत्त्यधीते वा આ અર્થમાં शतपथ અને षष्टिपथ નામને આ સૂત્રથી इकट् (इक) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. शतपथिक નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી शतपथिकी અને षष्टिपथिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શતપથને જાણનારી અથવા ભણનારી. ષષ્ટિપથનો જાણકાર અથવા ભણનાર. ॥૧૨૪॥

### पदोत्तरपदेभ्य इकः ६।२।१२५॥

पद નામ છે ઉત્તરપદ જેનું એવા દ્વિતીયાન્ત નામને તેમ જ દ્વિતીયાન્ત पद અને पदोत्तरपद નામને वेत्ति અને अधीते અર્થમાં इक પ્રત્યય થાય છે. पूर्वपदं पदं पदोत्तरपदञ्च वेत्त्यधीते वा આ અર્થમાં पूर्वपद पद અને पदोत्तरपद નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्वपदिकः पदिकः અને पदोत्तरपदिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૂર્વપદનો જાણનાર અથવા ભણનાર. પદનો જાણનાર અથવા ભણનાર. પદોત્તરપદનો જાણનાર અથવા ભણનાર. સૂત્રસ્થ બહુવચનથી ઉપર જણાવ્યા મુજબ ત્રણનો સંગ્રહ થાય છે. ॥૧૨૫॥

## पद-क्रम-शिक्षा-मीमांसा-साम्नोऽकः ६।२।१२६॥

દ્વિતીયાન્ત पद क्रम शिक्षा मीमांसा અને सामन् નામને वेत्ति અને अधीते અર્થમાં अक પ્રત્યય થાય છે. पदं क्रमं शिक्षां मीमांसां साम च वेत्त्यधीते वा આ અર્થમાં આ સૂત્રથી पद क्रम शिक्षा मीमांसा અને सामन् નામને આ સૂત્રથી अक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ તથા आ નો લોપ. 'नोऽपद० ૭-૪-૬૧' થી सामन् ના अन् નો લોપ વગેરે કાર્ય થવાથી पदकः क्रमकः शिक्षकः मीमांसकः અને सामकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પદનો જાણનાર અથવા ભણનાર. ક્રમનો જાણકાર અથવા ભણનાર. શિક્ષાનો જાણકાર અથવા ભણનાર. મીમાંસાનો જાણકાર અથવા ભણનાર. સામવેદનો જાણનાર અથવા ભણનાર. ॥૧૨૬॥

## स-सर्वपूर्वाल्लुप् ६।२।१२७॥

स અને सर्व છે પૂર્વપદ જેનું એવા દ્વિતીયાન્ત નામને वेत्ति અને अधीते અર્થમાં વિહિત પ્રત્યયનો લોપ (लुप्) થાય છે. सवार्त्तिकं सर्ववेदांश्च वेत्ति अधीते वा આ અર્થમાં सवार्त्तिक અને सर्ववेद નામને 'तद् वेत्त्यधीते ૬-૨-૧૧૭' ની સહાયથી વિહિત अण् પ્રત્યયનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી सवार्त्तिकः અને सर्ववेदः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વાર્ત્તિકસહિત (વ્યાકરણાદિ)નો જાણકાર અથવા ભણનાર. સર્વવેદોનો જાણકાર અથવા ભણનાર. ॥૧૨૭॥

## सङ्ख्याकात् सूत्रे ६।२।१२८॥

સઙ્ખ્યાવાચક નામથી પરમાં વિહિત જે क પ્રત્યય; તદન્ત સૂત્રાર્થક દ્વિતીયાન્ત નામથી वेत्ति અને अधीते અર્થમાં વિહિત પ્રત્યયનો લોપ થાય છે.

अष्टकं विदन्त्यधीयते वा આ અર્થમાં अष्टक નામને 'तद्० ६-२-११७' થી (સહાયથી) વિહિત अण् પ્રત્યયનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી अष्टकाः पाणिनीयाः આવો પ્રયોગ થાય છે. અર્થ- અષ્ટક (આઠ અધ્યાય પ્રમાણ સૂત્ર) ને જાણનારા અને ભણનારા પાણિનીયો (પાણિની વ્યાકરણ વગેરેને ભણનારા કે જાણનારા) અર્થાદ્ આઠ અધ્યાયના પાણિની વ્યાકરણના જાણકારો અથવા ભણનારા. ॥૧૨૮॥

**प्रोक्तात् ६।२।१२९॥**

પ્રોક્તાર્થમાં વિહિત પ્રત્યય ઉપચારથી પ્રોક્ત કહેવાય છે. પ્રોક્તાર્થમાં વિહિત પ્રત્યયાન્ત દ્વિતીયાન્ત નામને वेत्ति અને अधीते અર્થમાં વિહિત પ્રત્યયનો લોપ (लुप्) થાય છે. गौतमं (गोतमेन प्रोक्तम्) वेत्ति अधीते वा આ અર્થમાં 'तद् वे० ६-२-११७' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી વિહિત अण् પ્રત્યયનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી गौतमः આવો પ્રયોગ થાય છે. અર્થ- ગોતમે પ્રરૂપેલા શાસ્ત્રનો જાણનાર અથવા ભણનાર. ॥૧૨૯॥

**वेदेन्ब्राह्मणमत्रैव ६।२।१३०॥**

પ્રોક્ત પ્રત્યયાન્ત વેદવાચક નામનો તેમ જ इन् અન્તમાં છે જેના એવા બ્રાહ્મણવાચક નામનો; वेत्ति અને अधीते અર્થના જ વિષયમાં પ્રયોગ થાય છે. તેથી પ્રોક્ત પ્રત્યયાન્ત વેદવાચક નામનો તથા इन्नन्त બ્રાહ્મણવાચક નામનો સ્વતન્ત્ર રીતે અથવા वेत्ति અને अधीते આ અર્થથી ભિન્ન વિષયમાં અથવા વાક્યરૂપે તેનો પ્રયોગ થતો નથી - એ બૃહદ્વૃત્તિથી ગમ્ય છે. कठेन प्रोक्तं वेदं विन्दन्त्यधीयते वा આ અર્થમાં कठ નામને પ્રોક્તાર્થમાં; 'तेन प्रोक्ते ६-३-१८१' ની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. તેનો 'कठादि० ६-३-१८३' થી લોપ. ત્યારબાદ वेत्ति અને अधीते અર્થમાં 'तद् वे० ६-२-

૧૧૭' ની સહાયથી ઉપર જણાવ્યા મુજબ વિહિત अण् પ્રત્યયનો 'प्रोक्तात्० ६-२-१२९' થી લુપ્ (લોપ) વગેરે કાર્ય થવાથી कठाः આવો પ્રયોગ થાય છે.

આ સૂત્ર; માત્ર ઉપર જણાવ્યા મુજબ નિયમ કરે છે. જેથી कठेन प्रोक्तो वेदः कठः ; कठो महान् અને कठमधीते આ રીતે અનુક્રમે સ્વતન્ત્ર પ્રયોગ; ઉપાધ્યન્તર યોગ અને વાક્ય ત્રણેયની વ્યાવૃત્તિ થાય છે. આવી જ રીતે ताण्ड्येन प्रोक्तं ब्राह्मणं विदन्ति अधीयते वा આ અર્થમાં ताण्ड्य નામને પ્રોક્તાર્થમાં 'शौनका० ६-३-१८६' થી णिन् (इन्) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'तद्धित० २-४-९२' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન ताण्डिन्- આ इन्नन्त બ્રાહ્મણવાચક નામને 'तद् वेत्त्य०६-२-११७' ની સહાયથી ઉપર જણાવ્યા મુજબ अण् પ્રત્યય અને તેનો લોપ વગેરે કાર્ય થવાથી ताण्डिनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કઠ ઋષિથી પ્રોક્ત વેદને જાણનાર અથવા ભણનાર. તાણ્ડ્ય (તણ્ડીનું અપત્ય) થી પ્રોક્ત બ્રાહ્મણને જાણનાર અથવા ભણનાર.

યદ્યપિ બ્રાહ્મણ પણ વેદ સ્વરૂપ હોવાથી વેદના ગ્રહણથી જ વિવક્ષિત અર્થની સિદ્ધિ થતી હોવાથી ब्राह्मण પદોપાદાન વ્યર્થ છે. પરન્તુ ઇન્નન્ત બ્રાહ્મણવાચક પદથી ભિન્ન બ્રાહ્મણવાચક પદનું વેદવાચક પદથી ગ્રહણ ન થાય-એ માટે બ્રાહ્મણ પદોપાદાન છે... ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી અનુસન્ધેય છે. પૂર્વ સૂત્રસ્થ પઞ્ચમ્યન્ત प्रोक्त પદને अर्थवशाद् विभक्तिपरिणामः આ ન્યાયના સામર્થ્યથી આ સૂત્રમાં પ્રથમાન્તરૂપે અનુવર્ત્તિત કરાયું છે. ॥૧૩૦॥

## तेन छन्ने रथे ६।२।१३१॥

તૃતીયાન્ત નામને છન્નરથાર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. वस्त्रेण छन्नो रथः આ અર્થમાં वस्त्र નામને આ સૂત્રની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ

આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वास्त्रो रथः આવો પ્રયોગ થાય છે. અર્થ- વસ્ત્રથી ઢંકાયેલો રથ. ॥૧૩૧॥

## पाण्डुकम्बलादिन् ६।२।१३२॥

તૃતીયાન્ત पाण्डुकम्बल નામને છન્નરથાર્થમાં इन् પ્રત્યય થાય છે. पाण्डुकम्बलेन छन्नो रथः આ અર્થમાં पाण्डुकम्बल નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पाण्डुकम्बली આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉજ્જ્વલ કામળીથી ઢંકાયેલ રથ. ॥૧૩૨॥

## दृष्टे साम्नि नाम्नि ६।२।१३३॥

સંજ્ઞાના વિષયમાં તૃતીયાન્ત નામને દૃષ્ટસામ-અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. क्रुञ्चेन दृष्टं साम અને कलिना दृष्टं साम આ અર્થમાં આ સૂત્રની સહાયથી क्रुञ्च નામને 'प्राग् जि० ૬-૧-૧૩' થી अण् પ્રત્યય અને कलि નામને 'कल्यग्ने० ૬-૧-૧૭' થી एयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ અને अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ અને इ નો લોપ વગેરે કાર્ય થવાથી क्रौञ्चम् साम અને कालेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ક્રૌઞ્ચ નામનો સામ (વેદનો ભાગ) વિશેષ. કાલેય નામનો સામવિશેષ. ॥૧૩૩॥

## गोत्रादङ्कवत् ६।२।१३४॥

તૃતીયાન્ત ગોત્રપ્રત્યયાન્ત નામને 'દૃષ્ટ સામ' આ અર્થમાં અઙ્કાર્થની જેમ પ્રત્યય થાય છે. औपगवेन दृष्टं साम આ અર્થમાં; औपगवस्यायमङ्कः આ

અર્થમાં જેમ औपगव નામને 'गोत्राद० ६-३-१६९' થી अकञ् (अक) પ્રત્યય થાય છે, તેમ अकञ् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औपगवकं साम આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉપગુના અપત્યે જોયેલું સામ (વેદનો ભાગ). ॥૧૩૪॥

## वामदेवाद् यः ६।२।१३५॥

તૃતીયાન્ત वामदेव નામને 'દૃષ્ટ સામ' આ અર્થમાં य પ્રત્યય થાય છે. वामदेवेन दृष्टं साम આ અર્થમાં वामदेव નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वामदेव्यं साम આવો પ્રયોગ થાય છે. અર્થ- વામદેવે જોયેલું સામ (વેદનો ભાગવિશેષ). ॥૧૩૫॥

## ङिद् वाऽण् ६।२।१३६॥

'દૃષ્ટ સામ' આ અર્થમાં વિહિત अण् પ્રત્યય વિકલ્પથી ङिद् મનાય છે. उशनसा दृष्टम् साम આ અર્થમાં 'दृष्टे ६-२-१३३' ની સહાયથી 'प्राग्० ६-१-१३' થી उशनस् નામને વિહિત अण् પ્રત્યયને આ સૂત્રથી ङिद् ભાવ. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अस् નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી औशनम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् પ્રત્યયને ङिद् ભાવ ન થાય ત્યારે औशनसम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઔશન કે ઔશનસ નામનું સામ (વેદભાગ). ॥૧૩૬॥

## वा जाते द्विः ६।२।१३७॥

જાતાર્થમાં જે अण् પ્રત્યય બે વાર વિહિત છે, તે अण् પ્રત્યયને વિકલ્પથી

ડિદ્ ભાવ થાય છે. ઉત્સર્ગસૂત્રથી વિહિત अण् પ્રત્યય; અપવાદસૂત્રથી બાધિત થયો હોય અને તે ફરીથી અન્યસૂત્રથી વિહિત હોય ત્યારે તે अण् પ્રત્યય દ્વિર્વિહિત કહેવાય છે. शतभिषजि जातः આ અર્થમાં शतभिषज् નામને 'जाते ६-३-९८' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય વિહિત છે. તેનો 'वर्षाकालेभ्यः ६-३-८०' થી વિહિત इकण् થી બાધ થવાથી 'भर्तु-सं० ६-३-८९' થી ફરીથી अण् પ્રત્યય વિહિત છે. આ દ્વિર્વિહિત- જાતાર્થક अण् પ્રત્યયને આ સૂત્રથી ડિદ્ ભાવ. 'डित्यन्त्य० २-१-११४' થી शतभिषज् નામના અન્ત્ય अज् નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી शातभिषः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ડિદ્ ભાવ ન થાય ત્યારે शातभिषजः આવો પ્રયોગ થાય છે. અર્થ- શતભિષજ્ નક્ષત્રમાં ઉત્પન્ન.

द्विरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાતાર્થમાં જે अण् પ્રત્યય દ્વિર્વિહિત જ છે તેને જ ડિદ્ ભાવ વિકલ્પથી થાય છે. તેથી हिमवति जातो हैमवतः અહીં ઉપર જણાવ્યા મુજબ हिमवत् નામને વિહિત अण् પ્રત્યય દ્વિર્વિહિત ન હોવાથી તેને આ સૂત્રથી ડિદ્ ભાવ થતો નથી. અર્થ -હિમાલયમાં ઉત્પન્ન. ॥१३७॥

## तत्रोद्धृते पात्रेभ्यः ६।२।१३८॥

પાત્રાર્થક સપ્તમ્યન્ત નામને ઉદ્ધૃતાર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. शरावेषूद्धृत ओदनः આ અર્થમાં शराव નામને આ સૂત્રની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शाराव ओदनः આવો પ્રયોગ થાય છે. અર્થ- માટીના પાત્રવિશેષમાં કાઢેલો ભાત. સૂત્રમાં पात्रेभ्यः- આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ; પાત્રવિશેષના સંગ્રહ માટે છે. ॥१३८॥

**स्थण्डिलाच्छेते व्रती ६।२।१३९॥**

સપ્તમ્યન્ત સ્થણ્ડિલ નામને 'शेते व्रती'- આ અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. स्थण्डिले शेते व्रती આ અર્થમાં સ્થણ્ડિલ નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી स्थाण्डिलो भिक्षुः આવો પ્રયોગ થાય છે. અર્થ- નિરવદ્ય ભૂમિમાં જ સૂવાનું વ્રત છે જેને તે ભિક્ષુ. ॥૧૩૯॥

**संस्कृते भक्ष्ये ६।२।१४०॥**

સપ્તમ્યન્ત નામને 'સંસ્કૃત-ભક્ષ્ય' અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. भ्राष्ट्रे संस्कृताः આ અર્થમાં भ्राष्ट्र નામને આ સૂત્રની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી भ्राष्ट्रा अपूपाः આવો પ્રયોગ થાય છે. અર્થ- કડાઈ અથવા તવામાં સેકેલા અથવા તળેલા પૂડલા વગેરે. વિદ્યમાન વસ્તુમાં ઉત્કર્ષનું આધાન કરવું; તેને સંસ્કૃત કહેવાય છે. ॥૧૪૦॥

**शूलोखाद् यः ६।२।१४१॥**

સપ્તમ્યન્ત शूल અને उख નામને સંસ્કૃત- ભક્ષ્યાર્થમાં य પ્રત્યય થાય છે. शूले संस्कृतम् અને उखायां संस्कृतम् આ અર્થમાં शूल અને उखा નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ અને आ નો લોપ વગેરે કાર્ય થવાથી शूल्यम् અને उख्यम् मांसम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શૂલ (માંસ શેકવાનો લોખંડનો સળિયો) માં સંસ્કૃત માંસ. તપેલી કે હાંડલીમાં રાંધેલું માંસ. ॥૧૪૧॥

### क्षीरादेयण् ६।२।१४२॥

સપ્તમ્યન્ત क्षीर નામને સંસ્કૃત ભક્ષ્યાર્થમાં एयण् પ્રત્યય થાય છે. क्षीरे संस्कृता भक्ष्या આ અર્થમાં क्षीर નામને આ સૂત્રથી एयण् (एय) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ई ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. क्षैरेय નામને 'अणञे० ૨-૪-૨૦'થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી क्षैरेयी यवागूः આવો પ્રયોગ થાય છે. અર્થ-દુધમાં બનાવેલી રાબ. ॥૧૪૨॥

### दध्न इकण् ६।२।१४३॥

સપ્તમ્યન્ત दधि નામને સંસ્કૃત ભક્ષ્ય અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. दध्नि संस्कृतम् આ અર્થમાં दधि નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી दाधिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- દહીંમાં બનાવેલી ખાવાની વસ્તુ. ॥૧૪૩॥

### वोदश्वितः ६।२।१४४॥

સપ્તમ્યન્ત उदश्वित् નામને સંસ્કૃત- ભક્ષ્યાર્થમાં વિકલ્પથી इकण् પ્રત્યય થાય છે. उदश्विति संस्कृतम् (भक्ष्यम्) આ અર્થમાં उदश्वित् નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી औदश्वितिकम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इकण् પ્રત્યય ન થાય ત્યારે 'संस्कृते० ૬-૨-૧૪૦'ની સહાયથી 'प्राग्० ૬-૧-૧૩' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી औदश्वितम् આવો પ્રયોગ થાય છે. અર્થ- છાસમાં બનાવેલી ખાવાની વસ્તુ. ॥૧૪૪॥

**क्वचित् ६।२।१४५॥**

આ પૂર્વે જણાવેલા અપત્યાદિ અર્થને છોડીને અન્ય અર્થમાં પ્રયોગાનુસાર કોઈવાર યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. चक्षुषा गृह्यते અને अश्वैरुह्यते આ અર્થમાં चक्षुष् અને अश्व નામને આ સૂત્રની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી चाक्षुषं रूपम् અને आश्वो रथः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચાક્ષુષ પ્રત્યક્ષનો વિષય-રૂપ. ઘોડાગાડી.॥૧૪૫॥

**इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे**
**षष्ठेऽध्याये द्वितीयः पादः।**

मृदित्वा........ઈત્યાદિ- યુદ્ધભૂમિમાં શત્રુરાજાઓની ભુજાઓની ખજવાળનું મર્દન કરીને અર્થાત્ શત્રુરાજાઓનો પરાભવ કરીને પોતાના ભુજાદંડ ઉપર કેટલા રાજાઓએ, નવા નવા અથવા નવ ખંડવાલી પૃથ્વીને ધારણ કરી નથી? અર્થાદ્ એવા દિગ્વિજયી રાજાઓ ઘણા થઈ ગયા. પરન્તુ એવા દિગ્વિજયને અન્તે મળેલા વિજયવંત સામ્રાજ્યમાં તૃષ્ણાથી રહિત મનવડે હે રાજન્! તમે યોગીઓના યશને પીઓ છો- તેની સરખામણી કોની સાથે થઈ શકે? - આશય એ છે કે તેવા દિગ્વિજયી રાજાઓ અને તૃષ્ણાથી રહિત મનવાળા યોગીઓ તો ઘણા થઈ ગયા, પરન્તુ રાજા હોવા છતાં અનાસક્તિના કારણે યોગી જેવા રાજ્યોગી તો આ રાજા એક જ છે.

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

### अथ प्रारभ्यते षष्ठे ऽ ध्याये तृतीयः पादः ।

### शेषे ६।३।१॥

અપત્ય વગેરે અર્થને છોડીને અન્ય જિતાર્થ સુધીના જે અર્થો છે તેને શેષ અર્થ કહેવાય છે. અર્થાદ્ અહીંથી આરંભીને 'तेन० ૬-૪-૨' સુધીમાં જે જે અર્થ કહેવાશે તે તે અર્થોને શેષ અર્થ કહેવાય છે. અહીંથી આરંભીને ઉત્તર સૂત્રોમાં જ્યાં અર્થવિશેષનું ઉપાદાન નથી ત્યાં તે તે સૂત્રોમાં શેષ અર્થનો અધિકાર જાણવો; અર્થાત્ તે તે સૂત્રથી થનારા પ્રત્યયો શેષ અર્થમાં થાય છે; અને શેષ અર્થમાં વિહિત તે તે પ્રત્યયો શૈષિક કહેવાય છે. ॥૧॥

### नद्यादेरेयण् ६।३।२॥

नद्यादि ગણપાઠમાંનાં નદી વગેરે નામને શેષ અર્થમાં एयण् (एय) પ્રત્યય થાય છે. नद्यां जातो भवो वा અને वने जातो भवो वा આ અર્થમાં આ સૂત્રથી નદી અને વન નામને एयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. અન્ત્ય ई અને अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી नादेयः અને वानेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-નદીમાં ઉત્પન્ન અથવા થયેલ. વનમાં ઉત્પન્ન અથવા થયેલ. शेष इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नद्यादि ગણપાઠમાંનાં નદી વગેરે નામને શેષ અર્થમાંજ एयण् પ્રત્યય થાય છે. તેથી नदीनां समूहः આ અર્થમાં નદી નામને આ સૂત્રથી एयण् પ્રત્યય ન થવાથી 'कवचि० ૬-૨-૧૪' થી इकण् (इक) પ્રત્યય વગેરે કાર્ય થવાથી नादिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ-નદીઓનો સમૂહ.॥૨॥

### राष्ट्रादियः ६।३।३॥

राष्ट्र નામને શેષ અર્થમાં इय પ્રત્યય થાય છે. राष्ट्रे जातो भवो वा આ

અર્થમાં राष्ट्र નામને આ સૂત્રથી इय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી राष्ट्रियः આવો પ્રયોગ થાય છે. અર્થ-રાષ્ટ્રમાં ઉત્પન્ન અથવા થયેલો. ॥३॥

## दूरादेत्यः ६।३।४॥

શેષ અર્થમાં दूर નામને एत्य પ્રત્યય થાય છે. दूरे भवः આ અર્થમાં दूर નામને આ સૂત્રથી एत्य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮'થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दूरेत्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- દૂરમાં થયેલો. ॥४॥

## उत्तरादाहञ् ६।३।५॥

શેષ અર્થમાં उत्तर નામને आहञ् (आह) પ્રત્યય થાય છે. उत्तरे उत्तरस्यां वा जातः આ અર્થમાં उत्तर અને उत्तरा નામને આ સૂત્રથી आहञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ અને आ નો લોપ વગેરે કાર્ય થવાથી औत्तराहः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉત્તર પ્રદેશમાં અથવા ઉત્તર દિશામાં ઉત્પન્ન. ॥५॥

## पारावारादीनः ६।३।६॥

શેષ અર્થમાં पारावार નામને ईन પ્રત્યય થાય છે. पारावारे भवो जातो वा આ અર્થમાં पारावार નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पारावारीणः આવો પ્રયોગ થાય છે. અર્થ- સમુદ્રના તટમાં થયેલ અથવા ઉત્પન્ન. ॥६॥

## व्यस्त-व्यत्यस्तात् ६।३।७॥

पारावार નામના વ્યસ્ત અને વ્યત્યસ્ત નામને અર્થાત્ पार अवार (આ બંન્ને વ્યસ્ત) અને अवारपार (વ્યત્યસ્ત) નામને ईन પ્રત્યય થાય છે. *पारे अवारे अवारपारे वा जातः આ અર્થમાં पार अवार અને अवारपार નામને* આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पारीणः अवारीणः અને अवारपारीणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-નદી વગેરેના કિનારા ઉપર ઉત્પન્ન. સમુદ્રમાં ઉત્પન્ન. સમુદ્રના તટમાં ઉત્પન્ન. ॥७॥

## द्यु-प्रागपागुदक् - प्रतीचो यः ६।३।८॥

અવ્યય અથવા અનવ્યય સ્વરૂપ दिव् प्राच्, अपाच् उदच् અને प्रत्यच् નામને શેષ અર્થમાં य પ્રત્યય થાય છે. दिवि प्राचि अपाचि उदीचि प्रतीचि वा जातः આ અર્થમાં અનુક્રમે दिव् प्राच् अपाच् उदीच् અને प्रतीच् નામને તેમ જ प्राग् अपाग् उदग् प्रत्यग् वा जातः આ અર્થમાં અનુક્રમે प्राच् अपाच् उदीच् અને प्रतीच् નામને આ સૂત્રથી य પ્રત્યય. 'उदच० २-१-१०३' થી उदच् ને उदीच् આદેશ. प्राच् प्रत्यच् અને प्रतीच् ના अच् ને 'अच्च्० २-१-१०४' થી च् આદેશ અને પૂર્વના अ તથા इ ને દીર્ઘ आ તથા ई આદેશ વગેરે કાર્ય થવાથી दिव्यम् प्राच्यम् अपाच्यम् उदीच्यम् અને प्रतीच्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્વર્ગમાં થયેલું. પૂર્વમાં થયેલું. અધોદિશામાં થયેલું. ઉત્તરમાં થયેલું. પશ્ચિમમાં થયેલું. અહીં પ્રાગ્ વગેરે નામો દેશાર્થક વિવક્ષિત છે. ॥८॥

## ग्रामादीनञ् च ६।३।९॥

શેષ અર્થમાં ग्राम નામને ईनञ् અને य પ્રત્યય થાય છે. ग्रामे भवो जातो वा આ અર્થમાં આ સૂત્રથી ग्राम નામને ईनञ् અને य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી ग्रामीणः અને ग्राम्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- ગામમાં થયેલ અથવા ઉત્પન્ન. (અહીં ईनञ् પ્રત્યયમાં ञ् અનુબન્ધ पुम्वद् ભાવના નિષેધ માટે છે. તેથી ग्रामीणाभार्यः આવો પ્રયોગ થાય છે. જુઓ સૂ.નં. ૩-૨-૫૫) ॥૯॥

## कत्र्यादेश्चैयकञ् ६।३।१०॥

कत्र्यादि (બૃહદ્વૃત્તિમાં कत्त्र्यादि પાઠ છે.) ગણપાઠમાંનાં कत्रि વગેરે નામને તેમ જ ग्राम નામને શેષ અર્થમાં एयकञ् (एयक) પ્રત્યય થાય છે. कत्रौ जातः पुष्करे भवः અને ग्रामे भवः આ અર્થમાં कत्रि पुष्कर અને ग्राम નામને આ સૂત્રથી एयकञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ અને उ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ અને अ નો લોપ... વગેરે કાર્ય થવાથી कात्रेयकः पौष्करेयकः અને ग्रामेयकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ખરાબ છે ત્રણ જેમાં તેમાં ઉત્પન્ન. કમલમાં થનાર. ગામમાં થયેલ. ॥૧૦॥

## कुण्ड्यादिभ्यो य लुक् च ६।३।११॥

कुण्ड्यादि ગણપાઠમાંનાં कुण्ड्या વગેરે નામને શેષ અર્થમાં एयकञ् પ્રત્યય થાય છે. અને તેના યોગમાં નામના य् નો લોપ થાય છે. कुण्ड्यायां जातो भवो वा અને कुण्यायां जातो भवो वा આ અર્થમાં कुण्ड्या અને कुण्या નામને આ સૂત્રથી एयकञ् (एयक) પ્રત્યય; અને નામના य् નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-

૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી कौण्डेयकः અને कौणेयकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કુણ્ડ્યામાં ઉત્પન્ન અથવા થયેલ. કુણ્યામાં ઉત્પન્ન અથવા થયેલ. कुण्ड्या અને कुण्या ભૂમિવિશેષના નામ છે. ॥૧૧॥

## कुल-कुक्षि-ग्रीवाच्छ्वाऽस्यलङ्कारे ६।३।१२॥

कुल कुक्षि અને ग्रीवा નામને અનુક્રમે श्वा असि અને अलङ्कार સ્વરૂપ શેષ અર્થમાં एयकञ् (एयक) પ્રત્યય થાય છે. कुले कुक्षौ ग्रीवायां वा भवः આ અર્થમાં कुल कुक्षि અને ग्रीवा નામને આ સૂત્રથી एयकञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ અને ई ને અનુક્રમે વૃદ્ધિ औ અને ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ અને आ નો લોપ... વગેરે કાર્ય થવાથી कौलेयकः श्वा; कौक्षेयकोऽसि અને ग्रैवेयकोऽलङ्कारः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કૂતરો. તલવાર. ગ્રીવાભરણ. ॥૧૨॥

## दक्षिणा-पश्चात्-पुरसस्त्यण् ६।३।१३॥

दक्षिणा पश्चात् અને पुरस् નામને શેષ અર્થમાં त्यण् પ્રત્યય થાય છે. दक्षिणस्यां पश्चात् पुरो वा भवः આ અર્થમાં दक्षिणा पश्चात् અને पुरस् નામને આ સૂત્રથી त्यण् (त्य) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ અને उ ને વૃદ્ધિ आ અને औ આદેશ વગેરે કાર્ય થવાથી दाक्षिणात्यः पाश्चात्त्यः અને पौरस्त्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-દક્ષિણમાં થનાર. પાછળ થનાર. આગળ થનાર. ॥૧૩॥

## वहूल्यूर्दि - पर्दि-कापिश्याष्टायनण् ६।३।१४॥

वहूलि ऊर्दि पर्दि અને कापिशी નામને શેષ અર્થમાં टायनण् (आयन) પ્રત્યય થાય છે. वहूलौ, ऊर्दौ, पर्दौ वा भवः અને कापिश्यां वा भवा આ અર્થમાં

वहूलि ऊर्दि पर्दि અને कापिशी નામને આ સૂત્રથી टायनण् (आयन) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ અને ऊ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ અને ई નો લોપ. कापिशायन નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી वाह्लायनः और्दायनः पार्दायनः અને कापिशायनी द्राक्षा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-વહૂલિ દેશમાં થનાર. ઊર્દિ-ક્રીડાવિશેષમાં થનાર. પર્દિ-ક્રીડાવિશેષમાં થનાર. કાપિશી અટવીમાં થનારી દ્રાક્ષ. ॥१४॥

**रङ्कोः प्राणिनि वा ६।३।१५॥**

પ્રાણી સ્વરૂપ-વિશિષ્ટ શેષ અર્થમાં रङ्कु નામને વિકલ્પથી टायनण् (आयन) પ્રત્યય થાય છે. रङ्कुषु भवो जातो वा આ અર્થમાં रङ्कु નામને આ સૂત્રથી टायनण् પ્રત્યય. આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. 'अस्वय० ७-४-७०' થી उ ને अव् આદેશ.. વગેરે કાર્ય થવાથી राङ्कवायणः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી टायनण् પ્રત્યય ન થાય ત્યારે 'कोपान्त्या० ६-३-५६' થી अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી राङ्कवो गौः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે પ્રાણીભિન્ન શેષ અર્થમાં પણ આ સૂત્રથી टायनण् પ્રત્યય થતો ન હોવાથી कम्बलस्तु राङ्कवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-રઙ્કુ દેશમાં થનાર અથવા ઉત્પન્ન બળદ. રઙ્કુ-મૃગવિશેષથી ઉત્પન્ન કામળી. ॥१५॥

**क्वेहा-मा-त्र-तसस्त्यच् ६।३।१६॥**

શેષ અર્થમાં क्व इह अमा નામને તેમ જ त्र પ્રત્યયાન્ત અને तस् પ્રત્યયાન્ત નામને त्यच् (त्य) પ્રત્યય થાય છે. क्व भवः; इह भवः; अमा भवः; तत्र भवः અને कुतो भवः આ અર્થમાં क्व इह अमा तत्र અને कुतस् નામને આ સૂત્રથી त्यच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી क्वत्यः इहत्यः अमात्यः तत्रत्यः અને कुतस्त्यः

આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ક્યાં થનાર. અહીં થનાર. સાથે થનાર-મંત્રી. ત્યાં થનાર. ક્યાંથી થનાર. (तद् નામને 'सप्तम्याः ७-२-९४' થી त्रप् પ્રત્યયાદિ કાર્ય થવાથી तत्र પ્રયોગ થાય છે; અને किम् નામને 'किमद्व्या० ७-२-८९' થી तस् પ્રત્યયાદિ કાર્ય થવાથી कुतस् પ્રયોગ થાય છે.) ॥१६॥

**ने ध्रुवे ६।३।१७॥**

ધ્રુવ અર્થમાં नि નામને त्यच् (त्य) પ્રત્યય થાય છે. नि નામને આ સૂત્રથી त्यच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી नित्यम्-ध्रुवम् આવો પ્રયોગ થાય છે. અર્થ-નિત્ય. ॥१७॥

**निसो गते ६।३।१८॥**

निस् નામને गत અર્થમાં त्यच् (त्य) પ્રત્યય થાય છે. निर्गतो वर्णाश्रमेभ्यः આ અર્થમાં निस् નામને આ સૂત્રથી त्यच् પ્રત્યય. 'ह्रस्वान्ना० २-३-३४' થી निस् ના स् ને ष् આદેશ. 'तवर्ग० १-३-६०' થી त्यच् ના त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી निष्ट्यश्चण्डालः આવો પ્રયોગ થાય છે. અર્થ-ચાંડાલ.॥१८॥

**ऐषमो-ह्यस्-श्वसो वा ६।३।१९॥**

ऐषमस् ह्यस् અને श्वस् નામને શેષાર્થમાં વિકલ્પથી त्यच् પ્રત્યય થાય છે. ऐषमो भवम्; ह्यो भवम् અને श्वो भवम् આ અર્થમાં ऐषमस् ह्यस् અને श्वस् નામને આ સૂત્રથી त्यच् (त्य) પ્રત્યય વગેરે કાર્ય થવાથી ऐषमस्त्यम् ह्यस्त्यम् અને श्वस्त्यम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી त्यच् પ્રત્યય ન થાય ત્યારે 'सायं० ६-३-८८' થી तनट् (तन) પ્રત્યયાદિ કાર્ય થવાથી ऐषमस्तनम् ह्यस्तनम् અને श्वस्तनम् આવો પ્રયોગ છે. અર્થ ક્રમશઃ- આ

વર્ષમાં થનાર. ગઈકાલે થનાર. આવતી કાલે થનાર. ॥૧૯॥

**कन्थाया इकण् ६।३।२०॥**

શેષાર્થમાં कन्था (ગ્રામવિશેષ) નામને इकण् પ્રત્યય થાય છે. कन्थायां भवो जातो वा આ અર્થમાં कन्था નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી कान्थिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-કન્થા ગામમાં થનાર અથવા ઉત્પન્ન. ॥૨૦॥

**वर्णावकञ् ६।३।२१॥**

વર્ણુ દેશના ગ્રામવિશેષના વાચક कन्था નામને શેષાર્થમાં अकञ् (अक) પ્રત્યય થાય છે. कन्थायां भवो जातो वा આ અર્થમાં આ સૂત્રથી अकञ् પ્રત્યય વગેરે કાર્ય (જુઓ સૂ.નં. ૬-૩-૨૦) થવાથી कान्थकः આવો પ્રયોગ થાય છે. અર્થ-વર્ણુ દેશના કન્થા ગામમાં થનાર અથવા ઉત્પન્ન. ॥૨૧॥

**रूप्योत्तरपदा-ऽरण्याण्णः ६।३।२२॥**

रूप्य ઉત્તરપદ છે જેમાં એવા નામને તેમ જ अरण्य નામને શેષાર્થમાં ण (अ) પ્રત્યય થાય છે. वर्करूप्ये भवो जातो वा અને अरण्ये भवो जातो वा આ અર્થમાં वर्करूप्य અને अरण्य નામને આ સૂત્રથી ण પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वार्करूप्यः અને आरण्याः सुमनसः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વૃકરૂપ્યમાં (वृकै रूप्यते-વરુ અથવા કાગડા વગેરેથી જણાવાતા અથવા એ નામની વ્યકૃતિમાં) થનાર અથવા ઉત્પન્ન. જંગલમાં થનાર અથવા ઉત્પન્ન- પુષ્પો. અહીં યાદ રાખવું જોઈએ કે-સૂત્રમાં

उत्तरपद ना स्थाने अन्त ना ग्रહણથી પણ वर्करूप्य... વગેરે નામને આ સૂત્રથી ण प्रत्ययनुं વિધાન શક્ય હતું; પરન્તુ बहु प्रत्यय पूर्वक रूप्य નામને આ સૂત્રથી ण प्रत्यय ન થાય-એ માટે આ સૂત્રમાં उत्तरपद નું ઉપાદાન છે. જેથી बाहुरूप्यी પ્રયોગ થાય છે. અન્યથા बाहुरूप्यः- આવો પ્રયોગ થાત. ॥૨૨॥

## दिक्पूर्वादनाम्नः ६।३।२३॥

સંજ્ઞાવાચક ન હોય તો; દિશાવાચક નામ પૂર્વપદ છે જેનું એવા નામને શેષાર્થમાં ण(अ) પ્રત્યય થાય છે. पूर्वस्यां शालायां भवः આ અર્થમાં तद्धित પ્રત્યયના વિષયમાં 'दिगधिकं० ३-१-९८' થી સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पूर्वशाला નામને આ સૂત્રથી ण (अ) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી पौर्वशालः આવો પ્રયોગ થાય છે. અર્થ-પૂર્વ દિશાની શાલામાં થનાર. अनाम्न इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દિશાવાચક નામ પૂર્વપદ છે જેનું એવા નામને, તે નામ સંજ્ઞાવાચક ન હોય તો જ શેષાર્થમાં ण પ્રત્યય થાય છે. તેથી पूर्वस्यां कृष्णमृत्तिकायां भवा આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન સંજ્ઞાવાચક पूर्वकृष्णमृत्तिका નામને આ સૂત્રથી ण પ્રત્યય થતો નથી. જેથી 'भवे ६-३-१२१' ની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી તેમ જ 'प्राग् ग्रा० ७-४-१७' થી कृष्ण ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पूर्वकार्ष्णमृत्तिका આવો પ્રયોગ થાય છે. અર્થ-પૂર્વકૃષ્ણમૃત્તિકા નામના ગામમાં થનાર. ॥૨૩॥

## मद्रादञ् ६।३।२४॥

દિશાવાચક નામ પૂર્વપદ છે જેનું અને मद्र નામ છે ઉત્તરપદ (અન્તમાં જેના) જેનું એવા નામને શેષ અર્થમાં अञ् (अ) પ્રત્યય થાય છે. पूर्वेषु मद्रेषु

भवां આ અર્થમાં 'दिगधिकं० ३-१-९८' થી સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पूर्वमद्र નામને; 'बहुवि० ६-३-४४' થી વિહિત अकञ् નો બાધ કરીને 'वृजि० ६-३-३८' થી વિહિત क પ્રત્યયનો બાધ કરીને આ સૂત્રથી अञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. पौर्वमद्र નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી पौर्वमद्री આવો પ્રયોગ થાય છે. અર્થ-પૂર્વમદ્ર દેશમાં થનારી. ॥२४॥

## उदग्ग्रामाद् यकृल्लोम्नः ६।३।२५॥

उदग्ग्राम વાચક यकृल्लोमन् નામને શેષ અર્થમાં अञ् પ્રત્યય થાય છે. यकृल्लोमनि भवः આ અર્થમાં यकृल्लोमन् નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'नोऽपद० ७-४-६१' થી अन् નો લોપ વગેરે કાર્ય થવાથી याकृल्लोमः આવો પ્રયોગ થાય છે. અર્થ-યકૃલ્લોમન્ નામના ઉદગ્ગ્રામમાં થનાર. उदग्ग्रामादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उदग्ग्राम વાચક જ यकृल्लोमन् નામને શેષ અર્થમાં अञ् પ્રત્યય થાય છે. તેથી उदग्ग्राम થી ભિન્ન ગ્રામવાચક यकृल्लोमन् નામને આ સૂત્રથી अञ् પ્રત્યય ન થવાથી 'भवे ६-३-१२३' ની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. 'अणि ७-४-५२' થી अन् ના લોપનો નિષેધ વગેરે કાર્ય થવાથી याकृल्लोमनः આવો પ્રયોગ થાય છે. અર્થ-યકૃલ્લોમન્ નામના ગામમાં થનાર. ॥२५॥

## गौष्ठी-तैकी-नैकेती-गोमती-शूरसेन-वाहीक-रोमक-पटच्चरात् ६।३।२६॥

गौष्ठी तैकी नैकेती गोमती शूरसेन वाहीक रोमक અને पटच्चर નામને શેષ અર્થમાં अञ् પ્રત્યય થાય છે. गौष्ठ्यां तैक्यां नैकेत्यां गोमत्यां शूरसेनेषु वाहीकेषु रोमके पटच्चरेषु वा भवो जातो वा આ અર્થમાં गौष्ठी तैकी नैकेती

गोमती शूरसेन वाहीक रोमक અને पटच्चर નામને આ સૂત્રથી अञ् (अ) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ओ અને ऊ ને વૃદ્ધિ औ આદેશ; अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई તથા अ નો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે गौष्ठः; तैकः; नैकेतः; गौमतः; शौरसेनः; वाहीकः; रौमकः અને पाटच्चरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ગૌષ્ઠીમાં (ગોષ્ઠમાં થનારીમાં) થનાર અથવા ઉત્પન્ન. તૈકીમાં (તિક-ઋષિવિશેષ દેવતા છે જેણીના, તેણીમાં થનારીમાં) થનાર અથવા ઉત્પન્ન. નૈકેતીમાં (એકાન્ત વાતમાં) થનાર અથવા ઉત્પન્ન. ગોમતી નદીમાં થનાર અથવા ઉત્પન્ન. શૂરસેન નામના દેશમાં થનાર અથવા ઉત્પન્ન. વાહીક નામના દેશમાં થનાર અથવા ઉત્પન્ન. રોમક નામના ગામમાં થનાર અથવા ઉત્પન્ન. જીર્ણવસ્ત્રમાં થનાર અથવા ઉત્પન્ન. ॥૨૬॥

### शकलादे र्यञः ६।३।२७॥

यञ् (य) પ્રત્યયાન્ત शकलादि ગણપાઠમાંનાં शकल (शाकल्य) વગેરે નામને શેષ અર્થમાં अञ् (अ) પ્રત્યય થાય છે. शाकल्यस्य छात्राः અને काण्व्यस्य छात्राः આ અર્થમાં शाकल्य અને काण्व्य નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'तद्धित० २-४-९२' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી शाकलाः અને काण्वाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-શકલના વૃદ્ધાપત્યના છાત્રો. કણ્વના વૃદ્ધાપત્યના છાત્રો. (शकलस्य कण्वस्य वा वृद्धापत्यम् આ અર્થમાં 'गर्गादि० ६-१-४२' થી यञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી शाकल्य અને काण्व्य નામ બને છે.) ॥૨૭॥

### वृद्धेञः ६।३।२८॥

વૃદ્ધાપત્યાર્થમાં વિહિત इञ्-પ્રત્યયાન્ત નામને શેષ અર્થમાં अञ् (अ) પ્રત્યય થાય છે. दाक्षेश्छात्राः આ અર્થમાં दाक्षि નામને (दक्षस्य वृद्धापत्यम्

આ અર્થમાં 'अत इञ् ६-१-३१' થી दक्ष નામને इञ् પ્રત્યયાદિ કાર્ય) આ સૂત્રથી अञ् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ...વગેરે કાર્ય થવાથી दाक्षाः આવો પ્રયોગ થાય છે. અર્થ- દક્ષના વૃદ્ધાપત્યના છાત્રો. वृद्धेति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધાપત્યાર્થક જ इञ् પ્રત્યયાન્ત નામને શેષ અર્થમાં अञ् પ્રત્યય થાય છે. તેથી सुतङ्गमेन निर्वृत्ता આ અર્થમાં सुतङ्गम નામને 'सुतङ्ग० ६-२-८५' થી વિહિત इञ् પ્રત્યયાન્ત सौतङ्गमी નામને सौतङ्गम्यां भवः આ અર્થમાં આ સૂત્રથી अञ् પ્રત્યય થતો નથી; તેથી 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી सौतङ्गमीयः આવો પ્રયોગ થાય છે. અર્થ- સુતઙ્ગમથી નિર્વૃત્ત નગરીમાં થનાર. ||૨૮||

## न द्विस्वरात् प्राग्- भरतात् ६।३।२९॥

પ્રાચ્ય ગોત્રાર્થક અને ભરત-ગોત્રાર્થક; વૃદ્ધાપત્યાર્થમાં વિહિત इञ् પ્રત્યયાન્ત બે સ્વરવાલા નામને શેષાર્થમાં अञ् પ્રત્યય થતો નથી. चिङ्कस्य काशस्य वा वृद्धापत्यम् આ અર્થમાં 'बाह्वादि० ६-१-३२' થી चिङ्क નામને અને 'अत इञ् ६-१-३१' થી काश નામને इञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન चैङ्कि અને काशि નામને चैङ्केश्छात्राः અને काशेश्छात्राः આ અર્થમાં 'वृद्धेञः ६-३-२८' થી વિહિત अञ् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ. તેથી 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી इ નો લોપ વગેરે કાર્ય થવાથી चैङ्कीयाः અને काशीयाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચિઙ્કના વૃદ્ધાપત્યના છાત્રો. કાશના વૃદ્ધાપત્યના છાત્રો.

द्विस्वरादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાચ્ય અને ભરત ગોત્રાર્થક-વૃદ્ધાપત્યાર્થમાં વિહિત इञ् પ્રત્યયાન્ત દ્વિસ્વરી જ નામને શેષાર્થમાં अञ् પ્રત્યયનો નિષેધ થાય છે. તેથી पान्नागारेश्छात्राः આ અર્થમાં; पान्नागारि (पन्नागारस्य वृद्धापत्यम् આ અર્થમાં पन्नागार નામને 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) આ નામ દ્વિસ્વરી ન હોવાથી તેને આ

સૂત્રથી अञ् પ્રત્યયનો નિષેધ થતો નથી. જેથી 'वृद्धेञः ૬-૩-૨૮' થી अञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી पान्नागाराः આવો પ્રયોગ થાય છે. અર્થ- પન્નાગારના વૃદ્ધાપત્યના છાત્રો. ॥૨૯॥

## भवतोरिकणीयसौ ६।३।३०॥

भवत् નામને શેષ અર્થમાં इकण् અને ईयस् પ્રત્યય થાય છે: भवत इदम् આ અર્થમાં भवत् નામને આ સૂત્રથી इकण् અને ईयस् પ્રત્યય. भवत्+इकण् (इक)આ અવસ્થામાં આદ્યસ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ આદેશ. 'ऋवर्णो० ૭-૪-૭૧' થી इकण् ના इ નો લોપ. भवत्+ईयस् (ईय) આ અવસ્થામાં 'नाम सिद० ૧-૧-૨૧' થી भवत् ને પદસંજ્ઞા. 'धुटस्तृ० ૨-૧-૭૬' થી त् ને द् આદેશ વગેરે કાર્ય થવાથી भावत्कम् અને भवदीयम् આવો પ્રયોગ થાય છે. અર્થ- આપનું આ. ॥૩૦॥

## पर-जन-राज्ञोऽकीयः ६।३।३१॥

पर जन અને राजन् નામને શેષ અર્થમાં अकीय પ્રત્યય થાય છે. परस्य जनस्य राज्ञो वाऽयम् આ અર્થમાં पर जन અને राजन् નામને આ સૂત્રથી अकीय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ૭-૪-૬૧' થી अन् નો લોપ વગેરે કાર્ય થવાથી परकीयः जनकीयः અને राजकीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પારકાનો આ. માણસનો આ. રાજાનો આ. ॥૩૧॥

## दोरीयः ६।३।३२॥

'दु' સંજ્ઞાવાલા નામને શેષ અર્થમાં ईय પ્રત્યય થાય છે. देवदत्तस्यायम् અને तस्यायम् આ અર્થમાં देवदत्त ('संज्ञा० ૬-૧-૬' થી दु સંજ્ઞા.) અને

तद्('त्यदादिः ६-१-७' थी दु संज्ञा.) नामने આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' थी અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી देवदत्तीयः અને तदीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દેવદત્તીય. તત્સમ્બન્ધી. ॥૩૨॥

## उष्णादिभ्यः कालात् ६।३।३३॥

उष्णादि ગણપાઠમાંનાં उष्ण વગેરે નામ પૂર્વપદ છે જેનું અને काल નામ છે ઉત્તરપદ જેનું એવા નામને શેષ અર્થમાં ईय પ્રત્યય થાય છે. उष्णकाले भवम् આ અર્થમાં उष्णकाल નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી उष्णकालीयम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉષ્ણ કાલમાં થનાર. ॥૩૩॥

## व्यादिभ्यो णिकेकणौ ६।३।३४॥

व्यादि ગણપાઠમાંનાં 'वि' વગેરે નામ છે પૂર્વપદ જેનું અને काल શબ્દ છે અન્તમાં જેના એવા નામને શેષ અર્થમાં णिक (इक) અને इकण् પ્રત્યય થાય છે. विकाले भवा અને अनुकाले भवा આ અર્થમાં विकाल અને अनुकाल નામને આ સૂત્રથી णिक અને इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः:० ७-४-१' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ અને अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન इकण् પ્રત્યયાન્ત નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય; णिक પ્રત્યયાન્ત નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી वैकालिकी અને वैकालिका તેમ જ आनुकालिकी અને आनुकालिका આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિકાલમાં થનારી. અનુકૂલકાલમાં થનારી. ॥૩૪॥

### काश्यादेः ६।३।३५॥

काश्यादि ગણપાઠમાંનાં काशि વગેરે दु સંજ્ઞક નામને શેષ અર્થમાં णिक અને इकण् પ્રત્યય થાય છે. काशिषु भवा અને चेदिषु भवा આ અર્થમાં काशि અને चेदि નામને આ સૂત્રથી णिक તેમ જ इकण् પ્રત્યય... વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ.નં. ૬-૩-૩૪) काशिका અને काशिकी તેમ જ चैदिका અને चैदिकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કાશિ દેશમાં થનારી. ચેદિ દેશમાં થનારી. 'वृद्धिर्यस्य० ६-१-८' થી काशि નામને અને 'संज्ञा० ६-१-६' થી चेदि નામને दु સંજ્ઞા થાય છે. ॥३५॥

### वाहीकेषु ग्रामात् ६।३।३६॥

વાહીક દેશમાંના ગ્રામવાચક दु સંજ્ઞક નામને શેષ અર્થમાં णिक અને इकण् પ્રત્યય થાય છે. करन्तपे भवा આ અર્થમાં આ સૂત્રથી करन्तप નામને णिक અને इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. णिक પ્રત્યયાન્ત कारन्तपिक નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય અને इकण् પ્રત્યયાન્ત कारन्तपिक નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી कारन्तपिका અને कारन्तपिकी આવો પ્રયોગ થાય છે. અર્થ-વાહીક દેશમાંના કરન્તપ ગામમાં થનારી. करन्तप નામને 'संज्ञा० ६-१-६' થી दु સંજ્ઞા થઈ છે. ॥३६॥

### वोशीनरेषु ६।३।३७॥

उशीनर દેશમાંના ગ્રામવાચક दु સંજ્ઞાવાલા નામને શેષ અર્થમાં णिक અને इकण् પ્રત્યય વિકલ્પથી થાય છે. आह्वजाले भवा આ અર્થમાં आह्वजाल નામને આ સૂત્રથી णिक અને इकण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય

अ નો લોપ. णिक પ્રત્યયાન્ત आह्वजालिक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. તેમ જ इकण् પ્રત્યયાન્ત आह्वजालिक નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી आह्वजालिका અને आह्वजालिकी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી णिक અને इकण् પ્રત્યય ન થાય ત્યારે 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યયાદિ કાર્ય થવાથી आह्वजालीयः આવો પ્રયોગ થાય છે. 'वृद्धिः० ६-१-८' થી आह्वजाल નામને दु સંજ્ઞા થાય છે. અર્થ-ઉશીનરદેશમાંના આહ્વજાલ ગામમાં થનારી-થનાર. ॥૩૭॥

## वृजि-मद्राद् देशात् कः ६।३।३८॥

દેશવાચક वृजि અને मद्र નામને શેષ અર્થમાં क પ્રત્યય થાય છે. वृजिषु भवः અને मद्रेषु भवः આ અર્થમાં वृजि અને मद्र નામને આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી वृजिकः અને मद्रकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વૃજિ દેશ(ઉત્પત્તિ અથવા રહેવાના સ્થાનને દેશ કહેવાય છે) માં થનાર. મદ્રદેશમાં થનાર. ॥૩૮॥

## उवर्णादिकण् ६।३।३९॥

उ વર્ણ (उ ऊ) છે અન્તમાં જેને એવા દેશવાચક નામને શેષ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. शबरजम्ब्वां भवः આ અર્થમાં शबरजम्बु નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'ऋवर्णो० ७-४-७१' થી इकण् ના इ નો લોપ વગેરે કાર્ય થવાથી शाबरजम्बुकः આવો પ્રયોગ થાય છે. અર્થ-શબરજંબુ નામના દેશમાં થનાર.॥૩૯॥

## दोरेव प्राचः ६।३।४०॥

પ્રાગ્દેશાર્થક उ વર્ણાન્ત दु-સંજ્ઞક જ નામને શેષ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. શરાવતી-નદીની પૂર્વદિશામાં જે દેશ છે તેને પ્રાગ્દેશ કહેવાય છે. आषाढजम्ब्वां भवः આ અર્થમાં आषाढजम्बु નામને ('वृद्धिर्य० ६-१-८' થી दु સંજ્ઞા) આ સૂત્રથી इकण् પ્રત્યય. 'ऋवर्णो० ७-४-७१' થી इकण् ના इ નો લોપ વગેરે કાર્ય થવાથી आषाढजम्बुकः આવો પ્રયોગ થાય છે. અર્થ- આષાઢજંબુ નામના દેશમાં (પ્રાગ્દેશમાં) થનાર. યદ્યપિ પૂર્વસૂત્રથી (૬-૩-૩૯ થી) આ સૂત્રના વિષયમાં आषाढजम्बु વગેરે નામને इकण् પ્રત્યય સિદ્ધ હતો. પરન્તુ ઈષ્ટ નિયમ માટે 'एव' કારના ઉપાદાન સાથે આ સૂત્રનો આરંભ છે. તેથી પૂર્વસૂત્રમાં પ્રાગ્દેશાર્થક નામને વર્જીને અન્ય उ વર્ણાન્ત નામનું ઉપાદાન થવાથી; જેને दु સંજ્ઞા થઈ નથી એવા પ્રાગ્દેશાર્થક उ વર્ણાન્ત मल्लवास्तु વગેરે નામને પૂર્વ સૂત્ર (૬-૩-૩૯) થી અથવા આ સૂત્રથી इकण् પ્રત્યય થતો નથી. જેથી 'भवे ६-३-१२३' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી 'माल्लवास्तवः' આવો પ્રયોગ થાય છે. "दु સંજ્ઞક उ વર્ણાન્ત નામને इकण् પ્રત્યય (શેષાર્થમાં) થાય-તો તે પ્રાગ્દેશાર્થક જ નામને થાય" -આ પ્રમાણે અનિષ્ટ નિયમની વ્યાવૃત્તિ માટે સૂત્રમાં एव પદોપાદાન છે.... ઈત્યાદિ સ્વયં સમજી લેવું. ॥૪૦॥

## ईतोऽकञ् ६।३।४१॥

ई કારાન્ત પ્રાગ્દેશાર્થક दु સંજ્ઞાવાળા નામને શેષ અર્થમાં अकञ् પ્રત્યય થાય છે. काकन्द्याम्भवः આ અર્થમાં काकन्दी નામને ('वृद्धि र्य०६-१-८' થી दु સંજ્ઞા) આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી काकन्दकः આવો પ્રયોગ થાય છે. અર્થ- કાકન્દી નામના પ્રાગ્દેશમાં થનાર. ॥૪૧॥

## रोपान्त्यात् ६।३।४२॥

र् ઉપાન્ત્ય છે જેમાં એવા दु સંજ્ઞક પ્રાગ્દેશાર્થક નામને શેષ અર્થમાં अकञ् પ્રત્યય થાય છે. पाटलिपुत्रे भवः આ અર્થમાં पाटलिपुत्र નામને (वृद्धिर्य० ६-१-८ થી दु સંજ્ઞા) આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पाटलिपुत्रकः આવો પ્રયોગ થાય છે. અર્થ- પાટલિપુત્રમાં થનાર. ॥४२॥

## प्रस्थ-पुर-वहान्त-योपान्त्य-धन्वार्थात् ६।३।४३॥

દેશવાચક दु સંજ્ઞાવાલા જે-प्रस्थ पुर અને वह છે અન્તમાં જેના એવા; તેમ જ य् ઉપાન્ત્ય છે જેમાં એવા અને ધન્વાર્થક-નામને શેષ અર્થમાં अकञ् (अक) પ્રત્યય થાય છે. मालाप्रस्थे भवः; नान्दीपुरे भवः; पैलुवहे भवः; साङ्काश्ये भवः અને पारेधन्वनि भवः આ અર્થમાં પ્રસ્થાન્ત- मालाप्रस्थ; પુરાન્ત-नान्दीपुर; વહાન્ત-पैलुवह; य् ઉપાન્ત્ય-साङ्काश्य અને ધન્વાર્થક- पारेधन्वन् નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ७-४-६१' થી धन्वन् ના अन् નો લોપ વગેરે કાર્ય થવાથી मालाप्रस्थकः; नान्दीपुरकः; पैलुवहकः; साङ्काश्यकः અને पारेधन्वकः આવો પ્રયોગ થાય છે. (मालाप्रस्थादि નામોને 'वृद्धिर्यस्य० ६-१-८' થી दु સંજ્ઞા વિહિત છે) અર્થ ક્રમશઃ- માલાપ્રસ્થદેશમાં થનાર. નાન્દીપુર દેશમાં થનાર. પૈલુવહ દેશમાં થનાર. સાઙ્કાશ્ય દેશમાં થનાર. પારેધન્વન્ (મરુદેશ) દેશમાં થનાર. नान्दीपुर નામ પ્રાગ્દેશાર્થક ન હોવાથી 'रोपा० ६-३-४२' થી તેને अकञ् પ્રત્યયની પ્રાપ્તિ નથી-એ યાદ રાખવું. ॥४३॥

## राष्ट्रेभ्यः ६।३।४४॥

રાષ્ટ્રવાચક दु સંજ્ઞક નામને શેષ અર્થમાં अकञ् (अक) પ્રત્યય થાય છે.

आभिसारे भवः આ અર્થમાં आभिसार નામને ('वृद्धिर्यस्य० ६-१-८' થી दु સંજ્ઞા) આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आभिसारकः આવો પ્રયોગ થાય છે. અર્થ- આભિસાર નામના રાષ્ટ્રમાં થનાર. ॥૪૪॥

### बहुविषयेभ्यः ६।३।४५॥

બહુત્વ-વિશિષ્ટ રાષ્ટ્રવાચક નામને શેષ અર્થમાં अकञ् પ્રત્યય થાય છે. अङ्गेषु भवः આ અર્થમાં अङ्ग નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आङ्गकः આવો પ્રયોગ થાય છે. અર્થ- અઙ્ગ દેશમાં થનાર. અહીં યાદ રાખવું જોઈએ કે બહુવચનના નિર્દેશથી આ સૂત્ર અપવાદના વિષયમાં પણ કાર્યાન્વિત છે. સૂત્રમાં 'विषय' નું ગ્રહણ હોવાથી વાસ્તવિક જ રાષ્ટ્ર, બહુત્વવિશિષ્ટ હોવું જોઈએ. પરન્તુ સમાનાર્થક એકશેષ સમાસની જેમ બહુત્વવિશિષ્ટાર્થ, સમુદાયની અપેક્ષાએ નહિ હોવું જોઈએ... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. ॥૪૫॥

### धूमादेः ६।३।४६॥

धूमादि ગણપાઠમાંનાં धूम વગેરે દેશવાચક નામને શેષ અર્થમાં अकञ् પ્રત્યય થાય છે. धूमे भवः અને षडण्डे भवः આ અર્થમાં धूम અને षडण्ड નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ऊ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી धौमकः અને षाडण्डकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ધૂમ દેશમાં થનાર. ષડણ્ડ દેશમાં થનાર. ॥૪૬॥

## सौवीरेषु कूलात् ६।३।४७॥

સૌવીર દેશાર્થક कूल નામને શેષાર્થમાં अकञ् પ્રત્યય થાય છે. कूले भवः આ અર્થમાં कूल નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ६-३-४६) कौलकः આવો પ્રયોગ થાય છે. અર્થ- કૂલ નામના સૌવીર દેશમાં થનાર. ॥૪૭॥

## समुद्रान्नृ-नावोः ६।३।४८॥

દેશાર્થક समुद्र નામને શેષ અર્થમાં; તદ્ધિત પ્રત્યયાર્થ માણસ અથવા નૌકા હોય તો अकञ् (अक) પ્રત્યય થાય છે. समुद्रे भवो ना અને समुद्रे भवा नौः આ અર્થમાં समुद्र નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सामुद्रको ना અને सामुद्रिका नौः (सामुद्र નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય. 'अस्या० २-४-१११' થી क् ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સમુદ્રમાં થનાર માણસ. સમુદ્રમાં રહેનારી નૌકા. सामुद्रमन्यत्= તદ્ધિત પ્રત્યયાર્થ માણસ અથવા નૌકાથી ભિન્ન હોય તો આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દેશવાચક समुद्र નામને अकञ् પ્રત્યય થતો નથી. પરન્તુ 'भवे ६-३-१२३' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ- સમુદ્રમાં રહેનાર (માણસ અને નૌકાથી ભિન્ન) રત્નાદિ. ॥૪૮॥

## नगरात् कुत्सा-दाक्ष्ये ६।३।४९॥

દેશાર્થક नगर નામને શેષ અર્થમાં; કુત્સા અને દાક્ષ્ય (નિપુણતા) અર્થ ગમ્યમાન હોય તો अकञ् પ્રત્યય થાય છે. नगरे भवाः આ અર્થમાં नगर નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને

વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી चौरा हि नागरकाः અને दक्षा हि नागरकाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-નગરમાં રહેનારા ચોર છે. નગરમાં રહેનારા નિપુણ છે. ॥૪૯॥

## कच्छाऽग्नि-वक्त्र-वर्त्तोत्तरपदात् ६।३।५०॥

कच्छ अग्नि वक्त्र અને वर्त्त-ઉત્તરપદ છે જેનું એવા દેશવાચક નામને શેષ અર્થમાં अकञ् પ્રત્યય થાય છે. भारुकच्छे काण्डाग्नौ इन्दुवक्त्रे बाहुवर्त्ते वा भवः આ અર્થમાં भारुकच्छ काण्डाग्नि इन्दुवक्त्र અને बाहुवर्त्त નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ તેમ જ અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી भारुकच्छकः काण्डाग्नकः ऐन्दुवक्त्रकः અને बाहुवर्त्तकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ભારુકચ્છ દેશમાં રહેનાર. કાણ્ડાગ્નિ દેશમાં રહેનાર. ઇન્દુવક્ત્ર દેશમાં રહેનાર. બાહુવર્ત્તદેશમાં રહેનાર. ॥૫૦॥

## अरण्यात् पथि-न्यायाऽध्यायेभ-नर-विहारे ६।३।५१॥

દેશાર્થક अरण्य નામને पथिन् (માર્ગ) न्याय अध्याय इभ नर અને विहार સ્વરૂપ શેષ અર્થમાં अकञ् પ્રત્યય થાય છે. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आरण्यकः पन्था न्यायोऽध्याय इभो नरो विहारो वा આવો પ્રયોગ થાય છે. અર્થ- અરણ્યમાં થનાર-રહેનાર-માર્ગ; ન્યાય, અધ્યાય; હાથી; માણસ અથવા વિહાર. ॥૫૧॥

## गोमये वा ६।३।५२॥

દેશાર્થક अरण्य નામને ગોમય સ્વરૂપ શેષ અર્થમાં વિકલ્પથી अकञ्

પ્રત્યય થાય છે. अरण्ये भवा गोमयाः આ અર્થમાં अरण्य નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आरण्यका गोमयाः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अकञ् પ્રત્યય ન થાય ત્યારે 'रूप्योत्तर० ૬-૩-૨૨' થી ण (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી आरण्या गोमयाः આવો પ્રયોગ થાય છે. અર્થ- અરણ્યમાં થનાર છાણા. ।।૫૨।।

## कुरु-युगन्धराद् वा ६।३।५३।।

દેશાર્થક कुरु અને युगन्धर નામને શેષ અર્થમાં વિકલ્પથી अकञ् પ્રત્યય થાય છે. कुरुषु युगन्धरेषु वा भवः આ અર્થમાં कुरु અને युगन्धर નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अस्वय० ૭-૪-૭૦' થી कुरु ના અન્ત્ય उ ને अव् આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कौरवकः અને यौगन्धरकः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अकञ् પ્રત્યય ન થાય ત્યારે 'भवे ६-૩-૧૨૩' ની સહાયથી 'प्राग्० ૬-૧-૧૩' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી कौरवः અને यौगन्धरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કુરુ દેશમાં રહેનાર. યુગન્ધર દેશમાં થનાર. ।।૫૩।।

## साल्वाद् गो-यवाग्वपत्तौ ६।३।५४।।

દેશાર્થક साल्व નામને गो यवागू અને पत्ति (પદાતિ) ભિન્ન મનુષ્ય સ્વરૂપ શેષ અર્થમાં अकञ् (अक) પ્રત્યય થાય છે. साल्वे भवो भवा वा (गौः यवागूः ना) આ અર્થમાં साल्व નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી साल्वको गौः; साल्विका यवागूः (साल्वक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्या० ૨-૪-૧૧૧' થી क् ની પૂર્વેના अ ને इ આદેશ.) અને साल्वको ना આવો પ્રયોગ થાય છે.

અર્થ ક્રમશઃ- સાલ્વદેશમાં રહેનાર બળદ. સાલ્વદેશમાં થનાર રાબ. સાલ્વદેશમાં રહેનાર માણસ. ॥૫૪॥

### कच्छादे र्नृ नृस्थे ६।३।५५॥

કચ્છાદિ ગણપાઠમાંનાં कच्छ વગેરે દેશાર્થક નામને મનુષ્ય અથવા મનુષ્યસ્થ (મનુષ્યમાં રહેલ) મનુષ્યત્વાદિ સ્વરૂપ શેષ અર્થમાં अकञ् (अक) પ્રત્યય થાય છે. कच्छे भवो भवम् वा આ અર્થમાં कच्छ નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી काच्छको ना અને काच्छकमस्य स्मितम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કચ્છ દેશમાં રહેનાર મનુષ્ય. કાચ્છકનું સ્મિત. ॥૫૫॥

### कोपान्त्याच्चाऽण् ६।३।५६॥

ઉપાન્ત્ય क् છે જેમાં એવા દેશાર્થક નામને તેમ જ कच्छादि ગણપાઠમાંનાં कच्छ વગેરે દેશવાચક નામને શેષ અર્થમાં अण् (अ) પ્રત્યય થાય છે. ऋषिकेषु भवः; कच्छे भवः અને सिन्धौ भवः આ અર્થમાં ऋषिक कच्छ અને सिन्धु નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ऋ अ અને इ ને વૃદ્ધિ आर् आ અને ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ૭-૪-૭૦' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી आर्षिकः काच्छः અને सैन्धवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ઋષિક દેશમાં થનાર. કચ્છ દેશમાં થનાર. સિન્ધુ દેશમાં થનાર. ॥૫૬॥

### गर्त्तोत्तरपदादीयः ६।३।५७॥

गर्त्त નામ છે ઉત્તરપદ જેનું ‌ એવા દેશાર્થક નામને શેષાર્થમાં ईय પ્રત્યય

થાય છે. श्वाविद्गर्त्ते भवः આ અર્થમાં श्वाविद्गर्त्त નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી श्वाविद्गर्त्तीयः આવો પ્રયોગ થાય છે. ॥૫૭॥

### कटपूर्वात् प्राचः ६।३।५८॥

कट નામ પૂર્વપદ છે જેનું એવા પ્રાગ્દેશાર્થક નામને શેષ અર્થમાં ईय પ્રત્યય થાય છે. कटग्रामे भवः આ અર્થમાં कटग्राम નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कटग्रामीयः આવો પ્રયોગ થાય છે. અર્થ- કટગ્રામ-પ્રાગ્દેશમાં થનાર. ॥૫૮॥

### क-खोपान्त्य-कन्था-पलद-नगर-ग्राम-ह्रदोत्तरपदाद् दोः ६।३।५९॥

क् અથવા ख् છે ઉપાન્ત્ય જેમાં એવા; તેમ જ कन्था पलद नगर ग्राम અથવા ह्रद નામ છે ઉત્તરપદ જેનું એવા दु સંજ્ઞક દેશવાચક નામને શેષ અર્થમાં ईय પ્રત્યય થાય છે. आरीहणके भवः; कौटशिखे भवः; दाक्षिकन्थायाम्भवः दाक्षिपलदे भवः; दाक्षिनगरे भवः; माहकिग्रामे भवः અને दाक्षिह्रदे भवः આ અર્થમાં आरीहणक; कौटशिख; दाक्षिकन्था; दाक्षिपलद; दाक्षिनगर; माहकिग्राम અને दाक्षिह्रद નામને ('वृद्धि र्यस्य० ૬-૧-૮' થી दु સંજ્ઞા) આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ અને आ નો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે आरीहणकीयः कौटशिखीयः दाक्षिकन्थीयः दाक्षिपलदीयः दाक्षिनगरीयः माहकिग्रामीयः અને दाक्षिह्रदीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તે તે (આરીહણક... વગેરે) નામના દેશમાં થનાર. ॥૫૯॥

### पर्वतात् ६।३।६०॥

દેશાર્થક पर्वत નામને શેષ અર્થમાં ईय પ્રત્યય થાય છે. पर्वते भवः આ

અર્થમાં પર્વત નામને ઈય પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી પર્વતીયો राजा આવો પ્રયોગ થાય છે. અર્થ- પર્વતમાં રહેનાર રાજા. ॥૬૦॥

**अनरे वा ६।३।६१॥**

દેશાર્થક પર્વત નામને મનુષ્યથી ભિન્ન એવા શેષ અર્થમાં ઈય પ્રત્યય વિકલ્પથી થાય છે. पर्वते भवानि આ અર્થમાં આ સૂત્રથી પર્વત નામને ઈય પ્રત્યય... વગેરે કાર્ય થવાથી पर्वतीयानि फलानि આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં ઈય પ્રત્યય ન થાય ત્યારે 'भवे ૬-૩-૧૨૩' ની સહાયથી 'प्राग् जि० ૬-૧-૧૩' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पार्वतानि फलानि આવો પ્રયોગ થાય છે. અર્થ- પર્વતમાં થનારા ફ્લો.॥૬૧॥

**पर्ण-कृकणाद् भारद्वाजात् ६।३।६२॥**

ભારદ્વાજ દેશાર્થક પર્ણ અને કૃકણ નામને શેષ અર્થમાં ઈય પ્રત્યય થાય છે. पर्णे कृकणे वा भवः આ અર્થમાં પર્ણ અને કૃકણ નામને આ સૂત્રથી ઈય પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पर्णीयः અને कृकणीयः આવો પ્રયોગ થાય છે. અર્થ-તે તે નામના ભારદ્વાજ દેશમાં થનાર. ॥૬૨॥

**गहादिभ्यः ६।३।६३॥**

गहादि ગણપાઠમાંનાં સંભવ મુજબ દેશાર્થક गह વગેરે નામને શેષ અર્થમાં ઈય પ્રત્યય થાય છે. गहे भवः અને अन्तस्थे भवः આ અર્થમાં गह અને अन्तस्थ નામને આ સૂત્રથી ઈય પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ

વગેરે કાર્ય થવાથી गहीयः અને अन्तस्थीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ગુફામાં થનાર. અન્તસ્થ (અંદર રહેનાર) માં થનાર. ॥૬૩॥

**पृथिवीमध्यान्मध्यमश्चास्य ६।३।६४॥**

દેશાર્થક पृथिवीमध्य નામને શેષાર્થમાં ईय પ્રત્યય થાય છે અને ત્યારે पृथिवीमध्य નામને मध्यम આદેશ થાય છે. पृथिवीमध्ये भवः આ અર્થમાં पृथिवीमध्य નામને આ સૂત્રથી ईय પ્રત્યય અને पृथिवीमध्य નામને मध्यम આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मध्यमीयः આવો પ્રયોગ થાય છે. અર્થ-પૃથ્વીના મધ્યમાં થનાર. ॥૬૪॥

**निवासाच्चरणेऽण् ६।३।६५॥**

વેદની શાખાને ભણનારા ચરણોની નિવાસભૂમિ સ્વરૂપ દેશાર્થક पृथिवीमध्यं નામને નિવાસકર્તા સ્વરૂપ શેષાર્થમાં अण् પ્રત્યય થાય છે. અને ત્યારે पृथिवीमध्य નામને मध्यम આદેશ થાય છે. पृथिवीमध्यं निवास एषां चरणानाम् આ અર્થમાં पृथिवीमध्य નામને આ સૂત્રથી अण् પ્રત્યય; અને पृथिवीमध्य નામને मध्यम આદેશ. 'वृद्धिः० ૭-૪-૧' થી मध्यम નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી माध्यमाश्चरणाः આવો પ્રયોગ થાય છે. અર્થ-પૃથ્વીમધ્યમાં રહેનારા ચરણો. ॥૬૫॥

**वेणुकादिभ्य ईयण् ६।३।६६॥**

સંભવ મુજબ वेणुकादि ગણપાઠમાંનાં वेणुक વગેરે દેશાર્થક નામને શેષાર્થમાં ईयण् (ईय) પ્રત્યય થાય છે. वेणुके वेत्रके वा भवः આ અર્થમાં वेणुक અને वेत्रक નામને આ સૂત્રથી ईयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી

આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वैणुकीयः અને वैत्रकीयः આવો પ્રયોગ થાય છે. અર્થ- તે તે નામના દેશમાં થનાર. ॥૬૬॥

**वा युष्मदस्मदोऽञीनञौ युष्माकाऽस्माकं चाऽस्यैकत्वे तु तवक-ममकम् ६।३।६७॥**

युष्मद् અને अस्मद् નામને શેષ અર્થમાં अञ् (अ) અને ईनञ् પ્રત્યય વિકલ્પથી થાય છે. અને ત્યારે युष्मद् નામને युष्माक અને अस्मद् નામને अस्माक આદેશ થાય છે. પરંતુ युष्मद् અને अस्मद् નામ એકત્વવિશિષ્ટ અર્થના વાચક હોય તો युष्मद् નામને तवक અને अस्मद् નામને ममक આદેશ થાય છે. युवयो र्युष्माकं वेयम् तथा आवयोरस्माकं वेयम् આ અર્થમાં युष्मद् અને अस्मद् નામને આ સૂત્રથી अञ् પ્રત્યય; અને युष्मद् નામને युष्माक તથા अस्मद् નામને अस्माक આદેશ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ તથા अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. यौष्माक અને आस्माक નામને સ્ત્રીલિંગમાં 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી यौष्माकी અને आस्माकी આવો પ્રયોગ થાય છે. તેમ જ युवयो र्युष्माकं वाऽयम् અને आवयोरस्माकं वाऽयम् આ અર્થમાં युष्मद् અને अस्मद् નામને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ईनञ् પ્રત્યય વગેરે કાર્ય થવાથી પુલ્લિંગમાં यौष्माकीणः અને आस्माकीनः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अञ् કે ईनञ् પ્રત્યય ન થાય ત્યારે 'त्यदादिः ૬-૧-૭' થી વિહિત दु સંજ્ઞક युष्मद् અને अस्मद् નામને 'दोरीयः ૬-૩-૩૨' થી ईय પ્રત્યયાદિ કાર્ય થવાથી પુલ્લિંગમાં युष्मदीयः અને अस्मदीयः (સ્ત્રીલિંગમાં युष्मदीया અને अस्मदीया) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તમારા બેની અથવા તમારી આ. અમારા બેની અથવા અમારી આ. તમારા બેનો અથવા તમારો આ. અમારા બેનો અથવા અમારો આ. આવી જ રીતે तवाऽयम् અને ममायम् આ અર્થમાં એકત્વવિશિષ્ટાર્થક युष्मद् અને अस्मद् નામને આ સૂત્રથી

अञ् અને ईनञ् પ્રત્યય; તેમ જ युष्मद् ને तवक અને अस्मद् ને ममक આદેશ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી तावकः, तावकीनः અને मामकः, मामकीनः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अञ् કે ईनञ् પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ ईय પ્રત્યય. 'त्वमौ प्रत्य० ૨-૧-૧૧' થી युष्म् અને अस्म् ને અનુક્રમે त्व અને म આદેશાદિ કાર્ય થવાથી त्वदीयः અને मदीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તારો આ. મારો આ. ॥૬૭॥

**द्वीपादनुसमुद्रं ण्यः ६।३।६८॥**

સમુદ્રની નજીકમાં દ્વીપાર્થક નામને શેષાર્થમાં ण्य(य) પ્રત્યય થાય છે. द्वीपे भवो जातो वा આ અર્થમાં द्वीप નામને આ સૂત્રથી ण्य પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ई ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી द्वैप्यो ना तद्वासो वा આવો પ્રયોગ થાય છે. અર્થ- સમુદ્રની નજીકમાંના દ્વીપમાં થનાર અથવા ઉત્પન્ન મનુષ્ય અથવા તેનો નિવાસ. ॥૬૮॥

**अर्धाद् यः ६।३।६९॥**

अर्ध નામને શેષ અર્થમાં य પ્રત્યય થાય છે. अर्धे भवम् આ અર્થમાં આ સૂત્રથી अर्ध નામને य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ ... વગેરે કાર્ય થવાથી अर्ध्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- અર્ધામાં થનાર.॥૬૯॥

**सपूर्वादिकण् ६।३।७०॥**

કોઈ પણ પૂર્વપદ છે જેનું એવા अर्ध નામને શેષ અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. पुष्करार्धे भवः આ અર્થમાં पुष्करार्ध નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ.

'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पौष्कराधिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- પુષ્કરાર્ધ દ્વીપમાં થનારો. ॥૭૦॥

**दिक्पूर्वात् तौ ६।३।७१॥**

દિશાવાચક નામ છે પૂર્વપદ જેનું એવા अर्ध નામને શેષ અર્થમાં य અને इकण् પ્રત્યય થાય છે. पूर्वार्धे भवम् આ અર્થમાં पूर्वार्ध નામને આ સૂત્રથી य અને इकण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. इकण् ની પૂર્વે આદ્યસ્વર ऊ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી पूर्वार्ध्यम् અને पौर्वार्धिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- પૂર્વાર્ધમાં થનાર. ॥૭૧॥

**ग्राम-राष्ट्रांशादणिकणौ ६।३।७२॥**

દિશાવાચક નામ છે પૂર્વપદ જેનું એવા ગ્રામ અને રાષ્ટ્રના અંશવાચક નામને શેષ અર્થમાં अण् (अ)અને इकण् (इक) પ્રત્યય થાય છે. ग्रामस्य राष्ट्रस्य वा पूर्वार्धे भवो जातो वा આ અર્થમાં पूर्वार्ध નામને આ સૂત્રથી अण् અને इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पौर्वार्धः અને पौर्वार्धिकः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગામ અથવા રાષ્ટ્રના પૂર્વાર્ધમાં જન્મેલો અથવા થયેલ. ॥૭૨॥

**पराऽवराऽधमोत्तमादे र्यः ६।३।७३॥**

पर अवर अधम અને उत्तम નામ છે પૂર્વપદ જેનું એવા अर्ध નામને શેષ અર્થમાં य પ્રત્યય થાય છે. परार्धे अवरार्धे अधमार्धे उत्तमार्धे वा भवम् આ અર્થમાં परार्ध अवरार्ध अधमार्ध અને उत्तमार्ध નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पराध्यम्

अवराध्यम् अधमार्ध्यम् અને उत्तमार्ध्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉપરના અર્ધભાગમાં થનાર. નીચેના અર્ધભાગમાં થનાર. ખરાબ અર્ધભાગમાં થનાર. સારા અર્ધભાગમાં થનાર. ॥૭૩॥

**अमोऽन्ताऽवोऽधसः ६।३।७४॥**

अन्त अवस् અને अधस् નામને શેષ અર્થમાં अम પ્રત્યય થાય છે. अन्ते अवः अधो वा भवो जातो वा આ અર્થમાં अन्त अवस् અને अधस् નામને આ સૂત્રથી अम પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'प्रायो० ૭-૪-૬૫' થી अवस् અને अधस् ના अस् નો લોપ વગેરે કાર્ય થવાથી अन्तमः अवमः અને अधमः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- છેલ્લો. નિન્દિત. અધમ. ॥૭૪॥

**पश्चादाद्यन्ताऽग्रादिमः ६।३।७५॥**

पश्चात् आदि अन्त અને अग्र નામને શેષ અર્થમાં इम પ્રત્યય થાય છે. पश्चात् आदौ अन्ते अग्रे वा भवो जातो वा આ અર્થમાં पश्चात् आदि अन्त અને अग्र નામને આ સૂત્રથી इम પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો અને इ નો લોપ. 'प्रायो० ૭-૪-૬૫' થી અન્ત્ય आत् નો લોપ વગેરે કાર્ય થવાથી पश्चिमः आदिमः अन्तिमः અને अग्रिमः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-પાછળ થનાર. પ્રથમ થનાર. છેલ્લા થનાર. આગળ થનાર. ॥૭૫॥

**मध्यान्मः ६।३।७६॥**

मध्य નામને શેષ અર્થમાં म પ્રત્યય થાય છે. मध्ये जातः આ અર્થમાં मध्य નામને આ સૂત્રથી म પ્રત્યયાદિ કાર્ય થવાથી मध्यमः આવો પ્રયોગ થાય છે. અર્થ-મધ્યમાં ઉત્પન્ન. ॥૭૬॥

## मध्य उत्कर्षाऽपकर्षयोरः ६।३।७७॥

ઉત્કૃષ્ટતા (ઉત્કર્ષ) અને અપકૃષ્ટતા (અપકર્ષ)- આ બે અવસ્થાની વચ્ચેની અવસ્થાના વાચક मध्य- નામને શેષ અર્થમાં अ પ્રત્યય થાય છે. नात्युत्कृष्टो नात्यपकृष्टो मध्यपरिमाणो मध्यो विद्वान् અહીં मध्य નામને આ સૂત્રથી अ પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી मध्य નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मध्यो विद्वान् આવો પ્રયોગ થાય છે. અર્થ- અત્યન્ત ઉત્કૃષ્ટ નહિ અને અત્યન્ત અપકૃષ્ટ નહિ એવો મધ્યપરિમાણવાળો વિદ્વાન્.॥૭૭॥

## अध्यात्मादिभ्य इकण् ६।३।७८॥

अध्यात्मादि ગણપાઠમાંનાં अध्यात्म વગેરે નામને શેષ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अध्यात्मं भवं जातं वा અને अधिदेवं भवं जातम् वा અર્થમાં अध्यात्म અને अधिदेव નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अनुश० ૭-૪-૨૭' થી अधि ના अ ને તેમ જ देव ના ए ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી आध्यात्मिकम् અને आधिदैविकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આત્મામાં થનાર. વાતાદિજન્ય દુઃખ.॥૭૮॥

## समानपूर्व-लोकोत्तरपदात् ६।३।७९॥

समान નામ છે પૂર્વપદ જેનું એવા નામને તેમ જ लोक નામ છે ઉત્તરપદ જેનું એવા નામને શેષ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. समानग्रामे इहलोके वा भवः આ અર્થમાં समानग्राम અને इहलोक નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अनुश० ૭-૪-૨૭' થી

इहलोक નામના इ અને ओ ને વૃદ્ધિ ऐ અને औ આદેશ. 'वृद्धिः० ૭-૪-૧' થી समान નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી सामानग्रामिकः અને ऐहलौकिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સમાનગ્રામમાં થનાર. આ લોકમાં થનાર. ॥૭૯॥

## वर्षा-कालेभ्यः ६।३।८०॥

વર્ષા નામને તેમ જ કાલવિશેષવાચક નામને શેષાર્થમાં इकण् પ્રત્યય થાય છે. वर्षासु भवः અને मासे भवः આ અર્થમાં वर्षा અને मास નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી वार्षिकः અને मासिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વર્ષામાં થનાર. મહિનામાં થનાર. અહીં યાદ રાખવું જોઈએ કે આ સૂત્રથી इकण् પ્રત્યયનું વિધાન 'भर्तु० ६-३-८९' થી વિહિત अण् પ્રત્યયનો બાધ કરે છે તેમ જ 'दोरीयः ६-३-३२' થી વિહિત ईय પ્રત્યયનો પણ આ સૂત્રથી વિહિત इकण् પ્રત્યય (આ સૂત્ર પર હોવાથી) બાધ કરે છે. તેથી આ સૂત્રમાં काल -આ પ્રમાણે સામાન્યથી ગ્રહણ હોવાં છતા काल પદથી કાલવિશેષવાચક નામનું જ ગ્રહણ થાય છે. कालेभ्यः- આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ, એ આશયથી કરાયો છે કે ગમે તે રીતે પણ; નામ જો કાલવિશેષવાચક હોય તો તેવા નામને પણ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इकण् પ્રત્યય થાય છે. તેથી निशासहचरितमध्ययनं निशा; तत्र जयी नैशिकः- અહીં निशा નામ કાલાર્થક હતું, પરન્તુ વર્તમાનમાં તે અધ્યયનાર્થ છે. આમ હોવા છતાં પણ આ સૂત્રથી અહીં इकण् પ્રત્યય થાય છે..... ઈત્યાદિ સ્વયં વિચારવું. ॥૮૦॥

## शरदः श्राद्धे कर्मणि ६।३।८१॥

શ્રાદ્ધ-પિતૃકર્મ સ્વરૂપ શેષ અર્થમાં शरद् નામને इकण् પ્રત્યય થાય છે. शरदि भवम् આ અર્થમાં આ સૂત્રથી शरद् નામને इकण् પ્રત્યય. 'वृद्धिः०

૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી शारदिकं श्राद्धम् આવો પ્રયોગ થાય છે. અર્થ- શરદ ઋતુમાં થનારું શ્રાદ્ધ. ॥૮૧॥

## नवा रोगाऽऽतपे ६।३।८२॥

शरद् નામને રોગ અને આતપ સ્વરૂપ શેષ અર્થમાં વિકલ્પથી इकण् પ્રત્યય થાય છે. शरदि भवो रोग आतपो वा આ અર્થમાં शरद् નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इकण् પ્રત્યય ન થાય ત્યારે 'भवे ६-३-१२३' ની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१'થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગરે કાર્ય થવાથી शारदिकः शारदो रोग आतपो वा આવો પ્રયોગ થાય છે. અર્થ- શરદ ઋતુમાં થનાર રોગ અથવા તડકો. ॥૮૨॥

## निशा-प्रदोषात् ६।३।८३॥

निशा અને प्रदोष નામને શેષ અર્થમાં વિકલ્પથી इकण् પ્રત્યય થાય છે. निशायां प्रदोषे वा भवः આ અર્થમાં निशा અને प्रदोष નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इकण् પ્રત્યય ન થાય ત્યારે 'भवे ६-३-१२३' ની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ તથા अ નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ તથા अ ને વૃદ્ધિ ऐ તથા आ આદેશ વગેરે કાર્ય થવાથી नैशिकः; नैशः; અને प्रादोषिकः; प्रादोषः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-રાત્રે થનાર. રાતની શરૂઆતમાં થનાર. ॥૮૩॥

## श्वसस्तादिः ६।३।८४॥

કાલાર્થક श्वस् નામને શેષ અર્થમાં વિકલ્પથી तादि इकण् (तिकण्)

પ્રત્યય થાય છે. श्वो भवः આ અર્થમાં श्वस् નામને આ સૂત્રથી तिकण् (तिक) પ્રત્યય. 'द्वारादेः ૭-૪-६' થી श्वस् ના व् ની પૂર્વે औ નો આગમ... વગેરે કાર્ય થવાથી शौवस्तिकः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી तादि इकण् પ્રત્યય ન થાય ત્યારે 'ऐषमो० ६-३-१९' થી त्यच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી श्वस्त्यः આવો પ્રયોગ થાય છે. અર્થ-આવતી કાલે થનાર. ॥૮૪॥

**चिर-परुत्-परारेस्त्नः ६।३।८५॥**

चिर परुत् परारि નામને શેષ અર્થમાં त्न પ્રત્યય વિકલ્પથી થાય છે. चिरे परुत् परारि वा भवम् આ અર્થમાં આ સૂત્રથી चिर परुत् અને परारि નામને त्न પ્રત્યય વગેરે કાર્ય થવાથી चिरत्नम् परुत्नम् અને परारित्नम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી त्न પ્રત્યય ન થાય ત્યારે 'सायं-चिरं० ६-३-८८' થી तनट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ६-૩-૮૮) चिरन्तनम् परुत्तनम् અને परारितनम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- લાંબા કાલે થનાર. ગતવર્ષમાં થનાર. ગતત્રીજા વર્ષમાં થનાર. ॥૮૫॥

**पुरो नः ६।३।८६॥**

કાલવાચક पुरा નામને શેષ અર્થમાં વિકલ્પથી न પ્રત્યય થાય છે. पुरा भवम् આ અર્થમાં पुरा નામને આ સૂત્રથી न પ્રત્યયાદિ કાર્ય થવાથી पुराणम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી न પ્રત્યય ન થાય ત્યારે 'सायं-चिरं० ६-३-८८' થી तनट् પ્રત્યયાદિ કાર્ય થવાથી पुरातनम् આવો પ્રયોગ થાય છે. અર્થ-પહેલા થનાર-જૂનું. ॥૮૬॥

**पूर्वाह्णाऽपराह्णात् तनट् ६।३।८७॥**

पूर्वाह्ण અને अपराह्ण નામને શેષ અર્થમાં વિકલ્પથી तनट् પ્રત્યય થાય

છે. पूर्वाह्णे अपराह्णे वा भवः આ અર્થમાં સપ્તમ્યન્ત पूर्वाह्ण અને अपराह्ण નામને આ સૂત્રથી तनट् (तन) પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી પ્રાપ્ત સપ્તમી લોપનો 'कालात्० ३-२-२४' થી નિષેધ વગેરે કાર્ય થવાથી पूर्वाह्णेतनः અને अपराह्णेतनः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી तनट् પ્રત્યય ન થાય ત્યારે 'वर्षाकालेभ्यः ६-३-८०' થી इकण् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી સપ્તમીનો લોપ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. આદ્ય સ્વર ऊ અને अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ औ અને आ આદેશ ... વગેરે કાર્ય થવાથી पौर्वाह्णिकः અને आपराह्णिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દિવસના પૂર્વભાગમાં થનાર. દિવસના ઉત્તરભાગમાં થનાર. ॥८७॥

### सायं-चिरं-प्राह्णे-प्रगेऽव्ययात् ६।३।८८॥

साय चिर प्राह्ण અને प्रग નામને તેમ જ अव्यय ને શેષ અર્થમાં નિત્ય तनट् પ્રત્યય થાય છે. साये चिरे प्राह्णे प्रगे दिवा वा भवम् આ અર્થમાં साय चिर प्राह्ण प्रग અને दिवा નામને આ સૂત્રથી तनट् (तन) પ્રત્યય. सायम्.... ઇત્યાદિ સૂત્રનિર્દેશના કારણે साय અને चिर નામના અન્તે म् નો આગમ. प्राह्ण અને प्रग નામના અન્ત્ય अ ને ए આદેશ વગેરે કાર્ય થવાથી सायन्तनम् चिरन्तनम् प्राह्णेतनम् प्रगेतनम् અને दिवातनम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સાંજે થનાર. લાંબા કાળે થનાર. દિવસના પૂર્વભાગમાં થનાર. સવારે થનાર. દિવસમાં થનાર. साय વગેરે નામને 'वर्षा० ६-३-८०' થી પ્રાપ્ત इकण् નો બાધ કરવા માટે, તે અવ્યયોનું अव्यय ગ્રહણથી અતિરિક્તરૂપે ગ્રહણ કર્યું છે. ॥८८॥

### भर्तु-सन्ध्यादेरण् ६।३।८९॥

કાલાર્થક-નક્ષત્રવાચક નામને ઋતુવાચક નામને અને सन्ध्यादि ગણપાઠમાંનાં सन्ध्या વગેરે નામને શેષ અર્થમાં अण् પ્રત્યય થાય છે. पुष्ये ग्रीष्मे सन्ध्यायाम्

अमावस्यायां वा भवः આ અર્થમાં નક્ષત્રવાચક पुष्य નામને; ઋતુવાચક ग्रीष्म નામને અને सन्ध्यादि ગણપાઠમાંનાં सन्ध्या તથા अमावस्या નામને આ સૂત્રથી अण् (अ) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ई અને अ ને વૃદ્ધિ औ ऐ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો અને आ નો લોપ. 'तिष्य० ૨-૪-૯૦' થી पुष्य ના य् નો લોપ વગેરે કાર્ય થવાથી पौषः ग्रैष्मः सान्ध्यः અને आमावास्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પુષ્યનક્ષત્રમાં થનાર. ગ્રીષ્મ ઋતુમાં થનાર. સન્ધ્યામાં થનાર. અમાસે થનાર. અહીં યાદ રાખવું જોઈએ કે ઉપર જણાવ્યા મુજબ નક્ષત્રાદિવાચક નામ કાલાર્થક હોય તો જ તેને શેષાર્થમાં अण् પ્રત્યય વિહિત છે. पुष्येण युक्तः कालः આ અર્થમાં 'चन्द्रेण० ६-२-६' માં જણાવ્યા મુજબ पुष्य નામને अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી कालार्थक पुष्य નામ બને છે. તેને ઉપર જણાવ્યા મુજબ શેષાર્થમાં अण् પ્રત્યય વિહિત છે. ॥૮૯॥

**संवत्सरात् फल-पर्वणोः ६।३।९०॥**

संवत्सर નામને ફલ અને પર્વ સ્વરૂપ શેષ અર્થમાં अण् પ્રત્યય થાય છે. संवत्सरे भवम् આ અર્થમાં संवत्सर નામને આ સૂત્રથી अण् (अ) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सांवत्सरं फलं पर्व वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વર્ષમાં થનારું ફલ અથવા પર્વ. ॥૯૦॥

**हेमन्ताद् वा तलुक् च ६।३।९१॥**

हेमन्त નામને શેષ અર્થમાં વિકલ્પથી अण् પ્રત્યય થાય છે; અને अण् પ્રત્યય થાય ત્યારે त् નો લોપ વિકલ્પથી થાય છે. हेमन्ते भवम् આ અર્થમાં हेमन्त નામને આ સૂત્રથી अण् (अ) પ્રત્યય; અને हेमन्त નામના त् નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮'

થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हैमनम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં त् નો લોપ ન થાય ત્યારે हैमन्तम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् પ્રત્યય ન થાય ત્યારે 'वर्षाका० ६-३-८०' થી इकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી हैमन्तिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- હેમન્ત ઋતુમાં થનાર. ॥૯૧॥

### प्रावृष एण्यः ६।३।९२॥

प्रावृष् નામને શેષ અર્થમાં एण्य પ્રત્યય થાય છે. प्रावृषि भवः આ અર્થમાં प्रावृष् નામને આ સૂત્રથી एण्य પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रावृषेण्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - વર્ષા ઋતુમાં થનાર. एण्य પ્રત્યયમાં મૂર્દ્ધન્ય ण् નું પ્રયોજન બૃહદ્વૃત્તિમાં જોવું. ॥૯૨॥

### स्थामाऽजिनान्ताल्लुप् ६।३।९३॥

स्थामन् અને अजिन નામ જેના અન્તમાં છે- એવા નામથી પરમાં રહેલા (વિહિત) શૈષિક- શેષાર્થક પ્રત્યયનો લોપ થાય છે. अश्वत्थामनि भवः આ અર્થમાં अश्वत्थामन् નામને 'अः स्थाम्नः ६-१-२२' થી વિહિત अ પ્રત્યયનો આ સૂત્રથી લોપ (लुप्). अश्व+स्थामन् આ અવસ્થામાં 'पृषोदरा० ३-२-૧૫૫' થી स् ને त् આદેશ વગેરે કાર્ય થવાથી अश्वत्थामा આવો પ્રયોગ થાય છે. सिंहाऽजिने भवः આ અર્થમાં सिंहाजिन નામને 'भवे ६-३-१२३' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી सिंहाजिनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અશ્વત્થામામાં થનાર. સિંહાજિન (ચર્મ) માં થનાર. ॥૯૩॥

## तत्र कृत-लब्ध-क्रीत–सम्भूते ६।३।९४॥

सप्तम्यन्त नामने कृत लब्ध क्रीत अने सम्भूत अर्थमां यथाविहित अण् वगेरे प्रत्यय थाय छे. आशय ए छे के- सामान्यथी प्राग् जितार्थ मां (सू.नं.६-४-२ सुधीना अर्थमां) नाममात्रने 'प्राग् जिता० ६-१-१३' थी अण् प्रत्यय तो विहित ज छे. तेथी कृतादि अर्थोमां; जे नामोने अण् प्रत्ययना अपवादभूत प्रत्ययनुं विधान नथी ते नामोने तो अण् प्रत्यय ज थाय छे. परन्तु जे नामोने अण् प्रत्ययना अपवादभूत प्रत्ययनुं विधान छे. ते नामोने तो अण् प्रत्ययना अपवादभूत प्रत्ययविशेष ज थाय छे.. स्रुघ्ने कृतो लब्धः क्रीतः सम्भूतो वा आ अर्थमां स्रुघ्न नामने आ सूत्रनी सहायथी 'प्राग् जिता० ६-१-१३' थी अण् प्रत्यय. 'वृद्धिः० ७-४-१' थी आद्य स्वर उ ने वृद्धि औ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी स्रौघ्नः आवो प्रयोग थाय छे. आवी ज रीते उत्से बहिस् नद्यां राष्ट्रे वा कृतो लब्धः क्रीतः सम्भूतो वा आ अर्थमां आ सूत्रनी सहायथी उत्स नामने 'उत्सा० ६-१-१९' थी अञ् प्रत्यय. बहिस् नामने 'बहिष० ६-१-१६' थी ज्य (य) प्रत्यय. नदी नामने 'नद्यादे० ६-३-२' थी एयण् प्रत्यय अने राष्ट्र नामने 'राष्ट्रा० ६-३-३' थी इय प्रत्यय. आद्य स्वर उ अने अ ने वृद्धि औ अने आ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ अने ई नो लोप. 'प्रायोऽव्य० ७-४-६५' थी बहिस् ना इस् नो लोप वगेरे कार्य थवाथी औत्सः बाह्यः नादेयः अने राष्ट्रियः आवो प्रयोग थाय छे. अर्थ- स्रुघ्नमां उत्समां बहार नदीमां अथवा राष्ट्रमां करेलो प्राप्त खरीदेलो अथवा संभवित-माई शके तेवो. अहीं याद राखवुं के यदन्येनोत्पादितं तत्कृतम् । यत् प्रतिग्रहादिना प्राप्तं तल्लब्धम्। यद् मूल्येन स्वीकृतं तत्क्रीतम्। यत् सम्भाव्यते संमाति वा तत् सम्भूतम् ॥९४॥

## कुशले ६।३।९५॥

सप्तम्यन्त नामने कुशल अर्थमां यथाविहित अण् एयण् ... वगेरे प्रत्यय

થાય છે. मथुरायां नद्यां वा कुशलः આ અર્થમાં मथुरा અને नदी નામને આ સૂત્રની સહાયથી અનુક્રમે 'प्राग् जि० ६-१-१३' થી अण् અને 'नद्यादे० ६-३-२' થી एयण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ અને ई નો લોપ વગેરે કાર્ય થવાથી माथुरः અને नादेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મથુરામાં કુશલ. નદીમાં કુશલ. ॥९५॥

## पथोऽकः ६।३।९६॥

સપ્તમ્યન્ત पथिन् નામને કુશલ અર્થમાં अक પ્રત્યય થાય છે. पथि कुशलः આ અર્થમાં સપ્તમ્યન્ત पथिन् નામને આ સૂત્રથી अक પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી पथिन् નામના इन् નો લોપ વગેરે કાર્ય થવાથી पथकः આવો પ્રયોગ થાય છે. અર્થ- માર્ગમાં કુશલ. ॥९६॥

## कोऽश्मादेः ६।३।९७॥

अश्मादि ગણપાઠમાંનાં સપ્તમ્યન્ત अश्मन् વગેરે નામને કુશલ અર્થમાં क પ્રત્યય થાય છે. अश्मनि कुशलः આ અર્થમાં अश्मन् નામને આ સૂત્રથી क પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી अश्मकः આવો પ્રયોગ થાય છે. અર્થ- પથ્થરમાં કુશલ. આવી જ રીતે अशनौ कुशलः આ અર્થમાં તાદૃશ अशनि નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી अशनिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-વજ્રમાં કુશલ. ॥९७॥

## जाते ६।३।९८॥

સપ્તમ્યન્ત નામને जात અર્થમાં યથાવિહિત अण् एयण् વગેરે પ્રત્યય થાય છે. मथुरायाम् उत्से बहिस् नद्याम् राष्ट्रे वा जातः આ અર્થમાં मथुरा उत्स बहिस्

નદી અને રાષ્ટ્ર નામને આ સૂત્રની સહાયથી અનુક્રમે अण् अञ् ञ्य एयण् અને इय પ્રત્યય વગેરે કાર્ય થવાથી माथुरः, औत्सः; बाह्यः; नादेयः અને राष्ट्रियः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મથુરામાં ઉત્પન્ન. ઉત્સમાં ઉત્પન્ન. બહાર ઉત્પન્ન. નદીમાં ઉત્પન્ન. રાષ્ટ્રમાં ઉત્પન્ન. (પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૬-૩-૯૪ અને ૬-૩-૯૫) ॥૯૮॥

### प्रावृष इकः ६।३।९९॥

સપ્તમ્યન્ત प्रावृष् નામને જાત અર્થમાં इक પ્રત્યય થાય છે. प्रावृषि जातः આ અર્થમાં प्रावृष् નામને આ સૂત્રથી इक પ્રત્યય વગેરે કાર્ય થવાથી प्रावृषिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- વર્ષા ઋતુમાં થનાર. ॥૯૯॥

### नाम्नि शरदोऽकञ् ६।३।१००॥

સપ્તમ્યન્ત शरद् નામને જાત અર્થમાં સંજ્ઞાનો વિષય હોય તો अकञ् (अक) પ્રત્યય થાય છે. शरदि जाताः આ અર્થમાં शरद् નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ .. વગેરે કાર્ય થવાથી शारदका दर्भाः આવો પ્રયોગ થાય છે. અર્થ- તે નામનું ઘાસવિશેષ. नाम्नीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ સપ્તમ્યન્ત शरद् નામને જાતાર્થમાં अकञ् પ્રત્યય થાય છે. તેથી शरदि जातम् આ અર્થમાં, અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી शरद् નામને अकञ् પ્રત્યય થતો નથી. પરન્તુ 'जाते ६-३-९८' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય થાય છે. જેથી शारदं सस्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- શરદ ઋતુમાં ઉત્પન્ન અનાજ. ॥૧૦૦॥

## सिन्ध्वपकरात् काऽणौ ६।३।१०१॥

સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યન્ત સિન્ધુ અને अपकर નામને क તેમ જ अण् (अ) પ્રત્યય થાય છે. सिन्धौ जातः અને अपकरे जातः આ અર્થમાં सिन्धु અને अपकर નામને આ સૂત્રથી क પ્રત્યય તેમ જ अण् (अ) પ્રત્યય. अण् પ્રત્યયની પૂર્વે આદ્યસ્વર इ અને अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अस्वय० ७-४-७०' થી उ ને अव् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सिन्धुकः; सैन्धवः અને अपकरकः; आपकरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઘોડો અથવા મીઠું. કચરામાં ઉત્પન્ન કીડો. ॥૧૦૧॥

## पूर्वाह्णाऽपराह्णाऽऽर्द्रा-मूल-प्रदोषाऽवस्करादकः ६।३।१०२॥

સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યન્ત पूर्वाह्ण अपराह्ण आर्द्रा मूल प्रदोष અને अवस्कर નામને જાત અર્થમાં अक પ્રત્યય થાય છે. पूर्वाह्णे अपराह्णे आर्द्रायाम् मूले प्रदोषे अवस्करे वा जातः આ અર્થમાં पूर्वाह्ण अपराह्ण आर्द्रा मूल प्रदोष અને अवस्कर નામને આ સૂત્રથી अक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય 'अ' તથા आ નો લોપ વગેરે કાર્ય થવાથી पूर्वाह्णकः, अपराह्णकः, आर्द्रकः मूलकः प्रदोषकः, અને अवस्करकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૂર્વાહ્ણમાં થયેલ વસ્તુવિશેષ. અપરાહ્ણમાં થયેલ વસ્તુવિશેષ. આર્દ્રામાં થયેલ વસ્તુવિશેષ. એક જાતનું ઝેર. સવારના પ્રારંભમાં થયેલ વસ્તુવિશેષ. સાવરણી. ॥૧૦૨॥

## पथः पन्थ च ६।३।१०३॥

સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યન્ત पथिन् નામને જાતાર્થમાં अक પ્રત્યય થાય છે; અને ત્યારે पंथिन् નામને पन्थ આદેશ થાય છે. पथि जातः આ અર્થમાં

પથિન્ નામને આ સૂત્રથી अक પ્રત્યય. તથા પથિન્ નામને પન્થ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી પન્થકઃ આવો પ્રયોગ થાય છે. અર્થ- રસ્તામાં ઉત્પન્ન વસ્તુવિશેષ. ।।૧૦૩।।

**अश्व वाऽमावास्यायाः ६।३।१०४।।**

સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યન્ત अमावास्या નામને જાત અર્થમાં अ અને अक પ્રત્યય વિકલ્પથી થાય છે. अमावास्यायां जातः આ અર્થમાં વિકલ્પે આ સૂત્રથી अमावास्या નામને अ અને अक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી अमावास्यः અને अमावास्यकः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अ કે अक પ્રત્યય ન થાય ત્યારે 'जाते ६-३-९८' ની સહાયથી 'प्राग् जिता० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી आमावास्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- અમાસે ઉત્પન્ન વસ્તુવિશેષ. ।।૧૦૪।।

**श्रविष्ठा-ऽषाढादीयण् च ६।३।१०५।।**

સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યન્ત श्रविष्ठा અને अषाढा નામને જાત અર્થમાં ईयण् (ईय) તેમ જ अ પ્રત્યય થાય છે. श्रविष्ठायां जातः અને अषाढायां जातः આ અર્થમાં श्रविष्ठा અને अषाढा નામને આ સૂત્રથી ईयण् પ્રત્યય. તેમ જ अ પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ. ईयण् પ્રત્યયની પૂર્વેના આદ્યસ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી श्राविष्ठीयः; श्रविष्ठः અને आषाढीयः अषाढः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શ્રવણ નક્ષત્રમાં થનાર વસ્તુવિશેષ. અષાઢા (પૂર્વાષાઢા-ઉત્તરાષાઢા) નક્ષત્રમાં થનાર વસ્તુવિશેષ. ।।૧૦૫।।

### फलुन्याष्टः ६।३।१०६॥

સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યન્ત फल्गुनी નામને જાત અર્થમાં ट (अ)પ્રત્યય થાય છે. फल्गुन्यो र्जातः આ અર્થમાં फल्गुनी નામને આ સૂત્રથી ट પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई નો લોપ વગેરે કાર્ય થવાથી फ ल्गुनः આવો પ્રયોગ થાય છે. અર્થ- ફલ્ગુની નક્ષત્રમાં ઉત્પન્ન વસ્તુવિશેષ. ||૧૦૬||

### बहुलाऽनुराधा-पुष्यार्थ-पुनर्वसु-हस्त-विशाखा-स्वाते र्लुप् ६।३।१०७॥

સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યન્ત बहुला, अनुराधा, પુષ્યાર્થક पुष्य વગેરે; पुनर्वसु हस्त विशाखा અને स्वाति નામથી પરમાં રહેલા-'भर्तु-सन्ध्या०६-३-८९' થી વિહિત अण् પ્રત્યયનો લોપ (लुप् સ્વરૂપ) થાય છે. बहुलासु; अनुराधासु; पुष्ये; पुनर्वसौ; हस्ते; विशाखायाम्; स्वातौ वा जातः આ અર્થમાં 'भर्तु० ६-३-८९' થી अण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ. 'ङ्यादे० २-४-९५' થી बहुल अनुराधा અને विशाखा નામના आप् પ્રત્યયની નિવૃત્તિ. अनुराधा ના उ ને 'घञ्युप० ३-२-८६' થી દીર્ઘ ऊ આદેશ... વગેરે કાર્ય થવાથી बहुलः; अनूराधः; पुष्यः; पुनर्वसुः; हस्तः; विशाखः અને स्वातिः शिशुः આવો પ્રયોગ થાય છે. અર્થ- બહુલા (કૃત્તિકા); અનુરાધા; પુષ્ય; પુનર્વસુ; હસ્ત; વિશાખા અને સ્વાતિ નક્ષત્રમાં જન્મેલ છોકરો. ||૧૦૭||

### चित्रा-रेवती-रोहिण्याः स्त्रियाम् ६।३।१०८॥

સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યન્ત चित्रा रेवती અને रोहिणी નામને; સ્ત્રીલિંગ જાતાર્થની વિવક્ષામાં વિહિત ('६-३-८९' થી વિહિત) अण् પ્રત્યયનો લોપ (लुप्) થાય છે. चित्रायां रेवत्यां रोहिण्यां वा जाता આ અર્થમાં 'भर्तुसन्ध्या० ६-३-८९' થી चित्रा रेवती અને रोहिणी નામને अण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ. 'ङ्यादे० २-४-९५' થી आप् અને ङी પ્રત્યયની નિવૃત્તિ. 'आत् २-४-

૧૮' થી चित्र નામને आप् (आ) પ્રત્યય. 'रेवत० २-४-२६' થી रेवत અને रोहिण નામને ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી चित्रा स्त्री; रेवती અને रोहिणी આવો પ્રયોગ થાય છે. અર્થ-ચિત્રા રેવતી અને રોહિણી નક્ષત્રમાં જન્મેલી સ્ત્રી. ॥૧૦૮॥

### बहुलमन्येभ्यः ६।३।१०९॥

श्रविष्ठा વગેરે (સૂ. નં. ૬-૩-૧૦૫ થી ૧૦૮ સુધીના ચાર સૂત્રોમાં જણાવેલ) નક્ષત્રવાચક નામોને છોડીને બીજા નક્ષત્રવાચક સપ્તમ્યન્ત નામોને જાત અર્થમાં વિહિત अण् પ્રત્યયનો સંજ્ઞાના વિષયમાં બહુલતયા (મોટાભાગે) લોપ (લુપ્) થાય છે. अभिजिति अश्वयुजि वा जातः આ અર્થમાં अभिजित् અને अश्वयुज् નામને 'भर्तुसन्ध्या० ६-३-८९' થી अण् પ્રત્યય. આ સૂત્રથી अण् નો લોપ વગેરે કાર્ય થવાથી अभिजित् અને अश्वयुक् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી બહુલતયા લોપ થતો હોવાથી વિકલ્પપક્ષમાં अण् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ વગેરે કાર્ય થવાથી आभिजितः અને आश्वयुजः આવો પ્રયોગ થાય છે. ઉપર જણાવ્યા મુજબ બહુલતયા આ સૂત્રથી લોપ થતો હોવાથી કોઈ સ્થાને નિત્યલોપ થાય છે અને કોઈ સ્થાને લોપ થતો નથી. તેથી अश्विनीषु जातः અહીં अश्विनी નામને ઉપર જણાવ્યા મુજબ વિહિત अण् પ્રત્યયનો આ સૂત્રથી લોપ (લુપ્) થવાથી 'ङ्यादे० २-४-९५' થી ङी પ્રત્યયની નિવૃત્તિ .. વગેરે કાર્ય થવાથી अश्विनः આવો પ્રયોગ થાય છે. અને मघासु जातः આ અર્થમાં मघा નામને ઉપર જણાવ્યા મુજબ વિહિત अण् પ્રત્યયનો આ સૂત્રથી લોપ થતો નથી. તેથી मघा+अण् આ અવસ્થામાં 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી माघः આવો પ્રયોગ થાય છે. અર્થ-અભિજિત્ અશ્વયુજ્ અશ્વિની અથવા મઘા નક્ષત્રમાં ઉત્પન્ન છોકરો. ॥૧૦૯॥

## स्थानान्त - गोशाल - खरशालात् ६।३।११०॥

સપ્તમ્યન્ત - સ્થાનાન્ત (સ્થાન નામ છે અન્તમાં જેના એવા નામો); ગોશાલ અને ખરશાલ નામને જાત અર્થમાં વિહિત (अण् વગેરે) પ્રત્યયનો સંજ્ઞાના વિષયમાં લોપ (લુપ્) થાય છે. गोस्थाने गोशाले खरशाले वा जातः આ અર્થમાં ગોસ્થાન ગોશાલ અને ખરશાલ નામને 'जाते ६-३-९८' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી गोस्थानः गोशालः અને खरशालः આવો પ્રયોગ થાય છે. અર્થ-તે નામનો (ગોસ્થાનાદિ નામનો) છોકરો. ॥११०॥

## वत्सशालाद् वा ६।३।१११॥

સપ્તમ્યન્ત वत्सशाल નામને જાત અર્થમાં વિહિત પ્રત્યયનો સંજ્ઞાના વિષયમાં વિકલ્પથી લોપ (લુપ્) થાય છે. वत्सशाले जातः આ અર્થમાં 'जाते ६-३-९८' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી वत्सशाल નામને अण् પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ વગેરે કાર્ય થવાથી वत्सशालः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ .. વગેરે કાર્ય થવાથી वात्सशालः આવો પ્રયોગ થાય છે. અર્થ-વત્સશાલ નામનો છોકરો. ॥१११॥

## सोदर्य-समानोदर्यौ ६।३।११२॥

જાત અર્થમાં य-પ્રત્યયાન્ત सोदर्य અને समानोदर्य નામનું નિપાતન કરાય છે. समानोदरे जातः આ અર્થમાં समानोदर નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. નિપાતનના કારણે समान ને स આદેશ ... વગેરે કાર્ય થવાથી सोदर्यः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં

આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે समानोदर्यः આવો પ્રયોગ થાય છે. નિપાતનના કારણે; જાતાર્થમાં પ્રત્યય વિહિત હોવા છતાં ભાઈ અર્થમાં જ તે નામનો પ્રયોગ થાય છે. અર્થ-સગો ભાઈ. ॥૧૧૨॥

## कालाद् देये ऋणे ६।३।११३॥

સપ્તમ્યન્ત કાલવિશેષવાચક નામને દેય સ્વરૂપ ઋણ અર્થમાં યથાવિહિત પ્રત્યય (इकण् વગેરે) થાય છે. मासे देयमृणम् આ અર્થમાં मास નામને આ સૂત્રની સહાયથી 'वर्षाकालेभ्यः ६-३-८०' થી इकण् (इक) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मासिकमृणम् આવો પ્રયોગ થાય છે અર્થ-મહિનામાં આપવાનું ઋણ-દેવું. ॥૧૧૩॥

## कलाप्यश्वत्थ-यवबुसोमाव्यासैषमसोऽकः ६।३।११४॥

કાલવિશેષવાચક સપ્તમ્યન્ત कलापिन् अश्वत्थ यवबुस उमाव्यास ऐषमस् નામને દેય સ્વરૂપ ઋણ અર્થમાં अक પ્રત્યય થાય છે. મોરનો નાચ જે મહિનામાં થાય છે તે મહિનો कलापिन् કહેવાય છે. પિપળો જે મહિનામાં ફળે છે, તે મહિનાને अश्वत्थ કહેવાય છે. જે મહિનામાં યવને બુસ આવે છે, તે મહિનાને यवबुस કહેવાય છે. જે મહિનામાં ઉમા નામનું ધાન્ય વવાય છે તે મહિનાને उमाव्यास કહેવાય છે. कलापिनि अश्वत्थे यवबुसे उमाव्यासे ऐषमो (अस्मिन् संवत्सरे) वा देयमृणम् આ અર્થમાં कलापिन् अश्वत्थ यवबुस उमाव्यास અને ऐषमस् નામને આ સૂત્રથી अक પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી कलापिन् નામના इन् નો લોપ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'प्रायो० ७-४-६५' થી ऐषमस् ના अस् નો લોપ વગેરે કાર્ય થવાથી कलापकम्; अश्वत्थकम्; यवबुसकम्, उमाव्यासकम् અને ऐषमकमृणम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કલાપિન્ માસમાં આપવાનું દેવું. અશ્વત્થમાસમાં આપવાનું દેવું. યવબુસ(બુસ-ભૂસું) માસમાં આપવાનું દેવું. ઉમાવ્યાસ (ઉમા-

અળસી) માસમાં આપવાનું દેવું. આ વરસે આપવાનું દેવું. ॥૧૧૪॥

## ग्रीष्माऽवरसमादकञ् ६।३।११५॥

કાલવાચક સપ્તમ્યન્ત ग्रीष्म અને अवरसमा નામને દેય સ્વરૂપ ઋણ અર્થમાં अकञ् પ્રત્યય થાય છે. ग्रीष्मे अवरसमायां देयमृणम् આ અર્થમાં ग्रीष्म અને अवरसमा નામને अकञ् (अक) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ई તથા अ ને વૃદ્ધિ ऐ તથા आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ તથા आ નો લોપ વગેરે કાર્ય થવાથી ग्रैष्मकम् અને आवरसमकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગ્રીષ્મ કાળમાં આપવાનું દેવું. બીજા વર્ષમાં આપવાનું દેવું. ॥૧૧૫॥

## संवत्सराऽऽग्रहायण्या इकण् च ६।३।११६॥

સપ્તમ્યન્ત संवत्सर અને आग्रहायणी નામને દેય સ્વરૂપ ઋણ અર્થમાં इकण् અને अकञ् પ્રત્યય થાય છે. संवत्सरे देयमृणं फलं पर्व वा અને आग्रहायण्यां देयमृणम् આ અર્થમાં संवत्सर અને आग्रहायणी નામને આ સૂત્રથી इकण् અને अकञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ અને ई નો લોપ વગેરે કાર્ય થવાથી सांवत्सरिकम्; सांवत्सरकम् फलं पर्व वा અને आग्रहायणिकम् आग्रहायणकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વર્ષમાં આપવાનું ઋણ ફળ અથવા પર્વ. માર્ગશીર્ષ પૂનમે આપવાનું ઋણ.

અહીં યાદ રાખવું જોઈએ કે- સૂત્રમાં इकण् च આ પ્રમાણે જે પાઠ છે; તેના સ્થાને वा- આ પ્રમાણે પાઠ કર્યો હોત તો પણ; વિકલ્પપક્ષમાં 'वर्षाकालेभ्यः ६-३-८०' થી इकण् પ્રત્યય થાત. પરન્તુ 'संवत्सरात्० ६-३-९०' થી વિહિત अण् પ્રત્યયનો બાધ કરવા 'वा'- આ પ્રમાણે પાઠ ન કરતા इकण् च- આવો પાઠ કર્યો છે. ॥૧૧૬॥

## साधु-पुष्यत्-पच्यमाने ६।३।११७॥

સપ્તમ્યન્ત काल- વિશેષવાચક નામને साधु (ઉપયોગી); पुष्यत् (ખીલવું) અને पच्यमान (પાકવું) અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. हेमन्ते साधु; वसन्ते पुष्यन्ति અને शरदि पच्यन्ते આ અર્થમાં આ સૂત્રની સહાયથી वसन्त અને शरद् નામને 'भर्तुसन्ध्या० ६-३-८९' થી अण् પ્રત્યય. हेमन्त નામને 'हेमन्ता० ६-३-९१' થી अण् પ્રત્યય અને તેના યોગમાં त् નો (हेमन्त નામના त् નો) વિકલ્પથી લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ અને ए ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. वासन्त નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી हैमनं हैमन्तमनुलेपनम्; वासन्त्यः कुन्दलताः અને शारदाः शालयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- હેમન્ત ઋતુમાં ચન્દનનું અનુલેપન સારું છે. વસન્ત ઋતુમાં ખીલનારી મચકુંદ લતાઓ. શરદ ઋતુમાં પાકતી ડાંગર. ॥११७॥

## उप्ते ६।३।११८॥

સપ્તમ્યન્ત કાલવિશેષવાચક નામને उप्त (વાવેલું) અર્થમાં યથાવિહિત (अण्... વગેરે) પ્રત્યય થાય છે. शरदि हेमन्ते वा उप्ताः આ અર્થમાં शरद् અને हेमन्त નામને આ સૂત્રની સહાયથી अण् (જુઓ સૂ.નં. ૬-૩-૧૧૭) પ્રત્યયાદિ કાર્ય થવાથી शारदा यवाः અને हैमनाः આવો પ્રયોગ થાય છે. અર્થ- શરદ ઋતુમાં અથવા હેમન્ત ઋતુમાં વાવેલા જવ. ॥११८॥

## आश्वयुज्या अकञ् ६।३।११९॥

સપ્તમ્યન્ત आश्वयुजी નામને उप्त (વાવેલું) અર્થમાં अकञ् પ્રત્યય થાય છે. आश्वयुज्यामुप्ताः આ અર્થમાં आश्वयुजी નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ई નો લોપ વગરે કાર્ય થવાથી

आश्वयुजका माषाः આવો પ્રયોગ થાય છે. અર્થ- અશ્વિની નક્ષત્રથી યુક્ત પૂનમે વાવેલા અડદ. ||૧૧૯||

### ग्रीष्म-वसन्ताद् वा ६।३।१२०||

સપ્તમ્યન્ત ग्रीष्म અને वसन्त નામને उप्त અર્થમાં વિકલ્પથી अकञ् પ્રત્યય થાય છે. ग्रीष्मे वसन्ते वोप्तम् આ અર્થમાં ग्रीष्म અને वसन्त નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ७ ४-१' થી આદ્યસ્વર ई અને अ ને વૃદ્ધિ ऐ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી ग्रैष्मकम् અને वासन्तकम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય ન થાય ત્યારે 'उप्ते ६-३-११८' ની સહાયથી 'भर्तुसन्ध्या० ६-३-८९' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી ग्रैष्मम् અને वासन्तम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગ્રીષ્મ ઋતુમાં વાવેલું અનાજ. વસન્ત ઋતુમાં વાવેલું અનાજ. ||૧૨૦||

### व्याहरति मृगे ६।३।१२१||

કાલવિશેષ-વાચક સપ્તમ્યન્ત નામને व्याहरति અર્થમાં; તેનો કર્તા મૃગ હોય તો; યથાવિહિત (अण् વગેરે) પ્રત્યય થાય છે. निशायां व्याहरति मृगः આ અર્થમાં निशा નામને તેમ જ प्रदोषे व्याहरति मृगः આ અર્થમાં प्रदोष નામને આ સૂત્રની સહાયથી 'निशा-प्रदोषात् ६-३-८३' થી इकण् અને તેમાં જણાવ્યા મુજબ વિકલ્પપક્ષમાં अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી नैशिको नैशो वा शृगालः અને प्रादोषिकः प्रादोषो वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- રાતમાં બોલનાર શિયાળ. રાતની શરૂઆતમાં બોલનાર શિયાળ. અહીં મૃગ શબ્દાર્થ વન્યપશુ છે. मृग इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ મૃગ સ્વરૂપ જ વ્યાહરણ કર્તા હોય તો, व्याहरति અર્થમાં સપ્તમ્યન્ત કાલવિશેષવાચક નામને अण् વગેરે- યથાવિહિત પ્રત્યય થાય છે. તેથી वसन्ते व्याहरति कोकिलः

આ અર્થમાં वसन्त નામને આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ अण् વગેરે પ્રત્યય થતો નથી. અર્થ-વસન્ત ઋતુમાં કોકિલ બોલે છે. ||૧૨૧||

## जयिनि च ६।३।१२२॥

સપ્તમ્યન્ત કાલાર્થક નામને જયી- અભ્યાસી અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. તે તે કાલમાં થનાર અધ્યયન તે તે કાલવાચક નામથી ઓળખાય છે. निशायां (निशाध्ययने) जयी અને प्रदोषे (प्रदोषाध्ययने) जयी આ અર્થમાં निशा અને प्रदोष નામને આ સૂત્રની સહાયથી 'निशा-प्रदोषात् ६-३-८३' થી તેમાં જણાવ્યા મુજબ इकण् અને अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી नैशिकः; नैशः અને प्रादोषिकः; प्रादोषः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે वर्षायां (वर्षाकालिकाध्ययने) जयी આ અર્થમાં આ સૂત્રની સહાયથી वर्षा નામને 'वर्षा-कालेभ्यः ६-३-८०' થી તેમાં જણાવ્યા મુજબ इकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી वार्षिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- રાત્રિના અધ્યયનમાં અભ્યાસી. રાત્રિની શરૂઆતના ભાગમાં થનાર અધ્યયનમાં અભ્યાસી. વર્ષા કાલમાં થનાર અધ્યયનમાં અભ્યાસી. સૂત્રમાં 'च' નું ઉપાદાન कालात् ની અનુવૃત્તિ લાવવા માટે છે. તેથી 'च' થી અનુકૃષ્ટ; આગળના સૂત્રમાં નહિ જાય. ||૧૨૨||

## भवे ६।३।१२३॥

સપ્તમ્યન્ત નામને भव અર્થમાં; યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. स्रुघ्ने, उत्से, नद्यां ग्रामे वा भवः આ અર્થમાં આ સૂત્રની સહાયથી स्रुघ्न નામને 'प्राग् जि० ६-१-१३' થી अण्; उत्स નામને 'उत्सादे० ६-१-१९' થી अञ्; नदी નામને 'नद्यादे० ६-३-२' થી एयण् અને ग्राम નામને 'ग्रामा० ६-३-९' થી य પ્રત્યયાદિ કાર્ય તે તે સૂત્રમાં જણાવ્યા મુજબ થવાથી स्रौघ्नः औत्सः नादेयः અને ग्राम्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્રુઘ્નમાં થનાર.

ઉત્સમાં થનાર. નદીમાં થનાર. ગામમાં થનાર. અહીં ભવાર્થ સત્તામાત્ર (રહેવું તે) છે પરન્તુ ઉત્પન્ન અર્થ નથી. ॥૧૨૩॥

## दिगादिदेहांशाद् यः ६।३।१२४॥

दिगादि ગણપાઠમાંનાં दिश् વગેરે સપ્તમ્યન્ત નામને તેમ જ દેહ- શરીરના અવયવાર્થક સપ્તમ્યન્ત નામને ભવ અર્થમાં य પ્રત્યય થાય છે. दिशि अप्सु मूर्धनि वा भवः આ અર્થમાં સપ્તમ્યન્ત दिशि अप्सु मूर्धनि શબ્દને આ સૂત્રથી य પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી, दिश् અને मूर्धन् નામથી વિહિત સપ્તમીનો લોપ. 'अपो य० ३-२-२८' થી अप् નામથી વિહિત સપ્તમીના લોપનો નિષેધ. 'अस्वय० ७-४-७०' થી अप्सु ના उ ને अव् આદેશ. मूर्धन् ના अन् ના લોપનો 'अनोऽट्ये० ७-४-५१' થી નિષેધ વગેરે.કાર્ય થવાથી दिश्यः अप्सव्यः અને मूर्धन्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-દિશામાં રહેનાર. પાણીમાં રહેનાર. માથામાં રહેનાર. ॥૧૨૪॥

## नाम्न्युदकात् ६।३।१२५॥

સંજ્ઞાના વિષયમાં સપ્તમ્યન્ત उदक નામને ભવ અર્થમાં य પ્રત્યય થાય છે. उदके भवा આ અર્થમાં उदक નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'आत् २-४-१८' થી उदक्य નામને आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી उदक्या रजस्वला આવો પ્રયોગ થાય છે. અર્થ- રજસ્વલા સ્ત્રી. ॥૧૨૫॥

## मध्याद् दिनण्-णेया मोन्तश्च ६।३।१२६॥

સપ્તમ્યન્ત मध्य નામને दिनण् (दिन); ण (अ) અને ईय પ્રત્યય થાય છે અને ત્યારે मध्य નામના અન્તે म् નો આગમ થાય છે. मध्ये भवाः આ

અર્થમાં મધ્ય નામને આ સૂત્રથી दिनण् પ્રત્યય. તેમજ मध्ये भवः આ અર્થમાં मध्य નામને આ સૂત્રથી ण અને ईय પ્રત્યય. दिनण् અને ण પ્રત્યયની પૂર્વે આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી मध्य નામના અન્તે म् નો આગમ વગેરે કાર્ય થવાથી माध्यन्दिनाः; माध्यमः અને मध्यमीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-મધ્યમાં રહેનારા. મધ્યમાં રહેનાર. મધ્યમાં રહેનાર. ||૧૨૬||

### जिह्वामूलाङ्गुलेश्चेयः ६।३।१२७॥

સપ્તમ્યન્ત जिह्वामूल अङ्गुलि અને मध्य નામને ભવ અર્થમાં ईय પ્રત્યય થાય છે. जिह्वामूले अङ्गुलौ मध्ये वा भवः આ અર્થમાં जिह्वामूल अङ्गुलि અને मध्य નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ તથા इ નો લોપ વગેરે કાર્ય થવાથી जिह्वामूलीयः अङ्गुलीयः અને मध्यीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-જિહ્વામૂલમાં રહેનાર. આંગળીમાં રહેનાર. મધ્યમાં રહેનાર. અહીં સૂત્રસ્થ च પદથી मध्य નામનું અનુકર્ષણ છે. યદ્યપિ પૂર્વ (૧૨૬) સૂત્રથી मध्य નામને ईय પ્રત્યય વિહિત જ હતો. પરન્તુ તેના યોગમાં म् નો આગમ પણ વિહિત હોવાથી ; म् નો આગમ ईय પ્રત્યયની પૂર્વે ન પણ થાય-એ માટે च પદથી અહીં मध्य નામનું અનુકર્ષણ કર્યું છે. ||૧૨૭||

### वर्गान्तात् ६।३।१२८॥

वर्ग શબ્દ છે અન્તમાં જેના એવા સપ્તમ્યન્ત નામને ભવાર્થમાં ईय પ્રત્યય થાય છે. कवर्गे भवः આ અર્થમાં कवर्ग નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कवर्गीयः આવો પ્રયોગ થાય છે. અર્થ-કવર્ગનો વર્ણ. ||૧૨૮||

## ईन-यौ चाशब्दे ६।३।१२९॥

ભવાર્થ શબ્દ ન હોય તો; વર્ગ શબ્દ છે અન્તમાં જેના એવા સપ્તમ્યન્ત નામને ભવાર્થમાં ईन य અને ईय પ્રત્યય થાય છે. भरतवर्गे भवः આ અર્થમાં भरतवर्ग નામને આ સૂત્રથી ईन य અને ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી भरतवर्गीणः; भरतवर्ग्यः અને भरतवर्गीयः આવો પ્રયોગ થાય છે.અર્થ-ભરતવર્ગનો (સમકક્ષ) માણસ. शब्दे तु कवर्गीयः= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વર્ગ શબ્દ છે અન્તમાં જેના એવા સપ્તમ્યન્ત નામને શબ્દભિન્ન જ ભવાર્થમાં ईन य અને ईय પ્રત્યય થાય છે. તેથી कवर्गे भवः આ અર્થમાં (શબ્દસ્વરૂપ ભવાર્થમાં) આ સૂત્રથી कवर्ग નામને ईन વગેરે પ્રત્યય થતો નથી. પરન્તુ 'वर्गान्तात् ૬-૩-૧૨૮' થી ईय જ પ્રત્યય થાય છે. જેથી कवर्गीयः આવો પ્રયોગ થાય છે. અર્થ-કવર્ગીય વર્ણ. ॥૧૨૯॥

## दृति-कुक्षि-कलशि-वस्त्यहेरेयण् ६।३।१३०॥

સપ્તમ્યન્ત दृति कुक्षि कलशि वस्ति અને अहि નામને ભવાર્થમાં एयण् પ્રત્યય થાય છે. दृतौ कलशौ वस्तौ अहौ वा भवम् અને कुक्षौ वा भवः આ અર્થમાં दृति कुक्षि कलशि वस्ति અને अहि નામને આ સૂત્રથી एयण् (एय) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ऋ उ તથા अ ને વૃદ્ધિ आर् औ તથા आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી दार्त्तेयं जलम्; कौक्षेयो व्याधिः; कालशेयं तक्रम्; वास्तेयं पुरीषम् અને आहेयं विषम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-મશકનું પાણી. પેટનો રોગ. કળશીમાંની છાશ. વસ્તિ (મૂત્રાધાર નાભિની નીચેનો શરીરનો ભાગવિશેષ) માં રહેનારી-વિષ્ટા. સર્પનું વિષ. ॥૧૩૦॥

## आस्तेयम् ६।३।१३१॥

धन અથવા विद्यमान अर्थ છે જેનો એવા अस्ति નામને ભવાર્થમાં एयण् પ્રત્યયનું અથવા સપ્તમ્યન્ત असृज् નામને ભવાર્થમાં एयण् પ્રત્યય તથા असृज् નામને अस्ति આદેશનું નિપાતન કરાય છે. अस्ति भवम् અથવા असृजि भवम् આ અર્થમાં अस्ति અને असृजि નામને આ સૂત્રથી एयण् (एय) પ્રત્યય; તથા असृज् નામને अस्ति આદેશ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી आस्तेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ધનમાં વિદ્યમાનમાં અથવા લોહીમાં રહેનારું. ॥૧૩૧॥

## ग्रीवातोऽण् च ६।३।१३२॥

સપ્તમ્યન્ત ग्रीवा નામને ભવાર્થમાં अण् અને एयण् પ્રત્યય થાય છે. ग्रीवायां भवम् આ અર્થમાં ग्रीवा નામને આ સૂત્રથી अण् અને एयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ई ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી ग्रैवम् અને ग्रैवेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ-કંઠમાં રહેનાર અલંકાર. ॥૧૩૨॥

## चतुर्मासान्नाम्नि ६।३।१३३॥

સપ્તમ્યન્ત चतुर्मास નામને ભવ અર્થમાં સંજ્ઞાના વિષયમાં अण् પ્રત્યય થાય છે. चतुर्षु मासेषु भवा આ અર્થમાં द्विगु સમાસાદિ કાર્યથી નિષ્પન્ન चतुर्मास નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. चातुर्मास નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી चातुर्मासी આવો પ્રયોગ થાય છે. અર્થ-અષાઢ કાર્તિક અથવા ફાલ્ગુન મહિનાની પૂનમ. અહીં

'द्विगो० ६-१-२४' थी अण् પ્રત્યયના લોપની પ્રાપ્તિ હતી. પરન્તુ એમ કરવું હોત તો આ સૂત્રથી તેનું વિધાન જ ન કરત. તેથી વિધાનસામર્થ્યથી જ તે સૂત્રથી પ્રાપ્ત પણ अण् પ્રત્યયનો લોપ થતો નથી. ॥૧૩૩॥

**यज्ञे ञ्यः ६।३।१३४॥**

સપ્તમ્યન્ત चतुर्मास નામને યજ્ઞ સ્વરૂપ ભવાર્થમાં ञ्य (य) પ્રત્યય થાય છે. चतुर्षु मासेषु भवाः આ અર્થમાં દ્વિગુ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન चतुर्मास નામને આ સૂત્રથી ञ्य (य) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી चातुर्मास्या यज्ञाः આવો પ્રયોગ થાય છે. અર્થ-ચોમાસામાં થનાર યજ્ઞો. ॥૧૩૪॥

**गम्भीर-पञ्चजन-बहि र्देवात् ६।३।१३५॥**

સપ્તમ્યન્ત गम्भीर पञ्चजन बहिस् અને देव નામને ભવાર્થમાં ञ्य (य) પ્રત્યય થાય છે. गम्भीरे पञ्चजनेषु बहिर् देवे वा भवः આ અર્થમાં गम्भीर पञ्चजन बहिस् અને देव નામને આ સૂત્રથી ञ्य પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ અને ए ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'प्रायोऽव्ययस्य ७-४-६५' થી बहिस् ના इस् નો લોપ વગેરે કાર્ય થવાથી गाम्भीर्यः पाञ्चजन्यः बाह्यः અને दैव्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગંભીરમાં રહેનાર. પઞ્ચજનમાં રહેનાર. બહાર રહેનાર. દેવમાં રહેનાર. ॥૧૩૫॥

**परिमुखादेरव्ययीभावात् ६।३।१३६॥**

परिमुखादि ગણપાઠમાંના परिमुख વગેરે અવ્યયીભાવ સમાસને ભવાર્થમાં

ञ्य प्रत्यय थाय छे. परितो (सर्वतो) मुखम् આ અર્થમાં આ સૂત્રસામર્થ્યથી જ परि ને मुख નામની સાથે અવ્યયીભાવ સમાસ. અથવા मुखात् परि આ અર્થમાં 'पर्यपाङ्० ३-१-३२' થી परि ને मुख નામની સાથે અવ્યયીભાવ સમાસ. परिमुखे भवः અને परिहनु (परितो हनु) भवः આ અર્થમાં परिमुख અને परिहनु નામને (અવ્યયીભાવ સમાસાત્મક નામને) આ સૂત્રથી ञ्य પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને वृद्धि आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી पारिमुख्यः અને पारिहनव्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મુખની બધી બાજુ રહેનાર. હડપચીની બધી બાજુ રહેનાર. ॥१३६॥

### अन्तःपूर्वादिकण् ६।३।१३७॥

अन्तर् નામ છે પૂર્વપદ જેનું એવા અવ્યયીભાવ સમાસને ભવાર્થમાં इकण् પ્રત્યય થાય છે. अन्तरगारे (अगारस्यान्तः) भवः આ અર્થમાં अन्तरगार નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને वृद्धि आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आन्तरगारिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘરની અંદર રહેનાર. ॥१३७॥

### पर्यनो र्ग्रामात् ६।३।१३८॥

परि અને अनु નામથી પરમાં રહેલો ग्राम શબ્દ છે અન્તમાં જેના એવા અવ્યયીભાવ સમાસને ભવાર્થમાં इकण् પ્રત્યય થાય છે. परिग्राममनुग्रामं वा भवः આ અર્થમાં परिग्राम અને अनुग्राम નામને આ સૂત્રથી इकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ.નં. ६-३-१३७) पारिग्रामिकः અને आनुग्रामिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ગામને છોડીને રહેનાર. ગામની નજીકમાં રહેનાર. ग्रामात् परि-परिग्रामम् ; ग्रामस्य समीपम्- अनुग्रामम् ॥१३८॥

## उपाज्जानु-नीवि-कर्णात् प्रायेण ६।३।१३९॥

उप અવ્યયથી પરમાં રહેલા जानु नीवि અથવા कर्ण નામ છે અન્તમાં જેના એવા અવ્યયીભાવ સમાસને પ્રાયેણ तत्र ભવાર્થમાં इकण् પ્રત્યય થાય છે. उपजानु (जानुनः समीपम्), उपनीवि (नीवेः समीपम्) અને उपकर्णम् (कर्णस्य समीपम् तत्र) वा प्रायेण भवः આ અર્થમાં उपजानु उपनीवि અને उपकर्ण નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ અને इ નો લોપ. 'ऋवर्णो० ૭-૪-૭૧' થી उपजानु થી પરમાં રહેલા इकण् ના इ નો લોપ વગેરે કાર્ય થવાથી औपजानुकः सेवकः; औपनीविकं ग्रीवादाम; અને औपकर्णिकः सूचकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–ઢીંચણ પાસે પ્રાયઃ રહેનાર સેવક. નીવિ (અધોવસ્ત્ર-ઘાઘરા વગેરેની દોરી) પાસે પ્રાયઃ રહેનાર કંઠની માળા. કાન પાસે (વાત કહેવા) પ્રાયઃ રહેનાર ગુપ્તચર. ॥૧૩૯॥

## रूढावन्तःपुरादिकः ६।३।१४०॥

રૂઢ (કોઈ વસ્તુની સંજ્ઞા તરીકે રૂઢ) अन्तःपुर નામને તત્રભવાર્થમાં इक પ્રત્યય થાય છે. સામાન્યપણે એક પુરુષે ગ્રહણ કરેલી સ્ત્રીઓના સમુદાયમાં अन्तःपुर નામ રૂઢ છે. ઉપચારથી અન્તઃપુરની નિવાસભૂમિને પણ अन्तःपुर કહેવાય છે. अन्तःपुरे भवा આ અર્થમાં अन्तःपुर નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. अन्तःपुरिक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી अन्तःपुरिका આવો પ્રયોગ થાય છે. અર્થ-અન્તઃપુરમાં રહેનારી. रूढ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ રૂઢિ ગમ્યમાન હોય તો જ अन्तःपुर નામને ભવાર્થમાં इक પ્રત્યય થાય છે. તેથી अन्तःपुरे (पुरस्यान्तर्गतम् अन्तःपुरम् तत्र) भवः આ અર્થમાં अन्तःपुर નામને 'भवे ૬-૩-૧૨૩' ની સહાયથી 'प्राग् जि० ૬-૧-૧૩' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-

૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आन्तःपुरः આવો પ્રયોગ થાય છે. અર્થ- નગરના અન્તર્ગતમાં રહેનાર. ||૧૪૦||

**कर्ण- ललाटात् कल् ६।३।१४१॥**

સપ્તમ્યન્ત कर्ण અને ललाट નામને ભવાર્થમાં कल् (क) પ્રત્યય થાય છે. પરન્તુ તદ્ધિત પ્રત્યયાન્ત નામ કોઈ વસ્તુમાં રૂઢ હોવું જોઈએ. कर्णे भवा અને ललाटे भवा આ અર્થમાં कर्ण અને ललाट નામને આ સૂત્રથી कल् પ્રત્યય. कर्णक અને ललाटक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्या० ૨-૪-૧૧૧' થી कल् પ્રત્યયની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી कर्णिका- कर्णाभरणम् અને ललाटिका- ललाटमण्डनम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કાનનો અલંકારવિશેષ. કપાળનો અલંકારવિશેષ. ||૧૪૧||

**तस्य व्याख्याने च ग्रन्थात् ६।३।१४२॥**

ષષ્ઠ્યન્ત ગ્રન્થાર્થક નામને વ્યાખ્યાન અર્થમાં અને સપ્તમ્યન્ત ગ્રન્થાર્થક નામને ભવાર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. कृतां व्याख्यानम् અને कृत्सु भवम् તેમ જ प्रातिपदिकस्य व्याख्यानम् અને प्रातिपदिके भवम् આ અર્થમાં આ સૂત્રની સહાયથી कृत् નામને 'प्राग् जि० ૬-૧-૧૩' થી अण् પ્રત્યય અને प्रातिपदिक નામને 'दोरीयः ૬-૩-૩૨' થી ईय પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कार्त्तम् અને प्रातिपदिकीयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કૃત્ પ્રત્યયોનું વ્યાખ્યાન. કૃત્પ્રત્યયોમાં રહેનાર. પ્રાતિપદિક (નામ) નું વ્યાખ્યાન. પ્રાતિપદિકમાં રહેનાર. 'तस्येदम् ૬-૩-૧૬૦' થી कृतां व्याख्यानम्... ઈત્યાદિ સ્થળે યથાવિહિત પ્રત્યય સિદ્ધ જ છે. તેમ જ 'भवे ૬-૩-૧૨૩' થી कृत्सु भवम्... ઈત્યાદિ સ્થળે પ્રત્યય સિદ્ધ જ હતો. તેથી યદ્યપિ આ સૂત્રનું પ્રણયન વ્યર્થ છે. પરન્તુ આ સૂત્રના વિષયમાં;

આ સૂત્રથી આગળના સૂત્રોથી વિહિત અપવાદવિધિ થાય- એ માટે આ સૂત્રનું પ્રણયન છે. ...ઈત્યાદિ બૃહદ્દ્વૃત્તિથી જાણવું. ॥૧૪૨॥

**प्रायो बहुस्वरादिकण् ६।३।१४३॥**

બહુસ્વરવાળા ગ્રન્થાર્થક ષષ્ઠ્યન્ત અને સપ્તમ્યન્ત નામને અનુક્રમે વ્યાખ્યાન અને ભવ અર્થમાં પ્રાયઃ इकण् પ્રત્યય થાય છે: षत्वणत्वयो र्व्याख्यानम् અને षत्वणत्वयो र्भवम् આ અર્થમાં षत्वणत्व નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી षात्वणत्विकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ષત્વણત્વનું વ્યાખ્યાન અથવા ષત્વણત્વમાં રહેનાર. प्रायोग्रहणात् सांहितम्= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુસ્વરવાળા ગ્રન્થાર્થક ષષ્ઠ્યન્ત અને સપ્તમ્યન્ત નામને અનુક્રમે વ્યાખ્યાન અર્થમાં અને ભવાર્થમાં બહુલતયા જ इकण् પ્રત્યય થાય છે. તેથી संहिताया व्याख्यानम् અને संहितायां भवम् આ અર્થમાં આ સૂત્રથી संहिता નામને इकण् પ્રત્યય ન થવાથી 'तस्य व्याख्या० ६-३-१४२' ની સહાયથી 'प्राग् जिता० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી सांहितम् આવો પ્રયોગ થાય છે. અર્થ- સંધિનું વ્યાખ્યાન. સંધિમાં રહેનાર. ॥૧૪૩॥

**ऋगृद्-द्विस्वर-यागेभ्यः ६।३।१४४॥**

ગ્રંથાર્થક ષષ્ઠ્યન્ત અને સપ્તમ્યન્ત- ऋच् નામને; ऋકારાન્ત નામને; બે સ્વરવાળા નામને યજ્ઞાર્થક નામને અનુક્રમે વ્યાખ્યાન અર્થમાં અને ભવાર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. ऋचां व्याख्यानम् ऋक्षु भवम्; चतुर्होतुर्व्याख्यानम् चतुर्होतरि भवम्; अङ्गस्य व्याख्यानम् अङ्गे भवम् અને राजसूयस्य व्याख्यानम् राजसूये भवम् આ અર્થમાં અનુક્રમે ऋच्; चतुर्होतृ (ऋકારાન્ત); अङ्ग (દ્વિસ્વર) અને राजसूय (યજ્ઞાર્થક)નામને આ સૂત્રથી इकण् પ્રત્યય.

'वृद्‌धिः० ७-४-१' थी આદ્યસ્વર ऋ અને अ ને વૃદ્ધિ आर् અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आर्चिकम्; चातुर्होतृकम् (અહીં इकण् ના इ નો 'ऋवर्णो० ७-४-७१' થી લોપ થયો છે); आङ्गिकम् અને राजसूयिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઋચાઓનું વ્યાખ્યાન, ઋચાઓમાં રહેનાર. ચતુર્હોતૃ ગ્રંથનું વ્યાખ્યાન, ચતુર્હોતૃ ગ્રન્થમાં રહેનાર. અઙ્ગ (ગ્રન્થવિશેષ) નું વ્યાખ્યાન, અઙ્ગમાં રહેનાર. રાજસૂય નામના ગ્રન્થનું વ્યાખ્યાન, રાજસૂય નામના ગ્રંથમાં થનાર. ॥૧૪૪॥

**ऋषेरध्याये ६।३।१४५॥**

ઋષ્યર્થક ગ્રન્થવાચક ષષ્ઠ્યન્ત અને સપ્તમ્યન્ત નામને અધ્યાયના વિષયમાં અનુક્રમે વ્યાખ્યાનાર્થમાં અને ભવાર્થમાં इकण् પ્રત્યય થાય છે. वशिष्ठस्य व्याख्यानम् અને वशिष्ठे भवः આ અર્થમાં वशिष्ठ નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्‌धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वाशिष्ठिकोऽध्यायः આવો પ્રયોગ થાય છે. અર્થ- વશિષ્ઠ ગ્રન્થના વ્યાખ્યાન સ્વરૂપ અધ્યાય. વશિષ્ઠ ગ્રન્થમાં રહેનાર અધ્યાય. अध्याय इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઋષ્યર્થક ગ્રન્થવાચક ષષ્ઠ્યન્ત અને સપ્તમ્યન્ત નામને અધ્યાયના જ વિષયમાં અનુક્રમે વ્યાખ્યાન અર્થમાં અને ભવાર્થમાં इकण् પ્રત્યય થાય છે. તેથી वशिष्ठस्य व्याख्यानी અને वशिष्ठे भवा ऋक् આ અર્થમાં અધ્યાયનો વિષય ન હોવાથી वशिष्ठ નામને આ સૂત્રથી इकण् પ્રત્યય ન થવાથી 'तस्य व्या० ६-३-१४२' ની સહાયથી 'प्राग् जिता० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન वाशिष्ठ નામને 'अणञे० २-४-२०' થી ङी (ई) પ્રત્યયાદિ કાર્ય થવાથી वाशिष्ठी આવો પ્રયોગ થાય છે. અર્થ-વશિષ્ઠ ગ્રન્થની વ્યાખ્યાનભૂત ઋચા. વશિષ્ઠ ગ્રન્થમાં રહેનારી ઋચા. અહીં યાદ રાખવું જોઈએ કે वाशिष्ठिकोऽध्यायः આવા પ્રયોગ સ્થળે 'प्रायो बहुस्वरादिकण् ६-३-१४३' થી प्रायो ગ્રહણથી इकण् પ્રત્યયની પ્રાપ્તિ

નથી-એમ માનીએ તો આ સૂત્ર એવા સ્થળે વિધિસૂત્ર છે. અન્યથા આ સૂત્ર નિયમસૂત્ર છે. માત્ર અધ્યાયના જ વિષયમાં ઇષ્ટ પ્રયોગ થાય-એ રીતે નિયમનું સ્વરૂપ સ્વયં સમજી લેવું. ॥૧૪૫॥

**पुरोडाश-पौरोडाशादिकेकटौ ६।३।१४६॥**

ગ્રન્થાર્થક ષષ્ઠ્યન્ત અને સપ્તમ્યન્ત पुरोडाश અને पौरोडाश નામને અનુક્રમે વ્યાખ્યાન અર્થમાં અને ભવાર્થમાં इक તથા इकट् (इक) પ્રત્યય થાય છે. पुरोडाशस्य पौरोडाशस्य वा व्याख्यानम् અને पुरोडाशे पौरोडाशे वा भवा આ અર્થમાં पुरोडाश અને पौरोडाश નામને આ સૂત્રથી इक તથા इकट् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. इक પ્રત્યયાન્ત पुरोडाशिक અને पौरोडाशिक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. इकट् પ્રત્યયાન્ત पुरोडाशिक અને पौरोडाशिक નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી पुरोडाशिका पौरोडाशिका અને पुरोडाशिकी पौरोडाशिकी આવો પ્રયોગ થાય છે. અર્થ-પુરોડાશ નામના ગ્રંથનું વ્યાખ્યાન, પુરોડાશ નામના ગ્રન્થમાં રહેનારી. પૌરોડાશ નામના ગ્રંથનું વ્યાખ્યાન, પૌરોડાશ નામના ગ્રંથમાં રહેનારી. ॥૧૪૬॥

**छन्दसो यः ६।३।१४७॥**

ષષ્ઠ્યન્ત અને સપ્તમ્યન્ત ગ્રન્થાર્થક छन्दस् નામને અનુક્રમે વ્યાખ્યાન અર્થમાં અને ભવાર્થમાં य પ્રત્યય થાય છે. छन्दसो व्याख्यानः અને छन्दसि भवः આ અર્થમાં छन्दस् નામને य પ્રત્યય વગેરે કાર્ય થવાથી छन्दस्यः આવો પ્રયોગ થાય છે. અર્થ-छन्दस् ગ્રન્થનું વ્યાખ્યાન. छन्दस् ગ્રન્થમાં રહેનાર. ॥૧૪૭॥

## शिक्षादेश्चाण् ६।३।१४८॥

ષષ્ઠ્યન્ત અને સપ્તમ્યન્ત ગ્રન્થાર્થક-શિક્ષાદિ ગણપાઠમાંનાં शिक्षा વગેરે નામને અને छन्दस् નામને અનુક્રમે વ્યાખ્યાન અર્થમાં અને ભવાર્થમાં अण् પ્રત્યય થાય છે. शिक्षाया ऋगयनस्य छन्दसो वा व्याख्यानः અને शिक्षायाम् ऋगयने छन्दसि वा भवः આ અર્થમાં शिक्षा ऋगयन અને छन्दस् નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ ऋ અને अ ને અનુક્રમે વૃદ્ધિ ऐ आर् અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો તથા अ નો લોપ વગેરે કાર્ય થવાથી शैक्षः; आर्गयनः અને छान्दसः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-શિક્ષાગ્રન્થનું વ્યાખ્યાન, શિક્ષા ગ્રન્થમાં રહેનાર. ઋગયનગ્રન્થનું વ્યાખ્યાન, ઋગયનગ્રંથમાં રહેનાર. છન્દસગ્રન્થનું વ્યાખ્યાન, છન્દસગ્રન્થમાં રહેનાર. ॥१४८॥

## तत आगते ६।३।१४९॥

પઞ્ચમ્યન્ત નામને આગત અર્થમાં યથાવિહિત अण् एयण् વગેરે પ્રત્યય થાય છે. स्रुघ्नादागतः गोरागतः नद्या आगतः અને ग्रामादागतः આ અર્થમાં આ સૂત્રની સહાયથી; स्रुघ्न નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. गो નામને 'गोः स्वरे यः ६-१-२७' થી य પ્રત્યય. नदी નામને 'नद्या० ६-३-२' થી एयण् પ્રત્યય અને ग्राम નામને 'ग्रामादी० ६-३-९' થી य પ્રત્યયાદિ કાર્ય (તે તે સૂત્ર જુઓ) થવાથી स्रौघ्नः; गव्यः; नादेयः; અને ग्राम्यः આવો પ્રયોગ થાય છે. અર્થ-સ્રુઘ્ન દેશથી, ગાયથી, નદીથી, ગામથી આવેલો. ॥१४९॥

## विद्या-योनिसम्बन्धादकञ् ६।३।१५०॥

વિદ્યા અથવા યોનિના કારણે સંબંધ જેમને છે તેના વાચક પઞ્ચમ્યન્ત

નામને આગત અર્થમાં अकञ् (अक) પ્રત્યય થાય છે. आचार्यादागतम् અને पितामहादागतम् આ અર્થમાં आचार्य અને पितामह નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आचार्यकम् અને पैतामहकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-આચાર્યથી આવેલું. પિતાના પિતાથી આવેલું. ||૧૫૦||

**पितुर्यो वा ६।३।१५१||**

યોનિકૃત્ સંબંધાર્થક પઞ્ચમ્યન્ત पितृ નામને આગત અર્થમાં વિકલ્પથી य પ્રત્યય થાય છે. पितुरागतम् આ અર્થમાં पितृ નામને આ સૂત્રથી य પ્રત્યય. 'ऋतोर० ૧-૨-૨૬' થી ऋ ને र् આદેશ... વગેરે કાર્ય થવાથી पित्र्यम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી' य પ્રત્યય ન થાય ત્યારે 'ऋत० ૬-૩-૧૫૨' થી पितृ નામને इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'ऋवर्णो० ૭-૪-૭૧' થી इकण् ના इ નો લોપ..વગેરે કાર્ય થવાથી पैतृकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- પિતાથી આવેલું. ||૧૫૧||

**ऋत इकण् ६।३।१५२||**

વિદ્યા કે યોનિના કારણે સંબન્ધ જેને છે; તદર્થક ऋકારાન્ત પઞ્ચમ્યન્ત નામને આગત અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. होतुरागतम् અને मातुरागतम् આ અર્થમાં होतृ અને मातृ નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'ऋतो० ૭-૪-૭૧' થી इकण् ના इ નો લોપ વગેરે કાર્ય થવાથી हौतृकम् અને मातृकम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ગોરથી આવેલું. માતાથી આવેલું. ||૧૫૨||

## आयस्थानात् ६।३।१५३॥

આયસ્થાનાર્થક પઞ્ચમ્યન્ત નામને આગત અર્થમાં इकण् પ્રત્યય થાય છે. સ્વામીના ગ્રાહ્યભાગને આય કહેવાય છે. જે વસ્તુ ઉપર આય (ટૅક્સ-કર) લેવાય છે તેને આયસ્થાન કહેવાય છે. आतराद् (एत्य तरन्त्यस्मिन् इत्यातरो नदीतीर्थः) आगतम् આ અર્થમાં आतर નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आतरिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- નદીતીર્થ (ઘાટ) થી આવેલું. ॥૧૫૩॥

## शुण्डिकादेरण् ६।३।१५४॥

शुण्डिकादि ગણપાઠમાંનાં પઞ્ચમ્યન્ત शुण्डिका વગેરે નામને આગત અર્થમાં अण् પ્રત્યય થાય છે. शुण्डिकाया आगतम् અને उदपानादागतम् આ અર્થમાં शुण्डिका અને उदपान નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી शौण्डिकम् અને औदपानम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મદિરાની દુકાનથી આવેલું. પાણીની પરબથી આવેલું. शुण्डिकादि 'आयस्थान' હોવાથી પૂર્વ (૬-૩-૧૫૩) સૂત્રથી પ્રાપ્ત इकण् પ્રત્યયનો અપવાદભૂત આ સૂત્રથી વિહિત अण् પ્રત્યય છે. ॥૧૫૪॥

## गोत्रादङ्कवत् ६।३।१५५॥

પઞ્ચમ્યન્ત- ગોત્રપ્રત્યયાન્ત નામને આગત અર્થમાં અઙ્કાર્થની જેમ (અઙ્કાર્થમાં વિહિત પ્રત્યયની જેમ) પ્રત્યય થાય છે. विदेभ्य आगतम् આ અર્થમાં विद નામને આ સૂત્રની સહાયથી 'संघ-घोषा० ६-૩-૧૭૨' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे०

७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वैदम् આવો પ્રયોગ થાય છે. विदस्यापत्यानि આ અર્થમાં विद નામને 'विदादे० ૬-૧-૪૧' થી વિહિત अञ् પ્રત્યયનો 'बहुष्व० ૬-૧-૧૨૪' થી લોપ થવાથી विद નામ ગોત્ર પ્રત્યયાન્ત છે. औपगवादागतम् આ અર્થમાં औपगव નામને આ સૂત્રની સહાયથી 'गोत्राद० ૬-૩-૧૬૯' થી अकञ् (अक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औपगवकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિદના ગોત્રાપત્યોથી આવેલું. ઉપગુના અપત્યથી આવેલું. 'औपगव' ની પ્રક્રિયા માટે જુઓ 'सू.नं. ૬-૧-૧૩' ॥૧૫૫॥

## नृ-हेतुभ्यो रूप्य-मयटौ वा ६।३।१५६॥

પુરુષ સ્વરૂપ મનુષ્યવાચક અને હેત્વર્થક- પઞ્ચમ્યન્ત નામને આગત અર્થમાં रूप्य તેમ જ मयट् પ્રત્યય વિકલ્પથી થાય છે. चैत्रादागतम् આ અર્થમાં चैत्र નામને આ સૂત્રથી रूप्य અને मयट् (मय) પ્રત્યયાદિ કાર્ય થવાથી चैत्ररूप्यम् અને चैत्रमयम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી रूप्य અને मयट् પ્રત્યય ન થાય ત્યારે चैत्र નામને 'दोरीयः ૬-૩-૩૨' થી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી चैत्रीयम् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે समादागतम् આ અર્થમાં હેતુવાચક सम નામને આ સૂત્રથી रूप्य અને मयट् પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી रूप्य અને मयट् પ્રત્યય ન થાય ત્યારે 'गहादिभ्यः ૬-૩-૬૩' થી ईय પ્રત્યયાદિ કાર્ય થવાથી समरूप्यम् सममयम् અને समीयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચૈત્રથી આવેલું. સમાન કારણે આવેલું. ॥૧૫૬॥

## प्रभवति ६।३।१५७॥

પઞ્ચમ્યન્ત નામને પ્રભવ-પ્રથમ ઉપલભ્યમાનતા અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. हिमवतः प्रभवति આ અર્થમાં हिमवत् નામને આ

સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अणञे० २-४-२०' થી हैमवत નામને ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી हैमवती गङ्गा આવો પ્રયોગ થાય છે. અર્થ- હિમાલયથી નીકળેલી ગઙ્ગા. અહીં યાદ રાખવું જોઈએ કે 'जाते ६-३-९८' થી વિહિત પ્રત્યય સપ્તમ્યન્ત નામને ભૂતાર્થમાં થાય છે. અને પઞ્ચમ્યન્ત નામને વર્ત્તમાનાર્થમાં આ સૂત્રથી પ્રત્યય વિહિત છે. ॥૧૫૭॥

**वैडूर्यः ६।३।१५८॥**

પઞ્ચમ્યન્ત विडूर નામને प्रभवति અર્થમાં (પ્રભવાર્થમાં) ञ्य (य) પ્રત્યય થાય છે. विडूरात् प्रभवति આ અર્થમાં विडूर નામને આ સૂત્રથી ञ्य પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वैडूर्यो मणिः આવો પ્રયોગ થાય છે. અર્થ-વિડૂર નામના પર્વતથી નીકળેલો મણિ. ॥૧૫૮॥

**त्यदादे र्मयट् ६।३।१५९॥**

त्यदादि ગણપાઠમાંનાં त्यद् વગેરે પઞ્ચમ્યન્ત નામને પ્રભવ અર્થમાં मयट् પ્રત્યય થાય છે. तस्मात् प्रभवति અને भवतः प्रभवति આ અર્થમાં तद् અને भवत् નામને આ સૂત્રથી मयट् પ્રત્યય. 'धुटस्तृतीयः २-१-७६' થી भवत् ના त् ને द् આદેશ. 'प्रत्यये च १-३-२' થી द् ને न् આદેશ. भवन्मय નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી तन्मयम् અને भवन्मयी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-તેનાથી ઉત્પન્ન. આપનાથી ઉત્પન્ન. ॥૧૫૯॥

## तस्येदम् ६।३।१६०॥

ષષ્ઠ્યન્ત નામને इदम् અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. मथुराया इदम्; दितेरिदम्; कलेरिदम्; नद्या इदम्; पारस्यायम् અને भानोरयम् આ અર્થમાં આ સૂત્રની સહાયથી मथुरा નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. दिति નામને 'अनिदम्य० ६-१-१५' થી ञ्य (य) પ્રત્યય. कलि નામને 'कल्यग्ने० ६-१-१७' થી एयण् પ્રત્યય. नदी નામને 'नद्या० ६-३-२' થી एयण् પ્રત્યય. पार નામને 'व्यस्त० ६-१-७' થી ईन પ્રત્યય અને भानु નામને 'दोरीयः ६-३-२२' થી ईय પ્રત્યયાદિ કાર્ય તે તે સૂત્રમાં જણાવ્યા મુજબ થવાથી माथुरम्; दैत्यम्; कालेयम्; नादेयम्; पारीणः અને भानवीयः ('अस्वय० ७-४-७०' થી उ ને अव्.) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મથુરાસંબન્ધી. દિતિસંબન્ધી. કલિસંબન્ધી. નદીસમ્બન્ધી. પારસંબન્ધી. સૂર્યસંબન્ધી. ॥१६०॥

## हल-सीरादिकण् ६।३।१६१॥

ષષ્ઠ્યન્ત हल અને सीर નામને इदम् અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. हलस्य सीरस्य वेदम् આ અર્થમાં हल અને सीर નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ અને ई ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हालिकम् અને सैरिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-હળસમ્બન્ધી. સીરસમ્બન્ધી. (હળ ખેંચનાર બળદ.) ॥१६१॥

## समिध आधाने टेन्यण् ६।३।१६२॥

ષષ્ઠ્યન્ત समिध् નામને આધાન સ્વરૂપ इदम् અર્થમાં टेन्यण् (एन्य) પ્રત્યય થાય છે. समिधामाधानः આ અર્થમાં समिध् નામને આ સૂત્રથી टेन्यण्

પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી सामिधेन्यो मन्त्रः આવો પ્રયોગ થાય છે. અર્થ- જે મન્ત્રથી સમિધ કાષ્ઠ અગ્નિમાં નંખાય છે તે મન્ત્ર. ||૧૬૨||

### विवाहे द्वन्द्वादकल् ६।३।१६३॥

ષષ્ઠ્યન્ત દ્વન્દ્વ સમાસને વિવાહ સ્વરૂપ इदम् અર્થમાં अकल् (अक) પ્રત્યય થાય છે. अत्रिभरद्वाजानां विवाहः આ અર્થમાં अत्रिभरद्वाज નામને આ સૂત્રથી अकल् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્યથી નિષ્પન્ન अत्रिभरद्वाजक નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય. 'अस्या० २-४-१११' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી अत्रिभरद्वाजिका આવો પ્રયોગ થાય છે. અર્થ- અત્રિ અને ભરદ્વાજોનો વિવાહ. ||૧૬૩||

### अदेवासुरादिभ्यो वैरे ६।३।१६४॥

देवासुरादि ગણપાઠમાંનાં નામોને છોડીને અન્ય ષષ્ઠ્યન્ત દ્વન્દ્વ સમાસને; વૈર સ્વરૂપ इदम् અર્થમાં अकल् પ્રત્યય થાય છે. बाभ्रवशालङ्कायनानां वैरम् આ અર્થમાં बाभ्रवशालङ्कायन નામને આ સૂત્રથી अकल् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'आत् २-४-१८' થી आप् પ્રત્યય. बाभ्रवशालङ्कायनक + आप् (आ) આ અવસ્થામાં न ના अ ને 'अस्या० २-४-१११' થી इ આદેશ વગેરે કાર્ય થવાથી बाभ्रवशालङ्कायनिका આવો પ્રયોગ થાય છે. અર્થ-બભ્રુના અપત્યો અને શલઙ્કુઓના અપત્યોનું વૈર. अदेवादीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ देवासुरादि ગણપાઠમાંનાં ષષ્ઠ્યન્ત નામોને તાદૃશાર્થમાં अकल् પ્રત્યય થતો નથી. તેથી देवासुराणां रक्षोऽसुराणां वा वैरमिदम् આ અર્થમાં देवासुरादि ગણપાઠમાંના देवासुर અને रक्षोऽसुर-આ દ્વન્દ્વસમાસને આ સૂત્રથી अकल् પ્રત્યય ન થવાથી

'तस्येदम् ६-३-१६०' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ए અને अ ને વૃદ્ધિ ऐ તથા आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दैवासुरम् અને राक्षोऽसुरम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-દેવો તથા અસુરોનું વૈર. રાક્ષસો તથા અસુરોનું વૈર. ॥૧૬૪॥

### नटान्नृत्ते ञ्यः ६।३।१६५॥

ષષ્ઠ્યન્ત नट નામને નૃત્ય સ્વરૂપ इदम् અર્થમાં ञ्य (य) પ્રત્યય થાય છે. नटस्येदं नृत्तम् આ અર્થમાં नट નામને આ સૂત્રથી ञ्य પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી नाट्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- નટોનો નાચ. ॥૧૬૫॥

### छन्दोगौक्थिक-याज्ञिक-बह्वृचाच्च धर्माऽऽम्नाय-संघे ६।३।१६६॥

ષષ્ઠ્યન્ત छन्दोग औक्थिक याज्ञिक बह्वृच અને नट નામને; धर्म (सदाचार); आम्नाय અને संघ સ્વરૂપ-इदमर्थ માં ञ्य પ્રત્યય થાય છે. छन्दोगानाम् औक्थिकानाम् याज्ञिकानाम् बह्वृचानाम् नटानां वेदम् धर्मादि (धर्मः; आम्नायः सङ्घो वा) આ અર્થમાં छन्दोग औक्थिक याज्ञिक बह्वृच અને नट નામને આ સૂત્રથી ञ्य (य) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી छान्दोग्यं धर्मादि; औक्थिक्यम्; याज्ञिक्यम्; बाह्वृच्यम्; અને नाट्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-છન્દો ગાનારાના ધર્માદિ. ઔક્થિક વેદની શાખાવિશેષનું અધ્યયન કરનારાઓના ધર્માદિ. યજ્ઞ કરનારાઓના ધર્માદિ. ઘણી ઋચાઓના જાણકારોના ધર્માદિ. નટોના ધર્માદિ. ॥૧૬૬॥

## आथर्वणिकादणिकलुक् च ६।३।१६७॥

ષષ્ઠ્યન્ત आथर्वणिक નામને ધર્મ આમ્નાય અને સંઘ સ્વરૂપ इदम् અર્થમાં अण् પ્રત્યય થાય છે. અને ત્યારે आथर्वणिक નામના इक નો લોપ થાય છે. आथर्वणिकस्येदं धर्मादि આ અર્થમાં आथर्वणिक નામને આ સૂત્રથી अण् પ્રત્યય અને इक નો લોપ વગેરે કાર્ય થવાથી आथर्वणः આવો પ્રયોગ થાય છે. અર્થ-અથર્વવેદના જાણકારનો ધર્મ વગેરે. ॥૧૬૭॥

## चरणादकञ् ६।३।१६८॥

વેદની શાખાવિશેષના જાણકાર અથવા અધ્યેતા कठ વગેરેને चरण કહેવાય છે. ચરણાર્થક ષષ્ઠ્યન્ત નામને ધર્મ આમ્નાય અને સંઘ સ્વરૂપ इदमर्थ માં अकञ् (अक) પ્રત્યય થાય છે. कठानां चरकाणां वा धर्मादिः આ અર્થમાં कठ અને चरक નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી काठको धर्मादिः અને चारककः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-કઠોનો ધર્મ વગેરે. ચરકોનો ધર્મ વગેરે. ॥૧૬૮॥

## गोत्राददण्डमाणव-शिष्ये ६।३।१६९॥

ગોત્રપ્રત્યયાન્ત ષષ્ઠ્યન્ત નામને; दण्डमाणव અને शिष्य સ્વરૂપ અર્થને છોડીને બીજા અર્થ સ્વરૂપ इदम् અર્થમાં अकञ् (अक) પ્રત્યય થાય છે. औपगवस्येदम् આ અર્થમાં औपगव નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औपगवकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉપગુના અપત્યનું; દણ્ડમાણવ અને શિષ્યભિન્ન કાંઈ પણ. अदण्डेत्यादीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દણ્ડમાણવ અને શિષ્ય ભિન્ન જ इदम् અર્થમાં ષષ્ઠ્યન્ત ગોત્ર પ્રત્યયાન્ત

નામને अकञ् પ્રત્યય થાય છે. તેથી काण्व्यस्येमे दण्डमाणवाः (दण्डप्रधाना माणवाः) शिष्या (अध्ययनार्था अन्तेवासिनः शिष्याः) આ અર્થમાં ગોત્રપ્રત્યયાન્ત काण्व्य નામને આ સૂત્રથી अकञ् પ્રત્યય થતો નથી. જેથી 'तस्येदम् ૬-૩-૧૬૦' ની સહાયથી; 'शकला० ૬-૩-૨૭' થી अञ् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી (જાુઓ સૂ.નં. ૬-૩-૨૭) काण्वा दण्डमाणवाः शिष्या वा આવો પ્રયોગ થાય છે. અર્થ-કણ્વ ઋષિના ગોત્રાપત્યના દંડમાણવો (આશ્રમની રક્ષા કરનારા બટુકો) અથવા શિષ્યો. ||૧૬૯||

## रैवतिकादेरीयः ६।३।१७०||

रैवतिकादि ગણપાઠમાંનાં रैवतिक વગેરે ગોત્ર પ્રત્યયાન્ત ષષ્ઠ્યન્ત નામને इदम् અર્થમાં ईय પ્રત્યય થાય છે. रैवतिकस्येमे शिष्याः અને गौरग्रीवस्येदम् આ અર્થમાં આ સૂત્રથી रैवतिक અને गौरग्रीव નામને ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી रैवतिकीयाः शिष्याः અને गौरग्रीवीयं शकटम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- રેવતીના અપત્યના શિષ્યો. ગૌરગ્રીવના અપત્યનું ગાડું. ||૧૭૦||

## कौपिञ्जल- हास्तिपदादण् ६।३।१७१||

ગોત્ર પ્રત્યયાન્ત ષષ્ઠ્યન્ત कौपिञ्जल અને हास्तिपद નામને इदम् અર્થમાં अण् (अ) પ્રત્યય થાય છે. (कुपिञ्जलस्य हस्तिपादस्य वा આ અર્થમાં સૂત્ર-નિર્દેશથી જ कुपिञ्जल અને हस्तिपाद નામને अण् પ્રત્યય અને पाद् ને पद् આદેશાદિ કાર્ય થવાથી कौपिञ्जल અને हास्तिपद નામ બને છે.) कौपिञ्जलस्य हास्तिपदस्य चेमे આ અર્થમાં कौपिञ्जल અને हास्तिपद નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कौपिञ्जलाः शिष्याः અને हास्तिपदाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-કૌપિઞ્જલના શિષ્યો. હાસ્તિપદના શિષ્યો. ||૧૭૧||

## सङ्घ-घोषाङ्क-लक्षणेऽञ्-यञिञः ६।३।१७२॥

ગોત્રાર્થક-अञ् यञ् અને इञ् પ્રત્યયાન્ત ષષ્ઠ્યન્ત નામને सङ्घ घोष अङ्क અને लक्षण સ્વરૂપ इदम् અર્થમાં अण् પ્રત્યય થાય છે. विदानां सङ्घः घोषः अङ्कः लक्षणं वा આ અર્થમાં वैद ('विदादे० ६-१-४१' થી વિહિત अञ् પ્રત્યયાન્ત) નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वैदः सङ्घादिः અને वैदं लक्षणम् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે गर्गाणां सङ्घादिः અને दाक्षीणां सङ्घादिः તેમ જ गर्गाणां दाक्षीणां वा लक्षणम् આ અર્થમાં गार्ग्य ('गगदि० ६-१-४२' થી વિહિત यञ् પ્રત્યયાન્ત) નામને અને दाक्षि ('अत इञ् ६-१-३१' થી વિહિત इञ् પ્રત્યયાન્ત) નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ અને इ નો લોપ. 'तद्धि० २-४-९२' થી गार्ग्य ના य् નો લોપ વગેરે કાર્ય થવાથી गार्गः सङ्घादिः गार्गं लक्षणम् અને दाक्षः सङ्घादिः दाक्षं लक्षणम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-વિદના અપત્યોનો સઙ્ઘ, ઘોષ, અઙ્ક અથવા તેમનું લક્ષણ. ગર્ગના અપત્યોનાં સઙ્ઘાદિ. દક્ષના અપત્યોનાં સઙ્ઘાદિ. સઙ્ઘ= સમુદાય. ઘોષ= અવાજ અથવા ગોઠો. અઙ્ક= ચિહ્ન, જેથી સ્વામીની ઓળખાણ પડે છે. લક્ષણ= પોતાના જ શિખાદિ અવયવો, જેથી સ્વનું બીજાને જ્ઞાન થાય છે. ॥૧૭૨॥

## शाकलादकञ् च ६।३।१७३॥

ષષ્ઠ્યન્ત शाकल નામને इदम् અર્થમાં अकञ् અને अण् પ્રત્યય થાય છે. शाकलानां सङ्घादिः शाकलानां लक्षणम् वा આ અર્થમાં शाकल નામને આ સૂત્રથી अकञ् અને अण् (अक અને अ ) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शाकलकः शाकलः सङ्घादिः (सङ्घः, घोषोऽङ्कः) અને शाकलकं शाकलं लक्षणम् આવો પ્રયોગ થાય છે. અર્થ -શાકલ્યે બનાવેલા ગ્રન્થને ભણનારાઓના સઙ્ઘાદિ. (સંઘ ઘોષ અંક અને

લક્ષણ.) ॥૧૭૩॥

## गृहेऽग्नीधो रण् धश्च ६।३।१७४॥

ષષ્ઠ્યન્ત अग्नीध् નામને ગૃહ સ્વરૂપ इदम् અર્થમાં रण् (र) પ્રત્યય થાય છે. અને ત્યારે અન્ત્ય ध् ને ध् આદેશ થાય છે. (તેથી તે ध् ને 'धुटस्तृतीयः ૨-૧-૭૬' થી પ્રાપ્ત પણ द् આદેશ થતો નથી.) अग्नीध इदम् આ અર્થમાં अग्नीध् નામને આ સૂત્રથી रण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ વગેરે કાર્ય થવાથી आग्नीध्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ-અગ્નીધ્-યજ્ઞીય ગોરવિશેષનું ઘર. ॥૧૭૪॥

## रथात् साऽऽदेश्च वोढ्रङ्गे ६।३।१७५॥

ષષ્ઠ્યન્ત-કેવલ रथ નામને અથવા કોઈ પણ પૂર્વપદ છે જેનું એવા रथ નામને; રથને વહન કરનાર અથવા રથના ચક્રાદિ અવયવ સ્વરૂપ જ इदम् અર્થમાં પ્રત્યય થાય છે. रथस्यायम् इदम् वा આ અર્થમાં रथ નામને આ સૂત્રની સહાયથી 'यः ६-३-१७६' થી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી रथ्योऽश्वः અને रथ्यं चक्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- રથને વહન કરનાર અશ્વ. રથનું પૈડું. द्वयो रथयोरश्वः અને अश्वरथस्येदं चक्रम् આ અર્થમાં द्विरथ અને अश्वरथ નામને આ સૂત્રની સહાયથી અનુક્રમે 'यः ६-३-१७६' થી य પ્રત્યય. અને 'पत्रपूर्वा० ६-३-१७७' થી अञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી अश्वरथ ના અન્ત્ય अ નો લોપ. 'द्विगोरन० ६-१-२४' થી य પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી द्विरथोऽश्वः અને आश्वरथं चक्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-બે રથને વહન કરનાર અશ્વ. અશ્વથી વહન કરાતા રથનું પૈડું. અહીં યાદ રાખવું જોઈએ કે-આ સૂત્ર નિયમસૂત્ર હોવાથી वोढा (વહન કરનાર) અને अङ्ग (અવયવ) ભિન્ન

इदम् અર્થમાં કેવલ અથવા યત્કિંચિત્ પૂર્વપદક રથ નામને ઉત્તરસૂત્રથી પ્રત્યય થતો નથી. જેથી रथस्य स्थानम्.. ઈત્યાદિ વાક્ય જ રહે છે. ॥૧૭૫॥

### यः ६।३।१७६॥

ષષ્ઠ્યન્ત કેવલ रथ નામને તેમ જ કોઈ પણ પૂર્વપદથી પરમાં રહેલા रथ નામને इदम् અર્થમાં (જુઓ સૂ. નં. ६-३-१७५) य પ્રત્યય થાય છે. रथस्य द्वयो रथयो र्वाऽयं वोढा આ અર્થમાં रथ અને द्विरथ નામને આ સૂત્રથી य પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ. નં. ६-३-१७५) થવાથી रथ्यः અને द्विरथः આવો પ્રયોગ થાય છે. (અહીં द्विरथ्यः આવો પાઠ લઘુવૃત્તિમાં છપાયો છે તે ખોટો છે.) અર્થ ક્રમશઃ-રથને વહન કરનાર. બે રથને વહન કરનાર. ॥૧૭૬॥

### पत्रपूर्वादञ् ६।३।१७७॥

ષષ્ઠ્યન્ત-પત્ર-વાહનવાચક પૂર્વપદથી પરમાં રહેલા रथ નામને इदम् અર્થમાં (સૂ. નં. ६-३-१७५ માં જણાવ્યા મુજબ) अञ् (अ) પ્રત્યય થાય છે. अश्वरथस्येदमङ्गम् આ અર્થમાં अश्वरथ નામને આ સૂત્રથી अञ् પ્રત્યયાદિ કાર્ય (સૂ. નં. ६-३-१७५ જુઓ) થવાથી आश्वरथं चक्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ઘોડાથી વહન કરાતા રથનું ચક્ર. ॥૧૭૭॥

### वाहनात् ६।३।१७८॥

ષષ્ઠ્યન્ત વાહનવાચક નામને इदम् અર્થમાં अञ् (अ) પ્રત્યય થાય છે. उष्ट्रस्य हस्तिनो वाऽयम् આ અર્થમાં उष्ट्र નામને અને हस्तिन् નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય इन् નો લોપ વગેરે કાર્ય થવાથી औष्ट्रः અને हास्तः આવો

પ્રયોગ થાય છે. અર્થ- ઊંટનો રથ. હાથીનો રથ. ||૧૭૮||

### वाह्य - पथ्युपकरणे ६।३।१७९॥

ષષ્ઠ્યન્ત વાહનવાચક નામને પૂર્વસૂત્રથી इदम् અર્થમાં જે પ્રત્યય વિહિત છે; તે પ્રત્યય वाह्य (રથાદિ) ; पथिन् (માર્ગ) અને उपकरण સ્વરૂપ જ इदम् અર્થમાં થાય છે. अश्वस्यायं वाह्यः ; अश्वस्यायं पन्था ; अश्वस्येदमुपकरणम् અને अश्वस्येयम् (उपकरणम्) આ અર્થમાં આ સૂત્રની સહાયથી 'वाहनात् ६-३-१७८' થી अश्व નામને अञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી आश्वो रथः, आश्वः पन्था ; आश्वं पल्ययनम् અને आश्वी कशा (અહીં आश्व નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થાય છે.) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-અશ્વનો વાહ્ય રથ. અશ્વનો માર્ગ. અશ્વની ગાદી. અશ્વનો ચાબુક. (આ સૂત્ર વાહ્ય વગેરે અર્થનું નિયમન કરીને પ્રત્યયનું વિધાન કરે છે. તેથી વાહન વાચક તાદૃશ નામને વાહ્યાદિ સ્વરૂપ જ इदमर्थ માં પ્રત્યય થાય છે. તેનાથી ભિન્ન इदमर्थ હોય તો अश्वानां घासः... ઈત્યાદિ સ્થળે વાક્ય જ રહે છે. ||૧૭૯||

### वहेस्तुरिश्चादिः ६।३।१८०॥

वह् ધાતુની પરમાં રહેલો જે तृच् અથવા तृन् પ્રત્યય તેનો तृ શબ્દ છે અન્તમાં જેના એવા ષષ્ઠ્યન્ત નામને इदम् અર્થમાં अञ् પ્રત્યય થાય છે; અને ત્યારે तृ ની પૂર્વે इ થાય છે. संवोढुरिदम् આ અર્થમાં संवहतृ નામને આ સૂત્રથી अञ् (अ) પ્રત્યય; અને तृ ની પૂર્વે इ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી सांवहित्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ - સારથીસમ્બન્ધી વસ્તુ. ||૧૮૦||

## तेन प्रोक्ते ६।३।१८१॥

તૃતીયાન્ત નામને પ્રોક્ત અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યયો થાય છે. भद्रबाहुना प्रोक्तम् ; पाणिनिना प्रोक्तम् અને बृहस्पतिना प्रोक्तम् આ અર્થમાં આ સૂત્રની સહાયથી भद्रबाहु નામને 'प्राग् जिता० ६-१-१३' થી अण् (अ) પ્રત્યય; पाणिनि નામને 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યય; અને बृहस्पति નામને 'अनिदम्य० ६-१-१५' થી ञ्य (य) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ અને ऋ ને વૃદ્ધિ आ અને आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ નો લોપ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ... વગેરે કાર્ય થવાથી भाद्रबाहवम् शास्त्रम् ; पाणिनीयम् અને बार्हस्पत्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ભદ્રબાહુસ્વામીથી વ્યાખ્યાત શાસ્ત્ર. પાણિનીથી વ્યાખ્યાત શાસ્ત્ર. બૃહસ્પતિથી વ્યાખ્યાત શાસ્ત્ર. અહીં પ્રોક્તાર્થમાં જ પ્રત્યય વિહિત છે. કૃતાર્થમાં તો 'तत्र कृत० ६-३-९४' થી વિહિત છે- એ યાદ રાખવું. ॥૧૮૧॥

## मौदादिभ्यः ६।३।१८२॥

मौदादि ગણપાઠમાંનાં તૃતીયાન્ત मौद વગેરે નામને પ્રોક્તાર્થમાં अण् પ્રત્યય થાય છે. मौदेन प्रोक्तम् वेदं विदन्त्यधीयते वा અને पैप्पलादेन प्रोक्तं वेदं विदन्त्यधीयते वा આ અર્થમાં मौद અને पैप्पलाद નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્યથી નિષ્પન્ન मौद અને पैप्पलाद નામને 'तद्वेत्त्य० ६-२-११७' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'प्रोक्तात् ६-२-१२९' થી अण् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી मौदाः અને पैप्पलादाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મૌદથી પ્રોક્ત વેદને જાણનારા અથવા ભણનારા. પૈપ્પલાદથી પ્રોક્ત વેદને જાણનારા અથવા ભણનારા. અહીં સૂ.નં. ૬-૨-૧૩૦ નો અર્થ- સ્મરણીય છે. જેથી માત્ર પ્રોક્તાર્થમાં આ સૂત્રથી પ્રત્યયનું વિધાન હોવાથી અધિક પ્રક્રિયાનું કારણ

સમજી શકાશે. ॥૧૮૨॥

## कठादिभ्यो वेदे लुप् ६।३।१८३॥

कठादि ગણપાઠમાંનાં कठ વગેરે નામોને વેદ સ્વરૂપ પ્રોક્તાર્થમાં વિહિત પ્રત્યયનો લોપ થાય છે. कठेन चरकेण वा प्रोक्तं वेदं विदन्त्यधीयते वा આ અર્થમાં कठ અને चरक નામને 'तेन प्रोक्ते ६-३-१८१' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી જે अण् પ્રત્યય વિહિત છે, તેનો આ સૂત્રથી લોપ (लुप्). લુપ્ત अण् પ્રત્યયાન્ત कठ અને चरक નામને 'तद् वेत्त्य० ६-२-११७' ની સહાયથી 'प्राग्० ६-१-१३' થી अण् પ્રત્યય. તેનો 'प्रोक्तात् ६-२-१२९' થી લોપ વગેરે કાર્ય થવાથી कठाः અને चरकाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કઠપ્રોક્ત વેદને જાણનારા અથવા ભણનારા. ચરકપ્રોક્ત વેદને જાણનારા અથવા ભણનારા. અહીં પણ સૂ. નં. ६-२-१३० નો સૂત્રાર્થ યાદ રાખવો. ॥૧૮૩॥

## तित्तिरि - वरतन्तु- खण्डिकोखादीयण् ६।३।१८४॥

તૃતીયાન્ત तित्तिरि वरतन्तु खण्डिक અને उख નામને પ્રોક્ત અર્થમાં ईयण् (ईय) પ્રત્યય થાય છે. तित्तिरिणा वरतन्तुना खण्डिकेन उखेन वा प्रोक्तं वेदं विदन्त्यधीयते वा આ અર્થમાં આ સૂત્રથી तित्तिरि वरतन्तु खण्डिक અને उख નામને આ સૂત્રથી ईयण् (ईय) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ अ અને उ ને વૃદ્ધિ ऐ आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ તથા अ નો લોપ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન तैत्तिरीय वारतन्तवीय खाण्डिकीय અને औखीय નામને 'तद् वेत्त्य० ६-२-११७' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'प्रोक्तात् ६-२-१२९' થી તેનો લોપ વગેરે કાર્ય થવાથી तैत्तिरीयाः; वारतन्तवीयाः; खाण्डिकीयाः અને औखीयाः આવો પ્રયોગ થાય છે. અર્થ

ક્રમશઃ- तित्तिरिપ્રોક્ત વેદને જાણનારા અથવા ભણનારા. વરતન્તુપ્રોક્ત વેદને જાણનારાં અથવા ભણનારા. ખણ્ડિકપ્રોક્ત વેદને જાણનારા અથવા ભણનારા. ઉખપ્રોક્ત વેદને જાણનારા અથવા ભણનારા. ॥૧૮૪॥

**छगलिनो णेयिन् ६।३।१८५॥**

તૃતીયાન્ત छगलिन् નામને વેદસ્વરૂપ પ્રોક્ત અર્થમાં णेयिन् પ્રત્યય થાય છે. छगलिना प्रोक्तं वेदं विदन्त्यधीयते वा આ અર્થમાં छगलिन् નામને આ સૂત્રથી णेयिन् (एयिन्) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય इन् નો લોપ. छागलेयिन् નામને 'तद् वेत्त्य० ६-२-११७' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'प्रोक्तात् ६-२-१२९' થી अण् નો લોપ વગેરે કાર્ય થવાથી छागलेयिनः આવો પ્રયોગ થાય છે. અર્થ- છગલિન્થી પ્રોક્ત વેદને જાણનારા અથવા ભણનારા. ॥૧૮૫॥

**शौनकादिभ्यो णिन् ६।३।१८६॥**

शौनकादि ગણપાઠમાંનાં शौनक વગેરે તૃતીયાન્ત નામને વેદ સ્વરૂપ પ્રોક્ત અર્થમાં णिन् (इन्) પ્રત્યય થાય છે. शौनकेन शाङ्गरवेण वा प्रोक्तं वेदं विदन्त्यधीयते वा આ અર્થમાં शौनक અને शाङ्गरव નામને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. शौनकिन् અને शाङ्गरविन् નામને 'तद् वेत्त्य० ६-२-११७' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. તેનો 'प्रोक्तात् ६-२-१२९' થી લોપ વગેરે કાર્ય થવાથી शौनकिनः અને शाङ्गरविणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શૌનકપ્રોક્ત વેદને જાણનાર અથવા ભણનાર. શાઙ્ગરવપ્રોક્ત વેદને જાણનાર અથવા ભણનાર. ॥૧૮૬॥

## पुराणे कल्पे ६।३।१८७॥

તૃતીયાન્ત નામને પ્રોક્ત પુરાણ સ્વરૂપ કલ્પ અર્થમાં णिन् (इन्) પ્રત્યય થાય છે. पिङ्गेन प्रोक्तः पुराणः कल्पः આ અર્થમાં पिङ्ग નામને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८'થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पैङ्गी कल्पः આવો પ્રયોગ થાય છે. અર્થ- પિઙ્ગપ્રોક્ત પુરાણ (પૂર્વ) કલ્પ. ॥१८७॥

## काश्यप-कौशिकाद् वेदवच्च ६।३।१८८॥

તૃતીયાન્ત काश्यप અને कौशिक નામને પુરાણકલ્પસ્વરૂપ પ્રોક્તાર્થમાં णिन् પ્રત્યય થાય છે; અને પ્રોક્ત વેદાર્થની જેમ અહીં કાર્ય થાય છે. काश्यपेन कौशिकेन वा प्रोक्तं पुराणं कल्पं विदन्त्यधीयते वा આ અર્થમાં काश्यप અને कौशिक નામને આ સૂત્રથી णिन् (इन्) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. काश्यपिन् અને कौशिकिन् નામને 'तद् वेत्त्य० ६-२-११७' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'प्रोक्तात् ६-२-१२९' થી अण् નો લોપ વગેરે કાર્ય થવાથી काश्यपिनः અને कौशिकिनः આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वेदवत् કાર્ય થતું હોવાથી काश्यपिनां धर्मः આ અર્થમાં काश्यपिन् નામને 'चरणा० ६-३-१६८' થી अकञ् પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય इन् નો લોપ વગેરે કાર્ય થવાથી काश्यपको धर्मः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કાશ્યપપ્રોક્ત પુરાણ કલ્પને જાણનાર અથવા ભણનાર. કૌશિકપ્રોક્ત પુરાણકલ્પને જાણનાર અથવા ભણનાર. કાશ્યપિન્નો આચાર. ॥१८८॥

## शिलालि- पाराशर्यान्नट-भिक्षुसूत्रे ६।३।१८९॥

તૃતીયાન્ત शिलालिन् અને पाराशर्य નામને અનુક્રમે नटसूत्र અને भिक्षुसूत्र

સ્વરૂપ પ્રોક્ત અર્થમાં णिन् પ્રત્યય થાય છે; અને વેદાર્થની જેમ કાર્ય થાય છે. शिलालिना प्रोक्तं नटसूत्रं विदन्त्यधीयते वा અને पाराशर्येण प्रोक्तं भिक्षुसूत्रं विदन्त्यधीयते वा આ અર્થમાં शिलालिन् અને पाराशर्य નામને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય इन् નો લોપ. शैलालिन् અને पाराशरिन् ('तद्धित० २-४-९२' થી य् નો લોપ.) નામને 'तद् वेत्त्य० ६-२-११७' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'प्रोक्तात् ६-२-१२९' થી લોપ વગેરે કાર્ય થવાથી शैलालिनो नटाः અને पाराशरिणो भिक्षवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શિલાલિન્ થી પ્રોક્ત નટસૂત્રને જાણનારા અથવા ભણનારા નટો. પારાશર્યથી પ્રોક્ત ભિક્ષુસૂત્રને જાણનારા અથવા ભણનારા ભિક્ષુઓ. ॥१८९॥

### कृशाश्व-कर्मन्दादिन् ६।३।१९०॥

તૃતીયાન્ત कृशाश्व અને कर्मन्द નામને અનુક્રમે નટસૂત્ર અને ભિક્ષુસૂત્ર સ્વરૂપ પ્રોક્ત અર્થમાં इन् પ્રત્યય થાય છે; અને વેદાર્થની જેમ કાર્ય થાય છે. कृशाश्वेन प्रोक्तं नटसूत्रं कर्मन्देन प्रोक्तं भिक्षुसूत्रं वा विदन्त्यधीयते वा આ અર્થમાં कृशाश्व અને कर्मन्द નામને આ સૂત્રથી इन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. कृशाश्विन् અને कर्मन्दिन् નામને 'तद् वेत्त्य० ६-२-११७' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'प्रोक्तात् ६-२-१२९' થી अण् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી कृशाश्विनो नटाः અને कर्मन्दिनो भिक्षवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કૃશાશ્વપ્રોક્ત નટસૂત્રને જાણનારા અથવા ભણનારા નટો. કર્મન્દપ્રોક્ત ભિક્ષુસૂત્રને જાણનારા અથવા ભણનારા ભિક્ષુઓ. ॥१९०॥

## उपज्ञाते ६।३।१९१॥

તૃતીયાન્ત નામને ઉપજ્ઞાત અર્થમાં યથાવિહિત ઈય વગેરે પ્રત્યય થાય છે. બધા કરતાં પ્રથમ જાણવું અથવા કોઇના ઉપદેશ વિના જાણવું તેને ઉપજ્ઞાત કહેવાય છે. पाणिनेन (पाणिनिना वा) उपज्ञातम् આ અર્થમાં पाणिन (અથવા पाणिनि) નામને આ સૂત્રની સહાયથી 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો (અથવા इ નો) લોપ... વગેરે કાર્ય થવાથી पाणिनीयं शास्त्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ- પાણિનીએ જ સૌથી પહેલું જાણેલું શાસ્ત્ર. ('वृद्धिर्यं० ६-१-८' થી पाणिनि ને दु સંજ્ઞા.) ॥१९१॥

## कृते ६।३।१९२॥

તૃતીયાન્ત નામને કૃત અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. शिवेन कृतः અને सिद्धसेनेन कृतः આ અર્થમાં शिव અને सिद्धसेन નામને આ સૂત્રની સહાયથી અનુક્રમે 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય અને 'दोरीयः० ६-३-३२' થી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી शिव નામના આદ્ય इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી शैवो ग्रन्थः અને सिद्धसेनीयः स्तवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શિવથી બનાવેલો ગ્રન્થ. સિદ્ધસેને બનાવેલો સ્તવ. ॥१९२॥

## नाम्नि मक्षिकादिभ्यः ६।३।१९३॥

સંજ્ઞાના વિષયમાં; मक्षिकादि ગણપાઠમાંનાં मक्षिका વગેરે તૃતીયાન્ત નામને કૃત અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. સંજ્ઞાનો વિષય ન હોય તો मक्षिका વગેરે નામને ઉપર જણાવ્યા મુજબ अण् વગેરે પ્રત્યય ન થાય-એ માટે આ સૂત્ર છે. मक्षिकाभिः सरघाभि र्वा कृतम् આ અર્થમાં આ સૂત્રની સહાયથી मक्षिका અને सरघा નામને 'प्राग् जिता० ६-१-१३' થી अण्

પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી माक्षिकं मधु અને सारघम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મધ. મધ. ॥૧૯૩॥

## कुलालादेरकञ् ६।३।१९४॥

સંજ્ઞાના વિષયમાં कुलालादि ગણપાઠમાંનાં कुलाल વગેરે તૃતીયાન્ત નામને कृत અર્થમાં अकञ् (अक) પ્રત્યય થાય છે. कुलालेन कृतम् અને वरुटेन कृतम् આ અર્થમાં આ સૂત્રથી कुलाल અને वरुट નામને अकञ् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ ... વગેરે કાર્ય થવાથી कौलालकं घटादिभाण्डम् અને वारुटकं शूर्पपिटकादि આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કુંભારે કરેલા ઘડા વગેરે. બુરુડે કરેલા સૂપડા કરંડિયા વગેરે. ॥૧૯૪॥

## सर्वचर्मण ईनेनञौ ६।३।१९५॥

તૃતીયાન્ત सर्वचर्मन् નામને સંજ્ઞાના વિષયમાં; कृत અર્થમાં ईन અને ईनञ् પ્રત્યય થાય છે. सर्वश्चर्मणा कृतो रथः આ અર્થમાં सर्वचर्मन् ('नाम नाम्नै० ૩-૧-૧૮' થી સમાસ.) નામને આ સૂત્રથી ईन અને ईनञ् (ईन) પ્રત્યય. ईनञ् ની પૂર્વે આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ આદેશ.... વગેરે કાર્ય થવાથી सर्वचर्मीणः અને सार्वचर्मीणः ('नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્ય अन् નો લોપ.) આવો પ્રયોગ થાય છે. અર્થ- સમગ્ર, ચામડાથી બનાવેલો રથ. ॥૧૯૫॥

## उरसो याऽणौ ६।३।१९६॥

સંજ્ઞાના વિષયમાં તૃતીયાન્ત उरस् નામને कृत અર્થમાં य અને अण् પ્રત્યય

થાય છે. उरसा कृतः આ અર્થમાં उरस् નામને આ સૂત્રથી य અને अण् પ્રત્યય. अण् પ્રત્યયની પૂર્વે 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી उरस्यः અને औरसः આવો પ્રયોગ થાય છે. અર્થ- પોતે ઉત્પન્ન કરેલ પુત્ર. ॥१९६॥

**छन्दस्यः ६।३।१९७॥**

સંજ્ઞાના વિષયમાં તૃતીયાન્ત छन्दस् નામને कृत અર્થમાં य પ્રત્યયનું નિપાતન કરાય છે. छन्दसा कृतः આ અર્થમાં छन्दस् નામને આ સૂત્રથી य પ્રત્યય..... વગેરે કાર્ય થવાથી छन्दस्यः આવો પ્રયોગ થાય છે. નિપાતનના કારણે ઉપર જણાવ્યા મુજબના અર્થથી ભિન્ન અર્થમાં પણ छन्दस्य પ્રયોગ થાય છે. એ બૃહદ્વૃત્તિથી જાણવું જોઇએ. અર્થ- ઇચ્છાથી કરેલો. ॥१९७॥

**अमोऽधिकृत्य ग्रन्थे ६।३।१९८॥**

દ્વિતીયાન્ત નામને; 'अधिकृत्य कृत ग्रन्थ' અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. भद्रामधिकृत्य कृतो ग्रन्थः આ અર્થમાં भद्रा નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી भाद्रः આવો પ્રયોગ થાય છે. અર્થ- ભદ્રાને આશ્રયી બનાવેલ ગ્રન્થ. ॥१९८॥

**ज्योतिषम् ६।३।१९९॥**

દ્વિતીયાન્ત ज्योतिष् નામને અધિકૃત્ય કૃત ગ્રન્થ અર્થમાં अण् પ્રત્યય અને આદ્ય સ્વર ओ ને વૃદ્ધિના અભાવનું નિપાતન કરાય છે. ज्योतींष्यधिकृत्य कृतो ग्रन्थः આ અર્થમાં ज्योतिष् નામને આ સૂત્રથી अण् પ્રત્યય, અને આદ્ય

સ્વર ओ ને વૃદ્ધિનો નિષેધ વગેરે કાર્ય થવાથી ज्योतिषम् આવો પ્રયોગ થાય છે. અર્થ- જ્યોતિષ ગ્રન્થ. ॥૧૯૯॥

### शिशुक्रन्दादिभ्य ईयः ६।३।२००॥

शिशुक्रन्दादि ગણપાઠમાંનાં દ્વિતીયાન્ત शिशुक्रन्द વગેરે નામને અધિકૃત્ય કૃત ગ્રન્થ અર્થમાં ईय પ્રત્યય થાય છે. शिशुक्रन्दम् यमसभां वाऽधिकृत्य कृतो ग्रन्थः આ અર્થમાં આ સૂત્રથી शिशुक्रन्द અને यमसभा નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ અને आ નો લોપ વગેરે કાર્ય થવાથી शिशुक्रन्दीयः અને यमसभीयो ग्रन्थः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- છોકરાઓના રુદનને આશ્રયીને બનાવેલ ગ્રન્થ. યમસભાને ઉદ્દેશીને બનાવેલ ગ્રન્થ. ॥૨૦૦॥

### द्वन्द्वात् प्रायः ६।३।२०१॥

દ્વિતીયાન્ત द्वन्द्व સમાસને અધિકૃત્ય કૃત ગ્રન્થ અર્થમાં પ્રાયઃ ईय પ્રત્યય થાય છે. वाक्यपदमधिकृत्य कृतो ग्रन्थः આ અર્થમાં वाक्यपद નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वाक्यपदीयम् આવો પ્રયોગ થાય છે. અર્થ- વાક્ય અને પદને ઉદ્દેશીને બનાવેલ ગ્રંથ. प्राय इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયાન્ત द्वन्द्वસમાસને અધિકૃત્ય કૃત ગ્રન્થ અર્થમાં પ્રાયઃ ईय પ્રત્યય થાય છે. તેથી ક્વચિત્ ईय પ્રત્યય થતો નથી. જેથી देवासुरमधिकृत्य कृतो ग्रन्थः આ અર્થમાં देवासुर નામને આ સૂત્રથી ईय પ્રત્યય ન થવાથી 'अमो० ૬-૩-૧૯૮' ની સહાયથી 'प्राग् जि० ૬-૧-૧૩' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दैवासुरम् આવો પ્રયોગ થાય છે. અર્થ- દેવ અને અસુરને ઉદ્દેશીને બનાવેલ ગ્રન્થ. ॥૨૦૧॥

### अभिनिष्क्रामति द्वारे ६।३।२०२॥

દ્વિતીયાન્ત નામને अभिनिष्क्रामति-निर्गच्छति (નીકળતું) અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. પરન્તુ નિર્ગમનકર્ત્તા દ્વાર હોવું જોઇએ. અર્થાદ્ દ્વિતીયાન્ત નામને દ્વાર સ્વરૂપ અભિનિષ્ક્રમણ (નિર્ગમન) કર્ત્તા અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. मथुराम् नदीम् राष्ट्रं वाऽभिनिष्क्रामति આ અર્થમાં આ સૂત્રની સહાયથી; मथुरा નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. नदी નામને 'नद्यादे० ६-३-२' થી एयण् પ્રત્યય. અને राष्ट्र નામને 'राष्ट्रा० ६-३-३' થી इय પ્રત્યય... વગેરે કાર્ય તે તે સ્થાને બતાવ્યા મુજબ થવાથી माथुरम् नादेयम् અને राष्ट्रियं द्वारम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મથુરા તરફ નીકળતું દ્વાર. નદી તરફ નીકળતું દ્વાર. રાષ્ટ્ર તરફ નીકળતું દ્વાર. (વિવક્ષિત સ્થાનથી મથુરાદિ તરફ જવા માટેનું દ્વાર.) ।।૨૦૨।।

### गच्छति पथि दूते ६।३।२०३॥

દ્વિતીયાન્ત નામને માર્ગ અથવા દૂત સ્વરૂપ ગમનકર્તા અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. स्रुघ्नं गच्छति અને ग्रामं गच्छति पन्था दूतो वा આ અર્થમાં આ સૂત્રની સહાયથી स्रुघ्न નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् (अ) પ્રત્યય, અને ग्राम નામને 'ग्रामा० ६-३-९' થી य પ્રત્યયાદિ કાર્ય (જુઓ તે તે સૂત્ર) થવાથી स्रौघ्नः पन्था दूतो वा અને ग्राम्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્રુઘ્ન દેશમાં જનાર માર્ગ અથવા દૂત. ગામમાં જનાર માર્ગ અથવા દૂત. ।।૨૦૩।।

### भजति ६।३।२०४॥

દ્વિતીયાન્ત નામને भजति (સેવક) અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય

થાય છે. स्रुघ्नं भजति અને राष्ट्रं भजति આ અર્થમાં આ સૂત્રની સહાયથી स्रुघ्न નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય અને राष्ट्र નામને 'राष्ट्रादियः ६-३-३' થી इय પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી स्रौघ्नः અને राष्ट्रियः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્રુઘ્નનો સેવક. રાષ્ટ્રનો સેવક. ||૨૦૪||

## महाराजादिकण् ६|३|२०५||

દ્વિતીયાન્ત महाराज નામને 'भजति' અર્થમાં इकण् પ્રત્યય થાય છે. महाराजं भजति આ અર્થમાં महाराज નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી माहाराजिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- મહારાજનો સેવક. ||૨૦૫||

## अचित्तादेशकालात् ६|३|२०६||

દેશવાચક અને કાલવાચક નામને છોડીને અન્ય અચિત્ત (અચેતન-જડ) વાચક દ્વિતીયાન્ત નામને 'भजति' અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. अपूपान्भजति આ અર્થમાં अपूप નામને આ સૂત્રથી इकण् પ્રત્યય વગેરે કાર્ય (જુઓ સૂ.નં. ૬-૩-૨૦૫) થવાથી आपूपिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- માલપૂઆને ભજનાર. अचित्तादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દેશકાલવાચક નામથી ભિન્ન અચિત્ત જ વાચક દ્વિતીયાન્ત નામને भजति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. તેથી देवदत्तं भजति આ અર્થમાં સચિત્તવાચક તાદૃશ देवदत्त નામને આ સૂત્રથી इकण् પ્રત્યય ન થવાથી 'भजति ६-३-२०४' ની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-

૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दैवदत्तः આવો પ્રયોગ થાય છે. અર્થ- દેવદત્તનો સેવક. अदेशेत्यादि किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દેશકાલવાચક તાદૃશ નામને भजति અર્થમાં इकण् (इक) પ્રત્યય થતો નથી; તેથી स्रुघ्नं भजति અને हेमन्तं भजति અહીં દેશવાચક स्रुघ्न અને કાલવાચક हेमन्त નામને આ સૂત્રથી इकण् પ્રત્યય ન થવાથી 'भजति ६-३-२०४' ની સહાયથી स्रुघ्न નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી અને हेमन्त નામને 'हेमन्ताद्० ६-३-९१' થી अण् પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ.નં. ६-३-९१) થવાથી स्रौघ्नः અને हैमनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્રુઘ્નદેશનો સેવક. હેમન્ત કાલનું સેવન કરનાર. ||૨૦૬||

## वासुदेवा-ऽर्जुनादकः ६।३।२०७॥

દ્વિતીયાન્ત वासुदेव અને अर्जुन નામને 'भजति' અર્થમાં अक પ્રત્યય થાય છે. वासुदेवं भजति અને अर्जुनं भजति આ અર્થમાં वासुदेव અને अर्जुन નામને આ સૂત્રથી अक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वासुदेवकः અને अर्जुनकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વાસુદેવનો સેવક. અર્જુનનો સેવક. ||૨૦૭||

## गोत्र-क्षत्रियेभ्योऽकञ् प्रायः ६।३।२०८॥

ગોત્ર પ્રત્યયાન્ત અને ક્ષત્રિયાર્થક દ્વિતીયાન્ત નામને 'भजति' અર્થમાં પ્રાયઃ अकञ् પ્રત્યય થાય છે. औपगवं भजति અને नकुलं भजति આ અર્થમાં औपगव અને नकुल નામને આ સૂત્રથી अकञ् (अक) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औपगवकः અને नाकुलकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઔપગવનો (ઉપગુના અપત્યનો) સેવક. નકુલનો સેવક.

प्रायः किम् ? = આ સૂત્રથી દ્વિતીયાન્ત ગોત્રપ્રત્યયાન્ત અને ક્ષત્રિયાર્થક નામને 'भजति' અર્થમાં બહુલતયા જ अकञ् પ્રત્યય થાય છે. તેથી पाणिनं भजति આ અર્થમાં આ સૂત્રથી पाणिन (पणिनोऽपत्यम्) નામને अकञ् પ્રત્યય ન થવાથી 'भजति ६-३-२०४' ની સહાયથી 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पाणिनीयः આવો પ્રયોગ થાય છે. અર્થ- પાણિનનો સેવક. 'क्षत्रियेभ्यः'—આ પ્રમાણે સૂત્રમાં બહુવચનનો જે નિર્દેશ છે-તે ક્ષત્રિયવિશેષના સંગ્રહ માટે છે. ||૨૦૮||

**सरूपाद् द्रेः सर्वं राष्ट्रवत् ६।३।२०९॥**

'राष्ट्रक्षत्रियात्० ६-१-११४'.... ઇત્યાદિ સૂત્રોથી સમાનવર્ણવાળા રાષ્ટ્રાર્થક અને ક્ષત્રિયાર્થક નામને અનુક્રમે રાજા અને અપત્યાર્થમાં જે દ્રિ સંજ્ઞક अञ् વગેરે પ્રત્યયનું વિધાન કર્યું છે; તે રાષ્ટ્ર અને ક્ષત્રિય અર્થવાળા સરૂપ નામથી વિહિત દ્રિ સંજ્ઞક પ્રત્યય છે અન્તમાં જેના એવા (દ્રિ સંજ્ઞક પ્રત્યયાન્ત) દ્વિતીયાન્ત નામને 'भजति' અર્થમાં રાષ્ટ્રની જેમ જ બધું એટલે પ્રકૃતિ અને પ્રત્યય થાય છે. અર્થાત્ રાષ્ટ્રવાચક નામને જે દ્રિ સંજ્ઞક પ્રત્યય ('सू. नं. ६-१-११४' ઇત્યાદિથી) થાય છે; તે પ્રત્યયો અને તે પ્રકૃતિ (રાષ્ટ્રવાચક નામ સ્વરૂપ પ્રકૃતિ); દ્રિ સંજ્ઞક તાદૃશ પ્રત્યયાન્ત દ્વિતીયાન્ત નામને भजति અર્થમાં પણ થાય છે.

वार्ज्यं भजति આ અર્થમાં આ સૂત્રની સહાયથી वार्ज्य નામને (वृजीनां राजा; वृजेरपत्यं वा આ અર્થમાં वृजि નામને 'दुनादि० ६-१-११८' થી વિહિત દ્રિ સંજ્ઞક ञ्य પ્રત્યયાન્ત નામને) वृजि આદેશ (રાષ્ટ્રવાચક શબ્દાત્મક પ્રકૃતિ સ્વરૂપ આદેશ) તેમ જ 'वृजि-मद्राद्० ६-३-३८' થી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી वृजिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-વાર્જ્ય (વૃજિ દેશનો રાજા અથવા વૃજિના અપત્ય) નો સેવક. આવી જ રીતે माद्रं भजति આ અર્થમાં माद्र નામને; (मद्राणां राजा मद्रस्यापत्यं वा આ અર્થમાં मद्र નામને 'पुरुमगध० ६-१-११६' થી વિહિત દ્રિ સંજ્ઞક अण् પ્રત્યયાન્ત નામને) આ સૂત્રની સહાયથી मद्र આદેશ;

તથા ઉપર જણાવ્યા મુજબ क પ્રત્યય વગેરે કાર્ય થવાથી मद्रकः આવો પ્રયોગ થાય છે. અર્થ-माद्र (मद्र દેશનો રાજા અથવા मद्र નું અપત્ય) નો સેવક. ઉપર જણાવ્યા મુજબ पाण्ड्यं भजति આ અર્થમાં पाण्ड्य નામને; (पाण्डूनां राजा पाण्डोरपत्यं वा આ અર્થમાં पाण्डु નામને 'पाण्डोर्ड्यण् ६-१-११९' થી વિહિત द्रि સંજ્ઞક ड्यण् પ્રત્યયાન્ત નામને) આ સૂત્રની સહાયથી पाण्डु આદેશ તથા 'बहुविषयेभ्यः ६-३-४५' થી अकञ् પ્રત્યય. 'अस्वय० ७-४-७०' થી उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી पाण्डवकः આવો પ્રયોગ થાય છે. અર્થ-પાણ્ડ્ય (पाण्डु દેશનો રાજા અથવા पाण्डु નું અપત્ય) નો સેવક.

सरूपादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्रि પ્રત્યયાન્ત સરૂપ જ રાષ્ટ્ર-ક્ષત્રિયાર્થક દ્વિતીયાન્ત નામને 'भजति' અર્થમાં બધું (પ્રકૃતિ-પ્રત્યય) રાષ્ટ્રની જેમ થાય છે. તેથી पौरवान् भजति આ અર્થમાં पौरव નામને, (पुरोरपत्यानि આ અર્થમાં અસરૂપ पुरु નામને 'पुरु-मगध० ६-१-११६' થી વિહિત द्रि સંજ્ઞક अण् પ્રત્યયાન્ત નામને) 'भजति ६-३-२०४' ની સહાયથી 'दोरीयः ६-३-३२' થી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पौरवीयम् આવો પ્રયોગ થાય છે. અહીં द्रि સંજ્ઞક પ્રત્યય સરૂપ ક્ષત્રિયવાચક નામથી વિહિત ન હોવાથી આ સૂત્રથી રાષ્ટ્રની જેમ બધું કાર્ય થતું નથી. અર્થ-પુરુના અપત્યોનો સેવક. અહીં પ્રક્રિયાન્તર્ગત તે તે સૂત્રોનો અર્થ વિચારવાથી આ સૂત્રાર્થ સ્પષ્ટ પણે સમજાશે. ॥૨૦૯॥

## टस्तुल्यदिशि ६।३।२१०॥

તૃતીયાન્ત નામને તુલ્ય (એક સમાન) દિશા અર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. सुदाम्ना ('सहार्थे २-२-४५' થી તૃતીયા) एकदिक् આ અર્થમાં सुदामन् નામને આ સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. सौदामन નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી सौदामनी विद्युत् આવો પ્રયોગ થાય છે. અર્થ-સુદામન્ પર્વત જે દિશામાં છે તે દિશામાં વર્ત્તનારી

વિજળી. (सुदामन् + अण् આ અવસ્થામાં 'नोऽपद० ૭-૪-૬૧' થી अन् લોપની પ્રાપ્તિ હતી, તેનો 'अणि ૭-૪-૫૨' થી નિષેધ થાય છે.) ॥૨૧૦॥

## तसिः ६।३।२११॥

તૃતીયાન્ત નામને તુલ્ય - એક દિશા અર્થમાં तसि (तस्) પ્રત્યય થાય છે. सुदाम्ना तुल्यदिक् આ અર્થમાં सुदामन् નામને આ સૂત્રથી तसि પ્રત્યય. 'नाम्नो नो० ૨-૧-૯૧' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી सुदामतो विद्युत् આવો પ્રયોગ થાય છે. અર્થ-સુદામન્ પર્વતની દિશામાં રહેનારી વિજળી. પૂર્વ સૂત્રથી યથાવિહિત अण् વગેરે પ્રત્યયો તે તે નામને વિહિત છે. આ સૂત્રથી સામાન્યપણે બધા નામથી ઉપર જણાવ્યા મુજબ तसि પ્રત્યય વિહિત છે. तसिं પ્રત્યયાન્ત અવ્યય છે. ॥૨૧૧॥

## यश्चोरसः ६।३।२१२॥

તૃતીયાન્ત उरस् નામને તુલ્ય-એક દિશા અર્થમાં य અને तसि (तस्) પ્રત્યય થાય છે. उरसा तुल्यदिक् - આ અર્થમાં આ સૂત્રથી य અને तसि પ્રત્યયાદિ કાર્ય થવાથી उरस्यः અને उरस्तः આવો પ્રયોગ થાય છે. અર્થ- હૃદયની દિશામાં વર્ત્તનાર. ॥૨૧૨॥

## सेर्निवासादस्य ६।३।२१३॥

નિવાસાર્થક પ્રથમાન્ત નામને; ષષ્ઠ્યર્થમાં (તે -નિવાસે -છે જેનો એ અર્થમાં) યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. स्रुघ्नो नदी वा निवासोऽस्य આ અર્થમાં આ સૂત્રની સહાયથી स्रुघ्न નામને 'प्राग् जि० ६-१-१३' થી अण् પ્રત્યય; અને नदी નામને 'नद्यादे० ६-३-२' થી एयण् પ્રત્યય. 'वृद्धिः० ૭-

૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ; उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ અને ई નો લોપ વગેરે કાર્ય થવાથી स्रौघ्नः અને नादेयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-સ્રુઘ્ન દેશમાં રહેનાર. નદીમાં રહેનાર. ॥૨૧૩॥

## आभिजनात् ६।३।२१४॥

અભિજનો = પૂર્વબાન્ધવો. અભિજનો સમ્બન્ધી (आभिजनः) નિવાસાર્થક પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં યથાવિહિત अण् વગેરે પ્રત્યય થાય છે. स्रुघ्न आभिजनो निवासोऽस्य, અને राष्ट्रमाभिजनो निवासोऽस्य આ અર્થમાં આ સૂત્રની સહાયથી 'प्राग् जि० ६-१-१३' થી स्रुघ्न નામને अण् પ્રત્યય; અને 'राष्ट्रादियः ६-३-३'થી राष्ट्र નામને इय પ્રત્યય વગેરે કાર્ય થવાથી स्रौघ्नः અને राष्ट्रियः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-પોતાના પૂર્વબંધુઓના નિવાસભૂત સ્રુઘ્ન દેશમાં રહેનાર. પોતાના પૂર્વબન્ધુઓના નિવાસભૂત રાષ્ટ્રમાં રહેનાર. (પ્રક્રિયા માટે જાુઓ સૂ. નં. ૬-૩-૨૧૩, ૬-૩-૩.) ॥૨૧૪॥

## शण्डिकादेर्ण्यः ६।३।२१५॥

शण्डिकादि ગણપાઠમાંનાં शण्डिक વગેરે આભિજન નિવાસાર્થક (જાુઓ સૂ. નં. ६-३-२१४) પ્રથમાન્ત નામને; ષષ્ઠ્યર્થમાં ण्य (य) પ્રત્યય થાય છે. शण्डिकः कूचवारो वाऽऽभिजनो निवासोऽस्य આ અર્થમાં शण्डिक અને कूचवार નામને આ સૂત્રથી ण्य (य) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ અને ऊ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शाण्डिक्यः અને कौचवार्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આભિજન (પૂર્વબન્ધુઓના) નિવાસસ્વરૂપ શણ્ડિકમાં રહેનાર. આભિજન નિવાસ સ્વરૂપ કૂચવારમાં રહેનાર. ॥૨૧૫॥

### सिन्ध्वादेरञ् ६।३।२१६।।

સિન્ધ્વાદિ ગણપાઠમાંનાં સિન્ધુ વગેરે આભિજન નિવાસાર્થક (જુઓ સૂ. નં. ૬-૩-૨૧૪) પ્રથમાન્ત નામને; ષષ્ઠ્યર્થમાં अञ्(अ) પ્રત્યય થાય છે. सिन्धुर्वर्णु र्वाऽऽभिजनो निवासोऽस्य આ અર્થમાં સિન્ધુ અને વર્ણુ નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ; અને इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી सैन्धवः અને वार्णवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આભિજન નિવાસ સ્વરૂપ સિન્ધુદેશમાં રહેનાર. આભિજન નિવાસ સ્વરૂપ વર્ણુ દેશમાં રહેનાર. ।।૨૧૬।।

### सलातुरादीयण् ६।३।२१७।।

આભિજન (પૂર્વબન્ધુઓના) નિવાસાર્થક પ્રથમાન્ત सलातुर નામને ષષ્ઠ્યર્થમાં ईयण् (ईय) પ્રત્યય થાય છે. सलातुर आभिजनो निवासोऽस्य આ અર્થમાં सलातुर નામને આ સૂત્રથી ईयण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सालातुरीयः पाणिनिः આવો પ્રયોગ થાય છે. અર્થ- આભિજન નિવાસભૂત સલાતુર દેશમાં રહેનારા પાણિની ઋષિ. ।।૨૧૭।।

### तूदी-वर्मत्या एयण् ६।३।२१८।।

આભિજન (પૂર્વબન્ધુઓના) નિવાસાર્થક પ્રથમાન્ત तूदी અને वर्मती નામને; ષષ્ઠ્યર્થમાં एयण् (एय) પ્રત્યય થાય છે. तूदी वर्मती वाऽऽभिजनो निवासोऽस्य આ અર્થમાં तूदी અને वर्मती નામને આ સૂત્રથી एयण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ऊ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ.

'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ઈ નો લોપ વગેરે કાર્ય થવાથી તૌદેયઃ અને વાર્મતેયઃ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આભિજન નિવાસ સ્વરૂપ તૂદી દેશમાં રહેનાર. આભિજન નિવાસ સ્વરૂપ વર્મતી દેશમાં રહેનાર. ॥૨૧૮॥

**गिरेरीयो ऽ स्त्राजीवे ६।३।२१९॥**

આભિજન- (પૂર્વબાન્ધવોના) નિવાસાર્થક પ્રથમાન્ત પર્વતવિશેષવાચક નામને; अस्त्राजीव (अस्त्रमाजीवो जीविका यस्य)-શસ્ત્રજીવી સ્વરૂપ ષષ્ઠ્યર્થમાં ईय પ્રત્યય થાય છે. हृद्गोल आभिजनो निवासोऽस्यास्त्राजीवस्य આ અર્થમાં हृद्गोल નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हृद्गोलीयः આવો પ્રયોગ થાય છે. અર્થ- આભિજન નિવાસ સ્વરૂપ હૃદ્ગોલ પર્વતમાં રહેનાર શસ્ત્રજીવી. ॥૨૧૯॥

जयस्तम्भान्........ આશય એ છે કે- દિગ્વિજય (યાત્રા) કરીને રાજા; પ્રથમ પોતાની સીમાના ચિહ્નરૂપે સીમા પર જયસ્તમ્ભો ઊભા કરે છે. પછી એ ઉજવણી રૂપે ઠેર ઠેર માંડવા બાંધી ઉત્સવો કરે છે. જેમાં કેસર કુંકુમ વગેરે પૂજાદ્રવ્યોથી દેવગુરુ વગેરેની પૂજા કરે છે; અને આવી રીતે ઉજવાયેલા વિજયથી રાજાનો યશ- તેજ જગતમાં વિસ્તરે છે. રાજાઓની આવી રીત મુજબ-

સિદ્ધરાજે પોતાની સીમાને સૂચવનારા જયસ્તમ્ભો પૃથ્વીને છેડે, દરિયાના કાંઠે જ્યાં ભરતીના પાણી પહોંચે ત્યાં સ્થાપ્યા છે. એટલે કે સમગ્ર પૃથ્વીને પોતાના અધિકારમાં સમાવી છે. આવા ભવ્ય વિજયની ઉજવણી માટે બાંધેલા, પવિત્ર અને ઉજ્જ્વલ ગુણોથી શ્રેષ્ઠ એવા ચંદરવાઓ (માંડવા) થી સકલ બ્રહ્માંડને ઢાંકી દીધું છે. એટલે કે સમસ્ત પૃથ્વી પર સિદ્ધરાજના વિજયનો ઉત્સવ ઉજવાય છે. આ ઉત્સવમાં વપરાતા યશ અને તેજ સ્વરૂપ કેસર કુંકુમાદિ પૂજાદ્રવ્યોથી સકલભુવનોને લિપ્ત કર્યાં છે. એટલે કે સમ્પૂર્ણ વિધિથી સકલ પૂજ્યતત્ત્વોની પૂજા કરી છે. - આવો ભવ્ય વિજયાનંદ માણ્યા

પછી પણ, શું સિદ્‌ધરાજ વિરામ લે છે? અર્થાદ્ નથી લેતો. હજુ પણ બીજા દેશો જીતવાનો એનો પ્રયાસ ચાલુ રહેવાનો. (પ્રકૃત जयस्तम्भान्.... આ શ્લોકમાં कृतो यात्रानन्दो विरमति ના સ્થાને कृते यात्रानन्दे विरमति हि- આવો પાઠ હોવો જોઈએ.)

**इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे**
**षष्ठेऽध्याये तृतीयः पादः ।**

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

॥ अथ प्रारभ्यते षष्ठेऽध्याये चतुर्थः पादः ॥

**इकण् ६।४।१॥**

આ ચતુર્થ પાદની સમાપ્તિ સુધી અપવાદભૂત સૂત્રોને છોડીને અન્ય સૂત્રોમાં इकण् પ્રત્યયનો અધિકાર જાણવો. ॥૧॥

**तेन जित-जयद् - दीव्य-खनत्सु ६।४।२॥**

તૃતીયાન્ત નામને जित; जयति; दीव्यति અને खनति આ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अक्षै र्जितम्; अक्षैर्जयति अक्षै र्दीव्यति वा અને अभ्र्या खनति આ અર્થમાં अक्ष અને अभ्री નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો અને ई નો લોપ વગેરે કાર્ય થવાથી आक्षिकम् आक्षिकः અને आभ्रिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાસાથી જિતાયેલું. પાસાથી જિતનાર અથવા રમનાર. અભ્રી (લાકડાનું બરછી જેવું તીક્ષ્ણ અગ્રભાગવાળું ખોદવાનું સાધનવિશેષ) થી ખોદનાર. ॥૨॥

**संस्कृते ६।४।३॥**

તૃતીયાન્ત નામને સંસ્કૃત અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. दध्ना संस्कृतम् અને विद्यया संस्कृतम् આ અર્થમાં दधि અને विद्या નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ અને इ ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ અને आ નો લોપ વગેરે કાર્ય થવાથી दाधिकम् અને वैद्यिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - દહીંથી સંસ્કાર કરાયેલું. વિદ્યાથી સંસ્કૃત. અહીં લઘુવૃત્તિમાં दाक्षिकम् આવો

પાઠ છે. તેના સ્થાને બૃહદ્વૃત્તિ મુજબ दाधिकम् આવો પાઠ યોગ્ય લાગે છે. ॥૩॥

**कुलत्थ-कोपान्त्यादण् ६।४।४॥**

તૃતીયાન્ત कुलत्थ નામને તેમ જ કોપાન્ત્ય (क् છે ઉપાન્ત્ય જેમાં તેવા) નામને સંસ્કૃત અર્થમાં अण् (अ) પ્રત્યય થાય છે. कुलत्थैः संस्कृतम् અને तित्तिडीकेन संस्कृतम् આ અર્થમાં कुलत्थ નામને અને કોપાન્ત્ય तित्तिडीक નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ અને इ ને વૃદ્ધિ औ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कौलत्थम् અને तैत्तिडीकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કુલત્થ (કળથી) ધાન્યથી સંસ્કૃત. તિત્તિડીક અંજનવિશેષથી સંસ્કૃત. ॥૪॥

**संसृष्टे ६।४।५॥**

તૃતીયાન્ત નામને સંસૃષ્ટ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. दध्ना संसृष्टम् આ અર્થમાં दधि નામને આ સૂત્રથી इकण् પ્રત્યયાદિ કાર્ય (જાુઓ સૂ.નં. ૬-૪-૩) થવાથી दाधिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- દહીંથી સંસૃષ્ટ - મિશ્રિત.॥૫॥

**लवणादः ६।४।६॥**

તૃતીયાન્ત लवण નામને સંસૃષ્ટ અર્થમાં अ પ્રત્યય થાય છે. लवणेन संसृष्टः આ અર્થમાં लवण નામને આ સૂત્રથી अ પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી लवणः सूपः આવો પ્રયોગ થાય છે. અર્થ - મીઠાથી મિશ્રિત દાળ. ॥૬॥

## चूर्ण-मुद्गाभ्यामिनणौ ६।४।७।।

સંસૃષ્ટ અર્થમાં તૃતીયાન્ત चूर्ण નામને इन् અને मुद्ग નામને अण् પ્રત્યય થાય છે. चूर्णैः संसृष्टाः અને मुद्गैः संसृष्टा આ અર્થમાં चूर्ण અને मुद्ग નામને આ સૂત્રથી ક્રમશઃ इन् અને अण् (अ) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. मौद्ग નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી चूर्णिनोऽपूपाः અને मौद्गी यवागूः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- લોટથી મિશ્રિત માલપૂડા. મગથી મિશ્રિત જવની રાબ. ।।૭।।

## व्यञ्जनेभ्य उपसिक्ते ६।४।८।।

વ્યઞ્જન (રસાવાળા શાક દાળ વગેરે) વાચક તૃતીયાન્ત નામને ઉપસિક્ત અર્થમાં इकण् પ્રત્યય થાય છે. तैलेनोपसिक्तम् આ અર્થમાં तैल નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી तैलिकं शाकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- તેલથી ઉપસિક્ત શાક. અહીં યાદ રાખવું જોઈએ કે ખાવા માટે જે ભોજ્યાદિ લેવાય છે; તેને ઉપસિક્ત કહેવાય છે. થાળી વગેરે ઉપસિક્ત નથી. ઉપસિક્ત અર્થમાં યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ इकण् પ્રત્યય 'संसृष्टे ૬-૪-૫' થી સિદ્ધ જ છે; પરન્તુ વ્યઞ્જનાર્થક તૃતીયાન્ત નામને ઉપસિક્ત સ્વરૂપ જ संसृष्ट અર્થમાં અને ઉપસિક્ત સ્વરૂપ સંસૃષ્ટ અર્થમાં વ્યઞ્જનાર્થક જ તાદૃશ નામને इकण् પ્રત્યય થાય છે - આવા નિયમ માટે આ સૂત્રનું પ્રણયન છે. તેથી सूपेन संसृष्टा स्थाली અને उदकेनोपसिक्त ओदनः આ અર્થમાં આ સૂત્રથી કે 'संसृष्टे ૬-૪-૫' થી પણ सूप અને उदक નામને इकण् પ્રત્યય થતો નથી. ।।૮।।

## तरति ६।४।९॥

તૃતીયાન્ત નામને तरति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. उडुपेन तरति આ અર્થમાં उडुप નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'વૃદ્ધિઃ૦ ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી औडुपिकः આવો પ્રયોગ થાય છે. અર્થ - ત્રાપાથી તરનાર. ॥૯॥

## नौ-द्विस्वरादिकः ६।४।१०॥

તૃતીયાન્ત - नौ નામને અને દ્વિસ્વરી (બે સ્વરવાળા) નામને 'तरति' અર્થમાં इक પ્રત્યય થાય છે. नावा तरति અને बाहुभ्यां तरति આ અર્થમાં नौ અને बाहु નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'ओदौ० ૧-૨-૨૪' થી औ ને आव् આદેશ. 'ऋवर्णो० ૭-૪-૭૧' થી बाहु નામથી પરમાં રહેલા इक ના इ નો લોપ... વગેરે કાર્ય થવાથી नाविका ('आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય.) અને बाहुका આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નૌકાથી તરનારી. બે ભુજાઓથી તરનારી. ॥૧૦॥

## चरति ६।४।११॥

તૃતીયાન્ત નામને चरति (अत्ति, गच्छति) અર્થમાં इकण् પ્રત્યય થાય છે. हस्तिना चरति (गच्छति) અને दध्ना चरति (अत्ति) આ અર્થમાં हस्तिन् અને दधि નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્ય इन् નો લોપ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી हास्तिकः અને दाधिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- હાથીથી જનાર. દહીંથી (દહીંની સાથે) ખાનાર. ॥૧૧॥

## पर्पादिरिकट् ६।४।१२॥

पर्पादि ગણપાઠમાંનાં पर्प વગેરે તૃતીયાન્ત નામને चरति અર્થમાં इकट् (इक) પ્રત્યય થાય છે. पर्पेण चरति અને अश्वेन चरति આ અર્થમાં पर्प અને अश्व નામને આ સૂત્રથી इकट् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી पर्पिकी અને अश्विकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પર્પથી ચાલનારી-લૂલી. ઘોડાથી ચાલનારી. ॥૧૨॥

## पदिकः ६।४।१३॥

તૃતીયાન્ત पाद નામને चरति અર્થમાં इकट् પ્રત્યય થાય છે; અને ત્યારે पाद નામને पद् આદેશ થાય છે. पादाभ्यां चरति આ અર્થમાં पाद નામને આ સૂત્રથી इकट् (इक) પ્રત્યય; અને पाद ને पद् આદેશ વગેરે કાર્ય થવાથી पदिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- પગથી ચાલનાર. ॥૧૩॥

## श्वगणाद् वा ६।४।१४॥

તૃતીયાન્ત श्वगण નામને चरति અર્થમાં इकट् પ્રત્યય વિકલ્પથી થાય છે. श्वगणेन चरति આ અર્થમાં श्वगण નામને આ સૂત્રથી इकट् (इक) પ્રત્યય... વગેરે કાર્ય (જુઓ સૂ.નં. ६-४-१२) થવાથી श्वगणिकी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इकट् પ્રત્યય ન થાય ત્યારે 'चरति ६-४-११' થી इकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ.નં.६-४-२) श्वागणिकः (સ્ત્રીલિંગમાં श्वागणिकी) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કૂતરાઓથી ચાલનારી. કૂતરાઓથી ચાલનાર. ॥૧૪॥

## वेतनादे र्जीवति ६।४।१५।।

वेतनादि ગણપાઠમાંનાં वेतन વગેરે તૃતીયાન્ત નામને जीवति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. वेतनेन जीवति અને वाहेन जीवति આ અર્થમાં वेतन અને वाह નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वैतनिकः અને वाहिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વેતનથી (નોકરીથી) જીવનાર. ભારવહન કરીને જીવનાર. ।।૧૫।।

## व्यस्ताच्च क्रय- विक्रयादिकः ६।४।१६।।

તૃતીયાન્ત સમસ્ત અને વ્યસ્ત क्रय અને विक्रय નામને जीवति અર્થમાં इक પ્રત્યય થાય છે. क्रयविक्रयेण क्रयेण विक्रयेण वा जीवति આ અર્થમાં સમસ્ત क्रयविक्रय નામને અને વ્યસ્ત क्रय અને विक्रय નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી क्रयविक्रयिकः क्रयिकः અને विक्रयिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ખરીદી અને વિક્રી કરીને જીવનાર. ખરીદી કરીને જીવનાર. વિક્રી કરીને જીવનાર. ।।૧૬।।

## वस्नात् ६।४।१७।।

તૃતીયાન્ત वस्न નામને जीवति અર્થમાં इक પ્રત્યય થાય છે. वस्नेन जीवति આ અર્થમાં वस्न નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वस्निकः આવો પ્રયોગ થાય છે. અર્થ- વસ્ન (મૂલ્ય-મજૂરી) થી જીવનાર. ।।૧૭।।

## आयुधादीयश्च ६।४।१८॥

તૃતીયાન્ત आयुध નામને जीवति અર્થમાં ईय અને इक પ્રત્યય થાય છે. आयुधेन जीवति આ અર્થમાં आयुध નામને આ સૂત્રથી ईय અને इक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आयुधीयः અને आयुधिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- આયુધ (હથિયાર) થી જીવનાર. ॥૧૮॥

## व्रातादीनञ् ६।४।१९॥

તૃતીયાન્ત व्रात નામને जीवति અર્થમાં ईनञ् (ईन) પ્રત્યય થાય છે. व्रातेन जीवति આ અર્થમાં व्रात નામને આ સૂત્રથી ईनञ् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. व्रातीन નામને સ્ત્રીલિઙ્ગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् (आ) પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન व्रातीना નામને 'व्रातीना भार्या यस्य' આ વિગ્રહમાં भार्या નામની સાથે બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી व्रातीनाभार्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- વ્રાતથી જીવિકા ચલાવનારી ભાર્યાવાળો. ભિન્ન પ્રકારના અનિયત પ્રવૃત્તિવાળા શરીરશ્રમથી જીવનારા લોકોના સમુદાયો અથવા તેમનું કાર્ય व्रात કહેવાય છે. ईनञ् પ્રત્યય ञित् છે. તે વૃદ્ધિનો હેતુ હોવાથી 'तद्धितः० ૩-૨-૫૫' થી व्रातीना નામને પુંવદ્ ભાવનો નિષેધ થાય છે. ॥૧૯॥

## निर्वृत्ते ऽक्षद्यूतादेः ६।४।२०॥

अक्षद्यूतादि ગણપાઠમાંનાં अक्षद्यूत વગેરે તૃતીયાન્ત નામને निर्वृत्त અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अक्षद्यूतेन निर्वृत्तम् અને जङ्घाप्रहतेन निर्वृत्तम् આ અર્થમાં अक्षद्यूत અને जङ्घाप्रहत નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી

અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आक्षद्यूतिकम् અને जाङ्घाप्रहतिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- પાસાના જુગારથી થયેલું વૈર. જંઘાના આઘાતથી થયેલું વૈર. ||૨૦||

**भावादिमः ६।४।२१॥**

ભાવવાચક પ્રત્યય (घञ् વગેરે) અન્તમાં છે જેના એવા તૃતીયાન્ત નામને निर्वृत्त અર્થમાં इम પ્રત્યય થાય છે. पाकेन निर्वृत्तम् આ અર્થમાં पाक નામને આ સૂત્રથી इम પ્રત્યય. અન્ત્ય अ નો 'अवर्णे० ૭-૪-૬૮' થી લોપ વગેરે કાર્ય થવાથી पाकिमम् આવો પ્રયોગ થાય છે. અર્થ- પાક (રાંધવું તે) થી થયેલું. ||૨૧||

**याचिताऽपमित्यात् कण् ६।४।२२॥**

તૃતીયાન્ત याचित અને अपमित्य (यप् (त्वा) પ્રત્યયાન્ત અવ્યય) નામને निर्वृत्त અર્થમાં कण् પ્રત્યય થાય છે. याचितेन निर्वृत्तम् અને अपमित्य निर्वृत्तम् આ અર્થમાં याचित નામને અને अपमित्य નામને આ સૂત્રથી कण् (क) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી याचितकम् અને आपमित्यकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- માંગવાથી થયેલું. અપમિત્ય (પ્રતિદાન) થી થયેલું. ||૨૨||

**हरत्युत्सङ्गादेः ६।४।२३॥**

उत्सङ्गादि ગણપાઠમાંનાં उत्सङ्ग વગેરે તૃતીયાન્ત નામને हरति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. उत्सङ्गेन हरति અને उत्रुपेन हरति આ અર્થમાં उत्सङ्ग અને उत्रुप નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો

લોપ વગેરે કાર્ય થવાથી औत्सङ्गिकः અને औत्रुपिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉત્સઙ્ગ (ખોળો, મધ્યભાગ) થી હરનાર. ઉત્રુપથી હરનાર. ॥૨૩॥

### भस्त्रादेरिकट् ६।४।२४॥

भस्त्रादि ગણપાઠમાંનાં भस्त्रा વગેરે તૃતીયાન્ત નામને हरति અર્થમાં इकट् પ્રત્યય થાય છે. भस्त्रया हरति અને भरटेन हरति આ અર્થમાં भस्त्रा અને भरट નામને આ સૂત્રથી इकट् (इक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી भस्त्रिकी અને भरटिकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ધમણ વડે હરનાર કુંભાર વડે હરણ કરનાર. ॥૨૪॥

### विवध-वीवधाद् वा ६।४।२५॥

તૃતીયાન્ત विवध અને वीवध નામને हरति અર્થમાં વિકલ્પથી इकट् પ્રત્યય થાય છે. विवधेन वीवधेन वा हरति આ અર્થમાં विवध અને वीवध નામને આ સૂત્રથી इकट् (इक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. સ્ત્રીલિંગમાં 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી विवधिकी અને वीवधिकी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इकट् પ્રત્યય ન થાય ત્યારે 'इकण् ૬-૪-૧' થી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ અને ई ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી પુલ્લિંગમાં वैवधिकः (બંન્ને સ્થાને) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- માર્ગથી લઈ જનારી. માર્ગથી લઈ જનાર. ॥૨૫॥

## कुटिलिकाया अण् ६।४।२६॥

तृतीयान्त कुटिलिका નામને हरति અર્થમાં अण् (अ) પ્રત્યય થાય છે. कुटिलिकया हरति આ અર્થમાં कुटिलिका નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી कौटिलिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- કુટિલિકા (અંગારા લઈ જવાનું સાધનવિશેષ) થી લઈ જનાર સુથાર વગેરે. ॥२६॥

## ओजस् सहोऽम्भसो वर्त्तते ६।४।२७॥

तृतीयान्त ओजस् सहस् અને अम्भस् નામને वर्त्तते અર્થમાં इकण् પ્રત્યય થાય છે. ओजसा सहसा अम्भसा वा वर्त्तते આ અર્થમાં ओजस् सहस् અને अम्भस् નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ओ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ વગેરે કાર્ય થવાથી औजसिकः साहसिकः અને आम्भसिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બલવાન. સાહસિક-પરાક્રમી. પાણીની સાથે રહેનાર.॥२७॥

## तं प्रत्यनोर्लोमेप-कूलात् ६।४।२८॥

प्रति અથવા अनु પૂર્વપદ છે જેનું અને लोम ईप અને कूल શબ્દ છે અન્તમાં જેના, એવા દ્વિતીયાન્ત નામને वर्त्तते અર્થમાં इकण् પ્રત્યય થાય છે. प्रतिलोमम् अनुलोमम् प्रतीपम् अन्वीपम् प्रतिकूलम् अनुकूलम्वा આ અર્થમાં प्रतिलोम अनुलोम प्रतीप अन्वीप प्रतिकूल અને अनुकूल નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી प्रातिलोमिकः; आनुलोमिकः; प्रातिपिकः; आन्वीपिकः; प्रातिकूलिकः અને आनुकूलिकः

આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિપરીત રહેનાર. સીધો રહેનાર. વિરુદ્ધ રહેનાર. અનુકૂલ રહેનાર. પ્રતિકૂલ રહેનાર. અનુકૂલ રહેનાર. ||૨૮||

**परेर्मुखपार्श्वात् ६।४।२९॥**

परि શબ્દ છે પૂર્વપદ જેનું અને मुख અથવા पार्श्व નામ છે અન્તમાં જેના એવા દ્વિતીયાન્ત નામને वर्त्तते અર્થમાં इकण् પ્રત્યય થાય છે. परिमुखं वर्त्तते અને परिपार्श्वं वर्त्तते આ અર્થમાં परिमुख અને परिपार्श्व નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ६-४-२८) पारिमुखिकः અને पारिपार्श्विकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સામે અથવા વિરુદ્ધ- દૂર રહેનાર. પાસે અથવા દૂર રહેનાર. ||૨૯||

**रक्षदुञ्छतोः ६।४।३०॥**

દ્વિતીયાન્ત નામને रक्षति અને उञ्छति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. नगरं रक्षति અને बदराण्युञ्छति આ અર્થમાં नगर અને बदर નામને આ સૂત્રથી इकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ.નં. ६-४-२८) नागरिकः અને बादरिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નગરની રક્ષા કરનાર. બોર વીણનાર. (ભેગા કરનાર). ||૩૦||

**पक्षि- मत्स्य- मृगार्थाद् घ्नति ६।४।३१॥**

દ્વિતીયાન્ત पक्षि मत्स्य અને मृग અર્થવાળા નામને घ्नति અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. पक्षिणो हन्ति; मत्स्यान् हन्ति અને मृगान् हन्ति આ અર્થમાં पक्षिन् मत्स्य અને मृग નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'વૃદ્ધિઃ૦ ७-४-१' થી આદ્યસ્વર अ અને ऋને વૃદ્ધિ आ અને आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય इन् નો

લોપ વગેરે કાર્ય થવાથી पाक्षिकः मात्स्यिकः અને मार्गिकः આવો પ્રયોગ થાય છે. અહીં તદર્થક (પક્ષિ વગેરે અર્થવાળા) નામોને ઉપર જણાવ્યા મુજબ પ્રત્યયનું વિધાન હોવાથી પક્ષિ વગેરેના પર્યાયવાચક નામોને અથવા વિશેષવાચક નામોને પણ આ સૂત્રથી इकण् પ્રત્યય થાય છે. અર્થ ક્રમશઃ- પક્ષીઓને મારનાર. માછલીઓને મારનાર. અરણ્ય પશુઓને મારનાર. ॥३१॥

### परिपन्थात् तिष्ठति च ६।४।३२॥

દ્વિતીયાન્ત परिपथ નામને तिष्ठति અને घ्नति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. परिपन्थं तिष्ठति हन्ति वा આ અર્થમાં परिपथ નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. સૂત્રમાં पन्थ આ પ્રમાણે નિર્દેશ હોવાથી पथ ને पन्थ આદેશ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पारिपन्थिकश्चौरः આવો પ્રયોગ થાય છે. અર્થ- રસ્તાને છોડીને રહેનાર. રસ્તા પર રોકીને મારનાર ચોર. ॥३२॥

### परिपथात् ६।४।३३॥

દ્વિતીયાન્ત परिपथ નામને तिष्ठति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. परिपथं तिष्ठति આ અર્થમાં परिपथ નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ.નં. ६-४-३२) पारिपथिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- રસ્તાને રોકીને અથવા છોડીને રહેનાર. ॥३३॥

### अवृद्धे र्गृह्णति गर्ह्ये ६।४।३४॥

વૃદ્ધિ નામને છોડીને અન્ય દ્વિતીયાન્ત નામને गृह्णति અર્થમાં નિન્દા અર્થ ગમ્યમાન હોય તો इकण् પ્રત્યય થાય છે. द्विगुणं गृह्णाति આ અર્થમાં

द्विगुण નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય થાય છે. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्वैगुणिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- ડબલ ગ્રહણ કરનાર. (ઓછું આપીને વધારે ગ્રહણ કરતો હોવાથી અહીં નિન્દા જણાય છે.) ॥૩૪॥

## कुसीदादिकट् ६।४।३५॥

દ્વિતીયાન્ત कुसीद નામને નિન્દા ગમ્યમાન હોય તો गृह्णति અર્થમાં इकट् (इक) પ્રત્યય થાય છે. कुसीदं गृह्णाति અર્થમાં कुसीद નામને આ સૂત્રથી इकट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૬-૪-૧૨) कुसीदिकी આવો પ્રયોગ થાય છે અર્થ- કુસીદને (વ્યાજ મેળવવા આપેલા દ્રવ્યને) ગ્રહણ કરનારી. ॥૩૫॥

## दशैकादशादिकश्च ६।४।३६॥

દ્વિતીયાન્ત दशैकादश નામને નિન્દા ગમ્યમાન હોય તો गृह्णति અર્થમાં इक અને इकट् પ્રત્યય થાય છે. दशैकादशान् गृह्णाति આ અર્થમાં दशैकादश નામને આ સૂત્રથી इक અને इकट् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. इक પ્રત્યયાન્ત दशैकादशिक નામને સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય; इकट् પ્રત્યયાન્ત दशैकादशिक નામને સ્ત્રીલિંગમાં 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી दशैकादशिका અને दशैकादशिकी આવો પ્રયોગ થાય છે. અર્થ-(એક આપીને) એકવીશ લેનારી. (दशभिरेकादश दशैकादशाः અહીં સૂત્રનિર્દેશથી જ અન્ત્ય न् ને अ આદેશ થવાથી दशैकादशान् આવો પ્રયોગ કર્યો છે. અન્યથા दशैकादश આવો પ્રયોગ થાત.) ॥૩૬॥

## अर्थ-पद-पदोत्तर-ललाम-प्रतिकण्ठात् ६।४।३७।।

द्वितीयान्त अर्थ, पद, पद नाम छे उत्तर पद જેનું એવું નામ; ललाम અને प्रतिकण्ठ નામને गृह्णति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अर्थम् पदम् पूर्वपदम् ललामम् प्रतिकण्ठम् वा गृह्णाति આ અર્થમાં આ સૂત્રથી अर्थ पद पूर्वपद ललाम અને प्रतिकण्ठ નામને इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ અને ऊ ને वृद्धि आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आर्थिकः, पादिकः, पौर्वपदिकः; लालामिकः અને प्रातिकण्ठिकः આવો પ્રયોગ થાય છે અર્થ ક્રમશઃ- અર્થગ્રહણકરનાર. પદગ્રહણ કરનાર. પૂર્વપદગ્રહણ કરનાર. ધ્વજ ગ્રહણ કરનાર. કંઠ સુધી ગ્રહણ કરનાર. ।।३७।।

## परदारादिभ्यो गच्छति ६।४।३८।।

परदारादि ગણપાઠમાંનાં परदारा વગેરે દ્વિતીયાન્ત નામને गच्छति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. परदारान् गच्छति અને गुरुदारान् गच्छति આ અર્થમાં परदारा અને गुरुदारा નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને તેમ જ उ ને वृद्धि आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી पारदारिकः અને गौरुदारिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પરસ્ત્રી પાસે જનાર. ગુરુપત્ની પાસે જનાર. ।।३८।।

## प्रतिपथादिकश्च ६।४।३९।।

द्वितीयान्त प्रतिपथ નામને गच्छति અર્થમાં इक અને इकण् પ્રત્યય થાય છે. प्रतिपथं (पन्थानं पन्थानं प्रति पथोऽभिमुखं वा प्रतिपथम्) गच्छति આ અર્થમાં प्रतिपथ નામને આ સૂત્રથી इक અને इकण् પ્રત્યય. 'अवर्णे० ७-४-

૬૮' થી અન્ત્ય अ નો લોપ. इकण् પ્રત્યયની પૂર્વે 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી प्रतिपथिकः અને प्रातिपथिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- દરેક રસ્તે અથવા માર્ગાભિમુખ જનાર. ॥૩૯॥

## माथोत्तरपद-पदव्याक्रन्दाद् धावति ६।४।४०॥

દ્વિતીયાન્ત माथोत्तर પદક નામ (माथ શબ્દ ઉત્તરપદ છે જેનું એવું નામ) તેમજ पदवी અને आक्रन्द નામને धावति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. दण्डमाथं (दण्ड इव माथो दण्डमाथ ऋजुमार्गस्तम्) धावति; पदवीं धावति અને आक्रन्दं धावति આ અર્થમાં दण्डमाथ पदवी અને आक्रन्द નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ અને ई નો લોપ વગેરે કાર્ય થવાથી दाण्डमाथिकः पादविकः અને आक्रन्दिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દંડ જેવા સીધા માર્ગે દોડનાર. માર્ગે દોડનાર. જ્યાં આક્રંદ થાય છે તે દેશમાં દોડનાર. ॥૪૦॥

## पश्चात्यनुपदात् ६।४।४१॥

पश्चात् અર્થ છે જેનો એવા દ્વિતીયાન્ત अनुपद નામને धावति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अनुपदं धावति આ અર્થમાં अनुपद નામને આ સૂત્રથી इकण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૬-૪-૪૦) आनुपदिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- પાછળ દોડનાર. ॥૪૧॥

## सुस्नातादिभ्यः पृच्छति ६।४।४२॥

सुस्नातादि ગણપાઠમાંનાં सुस्नात વગેરે દ્વિતીયાન્ત નામને पृच्छति અર્થમાં

इकण् પ્રત્યય થાય છે. सुस्नातं पृच्छति અને सुखरात्रं पृच्छति આ અર્થમાં सुस्नात અને सुखरात्र નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सौस्नातिकः અને सौखरात्रिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારું સ્નાન કર્યું-એમ પૂછનાર. સુખે કરી રાત્રિ પસાર થઈ એમ પૂછનાર. ॥૪૨॥

**प्रभूतादिभ्यो ब्रुवति ६।४।४३॥**

प्रभूतादि ગણપાઠમાંનાં દ્વિતીયાન્ત प्रभूत વગેરે નામને ब्रुवति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. प्रभूतं पर्याप्तं (ક્રિયાવિશેષણ) वा ब्रूते આ અર્થમાં प्रभूत અને पर्याप्त નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી प्राभूतिकः અને पार्याप्तिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઘણું બોલનાર. પૂર્ણ બોલનાર. ॥૪૩॥

**माशब्द इत्यादिभ्यः ६।४।४४॥**

माशब्द... ઈત્યાદિ ગણપાઠમાંનાં माशब्द વગેરે વાક્યને ब्रुवति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. मा शब्दः क्रियतामिति ब्रूते અને कार्यः शब्द इति ब्रूते આ અર્થમાં माशब्द અને कार्यशब्द વાક્યને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. "अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી माशब्दिकः અને कार्यशब्दिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શબ્દ ન કરો-એવું બોલનાર. શબ્દ કાર્ય છે એવું બોલનાર. ॥૪૪॥

## शाब्दिक- दार्दरिक- लालाटिक- कौक्कुटिकम् ६।४।४५॥

शाब्दिक दार्दरिक लालाटिक અને कौक्कुटिक આ इकण् प्रत्ययान्त નામોનું પ્રસિદ્ધ તે તે અર્થમાં નિપાતન કરાય છે. शब्दं करोति; दर्दरं करोति; ललाटं पश्यति અને कुक्कुटीं पश्यति આ અર્થમાં शब्द दर्दुर ललाट અને कुक्कुटी નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ અને उ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ અને ई નો લોપ વગેરે કાર્ય થવાથી शाब्दिको वैयाकरणः दार्दरिको वादित्रकृत्; लालाटिकः प्रमत्तः અને कौक्कुटिको भिक्षुः આવો અર્થવિશેષમાં રૂઢ પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શબ્દનો જાણકાર વૈયાકરણ. વાદ્ય બનાવનાર. સ્વામીના લલાટને જોઈને છુપાઈ જનાર નોકર. મિથ્યા આડંબર કરનાર ભિક્ષુક. ।।૪૫।।

## समूहार्थात् समवेते ६।४।४६॥

દ્વિતીયાન્ત સમૂહાર્થક નામને સમવેત અર્થમાં इकण् પ્રત્યય થાય છે. समूहं समवैति અને समाजं समवैति આ અર્થમાં समूह અને समाज નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सामूहिकः અને सामाजिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- (બંન્નેનો) સમુદાયનું અંગ. ।।૪૬।।

## पर्षदो ण्यः ६।४।४७॥

દ્વિતીયાન્ત पर्षद् નામને સમવેત અર્થમાં ण्य (य) પ્રત્યય થાય છે. पर्षदं समवैति આ અર્થમાં पर्षद् નામને આ સૂત્રથી ण्य પ્રત્યય. 'वृद्धिः०-७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી पार्षद्यः આવો

પ્રયોગ થાય છે. અર્થ- પર્ષદાનું અંગ બને છે. ||૪૭||

### सेनाया वा ६।४।४८॥

દ્વિતીયાન્ત सेना નામને समवेत અર્થમાં ण्य પ્રત્યય વિકલ્પથી થાય છે. सेनां समवैति આ અર્થમાં सेना નામને આ સૂત્રથી ण्य પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ण्य પ્રત્યય ન થાય ત્યારે 'समूहा० ६-४-४६' થી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી सैन्यः અને सैनिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- સેનાનું અંગ થાય છે. ||૪૮||

### धर्माऽधर्माच्चरति ६।४।४९॥

દ્વિતીયાન્ત धर्म અને अधर्म નામને चरति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. धर्मं चरति અને अधर्मं चरति આ અર્થમાં धर्म અને अधर्म નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ... વગેરે કાર્ય થવાથી धार्मिकः અને आधर्मिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ધર્મ કરનાર. અધર્મ કરનાર. ||૪૯||

### षष्ठ्या धर्म्ये ६।४।५०॥

ષષ્ઠ્યન્ત નામને धर्म्य અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. ન્યાયથી યુક્ત અથવા પરંપરાથી પ્રાપ્ત આચારને ધર્મ કહેવાય છે; અને તેનાથી યુક્ત વ્યવહારને ધર્મ્ય કહેવાય છે. शुल्कशालाया धर्म्यम् આ અર્થમાં शुल्कशाला નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી

शौल्कशालिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- શુલ્કશાલા (જકાતનાકુ) નો ન્યાયયુક્ત વ્યવહાર. ॥૫૦॥

**ऋन्नरादेरण् ६।४।५१॥**

षष्ठ्यन्त ऋકારાન્ત નામને તેમજ नरादि ગણપાઠમાંનાં नर વગેરે નામને ધર્મ્ય અર્થમાં अण् પ્રત્યય થાય છે. नु धर्म्यम् नरस्य धर्म्यम् અને महिष्या धर्म्यम् આ અર્થમાં ऋકારાન્ત नृ નામને અને नर તથા महिषी નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ऋ અને अ ને વૃદ્ધિ आर् અને आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ તથા ई નો લોપ વગેરે કાર્ય થવાથી नारम् नारम् અને माहिषम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-મનુષ્યનો ન્યાયયુક્ત વ્યવહાર.મનુષ્યનો ન્યાયયુક્ત વ્યવહાર. પટ્ટરાણીનો ન્યાયયુક્ત વ્યવહાર. ॥૫૧॥

**विभाजयितृ-विशसितुर्णीड्लुक् च ६।४।५२॥**

षष्ठ्यन्त विभाजयितृ અને विशसितृ નામને ધર્મ્ય અર્થમાં अण् પ્રત્યય થાય છે. અને ત્યારે विभाजयितृ ના णिच् પ્રત્યયનો તેમજ विशसितृ ના इट् નો લોપ થાય છે. विभाजयितु धर्म्यम् અને विशसितु धर्म्यम् આ અર્થમાં विभाजयितृ અને विशसितृ નામને આ સૂત્રથી अण् પ્રત્યય; અને ઉપર જણાવ્યા મુજબ णिच् અને इट् નો લોપ. विभाजितृ+अण् અને विशस्तृ+अण् આ અવસ્થામાં 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'इवर्णा० १-२-२१' થી અન્ત્ય ऋ ને र् આદેશ વગેરે કાર્ય થવાથી वैभाजित्रम् અને वैशस्त्रम् આવો પ્રયોગ થાય છે. (वि+भाजि(भज्+णिच्)+इट्+तृ+अण् આ અવસ્થામાં भाजि ના णिच्(इ) નો લોપ થવાથી विभाजितृ+अण्-આ અવસ્થા બને છે.) અર્થ ક્રમશઃ- વિભાગ કરાવનારનો પરંપરાગત વ્યવહાર. હિંસકનો પરંપરાગત વ્યવહાર. ॥૫૨॥

## अवक्रये ६।४।५३॥

षष्ठ्यन्त नामने अवक्रय (भाडुं) अर्थमां इकण् प्रत्यय थाय छे. आपणस्यावक्रयः आ अर्थमां आपण नामने आ सूत्रथी इकण् प्रत्यय. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी आपणिकः आवो प्रयोग थाय छे. अर्थ- दुकाननुं भाडुं. ॥५३॥

## तदस्य पण्यम् ६।४।५४॥

प्रथमान्त विक्रेयार्थक नामने षष्ठ्यर्थमां इकण् प्रत्यय थाय छे. अपूपाः पण्यमस्य आ अर्थमां अपूप नामने आ सूत्रथी इकण् प्रत्यय. 'वृद्धिः० ७-४-१' थी आद्य स्वर अ ने वृद्धि आ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी आपूपिकः आवो प्रयोग थाय छे. अर्थ- मालपूआ वेचनार. ॥५४॥

## किशरादेरिकट् ६।४।५५॥

किशरादि गणपाठमांनां किशर वगेरे विक्रेयार्थक प्रथमान्त नामने षष्ठ्यर्थमां इकट् प्रत्यय थाय छे. किशरः किशरं वा पण्यमस्याः अने तगरः पण्यमस्य आ अर्थमां किशर अने तगर नामने आ सूत्रथी इकट् प्रत्यय. अन्त्य अ नो 'अवर्णे० ७-४-६८' थी लोप. किशरिक नामने 'अणञे० २-४-२०' थी ङी प्रत्यय वगेरे कार्य थवाथी किशरिकी अने तगरिकः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- किशर-सुगन्धिद्रव्य वेचनारी. तगर-सुगन्धि द्रव्य वेचनार. ॥५५॥

## शलालुनो वा ६।४।५६॥

પ્રથમાન્ત વિક્રેયાર્થક शलालु નામને ષષ્ઠ્યર્થમાં વિકલ્પથી इकट् (इक) પ્રત્યય થાય છે. शलालु पण्यमस्याः આ અર્થમાં शलालु નામને આ સૂત્રથી इकट् પ્રત્યય. 'ऋवर्णो० ७-४-७१' થી इक ના इ નો લોપ. शलालुक નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી शलालुकी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इकट् પ્રત્યય ન થાય ત્યારે 'तदस्य० ६-४-५४' થી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી शालालुकी આવો પ્રયોગ થાય છે. અર્થ- શલાલુ- સુગંધિદ્રવ્ય વેચનારી. ॥५६॥

## शिल्पम् ६।४।५७॥

શિલ્પ (કલા, કૌશલ, વિજ્ઞાનનો પ્રકર્ષ) અર્થ છે જેનો એવા પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં इकण् પ્રત્યય થાય છે. नृत्तं शिल्पमस्य આ અર્થમાં नृत्त નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ऋને વૃદ્ધિ आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ,વગેરે કાર્ય થવાથી नार्त्तिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- નૃત્યનો કુશલ કલાકાર. ॥५७॥

## मड्डुक- झर्झराद् वाऽण् ६।४।५८॥

શિલ્પાર્થક પ્રથમાન્ત मड्डुक અને झर्झर નામને ષષ્ઠ્યર્થમાં अण् પ્રત્યય વિકલ્પથી થાય છે. मड्डुकवादनं शिल्पमस्य અને झर्झरवादनं शिल्पमस्य આ અર્થમાં मड्डुक અને झर्झर નામને આ સૂત્રથી अण् પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् પ્રત્યય ન.થાય ત્યારે 'शिल्पम् ६-४-५७' થી इकण् પ્રત્યય. બંન્ને સ્થાને 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી माड्डुकः,

माड्डुकिक: અને झार्झर:, झार्झरिक: આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મડ્ડુક વગાડવાની કલાવાળો. ઝર્ઝર વગાડવાનું શિલ્પ છે જેનું તે. ||૫૮||

## शीलम् ६।४।५९।।

પ્રથમાન્ત પદાર્થ શીલ (સ્વભાવ- ફલનિરપેક્ષ પ્રવૃત્તિ) હોય તો પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં इकण् પ્રત્યય થાય છે. अपूपाः ( तद्भक्षणम् ) शीलमस्य આ અર્થમાં अपूप નામને આ સૂત્રથી इकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ.નં. ६-४-५४) आपूपिक: આવો પ્રયોગ થાય છે. અર્થ- માલપૂઆ ખાવાના સ્વભાવવાળો. ||૫૯||

## अङ्स्थाच्छत्रादेरञ् ६।४।६०।।

પ્રથમાન્ત પદાર્થ શીલ હોય તો; પ્રથમાન્ત अङ् પ્રત્યયાન્ત स्था નામને તેમ જ छत्रादि ગણપાઠમાંનાં छत्र વગેરે પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં अञ् (अ) પ્રત્યય થાય છે. आस्था (आ+स्था ધાતુને 'उपसर्गा० ૫-૩-૧૧૦' થી अङ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) शीलमस्य; छत्रं शीलमस्य અને तपः शीलमस्य આ અર્થમાં आस्था छत्र અને तपस् નામને આ સૂત્રથી अञ् (अ) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી आस्थः छात्रः અને तापसः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શ્રદ્ધા કરવાના સ્વભાવવાળો. ગુરુના દોષને છુપાવવાના સ્વભાવવાળો. તપ કરવાના સ્વભાવવાળો. ||૬૦||

## तूष्णीकः ६।४।६१।।

પ્રથમાન્ત પદાર્થ શીલ હોય તો तूष्णीम् નામને ષષ્ઠ્યર્થમાં क પ્રત્યય થાય છે. અને ત્યારે तूष्णीम् ના म् નો લોપ થાય છે. तूष्णीम् भावः शीलमस्य આ

અર્થમાં तूष्णीम् નામને क પ્રત્યય અને म् નો લોપ વગેરે કાર્ય થવાથી तूष्णीकः આવો પ્રયોગ થાય છે. અર્થ-ચૂપ રહેવાના સ્વભાવવાલો. ॥૬૧॥

**प्रहरणम् ६।४।६२॥**

પ્રથમાન્ત પદાર્થ પ્રહરણ હોય તો પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં इकण् પ્રત્યય થાય છે. असिः प्रहरणमस्य આ અર્થમાં असि નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી आसिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-તલવાર છે હથિયાર જેનું તે. ॥૬૨॥

**परश्वधाद् वाऽण् ६।४।६३॥**

પ્રથમાન્ત પદાર્થ પ્રહરણ હોય તો પ્રથમાન્ત परश्वध નામને ષષ્ઠ્યર્થમાં अण् પ્રત્યય વિકલ્પથી થાય છે. परश्वधः प्रहरणमस्य આ અર્થમાં परश्वध નામને આ સૂત્રથી अण् પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् પ્રત્યય ન થાય ત્યારે 'प्रहरणम् ૬-૪-૬૨' થી इकण् પ્રત્યય. બંન્ને સ્થાને 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पारश्वधः અને पारश्वधिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-પરશ્વધ હથિયારવિશેષ છે જેનું તે. ॥૬૩॥

**शक्ति-यष्टेष्टीकण् ६।४।६४॥**

પ્રથમાન્ત પદાર્થ પ્રહરણ હોય તો પ્રથમાન્ત शक्ति અને यष्टि નામને टीकण् (ईक) પ્રત્યય થાય છે. शक्तिः प्रहरणमस्याः અને यष्टिः प्रहरणमस्याः આ અર્થમાં शक्ति અને यष्टि નામને આ સૂત્રથી टीकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી

અન્ત્ય इ નો લોપ. 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી शाक्तीकी અને याष्टीकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-શક્તિનામનું હથિયાર છે જેણીનું તે. લાકડી છે હથિયાર જેણીનું તે. ॥૬૪॥

**वेष्ट्यादिभ्यः ६।४।६५॥**

इष्ट्यादि ગણપાઠમાંનાં પ્રથમાન્ત इष्टि વગેરે નામને; પ્રથમાન્ત પદાર્થ इष्टि વગેરે પ્રહરણ હોય તો ષષ્ઠ્યર્થમાં टीकण् (ईक) પ્રત્યય વિકલ્પથી થાય છે. इष्टिः प्रहरणमस्याः અને ईषा प्रहरणमस्य આ અર્થમાં इष्टि નામને અને ईषा નામને આ સૂત્રથી टीकण् પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી टीकण् પ્રત્યય ન થાય ત્યારે 'प्रहरणम् ૬-૪-૬૨' થી इकण् પ્રત્યય. બંન્ને સ્થાને 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ અને ई ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ અને आ નો લોપ. ऐष्टीक અને ऐष्टिक નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી ऐष्टीकी અને ऐष्टिकी; તેમ જ ऐषीकः અને ऐषिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઈષ્ટિ છે પ્રહરણ જેણીનું તે. હળ છે પ્રહરણ જેનું તે. ॥૬૫॥

**नास्तिकाऽऽस्तिक- दैष्टिकम् ६।४।६६॥**

પ્રથમાન્ત नास्ति अस्ति અને दिष्ट શબ્દને ષષ્ઠ્યર્થમાં इकण् પ્રત્યયના વિધાનથી नास्तिक आस्तिक અને दैष्टिक નામનું નિપાતન કરાય છે. नास्ति परलोकः पुण्यं पापं वेति मतिरस्य; अस्ति परलोकः पुण्यं पापं वेति मतिरस्य અને दिष्टं (दैवं) प्रमाणमिति मतिरस्य આ અર્થમાં नास्ति अस्ति અને दिष्ट શબ્દને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ અને अ નો લોપ વગેરે કાર્ય થવાથી नास्तिकः आस्तिकः અને दैष्टिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પરલોકાદિને નહિ માનનાર. પરલોકાદિને માનનાર. ભાગ્યને પ્રમાણ માનનાર.

||૬૬||

### वृत्तो ऽ पपाठो ऽ नुयोगे ६।४।६७॥

અનુયોગના વિષયમાં થયેલો અપપાઠ- પ્રથમાન્ત પદાર્થ હોય તો; પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં इकण् પ્રત્યય થાય છે. एकमन्यद् अपपाठो ऽ नुयोगे वृत्तमस्य આ અર્થમાં एकान्य (તદ્ધિત પ્રત્યયના વિષયમાં 'संख्या० ३-१-९९' થી સમાસ.) નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી ऐकान्यिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-પરીક્ષાના વિષયમાં એક બીજો (સાચાપાઠથી જુદો) અપપાઠ થયો છે જેનો તે વ્યક્તિ. ||૬૭||

### बहुस्वरपूर्वादिकः ६।४।६८॥

અનુયોગના વિષયમાં થયેલો અપપાઠ પ્રથમાન્ત પદાર્થ હોય તો; ઘણા સ્વરવાળું પૂર્વપદ છે જેનું એવા પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં इक પ્રત્યય થાય છે. एकादशान्यानि अनुयोगेऽपपाठानि वृत्तान्यस्य આ અર્થમાં एकादशान्य (संख्या० ३-१-९९ થી સમાસ) નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી एकादशान्यिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-અગ્યાર બીજા (સાચા પાઠની અપેક્ષાએ જુદા) અપપાઠ થયા છે જેના તે વ્યક્તિ. ||૬૮||

### भक्ष्यं हितमस्मै ६।४।६९॥

પ્રથમાન્ત પદાર્થ હિત સ્વરૂપ ભક્ષ્ય હોય તો; પ્રથમાન્ત નામને चतुर्थी ના અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अपूपा भक्ष्यं हितमस्मै આ અર્થમાં अपूप નામને

આ સૂત્રથી इकण् પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ. નં. ૬-૪-૫૪) થવાથી आपूपिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-માલપૂઆ ખાવાનું જેના માટે હિતકર છે તે વ્યક્તિ. ॥૬૯॥

## नियुक्तं दीयते ६।४।७०॥

પ્રથમાન્ત પદાર્થ નિયુક્ત (વ્યભિચાર વિના અથવા હમેશાં) અપાતો હોય તો; પ્રથમાન્ત નામને ચતુર્થીના અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अग्रभोजनमस्मै नियुक्तं दीयते આ અર્થમાં अग्रभोजन નામને આ સૂત્રથી इकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૬-૪-૫૪) आग्रभोजनिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-જેને હમેશાં દરરોજ પ્રથમ ભોજન અપાય છે તે વ્યક્તિ. ॥૭૦॥

## श्राणा-मांसौदनादिको वा ६।४।७१॥

પ્રથમાન્ત પદાર્થ નિયુક્ત (વ્યભિચાર વિના અથવા હમેશાં) અપાતો હોય તો; પ્રથમાન્ત श्राणा અને मांसौदन નામને ચતુર્થીના અર્થમાં વિકલ્પથી इक પ્રત્યય થાય છે. श्राणा मांसौदनं वा नियुक्तं दीयतेऽस्यै આ અર્થમાં श्राणा અને मांसौदन નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ અને अ નો લોપ. સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી श्राणिका અને मांसौदनिका આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इक પ્રત્યય ન થાય ત્યારે 'नियुक्तं दीयते ૬-૪-૭૦' થી इकण् પ્રત્યય. સ્ત્રીલિંગમાં 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી श्राणिकी અને मांसौदनिकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શ્રાણા (જવની રાબ) જેણીને નિત્ય અપાય છે તે સ્ત્રી. માંસૌદન (માંસભાત) જેણીને નિત્ય અપાય છે તે સ્ત્રી. ॥૭૧॥

## भक्तौदनाद् वाऽणिकट् ६।४।७२॥

પ્રથમાન્ત પદાર્થ નિયુક્ત (વ્યભિચાર વિના અથવા હમેશાં) અપાતો હોય તો; પ્રથમાન્ત भक्त અને ओदन નામને ચતુર્થ્યર્થમાં અનુક્રમે વિકલ્પથી अण् અને इकट् પ્રત્યય થાય છે. भक्तमस्मै नियुक्तं दीयते અને ओदनं नियुक्तं दीयतेऽस्मै अस्यै वा આ અર્થમાં भक्त અને ओदन નામને આ સૂત્રથી અનુક્રમે अण् અને इकट् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. ओदनिक નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી भाक्तः અને ओदनिकी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अण् કે इकट् પ્રત્યય ન થાય ત્યારે 'नियुक्तं० ६-४-७०' થી इकण् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ આદ્યસ્વર अ અને ओ ને વૃદ્ધિ आ અને औ આદેશ વગેરે કાર્ય થવાથી भाक्तिकः અને औदनिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ભક્ત (અન્ન - ભાત) જેને નિત્ય અપાય છે તે પુરુષ. ઓદન (ભાત) જેને નિત્ય અપાય છે તે સ્ત્રી અથવા પુરુષ. ॥७२॥

## नवयज्ञादयोऽस्मिन् वर्तन्ते ६।४।७३॥

પ્રથમાન્ત પદાર્થ વર્તમાન -સત્તાવિશિષ્ટ હોય તો; नवयज्ञादि ગણપાઠમાંનાં नवयज्ञ વગેરે પ્રથમાન્ત નામને સપ્તમ્યર્થમાં इकण् પ્રત્યય થાય છે. नवा यज्ञा वर्तन्तेऽस्मिन् અને पाकयज्ञो वर्ततेऽस्मिन् આ અર્થમાં नवयज्ञ અને पाकयज्ञ નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી नावयज्ञिकः અને पाकयज्ञिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નવા યજ્ઞો છે જેમાં તે. પાકયજ્ઞ છે જેમાં તે. ॥७३॥

### तत्र नियुक्ते ६।४।७४॥

સપ્તમ્યન્ત નામને નિયુક્ત અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. शुल्कशालायां नियुक्तः આ અર્થમાં शुल्कशाला નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૬-૪-૫૦) शौल्कशालिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-જકાત નાકામાં નિયુક્ત અધિકારી. ॥૭૪॥

### अगारान्तादिकः ६।४।७५॥

अगार નામ છે અન્તમાં જેના એવા સપ્તમ્યન્ત નામને નિયુક્ત અર્થમાં इक પ્રત્યય થાય છે. देवागारे नियुक्तः આ અર્થમાં देवागार નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી देवागारिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-દેવાલયમાં નિયુક્ત અધિકારી. ॥૭૫॥

### अदेशकालादध्यायिनि ६।४।७६॥

અધ્યયન માટે નિષિદ્ધ એવા દેશ અને કાલવાચક સપ્તમ્યન્ત નામને अध्यायिन् અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अशुचौ सन्ध्यायां वाऽध्यायी આ અર્થમાં अशुचि અને सन्ध्या નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ અને आ નો લોપ વગેરે કાર્ય થવાથી आशुचिकः અને सान्ध्यिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-અપવિત્ર સ્થાનમાં ભણનાર. સન્ધ્યાકાલે ભણનાર. ॥૭૬॥

## निकटादिषु वसति ६।४।७७॥

निकटादि ગણપાઠમાંનાં निकट વગેરે સપ્તમ્યન્ત નામને वसति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. निकटे अरण्ये वृक्षमूले वा वसति આ અર્થમાં निकट अरण्य અને वृक्षमूल નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ अ અને ऋ ને વૃદ્ધિ ऐ आ અને आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી नैकटिकः; आरण्यको भिक्षुः અને वार्क्षमूलिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નજીકમાં રહેનાર. અરણ્યમાં (જંગલમાં ગામથી એક કોસમાં રહેવું જોઈએ-એ નિયમ મુજબ શાસ્ત્રસમ્મત સ્થાનમાં) રહેનાર. વૃક્ષમૂલમાં રહેનાર. (સૂ.નં. ६-४-७४ થી 'तत्र' નો અધિકાર ચાલુ હોવા છતાં निकटादिषु અહીં સપ્તમીનો નિર્દેશ; आरण्यको भिक्षुः આનો ઉપર જણાવ્યા મુજબ વિવક્ષિત અર્થ થાય-એ માટે છે.) ॥७७॥

## सतीर्थ्यः ६।४।७८॥

સપ્તમ્યન્ત समानतीर्थ નામને वसति અર્થમાં य પ્રત્યય તથા समान ને स આદેશનું નિપાતન કરાય છે. समानतीर्थे वसति આ અર્થમાં આ સૂત્રથી समानतीर्थ નામને य પ્રત્યય અને समान ને स આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सतीर्थ्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- સમાનતીર્થ (એક ગુરુ) ની પાસે રહેનાર. ॥७८॥

## प्रस्तार- संस्थान-तदन्त-कठिनान्तेभ्यो व्यवहरति ६।४।७९॥

સપ્તમ્યન્ત- प्रस्तार અને संस्थान નામને તેમ જ प्रस्तार संस्थान અથવા कठिन નામ છે અન્તમાં જેના એવા નામને व्यवहरति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. प्रस्तारे संस्थाने कांस्यप्रस्तारे गोसंस्थाने वंशकठिने वा व्यवहरति આ અર્થમાં प्रस्तार संस्थान कांस्यप्रस्तार गोसंस्थान અને वंशकठिन નામને આ

સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ અને ओ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી प्रास्तारिकः ; सांस्थानिकः ; कांस्यप्रस्तारिकः ; गौसंस्थानिकः અને वांशकठिनकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રસ્તાર (ઘાસનું વન) માં કામ કરનાર. સંસ્થાન (સ્થાન- આશ્રય) માં કામ કરનાર. કાંસ્ય પ્રસ્તાર (કાંસાનો વિસ્તાર) માં કામ કરનાર. ગોસંસ્થાનમાં કામ કરનાર. વંશકઠિન (વાંસનું આસન) માં કામ કરનાર. ||૭૯||

## सङ्ख्यादेश्चाऽऽर्हदलुचः ६।४।८०॥

આ સૂત્રથી આરંભીને अर्हद् અર્થ સુધી (अर्हद् અર્થમાં પણ) જે નામને જે પ્રત્યયનું વિધાન કરાશે તે પ્રત્યય; તે નામને અને સંખ્યાવાચક નામ છે પૂર્વપદ જેનું એવા પણ તે નામને વિહિત જાણવો; પરન્તુ તે નામ લુગન્ત નહિ હોવું જોઈએ. અર્થાત્ તે નામથી પરમાં રહેલા પ્રત્યયનો લોપ થયેલો નહિ હોવો જોઈએ. चन्द्रायणं चरति અને द्वे चन्द्रायणे चरति આ અર્થમાં આ સૂત્રની સહાયથી કેવલ चन्द्रायण નામને અને સંખ્યાવાચક પદ પૂર્વપદ છે જેનું એવા द्विचन्द्रायण (संख्या० ३-१-९९ થી સમાસ) નામને 'चन्द्रायणं० ६-४-८२' થી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ અને इ ને વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી चान्द्रायणिकः અને द्वैचन्द्रायणिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- એક ચન્દ્રાયણ તપવિશેષ કરનાર. બે ચન્દ્રાયણ તપ કરનાર.

अलुच इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अर्हद् અર્થ સુધી આ સૂત્રથી આગળનાં સૂત્રો દ્વારા જે નામને જે પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે તે નામ લુગ્ અન્તવાળું ન હોય તો જ તે નામને તેમ જ સંખ્યાવાચક પૂર્વપદક તે નામને તે પ્રત્યય વિહિત જાણવો. તેથી द्वाभ्यां शूर्पाभ्यां क्रीतम् द्विशूर्पम् द्विशूर्पेण क्रीतम् આ અર્થમાં આ સૂત્રની સહાયથી द्विशूर्प નામને 'शूर्पाद्० ६-४-१३७' થી अञ् પ્રત્યય થતો નથી. કારણ કે અહીં द्विशूर्प નામ;

તેને 'शूर्पाद्० ६-४-१३७' થી अञ् (अ) પ્રત્યય; તેનો 'अनाम्य० ६-४-१४१' થી લુપ્ થવાથી નિષ્પન્ન હોવાથી લુગન્ત છે. તેથી ફરીથી તેને अञ् પ્રત્યય થતો નથી. પરંતુ 'मूल्यैः क्रीते ६-४-१५०' થી इकण् પ્રત્યય થાય છે. જેથી 'मान- संवत्सर० ७-४-१९' થી ઉત્તરપદ शूर्प ના આદ્યસ્વર ऊ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી द्विशौर्पिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- બે સૂપડાથી ખરીદેલ વસ્તુથી ખરીદેલ. ॥૮૦॥

### गोदानादीनां ब्रह्मचर्ये ६।४।८१॥

गोदानादि ગણપાઠમાંનાં गोदान વગેરે ષષ્ઠ્યન્ત નામને બ્રહ્મચર્ય અર્થમાં इकण् પ્રત્યય થાય છે. गोदानस्य ब्रह्मचर्यम् અને आदित्यव्रतानां ब्रह्मचर्यम् આ અર્થમાં गोदान અને आदित्यव्रत નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गौदानिकम् અને आदित्यव्रतिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ગોદાન-વ્રતસમ્બન્ધી બ્રહ્મચર્ય. આદિત્યવ્રતો સમ્બન્ધી બ્રહ્મચર્ય. ॥૮૧॥

### चन्द्रायणं च चरति ६।४।८२॥

द्वितीयान्त चन्द्रायण નામને તેમજ गोदानादि ગણપાઠમાંના गोदान વગેરે નામને चरति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. चन्द्रायणं चरति અને गोदानं चरति આ અર્થમાં चन्द्रायण અને गोदान નામને આ સૂત્રથી इकण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૬-૪-૮૦-૮૧) चान्द्रायणिकः અને गौदानिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ચન્દ્રાયણ વ્રત કરનાર. ગોદાન વ્રત કરનાર. ॥૮૨॥

## देवव्रतादीन् डिन् ६।४।८३॥

द्वितीयान्त देवव्रतादि ગણપાઠમાંનાં देवव्रत વગેરે નામને चरति અર્થમાં डिन् પ્રત્યય થાય છે. देवव्रतञ्चरति અને महाव्रतञ्चरति આ અર્થમાં देवव्रत અને महाव्रत નામને આ સૂત્રથી डिन् (इन्) પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી देवव्रती અને महाव्रती આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દેવવ્રત કરનાર. મહાવ્રતનું પાલન કરનાર. ॥૮૩॥

## डकश्चाष्टाचत्वारिंशतं वर्षाणाम् ६।४।८४॥

વર્ષસમ્બન્ધી દ્વિતીયાન્ત अष्टाचत्वारिंशत् વ્રતાર્થક નામને चरति અર્થમાં डक અને डिन् પ્રત્યય થાય છે. अष्टाचत्वारिंशद् व्रतं चरति આ અર્થમાં આ સૂત્રથી डक (अक) અને डिन् (इन्) પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી अद् (અન્ત્ય સ્વરાદિ) નો લોપ વગેરે કાર્ય થવાથી अष्टाचत्वारिंशकः અને अष्टाचत्वारिंशी આવો પ્રયોગ થાય છે. અર્થ- અડતાળીશવર્ષ વ્રત કરનાર. ॥૮૪॥

## चातुर्मास्यं तौ यलुक् च ६।४।८५॥

દ્વિતીયાન્ત चातुर्मास्य નામને चरति અર્થમાં डक અને डिन् પ્રત્યય થાય છે. અને ત્યારે चातुर्मास्य નામના य् નો લોપ થાય છે. चातुर्मास्यानि व्रतानि चरति આ અર્થમાં चातुर्मास्य નામને આ સૂત્રથી डक અને डिन् પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अ નો લોપ. આ સૂત્રથી य् નો લોપ વગેરે કાર્ય થવાથી चातुर्मासकः અને चातुर्मासी આવો પ્રયોગ થાય છે. અર્થ-ચાર મહિનામાં થનાર યજ્ઞસંબન્ધી વ્રતોને આચરનાર. ॥૮૫॥

## क्रोश-योजन-पूर्वाच्छताद् योजनाच्चाऽभिगमाऽर्हे ६।४।८६॥

क्रोश અને योजन નામ છે પૂર્વપદ જેનું એવા પઞ્ચમ્યન્ત शत નામને તેમજ પઞ્ચમ્યન્ત योजन નામને અભિગમાર્હ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. क्रोशशताद् योजनशताद् योजनाद् वाऽभिगमनमर्हति આ અર્થમાં क्रोशशत योजनशत અને योजन નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી क्रौशशतिको मुनिः; यौजनशतिकः અને यौजनिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-સો કોસથી નજીક જવા યોગ્ય મુનિ. ચાર-સો કોસથી નજીક જવા યોગ્ય. ચાર કોસથી નજીક જવા યોગ્ય. ॥८६॥

## तद् यात्येभ्यः ६।४।८७॥

દ્વિતીયાન્ત क्रोशशत योजनशत અને योजन નામને याति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. क्रोशशतं योजनशतं योजनं वा याति આ અર્થમાં क्रोशशत योजनशत અને योजन નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યયાદિ કાર્ય થવાથી क्रौशशतिकः; यौजनशतिकः અને यौजनिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સો કોસ જનાર દૂત. ચારસોકોસ જનાર દૂત. ચાર કોસ જનાર દૂત. (પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ६-४-८६) ॥८७॥

## पथ इकट् ६।४।८८॥

દ્વિતીયાન્ત पथिन् નામને याति અર્થમાં इकट् પ્રત્યય થાય છે. पन्थानं याति આ અર્થમાં पथिन् નામને આ સૂત્રથી इकट् (इक) પ્રત્યય. 'नोऽपद० ७-४-६१' થી અન્ત્ય इन् નો લોપ. पथिक નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી पथिकी આવો પ્રયોગ થાય છે. અર્થ- માર્ગે જનારી. ॥८८॥

## नित्यं णः पन्थश्च ६।४।८९॥

द्वितीयान्त पथिन् नामने नित्यं याति (સતત જનાર) આ અર્થમાં ण (अ) પ્રત્યય થાય છે; અને ત્યારે पथिन् નામને पन्थ् આદેશ થાય છે. पन्थानं नित्यं याति આ અર્થમાં पथिन् નામને આ સૂત્રથી ण પ્રત્યય અને पथिन् નામને पन्थ् આદેશ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી पान्थः આવો પ્રયોગ થાય છે. અર્થ-સતત જનાર. ॥८९॥

## शङ्कूत्तर-कान्ताराऽज-वारि-स्थल-जङ्गलादेस्तेनाऽऽहृते च ६।४।९०॥

शङ्कु उत्तर कान्तार अज वारि स्थल અને जङ्गल નામ છે પૂર્વપદ જેનું એવા पथिन् અન્તવાળા તૃતીયાન્ત નામને आहृत અને याति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. शङ्कुपथेन; उत्तरपथेन; कान्तारपथेन; अजपथेन; *वारिपथेन; स्थलपथेन; जङ्गलपथेन वा याति आहृतो वा આ અર્થમાં* शङ्कुपथ; उत्तरपथ; कान्तारपथ; अजपथ; वारिपथ; स्थलपथ અને जङ्गलपथ નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર अ અને उ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शाङ्कुपथिकः; औत्तरपथिकः; कान्तारपथिकः; आजपथिकः; वारिपथिकः स्थालपथिकः અને जाङ्गलपथिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-શઙ્કુમાર્ગથી (કાંટાળા માર્ગથી) જનાર અથવા લાવેલો. ઉત્તરમાર્ગથી જનાર અથવા લાવેલો. વનમાર્ગથી જનાર અથવા લાવેલો. અજમાર્ગથી (બકરાઓના માર્ગથી) જનાર અથવા લાવેલો. જલમાર્ગથી જનાર અથવા લાવેલો. સ્થલમાર્ગથી જનાર અથવા લાવેલો. જઙ્ગલમાર્ગથી જનાર અથવા લાવેલો. (शङ्कुपथिन् વગેરે નામને સમાસાન્ત अत् પ્રત્યયાદિ કાર્ય થવાથી शङ्कुपथ વગેરે નામ નિષ્પન્ન છે.) ॥९०॥

**स्थलादेर्मधुक- मरिचेऽण् ६।४।११॥**

સ્થલ નામ છે પૂર્વપદ જેનું એવા पथिन् અન્તવાળા તૃતીયાન્ત स्थलपथ નામને मधुक અને मरिच સ્વરૂપ આહૃત અર્થમાં अण् પ્રત્યય થાય છે. स्थलपथेनाऽऽहृतं मधुकं मरिचं वा આ અર્થમાં स्थलपथ નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી स्थालपथं मधुकम् मरिचं वा આવો પ્રયોગ થાય છે. અર્થ- સ્થલમાર્ગથી લાવેલ મધ અથવા મરી. ॥૧૧॥

**तुरायण- पारायणं यजमाना ऽ धीयाने ६।४।१२॥**

દ્વિતીયાન્ત तुरायण અને पारायण નામને અનુક્રમે यजमान અને अधीयान અર્થમાં इकण् પ્રત્યય થાય છે. तुरायणं यजते અને पारायणमधीते આ અર્થમાં तुरायण અને पारायण નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી तौरायणिकः અને पारायणिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તુરાયણ યજ્ઞને કરનાર. પારાયણને ભણનાર. ॥૧૨॥

**संशयं प्राप्ते ज्ञेये ६।४।१३॥**

દ્વિતીયાન્ત संशय નામને ज्ञेय સ્વરૂપ प्राप्त અર્થમાં इकण् પ્રત્યય થાય છે. संशयं प्राप्तो ज्ञेयोऽ र्थः આ અર્થમાં संशय નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ...વગેરે કાર્ય થવાથી सांशयिकोऽ र्थः આવો પ્રયોગ થાય છે. અર્થ- સંદિગ્ધ અર્થ. સંશયપ્રાપ્ત સંશયનો કર્ત્તા પણ કહેવાય છે; તેની વ્યાવૃત્તિ કરવા સૂત્રમાં ज्ञेय પદનું ઉપાદાન છે. તેથી આ સૂત્રથી ઉપર

જણાવ્યા મુજબ સંશયના કર્મસ્વરૂપ જ્ઞેય પદાર્થમાં જ इकण् પ્રત્યય વિહિત છે. ||૧૩||

### तस्मै योगादेः शक्ते ६।४।१४॥

योगादि ગણપાઠમાંનાં योग વગેરે चतुर्थ्यन्त નામને શક્ત અર્થમાં इकण् પ્રત્યય થાય છે. योगाय शक्तः અને सन्तापाय शक्तः આ અર્થમાં योग અને सन्ताप નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ओ અને अ ને વૃદ્ધિ औ અને आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી यौगिकः અને सान्तापिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યોગ માટે સમર્થ. સન્તાપ માટે સમર્થ. ||૧૪||

### योगकर्मभ्यां योकञौ ६।४।१५॥

ચતુર્થ્યન્ત योग અને कर्मन् નામને શક્ત અર્થમાં અનુક્રમે य અને उकञ् (उक) પ્રત્યય થાય છે. योगाय शक्तः અને कर्मणे शक्तः આ અર્થમાં આ સૂત્રથી योग નામને य પ્રત્યય અને कर्मन् નામને उकञ् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'नोऽपद० ૭-૪-૬૧' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી योग्यः અને कार्मुकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યોગ માટે સમર્થ નિપુણ. કર્મ માટે સમર્થ- ધનુષ્ય. ||૧૫||

### यज्ञानां दक्षिणायाम् ६।४।१६॥

યજ્ઞવાચક ષષ્ઠ્યન્ત નામને दक्षिणा અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अग्निष्टोमस्य दक्षिणा આ અર્થમાં अग्निष्टोम નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे०

૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી आग्निष्टोमिकी આવો પ્રયોગ થાય છે. અર્થ- અગ્નિષ્ટોમ યજ્ઞની દક્ષિણા. (यज्ञानाम् આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ यज्ञ આ એક જ નામને પ્રત્યયનું વિધાન ન થાય-એ માટે છે. તેથી યજ્ઞવિશેષવાચક નામને આ સૂત્રથી इकण् પ્રત્યય વિહિત છે.) ||૧૬||

## तेषु देये ६।४।१७॥

સપ્તમ્યન્ત યજ્ઞવાચક નામને દેય અર્થમાં इकण् પ્રત્યય થાય છે. वाजपेये देयम् આ અર્થમાં वाजपेय નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वाजपेयिकं भक्तम् આવો પ્રયોગ થાય છે. અર્થ- વાજપેય યજ્ઞમાં અપાતો ભાત. ||૧૭||

## काले कार्ये च भववत् ६।४।१८॥

સપ્તમ્યન્ત કાલવાચક નામને કાર્ય અને દેય અર્થમાં ભવ અર્થની જેમ પ્રત્યય થાય છે. वर्षासु भवं वार्षिकम् અહીં वर्षा નામને ભવ અર્થમાં જેમ 'वर्षाकालेभ्यः ૬-૩-૮૦' થી इकण् પ્રત્યય થાય છે. તેમ જ वर्षासु कार्यम् અને वर्षासु देयम् આ અર્થમાં પણ वर्षा નામને આ સૂત્રની સહાયથી તે સૂત્ર (૬-૩-૮૦) થી इकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જાુઓ સૂ.નં. ૬-૩-૮૦) वार्षिकं कार्यं देयं च આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વર્ષામાં કરવા યોગ્ય. વર્ષામાં આપવા યોગ્ય. ||૧૮||

## व्युष्टादिष्वण् ६।४।१९॥

व्युष्टादि ગણપાઠમાંના સપ્તમ્યન્ત व्युष्ट વગેરે નામને દેય અને કાર્ય અર્થમાં अण् પ્રત્યય થાય છે. व्युष्टे नित्यं वा देयं कार्यं च આ અર્થમાં व्युष्ट

અને नित्य નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'य्वः पदा० ૭-૪-૫' થી व्युष्ट ના व् ની પછી ऐ નો આગમ વગેરે કાર્ય થવાથી वैयुष्टम् અને नैत्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રભાતે આપવા યોગ્ય. નિત્ય- દરેક સમયે આપવા યોગ્ય. व्युष्ट સાહચર્યથી નિત્યનામ કાલવાચક જ ગૃહીત છે. તેને સપ્તમીના અપવાદભૂત 'कालाध्व० ૨-૨-૪૨' થી દ્વિતીયા વિભક્તિ વિહિત હોવાથી નિત્ય- આ દ્વિતીયાન્ત જ નામને આ સૂત્રથી अण् પ્રત્યય ઉપર જણાવ્યા મુજબ વિહિત છે. ॥૯૯॥

## यथाकथाचाण्णः ६।४।१००॥

यथाकथाच નામને देय અને कार्य અર્થમાં ण (अ) પ્રત્યય થાય છે. यथाकथाच (अनादरेण) देयं कार्यं वा આ અર્થમાં यथाकथाच નામને આ સૂત્રથી ण પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી याथाकथाचम् આવો પ્રયોગ થાય છે. અર્થ- અનાદરથી અપાતું અથવા કરવા યોગ્ય. ॥૧૦૦॥

## तेन हस्ताद् यः ६।४।१०१॥

તૃતીયાન્ત हस्त નામને देय અને कार्य અર્થમાં य પ્રત્યય થાય છે. हस्तेन देयम् અને हस्तेन कार्यम् આ અર્થમાં हस्त નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી हस्त्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- હાથથી આપવા યોગ્ય અથવા કરવા યોગ્ય. ॥૧૦૧॥

## शोभमाने ६।४।१०२॥

તૃતીયાન્ત નામને શોભમાન અર્થમાં इकण् પ્રત્યય થાય છે. कर्णवेष्टकाभ्यां शोभते આ અર્થમાં कर्णवेष्टक નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कार्णवेष्टकिकम् मुखम् આવો પ્રયોગ થાય છે. અર્થ- કર્ણવેષ્ટક (કાનનો અલંકાર) થી શોભતું મુખ. ॥૧૦૨॥

## कर्म-वेषाद् यः ६।४।१०३॥

તૃતીયાન્ત कर्मन् અને वेष નામને શોભમાન અર્થમાં य પ્રત્યય થાય છે. कर्मणा शोभते અને वेषेण शोभते આ અર્થમાં कर्मन् અને वेष નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कर्मण्यं शौर्यम् અને वेष्यो नटः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ક્રિયાથી શોભતું શૌર્ય. વેષથી શોભતો નટ. (कर्मन् ના अन् ના લોપનો નિષેધ 'अनो० ૭-૪-૫૧' થી થાય છે) ॥૧૦૩॥

## कालात् परिजय्य-लभ्य-कार्य-सुकरे ६।४।१०४॥

તૃતીયાન્ત કાલવિશેષવાચક નામને; परिजय्य लभ्य कार्य અને सुकर અર્થમાં इकण् પ્રત્યય થાય છે. मासेन परिजय्यः (परितो જેતું शक्यः); मासेन लभ्यः (लब्धुं शक्यो-ऽर्हो वा); मासेन कार्यम् અને मासेन सुकरः આ અર્થમાં मास નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मासिको व्याधिः; मासिकः पटः; मासिकम् चान्द्रायणम् અને मासिकः प्रासादः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- એક મહિનામાં જીતી શકાય (કાબૂમાં આવે) એવો વ્યાધિ. એક મહિનામાં લભ્ય એવું વસ્ત્ર.

એક મહિનો કરવા યોગ્ય ચાન્દ્રાયણ નામનું તપ. એક મહિનામાં સારી રીતે કરી શકાય એવો પ્રાસાદ. ॥૧૦૪॥

### निर्वृत्ते ६।४।१०५॥

તૃતીયાન્ત કાલવિશેષવાચક નામને નિર્વૃત્ત અર્થમાં इकण् પ્રત્યય થાય છે. अह्ना निर्वृत्तम् આ અર્થમાં अहन् નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अनीन० ૭-૪-૬૬' થી अहन् નામના ઉપાન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आह्निकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- એક દિવસમાં કરાયેલું કામ. ॥૧૦૫॥

### तं भावि-भूते ६।४।१०६॥

દ્વિતીયાન્ત કાલવિશેષવાચક નામને ભાવી અને ભૂત અર્થમાં इकण् પ્રત્યય થાય છે. मासं भावी भूतो वोत्सवः આ અર્થમાં मास નામને આ સૂત્રથી इकण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૬-૪-૧૦૪) मासिक उत्सवः આવો પ્રયોગ થાય છે. અર્થ- મહિના સુધી થનારો અથવા થયેલો ઉત્સવ. ॥૧૦૬॥

### तस्मै भृताऽधीष्टे च ६।४।१०७॥

ચતુર્થ્યન્ત કાલવિશેષવાચક નામને भृत (वेतनेन क्रीतः) અને अधीष्ट (सत्कार्यव्यापारितः) અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. मासाय भृतः (मासं कर्मणे भृतः) અને मासायाधीष्टः (मासमध्यापनायाधीष्टः) આ અર્થમાં मास નામને આ સૂત્રથી इकण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી मासिकः (જુઓ સૂ. નં. ૬-૪-૧૦૪') આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- એક મહિના માટે કામ કરવા પગારથી રાખેલો નોકર. એક મહિના માટે ભણાવવા રાખેલા

ઉપાધ્યાય. (આ સૂત્રમાં च નું ઉપાદાન આગળના સૂત્રમાં निर्वृत्तादि અર્થપંચકની અનુવૃત્તિ લઈ જવા માટે છે.) ॥૧૦૭॥

**षण्मासादवयसि ण्येकौ ६।४।१०८॥**

તૃતીયાન્ત દ્વિતીયાન્ત અને ચતુર્થ્યન્ત કાલવાચક षण्मास નામને; વય (ઉંમર) અર્થ ગમ્યમાન ન હોય તો અનુક્રમે निर्वृत्त અર્થમાં; भावि તથા भूत અર્થમાં અને भृत તથા अधीष्ट અર્થમાં ण्य તેમજ इक પ્રત્યય થાય છે. षड्भिर्मासै र्निर्वृत्तः; षण्मासान् भावी वा भूतो वा અને षण्मासेभ्यो भृतोऽधीष्टो वा આ અર્થમાં षण्मास નામને આ સૂત્રથી ण्य (य) પ્રત્યય અને इक પ્રત્યય. ण्य પ્રત્યયની પૂર્વે 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી षाण्मास्यः અને षण्मासिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- છ મહિનામાં થયેલ. છ મહિના સુધી થનાર અથવા થયેલ. છ મહિના માટે પગારથી રાખેલ નોકર. છ મહિના માટે રાખેલા ઉપાધ્યાય. ॥૧૦૮॥

**समाया ईनः ६।४।१०९॥**

समा નામને (તૃતીયાન્ત દ્વિતીયાન્ત અને ચતુર્થ્યન્ત समा નામને ) निर्वृत्तादि અર્થપંચકમાં ક્રમશઃ निर्वृत्त; भावि તથા भूत અને भृत તથા अधीष्ट અર્થમાં) ईन પ્રત્યય થાય છે. समया निर्वृत्तः; समां भावी भूतो वा અને समायै भृतोऽधीष्टो वा આ અર્થમાં समा નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી समीनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- એક વરસમાં થયેલ. એક વરસ સુધી થનાર અથવા થયેલ. એક વરસ માટે પગારથી રાખેલ નોકર અથવા એક વરસ માટે રાખેલા ઉપાધ્યાય. ॥૧૦૯॥

## रात्र्यहः-संवत्सराच्च द्विगो र्वा ६।४।११०॥

रात्रि अहन् संवत्सर અને समा નામ છે અન્તમાં જેના એવા દ્વિગુ સમાસ સ્વરૂપ તૃતીયાન્ત દ્વિતીયાન્ત અને ચતુર્થ્યન્ત નામને અનુક્રમે નિર્વૃત્ત અર્થમાં; ભાવિ તથા ભૂત અર્થમાં અને ભૃત તથા અધીષ્ટ અર્થમાં વિકલ્પથી ईन પ્રત્યય થાય છે. द्वाभ्यां रात्रिभ्यां निर्वृत्तः; द्वे रात्री भावी भूतो वा અને द्वाभ्यां रात्रिभ्यां भृतोऽधीष्टो वा આ અર્થમાં द्विरात्रि નામને; द्वाभ्यामहोभ्यां निर्वृत्तः, द्वे अह्नी भावी भूतो वा અને द्वाभ्यामहोभ्यां भृतोऽधीष्टो वा આ અર્થમાં द्व्यहन् નામને; द्वाभ्यां संवत्सराभ्यां निर्वृत्तः, द्वौ संवत्सरौ भावी भूतो वा અને द्वाभ्यां संवत्सराभ्यां भृतोऽधीष्टो वा આ અર્થમાં द्विसंवत्सर નામને તેમ જ द्वाभ्यां समाभ्यां निर्वृत्तः, द्वे समे भावी भूतो वा અને द्वाभ्यां समाभ्यां भृतोऽधीष्टो वा આ અર્થમાં द्विसमा નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય इ अ અને आ નો લોપ. 'नोऽपद० ७-४-६१' થી अहन् ના अन् નો લોપ વગેરે કાર્ય થવાથી द्विरात्रीणः द्व्यहीनः द्विसंवत्सरीणः અને द्विसमीनः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ईन પ્રત્યય ન થાય ત્યારે; द्विरात्र द्व्यह्न द्विसंवत्सर અને द्विसमा નામને અનુક્રમે નિર્વૃત્ત અર્થમાં 'निर्वृत्ते ६-४-१०५' થી; ભાવી અને ભૂત અર્થમાં 'तं भावि० ६-४-१०६' થી અને ભૃત તથા અધીષ્ટ અર્થમાં 'तस्मै० ६-४-१०७' થી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી द्विरात्र અને द्विसमा નામના આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. द्विसंवत्सर નામના ઉત્તરપદ संवत्सर ના આદ્યસ્વર अ ને 'मान-संव० ७-४-१९' થી વૃદ્ધિ आ આદેશ. 'य्वः पदा० ७-४-५' થી द्व्यह्न ના य् ની પૂર્વે ऐ નો આગમ...વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી द्वैरात्रिकः; द्वैयह्निकः; द्विसांवत्सरिकः અને द्वैसमिकः આવો પ્રયોગ થાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે- द्विरात्रीणः વગેરે પ્રયોગોમાં તદ્ધિત પ્રત્યયના વિષયમાં 'संख्या० ३-१-९९' થી દ્વિગુ સમાસ થયો છે. द्विरात्रि અને द्व्यहन् નામને અનુક્રમે 'संख्या० ७-३-११९' થી અને 'सर्वांश० ७-३-११८' થી સમાસાન્ત अ (अत् અને अट्) પ્રત્યયની અને તેના યોગમાં अहन् ને अह्न આદેશની

પ્રાપ્તિ હતી. પરન્તુ પરભૂત એ કાર્ય થાય તો દ્વિગુ સમાસ રાત્રિ અન્તવાળો અને अहन् અન્તવાળો પ્રાપ્ત ન થાત અને તેથી તાદૃશ रात्र्यन्त અને अहन्नन्त દ્વિગુ સમાસથી વિહિત ईन પ્રત્યયનો અવકાશ જ ન રહ્યો હોત. આથી પરભૂત પણ સમાસાન્ત પ્રત્યયાદિનું કાર્ય; ईन પ્રત્યયની પૂર્વે થતું નથી પરન્તુ વિકલ્પપક્ષમાં તો इकण् પ્રત્યયની નિરવકાશતાનો પ્રસંગ ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ સમાસાન્ત પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન द्विरात्र અને द्व्यह्न નામને इकण् પ્રત્યયાદિ કાર્ય થયું છે. અર્થ ક્રમશઃ- બે રાતમાં થયેલો; બેરાત સુધી થનાર અથવા થયેલો; બે રાત માટે પગારથી રાખેલો નોકર અથવા આદરથી રાખેલા ઉપાધ્યાય. બે દિવસમાં થયેલો, બે દિવસ સુધી થનાર અથવા થયેલો; બે દિવસ માટે પગારથી રાખેલો નોકર અથવા આદરથી રાખેલા ઉપાધ્યાય. द्विसंवत्सरीणः द्विसमीनः = બે વર્ષમાં થયેલો; બે વર્ષ સુધી થનાર અથવા થયેલ; બે વર્ષ માટે પગારથી રાખેલો નોકર અથવા બે વર્ષ માટે આદરથી રાખેલા ઉપાધ્યાય. ॥૧૧૦॥

**वर्षादश्च वा ६।४।१११॥**

કાલવાચક वर्ष નામ છે અન્તમાં જેના એવા તૃતીયાન્ત દ્વિતીયાન્ત અને ચતુર્થ્યન્ત દ્વિગુ સમાસને ક્રમશઃ निर्वृत्त અર્થમાં भावी અથવા भूत અર્થમાં અને भृत અથવા अधीष्ट અર્થમાં ईन અને अ પ્રત્યય વિકલ્પથી થાય છે द्वाभ्यां वर्षाभ्यां निर्वृत्तः; द्वौ वर्षौ भावी भूतो वा અને द्वाभ्यां वर्षाभ्यां भृतोऽधीष्टो वा આ અર્થમાં द्विवर्ष નામને આ સૂત્રથી अ અને ईन પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विवर्षः અને द्विवर्षीणः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अ અને ईन પ્રત્યય ન થાય ત્યારે અનુક્રમે निर्वृत्त વગેરે અર્થમાં इकण् પ્રત્યય. (જુઓ સૂ. નં. ૬-૪-૧૧૦) 'मान-संव० ૭-૪-૧૯' થી वर्ष નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી द्विवार्षिकः આવો પ્રયોગ થાય છે. (અર્થ માટે જુઓ સૂ. નં. ૬-૪-૧૧૦ માં द्विसंवत्सरीणः) ॥૧૧૧॥

## प्राणिनि भूते ६।४।११२॥

કાલાર્થક વર્ષ નામ અન્તમાં છે જેના એવા દ્વિતીયાન્ત દ્વિગુ સમાસ સ્વરૂપ નામને; પ્રાણી સ્વરૂપ ભૂતાર્થમાં अ પ્રત્યય થાય છે. द्वे वर्षे भूतो वत्सः આ અર્થમાં द्विवर्ष નામને આ સૂત્રથી अ પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विवर्षो वत्सः આવો પ્રયોગ થાય છે. અર્થ- બે વરસનો વત્સ (વાછરડું). प्राणिनीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાણી સ્વરૂપ જ ભૂતાર્થમાં; કાલવાચક વર્ષાન્ત દ્વિગુભૂત દ્વિતીયાન્ત નામને अ પ્રત્યય થાય છે. તેથી द्वे वर्षे भूतः सरकः આ અર્થમાં द्विवर्ष નામને અહીં ભૂતાર્થ પ્રાણી ન હોવાથી આ સૂત્રથી अ પ્રત્યય થતો નથી. પરન્તુ પૂર્વ સૂત્રમાં(૬-૪-૧૧૧ માં) જણાવ્યા મુજબ अ અને ईन તેમ જ વિકલ્પપક્ષમાં इकण् પ્રત્યયાદિ કાર્ય થાય છે. તેથી द्विवर्षः द्विवर्षीणः द्विवार्षिकः सरकः આવો પ્રયોગ થાય છે. અર્થ- બે વર્ષનું સરક-ઘાસવિશેષ. ॥૧૧૨॥

## मासाद् वयसि यः ६।४।११३॥

मास નામ છે અન્તમાં જેના એવા દ્વિગુ સમાસભૂત દ્વિતીયાન્ત નામને; વય (ઉમર) અર્થ ગમ્યમાન હોય તો ભૂતાર્થમાં य પ્રત્યય થાય છે. द्वौ मासौ भूतः शिशुः આ અર્થમાં द्विमास નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विमास्यः शिशुः આવો પ્રયોગ થાય છે. અર્થ- બે મહિનાનો છોકરો. वयसीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉમર-વય અર્થ ગમ્યમાન હોય તો જ मासान्त દ્વિગુ સમાસભૂત દ્વિતીયાન્ત નામને ભૂતાર્થમાં य પ્રત્યય થાય છે. તેથી द्वौ मासौ भूतो व्याधिः આ અર્થમાં द्विमास નામને; અહીં ઉમર અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી य પ્રત્યય થતો નથી. પરન્તુ 'तं भावि० ६-४-१०६' થી इकण् પ્રત્યય થાય છે. જેથી 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી द्वैमासिको व्याधिः આવો પ્રયોગ થાય છે. અર્થ- બે

મહિનાનો રોગ. ॥૧૧૩॥

## ईनञ् च ६।४।११४॥

દ્વિતીયાન્ત मास નામને ભૂત અર્થમાં વય અર્થ ગમ્યમાન હોય તો ईनञ् અને य પ્રત્યય થાય છે. मासं भूतः शिशुः આ અર્થમાં मास નામને આ સૂત્રથી ईनञ् (ईन) અને य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मासीनः અને मास्यः આવો પ્રયોગ થાય છે. અર્થ-એક મહિનાનો છોકરો. ईनञ् પ્રત્યય વૃદ્ધિનો કારણભૂત હોવાથી मासीना स्वसाऽस्य આ વિગ્રહમાં સમાસાદિ કાર્ય વખતે પુંવદ્ભાવનો નિષેધ થવાથી मासीनास्वसृकः આવો પ્રયોગ થાય છે. ॥૧૧૪॥

## षण्मासाद् य-यणिकण् ६।४।११५॥

વય-ઉંમર અર્થ ગમ્યમાન હોય તો દ્વિતીયાન્ત કાલાર્થક षण्मास નામને ભૂત અર્થમાં य यण् અને इकण् પ્રત્યય થાય છે. षण्मासान् भूतः शिशुः આ અર્થમાં षण्मास નામને આ સૂત્રથી य; यण् (य) અને इकण् પ્રત્યય. यण् અને इकण् ની પૂર્વે આદ્ય સ્વર अ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી षण्मास्यः; षाण्मास्यः અને षाण्मासिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-છ મહિનાનું બચ્ચું. ॥૧૧૫॥

## सोऽस्य ब्रह्मचर्य-तद्वतोः ६।४।११६॥

કાલાર્થક પ્રથમાન્ત નામને; ષષ્ઠ્યર્થ બ્રહ્મચર્ય અને બ્રહ્મચારી અર્થમાં इकण् પ્રત્યય થાય છે. मासोऽस्य ब्रह्मचर्यस्य बह्मचारिणो वा આ અર્થમાં मास નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો

લોપ વગેરે કાર્ય થવાથી मासिकं ब्रह्मचर्यम् અને मासिकस्तद्वान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-એક મહિનાનું બ્રહ્મચર્ય. એક મહિના સુધી બ્રહ્મચર્ય પાળનાર. ॥૧૧૬॥

## प्रयोजनम् ६।४।११७॥

પ્રથમાન્ત પદનો અર્થ પ્રયોજન હોય તો પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં इकण् પ્રત્યય થાય છે. जिनमहः प्रयोजनमस्य આ અર્થમાં जिनमह નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः स्वरे० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી जैनमहिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ-જિનમહોત્સવ છે પ્રયોજન જેનું એવું દેવાગમન. ॥૧૧૭॥

## एकागाराच्चौरे ६।४।११८॥

પ્રથમાન્ત પ્રયોજનાર્થક एकागार નામને ષષ્ઠ્યર્થ ચોર અર્થમાં જ इकण् પ્રત્યય થાય છે. एकागारं प्रयोजनमस्य चौरस्य આ અર્થમાં एकागार નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી ऐकागारिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-શૂન્ય ઘર છે પ્રયોજન જેનું એવો ચોર. (શૂન્યઘરને ઇચ્છનાર ચોર.) एकागार નામને 'प्रयोजनम् ૬-૪-૧૧૭' થી इकण् પ્રત્યય સિદ્ધ હતો. પરન્તુ ચોર સ્વરૂપ જ ષષ્ઠ્યર્થમાં પ્રત્યય થાય અને અન્ય અર્થમાં પ્રત્યય ન થાય-એ નિયમ માટે આ સૂત્રનું પ્રણયન છે. તેથી ચોર અર્થ ન હોય ત્યારે તે કે આ સૂત્રથી इकण् પ્રત્યય एकागार નામને થતો નથી. જેથી एकागारं प्रयोजनमस्य भिक्षोः આ પ્રમાણે વાક્ય જ રહે છે. ॥૧૧૮॥

## चूडादिभ्योऽण् ६।४।११९॥

પ્રથમાન્ત પદાર્થ પ્રયોજન હોય તો; ચૂડાદિ ગણપાઠમાંનાં ચૂડા વગેરે પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં अण् પ્રત્યય થાય છે. चूडा प्रयोजनमस्य આ અર્થમાં चूडा નામને આ સૂત્રથી अण् (अ) પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી चौडम् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે श्रद्धा प्रयोजनमस्य આ અર્થમાં श्रद्धा નામને આ સૂત્રથી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી श्राद्धम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-મુંડન. શ્રાદ્ધ. ॥११९॥

## विशाखाऽऽषाढान्मन्थ-दण्डे ६।४।१२०॥

પ્રથમાન્ત પદાર્થ પ્રયોજન હોય તો; પ્રથમાન્ત विशाखा અને आषाढा નામને; અનુક્રમે મન્થ અને दण्ड સ્વરૂપ ષષ્ઠ્યર્થમાં अण् પ્રત્યય થાય છે. विशाखा प्रयोजनमस्य मन्थस्य અને आषाढा प्रयोजनमस्य दण्डस्य આ અર્થમાં विशाखा અને आषाढा નામને આ સૂત્રથી अण् પ્રત્યય. 'वृद्धिः ० ७-४-१' થી આદ્ય સ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી वैशाखो मन्थः અને आषाढो दण्डः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-વિશાખા નક્ષત્ર છે પ્રયોજન જેનું (જનક જેનું) એવું વલોણું. આષાઢા નક્ષત્ર છે પ્રયોજન (જનક) જેનું એવો દંડ. ॥१२०॥

## उत्थापनादेरीयः ६।४।१२१॥

પ્રથમાન્ત પદાર્થ પ્રયોજન હોય તો उत्थापनादि ગણપાઠમાંનાં उत्थापन વગેરે પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં ईय પ્રત્યય થાય છે. उत्थापनं प्रयोजनमस्य અને उपस्थापनं प्रयोजनमस्य આ અર્થમાં उत्थापन અને उपस्थापन નામને

આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી उत्थापनीयः અને उपस्थापनीयः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ઉત્થાપન છે પ્રયોજન જેનું તે. પાસે મૂકવું-સ્મરણ કરાવવું પ્રયોજન છે જેનું તે. ॥૧૨૧॥

**विशि-रुहि-पदि-पूरि-समापेरनात् सपूर्वपदात् ६।४।१२२॥**

પ્રથમાન્ત પદાર્થ પ્રયોજન હોય તો; કોઈ પણ પૂર્વપદથી સહિત अन પ્રત્યયાન્ત विश्; रुह्; पद्; पूर् અને सम् +आप् ધાતુને (अन પ્રત્યયાન્ત તે તે નામને) ષષ્ઠ્યર્થમાં ईय પ્રત્યય થાય છે. गृहप्रवेशनम् आरोहणम् गोप्रपदनम् प्रपापूरणम् अङ्गसमापनम् वा प्रयोजनमस्य આ અર્થમાં गृहप्रवेशन आरोहण गोप्रपदन प्रपापूरण અને अङ्गसमापन નામને આ સૂત્રથી ईय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गृहप्रवेशनीयम् आरोहणीयम् गोप्रपदनीयम् प्रपापूरणीयम् અને अङ्गसमापनीयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ગૃહપ્રવેશ છે પ્રયોજન જેનું તે. ચઢવું છે પ્રયોજન જેનું તે. ગાયનો સ્વીકાર છે પ્રયોજન જેનું તે. પરબપૂરણ (પૂરવું-ભરવું) છે પ્રયોજન જેનું તે. આચારાંગાદિ અંગ સમાપ્ત કરવાનું છે પ્રયોજન જેનું તે. ॥૧૨૨॥

**स्वर्ग-स्वस्तिवाचनादिभ्यो य-लुपौ ६।४।१२३॥**

પ્રથમાન્ત પદાર્થ પ્રયોજન હોય તો; ષષ્ઠ્યર્થમાં स्वर्गादि ગણપાઠમાંનાં स्वर्ग વગેરે પ્રથમાન્ત નામને य પ્રત્યય થાય છે; અને स्वस्तिवाचनादि ગણપાઠમાંનાં स्वस्तिवाचन વગેરે પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં વિહિત इकण् પ્રત્યયનો લોપ થાય છે. स्वर्गः प्रयोजनमस्य અને आयुः प्रयोजनमस्य આ અર્થમાં स्वर्गादि ગણપાઠમાંનાં स्वर्ग અને आयुष् નામને આ સૂત્રથી य પ્રત્યય.

'अवर्णे० ७-४-६८' थी અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી स्वर्ग्यम् અને आयुष्यम् આવો પ્રયોગ થાય છે. स्वस्तिवाचनम् प्रयोजनमस्य અને शान्तिवाचनम् प्रयोजनमस्य આ અર્થમાં स्वस्तिवाचन અને शान्तिवाचन નામને 'प्रयोजनम् ६-४-११७' થી इकण् પ્રત્યય, તેનો આ સૂત્રથી લોપ...વગેરે કાર્ય થવાથી स्वस्तिवाचनम् અને शान्तिवाचनम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સ્વર્ગ છે પ્રયોજન જેનું તે. આયુષ્ છે પ્રયોજન જેનું તે. સ્વસ્તિવાચન પ્રયોજન છે જેનું તે. શાંતિવાચન પ્રયોજન છે જેનું તે. ||૧૨૩||

### समयात् प्राप्तः ६।४।१२४॥

પ્રથમાન્ત પદાર્થ પ્રાપ્ત હોય તો પ્રથમાન્ત समय નામને ષષ્ઠ્યર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. समयः प्राप्तोऽस्य આ અર્થમાં समय નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सामयिकं कार्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- સમય પ્રાપ્ત થયો છે જેનો તે કાર્ય. ||૧૨૪||

### ऋत्वादिभ्यो ऽ ण् ६।४।१२५॥

પ્રથમાન્ત પદાર્થ પ્રાપ્ત હોય તો ऋत्वादि ગણપાઠમાંનાં ऋतु વગેરે નામને ષષ્ઠ્યર્થમાં अण् પ્રત્યય થાય છે. ऋतुः प्राप्तो ऽ स्य અને उपवस्ता प्राप्तो ऽ स्य આ અર્થમાં આ સૂત્રથી ऋतु અને उपवस्तृ નામને अण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ऋ અને उ ને વૃદ્ધિ आर् અને औ આદેશ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ...વગેરે કાર્ય થવાથી आर्त्तवं फलम् અને औपवस्त्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઋતુ પ્રાપ્ત થઈ છે જેને તે ફળ. ઉપવસ્તા (પાસે રહેનાર, ઉપવાસ કરનાર) પ્રાપ્ત થયો છે જેને તે. ||૧૨૫||

## कालाद् यः ६।४।१२६॥

પ્રથમાન્ત પદાર્થ પ્રાપ્ત હોય તો પ્રથમાન્ત काल નામને ષષ્ઠ્યર્થમાં य પ્રત્યય થાય છે. कालः प्राप्त एषाम् આ અર્થમાં काल નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી काल्या मेघाः આવો પ્રયોગ થાય છે. અર્થ-જેનો કાલ પ્રાપ્ત થયો છે તેવા મેઘ. ॥૧૨૬॥

## दीर्घः ६।४।१२७॥

પ્રથમાન્ત પદાર્થ દીર્ઘ હોય તો; પ્રથમાન્ત काल નામને ષષ્ઠ્યર્થમાં इकण् પ્રત્યય થાય છે. कालो दीर्घोऽस्य આ અર્થમાં काल નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી कालिकमृणम् આવો પ્રયોગ થાય છે. અર્થ-દીર્ઘ કાલ છે જેનો એવું લાંબા સમયનું ઋણ-દેવું. ॥૧૨૭॥

## आकालिकमिकश्चाद्यन्ते ६।४।१२८॥

આદિકાલ (ઉત્પત્તિકાલ) જ જો નાશનો કાલ હોય તો आकाल નામને भवति અર્થમાં इक અને इकण् પ્રત્યયનું નિપાતન કરાય છે. પૂર્વ દિવસે જે સમયે જેની શરૂઆત થઈ હોય બીજે દિવસે તે જ સમયે તેનો નાશ થયો હોય તો તે કાલને આદ્યન્ત કાલ કહેવાય છે. અથવા જે ક્ષણે વસ્તુ ઉત્પન્ન થઈ હોય તે જ સમયે તેનો નાશ થાય તો તે ક્ષણને પણ આદ્યન્ત કાલ કહેવાય છે. આ રીતે આદ્યન્ત કાલ બે પ્રકારનો છે. आकालं भवति આ અર્થમાં આ સૂત્રથી आकाल નામને इक અને इकण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી आकालिकोऽनध्यायः આવો પ્રયોગ થાય છે. સ્ત્રીલિંગમાં इक પ્રત્યયાન્ત आकालिक નામને 'आत् २-४-१८' થી आप्

પ્રત્યય; અને इकण् પ્રત્યયાન્ત आकालिक નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી आकालिकः અને आकालिकी विद्युत् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૂર્વ દિવસે જે સમયે શરૂ થયો બીજા દિવસે તે જ સમયે પૂર્ણ થયો એવો અનધ્યાય. ઉત્પન્ન થતાની સાથે નાશ પામનારી વિજળી. ॥૧૨૮॥

### त्रिंशद्- विंशते-र्डकोऽ संज्ञायामाऽर्हदर्थे ६।४।१२९॥

સંજ્ઞાનો વિષય ન હોય તો त्रिंशत् અને विंशति નામને અર્હદર્થ સુધીના (तमर्हति ६-४-१७७ સુધીના) અર્થોમાં (डक) अक પ્રત્યય થાય છે. त्रिंशता क्रीतम् અને विंशत्या क्रीतम् તેમ જ त्रिंशतमर्हति અને विंशतिमर्हति આ અર્થમાં त्रिंशत् અને विंशति નામને આ સૂત્રથી डक પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી त्रिंशत् નામના अत् નો લોપ. 'विंशते० ७-४-६७' થી विंशति નામના ति નો લોપ. 'अवर्णे० ७-४-६८' થી विंश નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી त्रिंशकम् विंशकम्; તેમ જ त्रिंशकः અને विंशकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ત્રીશથી ખરીદેલું. વીસથી ખરીદેલું. ત્રીશ માટે યોગ્ય. વીસ માટે યોગ્ય. असंज्ञायामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાનો વિષય ન હોય તો જ त्रिंशत् અને विंशति નામને अर्हद् અર્થ સુધીના વક્ષ્યમાણ અર્થોમાં डक પ્રત્યય થાય છે. તેથી સંજ્ઞાના વિષયમાં त्रिंशतमर्हति અને विंशतिमर्हति આ અર્થમાં त्रिंशत् અને विंशति નામને આ સૂત્રથી डक પ્રત્યય ન થવાથી 'सङ्ख्या० ६-४-१३०' થી क પ્રત્યયાદિ કાર્ય થવાથી त्रिंशत्कम् અને विंशतिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- તે તે નામ વાળી વ્યક્તિવિશેષ. ॥૧૨૯॥

### संख्या-डतेश्चाऽशत्-ति-ष्टेः कः ६।४।१३०॥

शदन्त (शत् અન્તે છે જેના) त्यन्त અને ष्ट्यन्त (ति અને ष्टि અન્તે છે

જેને) નામને છોડીને અન્ય સંખ્યાવાચક નામને; डति પ્રત્યયાન્ત નામને અને त्रिंशत् તથા विंशति નામને વક્ષ્યમાણ અર્હદ્ અર્થ સુધીના (સૂ.નં. ૬-૪-૧૭૭ સુધીના) અર્થમાં क પ્રત્યય થાય છે. द्वाभ्यां क्रीतम् ; कतिभिः क्रीतम् त्रिंशता क्रीतम् અને विंशत्या क्रीतम् આ અર્થમાં द्वि कति त्रिंशत् અને विंशति નામને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विकम् कतिकम् त्रिंशत्कम् અને विंशतिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બેથી ખરીદેલું. કેટલાથી ખરીદેલું. ત્રીશથી ખરીદેલું. વીસથી ખરીદેલું. अशत्तिष्टेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અર્હદ્ અર્થ સુધીના અર્થમાં शत् ति અથવા ष्टि જેના અન્તે છે- એવા સંખ્યાવાચક નામને क પ્રત્યય થતો નથી. તેથી चत्वारिंशता क्रीतम् ; सप्तत्या क्रीतम् અને षष्ट्या क्रीतम् આ અર્થમાં शदन्त चत्वारिंशत् નામને त्यन्त सप्तति નામને અને ष्ट्यन्त षष्टि નામને આ સૂત્રથી क પ્રત્યય ન થવાથી; 'मूल्यैः० ૬-૪-૧૫૦' થી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય इ નો લોપ. 'ऋवर्णो० ૭-૪-૭૧' થી चत्वारिंशत् નામથી વિહિત इकण् ના इ નો લોપ વગેરે કાર્ય થવાથી चात्वारिंशत्कम् ; साप्ततिकम् અને षाष्टिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચાળીશથી ખરીદેલું. સિત્તેરથી ખરીદેલું. સાઈઠથી ખરીદેલું. ॥૧૩૦॥

**शतात् केवलादतस्मिन् येकौ ६।४।१३१॥**

કેવલ शत નામને અર્હદ્ અર્થ સુધીના ( સૂ.નં. ૬-૪-૧૭૭ સુધીના ) વક્ષ્યમાણ અર્થમાં ; તે અર્થ ( પ્રત્યયાર્થ ); જો પ્રકૃત્યર્થ ( शतार्थ ) થી ભિન્ન હોય તો य અને इक પ્રત્યય થાય છે. शतेन क्रीतम् અથવા शतमर्हति આ અર્થમાં शत નામને આ સૂત્રથી य અને इक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शत्यम् અને शतिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- સોથી ખરીદેલું. केवलादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કેવલ જ शत નામને અર્હદ્ અર્થ સુધીના વક્ષ્યમાણ અર્થમાં,

તે અર્થ પ્રકૃત્યર્થથી ભિન્ન હોય તો; य અને इक પ્રત્યય થાય છે. તેથી द्विशतेन (द्व्युत्तरशतेन क्रीतम् આ અર્થમાં द्विशत નામને આ સૂત્રથી य અને इक પ્રત્યય ન થવાથી 'सङ्ख्या० ૬-૪-૧૩૦' થી क પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विशतकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- એકસો બેથી ખરીદેલું. अतस्मिन्निति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કેવલ शत નામને અર્હદ્ અર્થ સુધીના વક્ષ્યમાણ અર્થમાં; તે અર્થ પ્રકૃત્યર્થથી ભિન્ન હોય તો જ य અને इक પ્રત્યય થાય છે. તેથી शतं मानमस्य આ અર્થમાં शत નામને આ સૂત્રથી य અને इक પ્રત્યય ન થવાથી 'सङ्ख्या० ૬-૪-૧૩૦' થી क પ્રત્યયાદિ કાર્ય થવાથી शतकं स्तोत्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ-સો શ્લોક પ્રમાણ સ્તોત્ર. અહીં પ્રકૃત્યર્થ સો શ્લોક છે; અને પ્રત્યયાર્થ સ્તોત્ર છે. એ બંન્ને ભિન્ન નથી. તેથી અહીં આ સૂત્રથી य. અને इक પ્રત્યય થતો નથી. ॥૧૩૧॥

## वाऽतोरिकः ६।४।१३२॥

अतु (अत्) છે અન્તમાં જેના એવા સંખ્યાવાચક નામને અર્હદ્ અર્થ સુધીના (सू. नं. ૬-૪-૧૭૭ સુધીના) વક્ષ્યમાણ અર્થમાં વિકલ્પથી इक પ્રત્યય થાય છે. यावन्तमर्हति આ અર્થમાં यावत् નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'ऋवर्णो० ૭-૪-૭૧' થી इक પ્રત્યયના इ નો લોપ વિહિત હોવા છતાં इक પ્રત્યયના વિધાનસામર્થ્યથી તેનો નિષેધ. અન્યથા તે સૂત્રથી इ નો લોપ થવાનો જ હોય તો यावत्कम् તો क પ્રત્યયથી પણ નિષ્પન્ન થાત. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इक પ્રત્યય ન થાય ત્યારે 'सङ्ख्या० ૬-૪-૧૩૦' થી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે यावतिकम् અને यावत्कम् આવો પ્રયોગ થાય છે અર્થ- જેટલા માટે યોગ્ય છે. यावत् નામ 'डत्यतु० ૧-૧-૩૯' થી સંખ્યાવાચક મનાય છે. ॥૧૩૨॥

## कार्षापणादिकट् प्रतिश्चास्य वा ६।४।१३३॥

कार्षापण નામને અર્હદ્ અર્થ સુધીના (सू. नं. ६-४-१७७ સુધીના) અર્થમાં इकट् પ્રત્યય થાય છે અને ત્યારે कार्षापण નામને प्रति આદેશ વિકલ્પથી થાય છે. कार्षापणमर्हति આ અર્થમાં कार्षापण નામને આ સૂત્રથી इकट् (इक) પ્રત્યય અને વિકલ્પથી कार्षापण નામને प्रति આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ તથા અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન कार्षापणिक અને प्रतिक નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી कार्षापणिकी અને प्रतिकी આવો પ્રયોગ થાય છે. અર્થ- કાર્ષાપણ (ચાર આના) ને યોગ્ય. ॥१३३॥

## अर्धात् पल-कंस-कर्षात् ६।४।१३४॥

अर्ध નામ છે પૂર્વપદ જેનું એવા पल कंस અને कर्ष નામ છે અન્તમાં જેના એવા નામને અર્હદ્ અર્થ (सू. नं. ६-४-१७७) સુધીના વક્ષ્યમાણ અર્થમાં इकट् (इक) પ્રત્યય થાય છે. अर्धपलम् अर्धकंसम् अर्धकर्षम् वाऽर्हति આ અર્થમાં अर्धपल, अर्धकंस અને अर्धकर्ष નામને આ સૂત્રથી इकट् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ. अर्धकर्षिक નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી ક્રમશઃ अर्धपलिकी, अर्धकंसिकी અને अर्धकर्षिकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અર્ધપલ (બે તોલા) ને યોગ્ય. અર્ધકંસ (કાંસાના પાત્રના અર્ધભાગ) ને યોગ્ય. અર્ધકર્ષ (૪૦ રતિ) ને યોગ્ય. ॥१३४॥

## कंसाऽर्धात् ६।४।१३५॥

અર્હદ્ અર્થ સુધીના (सू. नं. ६-४-१७७) વક્ષ્યમાણ અર્થમાં कंस અને अर्ध નામને इकट् પ્રત્યય થાય છે. कंसमर्हति અને अर्धमर्हति આ અર્થમાં

कंस અને अर्ध નામને આ સૂત્રથી इकट् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી कंसकी અને अर्धिकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કંસપાત્રને યોગ્ય. અર્ધભાગને યોગ્ય. ||૧૩૫||

### सहस्र- शतमानादण् ६।४।१३६॥

અર્હદ્ અર્થ ( ૬-૪-૧૭૭ સુધીના ) સુધીના અર્થમાં सहस्र અને शतमान નામને अण् પ્રત્યય થાય છે. सहस्रेण क्रीतः અને शतमानेन क्रीतः આ અર્થમાં सहस्र અને शतमान નામને આ સૂત્રથી अण् (अ) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી साहस्रः અને शातमानः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- હજારથી ખરીદેલ. સોના માપથી ખરીદેલ. ||૧૩૬||

### शूर्पाद् वाऽञ् ६।४।१३७॥

शूर्प નામને અર્હદ્ અર્થ ( સૂ.નં. ૬-૪-૧૭૭ ) સુધીના અર્થમાં વિકલ્પથી अञ् પ્રત્યય થાય છે. शूर्पमर्हति આ અર્થમાં शूर्प નામને આ સૂત્રથી अञ् પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अञ् પ્રત્યય ન થાય ત્યારે 'तमर्हति ૬-૪-૧૭૭' થી इकण् પ્રત્યય. ઉભયત્ર 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शौर्पम् અને शौर्पिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- સૂપડાને યોગ્ય. ||૧૩૭||

## वसनात् ६।४।१३८।।

वसन नामने अर्हद् अर्थ सुधीना ( ६।४।१७७ सुधीना ) अर्थमां अञ् (अ) प्रत्यय थाय छे. वसनेन क्रीतम् आ अर्थमां वसन नामने आ सूत्रथी अञ् प्रत्यय. आद्यस्वर अ ने 'वृद्धिः० ७-४-१' थी वृद्धि आ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी वासनम् आवो प्रयोग थाय छे. अर्थ- वस्त्रथी खरीदेलुं. ।।१३८।।

## विंशतिकात् ६।४।१३९।।

विंशतिक ( विंशतिर्मानमस्य ) नामने अर्हद् अर्थ (सू.नं. ६।४।१७७।।) सुधीना अर्थमां अञ् प्रत्यय थाय छे. विंशतिकेन क्रीतम् आ अर्थमां विंशतिक नामने आ सूत्रथी अञ् प्रत्यय. 'वृद्धिः० ७-४-१' थी आद्यस्वर इ ने वृद्धि ऐ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी वैंशतिकम् आवो प्रयोग थाय छे. अर्थ- वीस रुपियाथी खरीदेलुं. ।।१३९।।

## द्विगोरीनः ६।४।१४०।।

विंशति नाम छे अन्तमां जेना एवा द्विगु समासने अर्हद् अर्थ सुधीना ( सू.नं. ६-४-१७७ ) अर्थमां ईन प्रत्यय थाय छे. द्वाभ्यां विंशतिकाभ्यां क्रीतम् आ अर्थमां द्विविंशतिक नामने आ सूत्रथी ईन प्रत्यय. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी द्विविंशतिकीनम् आवो प्रयोग थाय छे. अर्थ- चाळीश रुपियाथी खरीदेलुं. ।।१४०।।

## अनाम्न्यद्विः प्लुप् ६।४।१४१॥

तद्धित प्रत्ययान्त કોઈનું નામ ન હોય તો દ્વિગુ સમાસથી અર્હદ્ અર્થ સુધીના ( સૂ.નં. ६-४-१७७ ) અર્થમાં વિહિત પ્રત્યયનો એકવાર (બીજીવાર નહિ ) પિત્ લુપ્ ( લોપ ) થાય છે. द्वाभ्यां कंसाभ्यां क्रीतम् આ અર્થમાં द्विकंस નામને 'कंसार्धात् ६-४-१३५' થી इकट् પ્રત્યય. તેનો આ સૂત્રથી પિત્ ( પ્લુપ્ ) વગેરે કાર્ય થવાથી द्विकंसम् આવો પ્રયોગ થાય છે. અર્થ- બે કાંસાના પાત્રથી ખરીદેલું. अनाम्नीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તદ્ધિત પ્રત્યયાન્ત કોઈનું નામ ન હોય તો જ અર્હદ્ અર્થ સુધીના અર્થમાં દ્વિગુ સમાસથી વિહિત પ્રત્યયનો એકવાર પ્લુપ્ થાય છે. તેથી पञ्च लोहिन्यः परिमाणमस्यः આ અર્થમાં पञ्चलोहिनी નામને 'मानम् ६-४-१६९' થી इकण् પ્રત્યયના વિષયમાં 'जातिश्च० ३-२-५१' થી પુંવદ્ભાવ. पञ्चलोहित +इकण् આ અવસ્થામાં 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पाञ्चलोहितिकम् આવો પ્રયોગ થાય છે. અહીં સંજ્ઞાનો વિષય હોવાથી इकण् પ્રત્યયનો લોપ ( પ્લુપ્ ) થતો નથી. અર્થ- તે નામનું પરિમાણવિશેષ.

अद्विरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તદ્ધિત પ્રત્યયાન્ત કોઈનું નામ ન હોય તો અર્હદ્ અર્થ સુધીના અર્થોમાં દ્વિગુ સમાસથી વિહિત પ્રત્યયનો એક જ વાર લોપ થાય છે. બે વાર નહિ. તેથી द्वाभ्यां शूर्पाभ्यां क्रीतम् આ અર્થમાં द्विशूर्प નામને 'शूर्पाद्० ६-४-१३७' થી વિહિત अञ् પ્રત્યયનો આ સૂત્રથી પિત્ લોપ ( પ્લુપ્ ) થયા બાદ द्विशूर्पेण क्रीतम् આ અર્થમાં अञ् ( લુપ્ત अञ् ) પ્રત્યયાન્ત द्विशूर्प નામને 'मूल्यैः० ६-४-१५०' થી વિહિત इकण् પ્રત્યયનો લોપ આ સૂત્રથી થતો નથી. જેથી 'मान० ७-४-१९' થી शूर्प ના ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विशौर्पिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- બે સૂપડાથી ખરીદેલ વસ્તુથી ખરીદેલું. ॥१४१॥

## नवाऽणः ६।४।१४२॥

અર્હદ્ અર્થ સુધીના (સૂ. નં. ૬-૪-૧૭૭) અર્થમાં દ્વિગુ સમાસથી વિહિત अण् પ્રત્યયનો વિકલ્પથી એકવાર પિત્ લુપ્ થાય છે, બે વાર નહિ. द्वाभ्यां सहस्राभ्यां क्रीतम् આ અર્થમાં द्विसहस्र નામને 'सहस्र० ६-४-१३६' થી अण् પ્રત્યય, તેનો આ સૂત્રથી પિત્ લુપ્ વગેરે કાર્ય થવાથી द्विसहस्रम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુપ્ ન થાય ત્યારે 'मान-संव० ૭-૪-૧૯' થી सहस्र નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विसाहस्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ- બે હજારથી ખરીદેલું. ॥૧૪૨॥

## सुवर्ण-कार्षापणात् ६।४।१४३॥

सुवर्ण અને कार्षापण નામ જેના અન્તમાં છે એવા દ્વિગુ સમાસથી અર્હદ્ અર્થ સુધીના (સૂ. નં. ૬-૪-૧૭૭ ) અર્થમાં વિહિત પ્રત્યયનો એક વાર (બે વાર નહિ) વિકલ્પથી પિત્ લુપ્ થાય છે. द्वाभ्यां सुवर्णाभ्यां कार्षापणाभ्यां वा क्रीतम् આ અર્થમાં द्विसुवर्ण અને द्विकार्षापण નામને ક્રમશઃ 'मूल्यैः० ६-४-१५०' થી इकण् અને 'कार्षाप० ६-४-१३३' થી इकट् પ્રત્યય. આ સૂત્રથી તેનો પિત્ લોપ (પ્લુપ્) વગેરે કાર્ય થવાથી द्विसुवर्णम् અને द्विकार्षापणम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુપ્ ન થાય ત્યારે 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ 'मानसंव० ૭-૪-૧૯' થી सुवर्ण નામના उ ને વૃદ્ધિ औ આદેશ... વગેરે કાર્ય થવાથી द्विसौवर्णिकम् અને द्विकार्षापणिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે સુવર્ણથી ખરીદેલું. બે કાર્ષાપણથી ખરીદેલું. ॥૧૪૩॥

## द्वि-त्रि-बहोर्निष्क-विस्तात् ६।४।१४४॥

द्वि त्रि અને बहु નામથી પરમાં રહેલું निष्क અને विस्त (બૃ. વૃત્તિમાં बिस्त છે) નામ છે અન્તમાં જેના એવા દ્વિગુ સમાસથી; અર્હદ્ અર્થ સુધીના અર્થમાં (સૂ. નં. ૬-૪-૧૭૭) વિહિત પ્રત્યયનો એકવાર (બે વાર નહિ) વિકલ્પથી પિત્ લુપ્ (પ્લુપ્) થાય છે. द्वाभ्यां निष्काभ्यां विस्ताभ्यां वा क्रीतम्; त्रिभि र्निष्कै र्विस्तै र्वा क्रीतम्; અને बहुभिर्निष्कै र्विस्तै र्वा क्रीतम् આ અર્થમાં द्विनिष्क, द्विविस्त; त्रिनिष्क; त्रिविस्त; बहुनिष्क અને बहुविस्त નામને 'मूल्यैः० ६-४-१५०' થી વિહિત इकण् પ્રત્યયનો આ સૂત્રથી પિત્ લુપ્ વગેરે કાર્ય થવાથી द्विनिष्कम् ,द्विविस्तम्; त्रिनिष्कम्, त्रिविस्तम्; बहुनिष्कम् અને बहुविस्तम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્લુપ્ ન થાય ત્યારે 'मान-संव० ७-४-१९' થી निष्क અને विस्त નામના इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विनैष्किकम्, द्विवैस्तिकम्; त्रिनैष्किकम्; त्रिवैस्तिकम्; बहुनैष्किकम् અને बहुवैस्तिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે નિષ્ક (સોનામહોર) થી ખરીદેલું. ત્રણ નિષ્કથી ખરીદેલું. ઘણી નિષ્કથી ખરીદેલું. બે વિસ્ત (૮૦ રતિભાર) થી ખરીદેલું. ત્રણ વિસ્તથી ખરીદેલું. ઘણા વિસ્તથી ખરીદેલું. ॥૧૪૪॥

## शताद् यः ६।४।१४५॥

शत નામ છે અન્તમાં જેના એવા દ્વિગુ સમાસને; અર્હદ્ અર્થ સુધીના અર્થમાં (સૂ. નં. ૬-૪-૧૭૭) વિકલ્પથી य પ્રત્યય થાય છે. द्वाभ्यां शताभ्यां क्रीतम् આ અર્થમાં द्विशत નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विशत्यम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य પ્રત્યય ન થાય ત્યારે 'सङ्ख्या० ६-४-१३०' થી क પ્રત્યય. તેનો 'अनाम्न्य० ६-४-१४१' થી પિત્ લોપ વગેરે

કાર્ય થવાથી द्विशतम् આવો પ્રયોગ થાય છે. અર્થ- બસોથી ખરીદેલું. ॥૧૪૫॥

## शाणात् ६।४।१४६॥

શાણ નામ છે અન્તમાં જેના એવા દ્વિગુ સમાસને અર્હદ્ અર્થ સુધીના (સૂ. નં. ૬-૪-૧૭૭) અર્થમાં વિકલ્પથી य પ્રત્યય થાય છે. पञ्चभिः शाणैः क्रीतम् આ અર્થમાં पञ्चशाण નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चशाण्यम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य પ્રત્યય ન થાય ત્યારે 'मूल्यैः० ૬-૪-૧૫૦' થી इकण् પ્રત્યય અને 'अनाम्न्य० ૬-૪-૧૪૧' થી इकण् પ્રત્યયનો પિત્ લોપ વગેરે કાર્ય થવાથી पञ्चशाणम् આવો પ્રયોગ થાય છે. અર્થ- પાંચ શાણ (૪ માસા) થી ખરીદેલું. ॥૧૪૬॥

## द्वित्र्यादेर्याण् वा ६।४।१४७॥

द्वि અને त्रि નામ છે પૂર્વમાં જેના એવો શાણ શબ્દ છે અન્તમાં જેના એવા દ્વિગુ સમાસને અર્હદ્ અર્થ સુધીના (સૂ.નં. ૬-૪-૧૭૭) અર્થમાં વિકલ્પથી य અને अण् પ્રત્યય થાય છે. द्वाभ्यां शाणाभ्यां क्रीतम् અને त्रिभिः शाणैः क्रीतम् આ અર્થમાં द्विशाण અને त्रिशाण નામને આ સૂત્રથી य અને अण् પ્રત્યય. अण् પ્રત્યયની પૂર્વે द्वि અને त्रि ના इ ને 'वृद्धिः० ૭-૪-૧' થી વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विशाण्यम् , द्वैशाणम् ; त्रिशाण्यम् અને त्रैशाणम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य અને अण् પ્રત્યય ન થાય ત્યારે 'मूल्यैः० ૬-૪-૧૫૦' થી इकण् પ્રત્યય. તેનો 'अनाम्न्य० ૬-૪-૧૪૧' થી પિત્ લુપ્ વગેરે કાર્ય થવાથી द्विशाणम् અને त्रिशाणम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે શાણાથી ખરીદેલું. ત્રણ શાણાથી ખરીદેલું. સૂત્રમાં

वा પદનું ઉપાદાન આગળના સૂત્રમાં वा ની અનુવૃત્તિની વ્યાવૃત્તિ માટે છે. ||૧૪૭||

**पण-पाद-माषाद् यः ६|४|१४८||**

પણ પાદ અને માષ નામ છે અન્તમાં જેના એવા દ્વિગુ સમાસને અર્હદ્ અર્થ સુધીના ( સૂ.નં. ૬-૪-૧૭૭ ) અર્થમાં य પ્રત્યય થાય છે. द्वाभ्यां पणाभ्याम् , द्वाभ्यां पादाभ्याम् अध्यर्धेन माषेण वा क्रीतम् આ અર્થમાં द्विपण द्विपाद અને अध्यर्धमाष નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्विपण्यम् द्विपाद्यम् અને अध्यर्धमाष्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે પણ ( પૈસા ) થી ખરીદેલું. બે પાદ ( પાવલી) થી ખરીદેલું. દોઢ માસાથી ખરીદેલું. ||૧૪૮||

**खारी-काकणीभ्यः कच् ६|४|१४९||**

खारी અને काकणी નામ છે અન્તમાં જેના એવા દ્વિગુ સમાસને તેમ જ કેવલ खारी અને काकणी નામને અર્હદ્ અર્થ સુધીના ( સૂ.નં. ૬|૪|૧૭૭) અર્થમાં कच् (क) પ્રત્યય થાય છે. द्वाभ्यां खारीभ्याम् , द्वाभ्यां काकणीभ्याम्, खार्या, काकण्या वा क्रीतम् આ અર્થમાં द्विखारी, द्विकाकणी, खारी અને काकणी નામને कच् (क) પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्विखारीकम् द्विकाकणीकम् खारीकम् અને काकणीकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બે ખારીથી ખરીદેલું. બે કાકણીથી ખરીદેલું. ખારીથી (૫૧૨ શેર) ખરીદેલું. કાકણી (૧/૪ માસા) થી ખરીદેલું. ||૧૪૯||

**मूल्यैः क्रीते ६|४|१५०||**

તૃતીયાન્ત મૂલ્યવાચક નામને ક્રીતાર્થમાં इकण् (इक) વગેરે પ્રત્યય થાય

છે. प्रस्थेन क्रीतम् આ અર્થમાં प्रस्थ નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી प्रास्थिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ચાર કુડવથી ખરીદેલું. त्रिंशता क्रीतम् આ અર્થમાં त्रिंशत् નામને 'त्रिंशद्० ૬-૪-૧૨૯' થી डक (अक) પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્ય अत् નો લોપ વગેરે કાર્ય થવાથી त्रिंशकम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ત્રીશથી ખરીદેલું. ॥૧૫૦॥

### तस्य वापे ६।४।१५१॥

ષષ્ઠ્યન્ત નામને वाप (उप्यतेऽस्मिन्) અર્થમાં इकण् વગેરે પ્રત્યય થાય છે. प्रस्थस्य वापः આ અર્થમાં प्रस्थ નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ ... વગેરે કાર્ય થવાથી प्रास्थिकम् આવો પ્રયોગ થાય છે. खार्या वापः આ અર્થમાં खारी નામને 'खारी० ૬-૪-૧૪૯' ની સહાયથી આ સૂત્રથી कच् (क) પ્રત્યયાદિ કાર્ય થવાથી खारीकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રસ્થ પ્રમાણ ધાન્ય વાવી શકાય એવું ખેતર. ખારી પ્રમાણ ધાન્ય વાવી શકાય એવું ખેતર. ॥૧૫૧॥

### वात-पित्त-श्लेष्म-सन्निपाताच्छमन-कोपने ६।४।१५२॥

ષષ્ઠ્યન્ત वात पित्त श्लेष्म અને सन्निपात નામને શમન અને કોપન અર્થમાં इकण् પ્રત્યય થાય છે. वातस्य पित्तस्य श्लेष्मस्य सन्निपातस्य वा, शमनम् कोपनम् वा આ અર્થમાં वात पित्त श्लेष्म અને सन्निपात નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર इ અને ए ને વૃદ્ધિ ऐ આદેશ તેમજ આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવથી वातिकम् पैत्तिकम्

श्लैष्मिकम् અને सान्निपातिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વાતને શમાવનાર અથવા વધારનાર. પિત્તને શમાવનાર અથવા વધારનાર. શ્લેષ્મને શમાવનાર અથવા વધારનાર. સન્નિપાતને શમાવનાર અથવા વધારનાર. ॥૧૫૨॥

## हेतौ संयोगोत्पाते ६।४।१५३॥

સંયોગ (સમ્બન્ધ) અને ઉત્પાત (प्राणिनां शुभाशुभसूचको महाभूत-परिणामः) સ્વરૂપ હેતુ હોય તો તે હેત્વર્થમાં ષષ્ઠ્યન્ત નામને યથાવિહિત इकण् વગેરે પ્રત્યય થાય છે. शतस्य हेतुः આ અર્થમાં शत નામને 'शतात्० ६-४-१३१' ની સહાયથી य અને इक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી 'शत्यः, शतिको दातृसंयोगः આવો પ્રયોગ થાય છે. અર્થ- સો રૂપિયા વગેરે ભેગા થવાનું કારણ દાતાનો યોગ છે. सोमग्रहणस्य हेतुः આ અર્થમાં सोमग्रहण નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. ओ ને 'वृद्धिः० ७-४-१' થી વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી सौमग्रहणिको भूमिकम्पः આવો પ્રયોગ થાય છે. અર્થ- ચન્દ્રગ્રહણનું કારણ ભૂકમ્પ. ॥૧૫૩॥

## पुत्राद्र् येयौ ६।४।१५४॥

સંયોગ અને ઉત્પાત સ્વરૂપ હેત્વર્થમાં ષષ્ઠ્યન્ત पुत्र નામને य અને ईय પ્રત્યય થાય છે. पुत्रस्य हेतुः આ અર્થમાં पुत्र નામને य અને ईय પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पुत्र्यः અને पुत्रीयः આવો પ્રયોગ થાય છે. અર્થ- પુત્રનો હેતુભૂત સંયોગ. ॥૧૫૪॥

## द्विस्वर- ब्रह्मवर्चसाद् योऽसङ्ख्या-परिमाणाऽश्वादेः ६।४।१५५॥

सङ्ख्यावाचक नाम परिमाणवाचक नाम અને अश्वादि ગણપાઠમાંનાં अश्व વગેરે નામને છોડીને અન્ય બે સ્વરવાળા તથા ब्रह्मवर्चस આ ષષ્ઠ્યન્ત નામને સંયોગ અને ઉત્પાત સ્વરૂપ હેત્વર્થમાં य પ્રત્યય થાય છે. धनस्य ब्रह्मवर्चसस्य वा हेतुः આ અર્થમાં દ્વિસ્વરી धन નામને તથા बह्मवर्चस નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી धन्यः અને ब्रह्मवर्चस्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ધનનો હેતુ. બ્રહ્મચર્યનો હેતુ સંયોગ અથવા ઉત્પાત. सङ्ख्यादि वर्जनं किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्विस्वरी પણ સંખ્યાવાચક પરિમાણવાચક અને अश्वादि ગણપાઠમાંનાં નામને સંયોગ અને ઉત્પાત સ્વરૂપ હેત્વર્થમાં य પ્રત્યય થતો નથી. તેથી पञ्चानां प्रस्थस्य अश्वस्य वा हेतुः संयोग उत्पातो वा આ અર્થમાં સङ्ख्यावाचक पञ्चन् પરિમાણવાચક प्रस्थ અને અશ્વાદિ ગણપાઠમાંનાં अश्व નામને આ સૂત્રથી य પ્રત્યય થતો નથી. પરન્તુ 'सङ्ख्या० ६-४-१३०' ની સહાયથી पञ्चन् નામને તેમજ प्रस्थ અને अश्व નામને અનુક્રમે 'हेतौ संयोगोत्पाते ६-४-१५३' થી क તેમજ इकण् પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી पञ्चन् નામના અન્ત્ય न् નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી प्रस्थ અને अश्व નામના આદ્ય સ્વર अ ને वृद्धि आ આદેશ અને 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चकः प्रास्थिकः અને आश्विकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાંચનો હેતુ. પ્રસ્થ પરિમાણનો હેતુ. અશ્વનો હેતુ- સંયોગ અથવા ઉત્પાત. ॥१५५॥

## पृथिवी- सर्वभूमेरीश-ज्ञातयोश्चाञ् ६।४।१५६॥

ષષ્ઠ્યન્ત पृथिवी અને सर्वभूमि નામને ईश તેમજ ज्ञात (પ્રસિદ્ધ) અર્થમાં અને સંયોગ અથવા ઉત્પાત સ્વરૂપ હેત્વર્થમાં अञ् પ્રત્યય થાય છે.

पृथिव्याः सर्वभूमे र्वा, ईशो ज्ञातः संयोगोत्पातरूपो हेतु र्वा આ અર્થમાં પૃથિવી અને સર્વભૂમિ નામને આ સૂત્રથી अञ् (अ) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્ય સ્વર ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'अनुशति० ૭-૪-૨૭' થી સર્વભૂમિ નામના બંન્ને પદના આદ્ય સ્વર अ અને ऊ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય ई અને इ નો લોપ વગેરે કાર્ય થવાથી पार्थिवः सार्वभौम ईशो ज्ञातः संयोगोत्पातरूपो हेतु र्वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પૃથ્વીનો સ્વામી, જ્ઞાત અથવા સંયોગ કે ઉત્પાત સ્વરૂપ હેતુ. સમગ્ર ભૂમિનો સ્વામી, જ્ઞાત અથવા સંયોગ કે ઉત્પાત સ્વરૂપ હેતુ. ||૧૫૬||

## लोक-सर्वलोकाज्ज्ञाते ६।४।१५७॥

ષષ્ઠ્યન્ત लोक અને सर्वलोक નામને જ્ઞાત અર્થમાં યથાવિહિત इकण् પ્રત્યય થાય છે. लोकस्य सर्वलोकस्य वा ज्ञातः આ અર્થમાં लोक અને सर्वलोक નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अनुश० ૭-૪-૨૭' થી सर्वलोक નામના બંન્ને પદના આદ્યસ્વર अ અને ओ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી लौकिकः અને सार्वलौकिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- લોકમાં પ્રસિદ્ધ. સર્વ લોકમાં પ્રસિદ્ધ. ||૧૫૭||

## तदत्राऽस्मै वा वृद्ध्याय-लाभोपदा-शुल्कं देयम् ६।४।१५८॥

પ્રથમાન્ત પદનો અર્થ, દેયભૂત વૃદ્ધિ ( વ્યાજ ), આય ( કર ), લાભ ( નફો ), ઉપદા ( લાંચ ) અને શુલ્ક ( ટૅક્સ ) હોય તો પ્રથમાન્ત નામને સપ્તમીના અર્થમાં અથવા ચતુર્થીના અર્થમાં યથાવિહિત इकण् વગેરે પ્રત્યય થાય છે. वृद्धिः ( अधमर्णेनोत्तमर्णाय गृहीतधनातिरिक्तं देयम् )- पञ्चाऽस्मिन्

शते वृद्धिः આ અર્થમાં 'सङ्ख्या० ६-४-१३०' ની સહાયથી पञ्चन् નામને આ સૂત્રથી क પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चकं शतम् આવો પ્રયોગ થાય છે. જેમાં પાંચ રૂપિયા આપવાનું વ્યાજ છે એવા સો રૂપિયા. आयः,- (ग्रामादिषु स्वामिग्राह्यो भाग आयः )- पञ्चास्मिन् ग्रामे आयः આ અર્થમાં पञ्चन् નામને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય થવાથી पञ्चको ग्रामः આવો પ્રયોગ થાય છે. અર્થ- જેમાં પાંચ રૂપિયા કર આપવાનો છે તે ગામ. लाभः- (पटादिनामुपादानं मूल्यातिरिक्तं प्राप्तं द्रव्यम् )- पञ्चाऽस्मिन् पटे लाभः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ पञ्चन् નામને આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી पञ्चकः पटः આવો પ્રયોગ થાય છે. અર્થ- પાંચ રૂપિયા નફો આપવાનો છે જેમાં એવો પટ. उपदा-( उत्कोचः ; लञ्चः ; उत्कोट इति यावत् )- पञ्चाऽस्मिन् व्यवहारे उपदा આ અર્થમાં पञ्चन् નામને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી पञ्चको व्यवहारः આવો પ્રયોગ થાય છે. અર્થ- પાંચ રૂપિયા લાંચ અપાઈ છે જેમાં એવો વ્યવહાર. शुल्कम्- (वणिजां रक्षानिर्वेशो राजभागः शुल्कम्)- पञ्चाऽस्मिन् शते शुल्कम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ पञ्चन् નામને આ સૂત્રથી क પ્રત્યય વગેરે કાર્ય થવાથી पञ्चकं शतम् આવો પ્રયોગ થાય છે. અર્થ-પાંચ રૂપિયા ટેક્સ (જકાત) આપવાનો છે જેમાં એવા સો રૂપિયા.

एवं शत्यम् शतिकम् આવી જ રીતે शतमस्मिन् वृद्धिरायो लाभ उपदा शुल्कम् वा આ અર્થમાં शत નામને 'शतात्० ६-४-१३१' ની સહાયથી આ સૂત્રથી य અને इक પ્રત્યયાદિ કાર્ય થવાથી शत्यम् અને शतिकम् (જુઓ सू. नं. ६-४-१३१) આવો પ્રયોગ થાય છે. અર્થ-સો રૂપિયા; જેમાં વ્યાજ કર નફો લાંચ અથવા ટેક્સ છે તે હજાર, ગ્રામ, વસ્ત્ર, વ્યવહાર અથવા હજાર. (ઉપર જણાવ્યા મુજબ पञ्चाऽस्मै देवदत्ताय वृद्धिरायो लाभ उपदा शुल्कं वा देयम् આ પ્રમાણે ચતુર્થ્યર્થમાં પણ पञ्चन् નામને क પ્રત્યય વગેરે કાર્ય થવાથી पञ्चको देवदत्तः આવો પ્રયોગ થાય છે. અર્થ-પાંચ રૂપિયા વ્યાજ, કર, નફો, લાંચ અથવા ટૅક્સ બીજા પાસેથી લેવાનો છે જેને તે

દેવદત્ત.) ॥૧૫૮॥

## पूरणाऽर्धादिकः ६।४।१५९॥

પ્રથમાન્ત પદાર્થ દેયભૂત વૃદ્ધિ આય લાભ ઉપદા અથવા શુલ્ક (જુઓ સૂ. નં. ૬-૪-૧૫૮) હોય તો પ્રથમાન્ત-પૂરણપ્રત્યયાન્ત નામને અને अर्ध નામને સપ્તમ્યર્થમાં અથવા ચતુર્થીના અર્થમાં इक પ્રત્યય થાય છે. द्वितीयम् अर्धं वाऽस्मिन् अस्मै वा; वृद्धिरायो लाभ उपदा शुल्कं वा देयम् આ અર્થમાં પૂરણપ્રત્યયાન્ત द्वितीय નામને અને अर्ध નામને આ સૂત્રથી इक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्वितीयिकः અને अर्धिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-દ્વિતીયભાગ જેમાં વ્યાજ, કર, નફો, લાંચ અથવા ટૅક્સ આપવાનો છે તે (શતાદિ) અથવા દ્વિતીય ભાગ વ્યાજાદિ રૂપે બીજાની પાસેથી લેવાનો છે જેને તે (દેવદત્તાદિ). આઠ આના આપવાના છે વ્યાજાદિ રૂપે જેમાં અથવા જેને તે (શતાદિ અથવા દેવદત્તાદિ). ॥૧૫૯॥

## भागाद् येकौ ६।४।१६०॥

પ્રથમાન્ત પદાર્થ દેયભૂત વ્યાજ આય લાભ ઉપદા અથવા શુલ્ક હોય તો પ્રથમાન્ત भाग નામને સપ્તમી અથવા ચતુર્થીના અર્થમાં (જુઓ સૂ. નં. ૬-૪-૧૫૮) य અને इक પ્રત્યય થાય છે. भागोऽस्मिन्नस्मै वा देयं वृद्धिरायो लाभ उपदा शुल्कं वा આ અર્થમાં भाग નામને આ સૂત્રથી य અને इक પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી भाग्यः અને भागिकः આવો પ્રયોગ થાય છે. અર્થ-ભાગ (આઠ આના), વ્યાજ કર નફો લાંચ અથવા ટૅક્સ આપવાનો છે જેમાં અથવા જેને તે (શતાદિ અથવા દેવદત્તાદિ). ॥૧૬૦॥

## तं पचति द्रोणाद् वाऽञ् ६।४।१६१॥

द्वितीयान्त द्रोण नामने पचति अर्थमां विकल्पथी अञ् (अ) प्रत्यय थाय छे. द्रोणं पचति आ अर्थमां द्रोण नामने आ सूत्रथी अञ् (अ) प्रत्यय. विकल्पपक्षमां आ सूत्रथी अञ् प्रत्यय न थाय त्यारे 'इकण् ६-४-१' नी सहायथी इकण् प्रत्यय. उभयत्र 'वृद्धिः० ७-४-१' थी आद्य स्वर ओ ने वृद्धि औ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप. स्त्रीलिंगमां 'अणञे० २-४-२०' थी ङी प्रत्यय वगेरे कार्य थवाथी द्रौणी अने द्रौणिकी स्थाली आवो प्रयोग थाय छे. अर्थ-द्रोण (१० शेर) प्रमाण अनाज रांधनारी स्थाली. ॥१६१॥

## सम्भवदवहरतोश्च ६।४।१६२॥

द्वितीयान्त नामने पचति, सम्भवति (अवगृह्णाति) अने अवहरति अर्थमां इकण् वगेरे प्रत्यय थाय छे. आधार, आधेयने स्वप्रमाणना अतिरेक विना (पोतामां समाय ए रीते) जे धारण करे छे तेने सम्भव कहेवाय छे; अने प्रमाणना अतिरेकथी पण जे धारण करे छे तेने अवहार कहेवाय छे. प्रस्थं सम्भवति अवहरति पचति वा आ अर्थमां प्रस्थ नामने आ सूत्रथी इकण् प्रत्यय. आद्य स्वर अ ने 'वृद्धिः० ७-४-१' थी वृद्धि आ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अन्त्य अ नो लोप. प्रास्थिक नामने 'अणञे० २-४-२०' थी ङी प्रत्यय वगेरे कार्य थवाथी प्रास्थिकी स्थाली आवो प्रयोग थाय छे. अर्थ- पोतानी अपेक्षाए न्यून प्रमाणवाला प्रस्थ प्रमाण धान्यने धारण करनारी थाळी. पोतानी अपेक्षाए अधिक प्रमाणवाला प्रस्थप्रमाण धान्यने धारण करनारी थाळी. प्रस्थ प्रमाण धान्यने रांधनारी थाळी. सूत्रस्थ 'च' पद समुच्चयार्थक होवाथी आगळना सूत्रोमां पचति वगेरे त्रण अर्थनी अनुवृत्ति छे. ॥१६२॥

## पात्रा ऽऽ चिताऽऽढकादीनो वा ६।४।१६३।।

द्वितीयान्त पात्र आचित અને आढक નામને ( આ પરિમાણવિશેષ-વાચક નામને ) सम्भवति अवहरति અને पचति અર્થમાં (જુઓ સૂ.નં.૬-૪-૧૬૩) વિકલ્પથી ईन પ્રત્યય થાય છે. पात्रमाचितमाढकं वा सम्भवति अवहरति पचति वा આ અર્થમાં पात्र आचित અને आढक નામને આ સૂત્રથી ईन પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पात्रीणा आचितीना અને आढकीना આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ईन પ્રત્યય ન થાય ત્યારે 'सम्भवद० ૬-૪-૧૬૨' ની સહાયથી इकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ. સૂ.નં. ૬-૪-૧૬૨) पात्रिकी आचितिकी અને आढकिकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાત્રપ્રમાણ (૮ શેર)ધાન્ય- અવગ્રહણ કરનારી, અવહરણ કરનારી અથવા રાંધનારી થાળી. આચિત પ્રમાણ (૨૦૦ તોલા) ધાન્ય- અવગ્રહણ કરનારી અવહરણ કરનારી અથવા રાંધનારી થાળી. આઢક પ્રમાણ (ચાર પ્રસ્થ) ધાન્ય- અવગ્રહણ કરનારી, અવહરણ કરનારી અથવા રાંધનારી થાળી. (અર્થ માટે જુઓ સૂ.નં. ૬-૪-૧૬૨) ।।૧૬૩।।

## द्विगोरीनेकटौ वा ६।४।१६४।।

पात्र आचित અને आढक નામ છે અન્તમાં જેના એવા દ્વિતીયાન્ત દ્વિગુ સમાસને सम्भवति (अवगृह्णाति) अवहरति અને पचति અર્થમાં વિકલ્પથી ईन અને इकट् પ્રત્યય થાય છે. આ ईन અને इकट् (इक) પ્રત્યયનો 'अनाम्न्य० ૬-૪-૧૪૧' થી લુપ્ (લોપ) થતો નથી. કારણ કે આ સૂત્રથી વિહિત ईन અને इकट् પ્રત્યયનો લોપ કરવો હોત તો તેનું વિધાન કરવાની આવશ્યકતા જ ન રહેત. द्वे पात्रे, द्वावाचितौ द्वावाढकौ वा सम्भवति, अवहरति, पचति वा આ અર્થમાં द्विपात्र द्व्याचित અને द्व्याढक નામને આ

સૂત્રથી ईन અને इकट् પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. द्विपात्रीण, द्वयाचितीन અને द्वयाढकीन નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् (आ) પ્રત્યય. द्विपात्रिक, द्वयाचितिक અને द्वयाढकिक નામને સ્ત્રીલિંગમાં 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય . . . વગેરે કાર્ય થવાથી द्विपात्रीणा द्विपात्रिकी; द्वयाचितीना द्वयाचितिकी અને द्वयाढकीना द्वयाढकिकी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ईन અથવા इकट् પ્રત્યય ન થાય ત્યારે 'सम्भवद० ૬-૪-૧૬૨' થી इकण् પ્રત્યય. 'अनाम्न्य० ૬-૪-૧૪૧' થી इकण् પ્રત્યયનો લુપ્ (પિત્ લોપ) द्विपात्र અને द्वयाढक નામને 'परिमाणा० ૨-૪-૨૩' થી ङी પ્રત્યય; અને द्वयाचित નામને ઉપર જણાવ્યા મુજબ (सू. नं. ૨-૪-૨૩ થી તેને ङी પ્રત્યયનો નિષેધ હોવાથી) आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्विपात्री द्वयाचिता અને द्वयाढकी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-બે પાત્ર પ્રમાણ ધાન્ય અવગ્રહણ કરનારી, અવહરણ કરનારી, અથવા રાંધનારી. બે આચિત પ્રમાણ ધાન્ય અવગ્રહણ કરનારી, અવહરણ કરનારી અથવા રાંધનારી. બે આઢક પ્રમાણ ધાન્ય અવગ્રહણ કરનારી અવહરણ કરનારી, અથવા રાંધનારી. (અર્થ માટે सू. नं. ૬-૪-૧૬૨ જુઓ). ॥૧૬૪॥

## कुलिजाद् वा लुप् च ६।४।१६५॥

પરિમાણવિશેષવાચક कुलिज નામ છે અન્તમાં જેના એવા દ્વિતીયાન્ત દ્વિગુ સમાસને सम्भवति अवहरति અને पचति અર્થમાં વિકલ્પથી ईन અને इकट् પ્રત્યય થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ईन અને इकट् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષમાં વિહિત इकण् પ્રત્યયનો વિકલ્પથી लुप् થાય છે. द्वे कुलिजे सम्भवति अवहरति पचति वा આ અર્થમાં द्विकुलिज નામને આ સૂત્રથી ईन અને इकट् (इक) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. द्विकुलिजीन નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. द्विकुलिजिक નામને 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्विकुलिजीना

અને द्विकुलिजिकी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ईन અને इकट् પ્રત્યય ન થાય ત્યારે 'सम्भवद० ६-४-१६२' થી इकण् પ્રત્યય. આ સૂત્રથી इकण् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી द्विकुलिजः (સ્ત્રીલિઙ્ગમાં 'परिमाणा० २-४-२३' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विकुलिजी) આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં इकण् પ્રત્યયનો આ સૂત્રથી લુપ્ ન થાય ત્યારે 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्वैकुलिजिकी આવો પ્રયોગ થાય છે. અર્થ- બે કુલિજ પ્રમાણ ધાન્ય- અવગ્રહણ કરનારી (કરનાર); અવહરણ કરનારી (કરનાર) અથવા રાંધનારી (રાંધનાર). ||૧૬૫||

**वंशादे र्भाराद्धरद्- वहदावहत्सु ६।४।१६६।।**

वंशादि ગણપાઠમાંનાં वंश વગેરે નામથી પરમાં રહેલો भार શબ્દ છે અન્તમાં જેના એવા દ્વિતીયાન્ત નામને हरति वहति અને आवहति અર્થમાં યથાવિહિત इकण् વગેરે પ્રત્યય થાય છે. वंशभारम् कुटभारं वा हरति (देशान्तरं प्रापयति); वहति (उत्क्षिप्य धारयति); आवहति (उपाददाति) वा આ અર્થમાં वंशभार અને कुटभार નામને આ સૂત્રથી इकण् (इक) પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર अ અને उ ને વૃદ્ધિ आ અને औ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वांशभारिकः અને कौटभारिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ–વાંસનો ભારો અન્યત્ર લઈ જનાર; ઉપર ઉપાડીને માથે વહન કરનાર; અથવા ગ્રહણ કરનાર. કુટ (તૃણવિશેષ) નો ભારો અન્યત્ર લઈ જનાર; ઉપર ઉપાડીને માથે વહન કરનાર અથવા ગ્રહણ કરનાર. "દ્વિતીયાન્ત ભારભૂત वंशादि ગણપાઠમાંનાં वंशादि નામને हरति वहति અને आवहति અર્થમાં इकण् વગેરે પ્રત્યય થાય છે."- આવો પણ અર્થ આ સૂત્રનો કર્યો છે- જેથી भारभूतान् वंशान् कुटान् वा हरति वहति आवहति वा આ અર્થમાં इकण्

પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી वांशिकः; कौटिकः આવો પ્રયોગ થાય છે. ॥૧૬૬॥

## द्रव्य- वस्नात् केकम् ६।४।१६७॥

દ્વિતીયાન્ત द्रव्य અને वस्न નામને हरति वहति અને आवहति અર્થમાં ક્રમશઃ क અને इक પ્રત્યય થાય છે. द्रव्यं वस्नं वा हरति वहति आवहति वा આ અર્થમાં આ સૂત્રથી द्रव्य નામને क પ્રત્યય અને वस्न નામને इक પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्रव्यकः અને वस्निकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દ્રવ્યને અન્યત્ર લઈ જનાર; માથે વહન કરનાર, અથવા ગ્રહણ કરનાર. વસ્ત્રને અન્યત્ર લઈ જનાર, માથે વહન કરનાર; અથવા ગ્રહણ કરનાર. ॥૧૬૭॥

## सोऽस्य भृति-वस्नांशम् ६।४।१६८॥

પ્રથમાન્ત પદાર્થ भृति (પગાર) वस्न (મૂલ્ય) અને अंश (ભાગ) હોય તો પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં યથાવિહિત इकण् વગેરે પ્રત્યય થાય છે. पञ्चाऽस्य भृति र्वस्नमंशा वा આ અર્થમાં पञ्चन् નામને 'सङ्ख्या० ६-४-१३०' ની સહાયથી આ સૂત્રથી क પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चकः कर्मकृत् पटो ग्रामो वा આવો પ્રયોગ થાય છે. અર્થ- પાંચ (રૂપિયા) પગાર છે જેનો એવો નોકર. પાંચ (રૂપિયા) મૂલ્ય છે જેનું એવું વસ્ત્ર. પાંચ ભાગ છે જેના એવું ગામ. આવી જ રીતે सहस्रं भृति र्वस्नमंशो वा ऽस्य આ અર્થમાં આ સૂત્રથી सहस्र નામને 'सहस्र० ६-४-१३६' ની સહાયથી अण् પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ.નં. ૬-૪-૧૩૬) થવાથી साहस्रः આવો પ્રયોગ થાય છે. અર્થ- હજારના પગારવાળો; હજારના મૂલ્યવાળો અથવા હજાર ભાગવાળો. ॥૧૬૮॥

### मानम् ६।४।१६९॥

પ્રથમાન્ત પદાર્થ માન હોય તો પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં યથાવિહિત इकण् વગેરે પ્રત્યય થાય છે. द्रोणः खारी वा मानमस्य આ અર્થમાં આ સૂત્રથી द्रोण નામને इकण् પ્રત્યય; અને खारी નામને 'खारी-काकणी० ६-४-१४९' ની સહાયથી આ સૂત્રથી कच् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ओ ને વૃદ્ધિ औ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી द्रौणिकः અને खारीकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દશશેર ધાન્યાદિનો રાશિ. ૫૧૨ શેર ધાન્યાદિનો રાશિ. ॥१६९॥

### जीवितस्य सन् ६।४।१७०॥

જીવિત-માન(આયુષ્યમાન)વાચક પ્રથમાન્ત નામને ષષ્ઠ્યર્થમાં યથાવિહિત इकण् (इक) વગેરે પ્રત્યય થાય છે; અને તે सत् છે અર્થાત્ તેનો 'अनाम्न्य० ६-४-१४१' થી લોપ (प्लुप्) થતો નથી. द्वे षष्टी जीवितमानमस्य આ અર્થમાં द्विषष्टि નામને આ સૂત્રથી इकण् પ્રત્યય અને ઉપર જણાવ્યા મુજબ તેના લોપનો નિષેધ. 'मानसंव० ७-४-१९' થી षष्टि ના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. અન્ત્ય इ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ વગેરે કાર્ય થવાથી द्विषाष्टिको ना આવો પ્રયોગ થાય છે. અર્થ-બાસઠ વર્ષનો પુંરુષ. ॥१७०॥

### सङ्ख्यायाः संघ-सूत्र-पाठे ६।४।१७१॥

પ્રથમાન્ત પદાર્થ માન હોય તો પ્રથમાન્ત સઙ્ખ્યાવાચક નામને સંઘ સૂત્ર અને પાઠ સ્વરૂપ ષષ્ઠ્યર્થમાં યથાવિહિત इकण् વગેરે પ્રત્યય થાય છે. पञ्च (गावो) मानमस्य सङ्घस्य (प्राणिनां समूहः सङ्घः); अष्टावध्याया मानमस्य सूत्रस्य (सूत्रं शास्त्रग्रन्थः) અને अष्टौ (रूपाणि वारा) मानमस्य

पाठस्य (पाठोरधीतिरध्ययनम्) આ અર્થમાં આ સૂત્રથી पञ्चन् અને अष्टन् નામને 'सङ्ख्या० ६-४-१३०' ની સહાયથી क પ્રત્યય. 'नाम्नोऽनो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चकः सङ्घः; अष्टकं पाणिनीयं सूत्रम् અને अष्टकः पाठः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાંચ ગાય વગેરેનો સમુદાય. આઠ અધ્યાયવાળું પાણિની વ્યાકરણ. આઠ વાર ભણવું. ॥૧૭૧॥

## नाम्नि ६।४।१७२॥

માનાર્થક પ્રથમાન્ત સઙ્ખ્યાવાચક નામને; તદ્ધિત પ્રત્યયાન્ત કોઈનું નામ હોય તો ષષ્ઠ્યર્થમાં યથાવિહિત इकण् વગેરે પ્રત્યય થાય છે. पञ्चेति सङ्ख्या मानमेषाम् આ અર્થમાં આ સૂત્રથી पञ्चन् નામને क પ્રત્યયાદિ (જાુઓ સૂ. નં. ૬-૪-૧૭૧) કાર્ય થવાથી पञ्चकाः शकुनयः આવો પ્રયોગ થાય છે. અર્થ-ધનિષ્ઠાદિ પાંચ નક્ષત્રોનો સમુદાય. ॥૧૭૨॥

## विंशत्यादयः ६।४।१७३॥

તદ્ધિત પ્રત્યયાન્ત કોઈનું નામ હોય તો, પ્રથમાન્ત પદાર્થ માન હોય ત્યારે પ્રથમાન્ત સઙ્ખ્યાવાચક નામને ષષ્ઠ્યર્થમાં તે તે પ્રત્યય કરીને विंशति વગેરે નામોનું નિપાતન કરાય છે. द्वौ दशतौ मानमेषाम् અને त्रयो दशतो मानमेषाम् આ અર્થમાં द्वि નામને આ સૂત્રથી शति પ્રત્યય અને द्वि નામને विं આદેશ તેમજ त्रि નામને शत् પ્રત્યય; અને त्रि ને त्रिं આદેશ... વગેરે કાર્ય થવાથી विंशतिः અને त्रिंशत् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-વીશ. ત્રીશ. ॥૧૭૩॥

### त्रैंश-चात्वारिंशम् ६।४।१७४॥

તદ્ધિત પ્રત્યયાન્ત કોઈનું નામ હોય તો માનાર્થક પ્રથમાન્ત त्रिंशत् અને चत्वारिंशत् નામને ષષ્ઠ્યર્થમાં डण् (अ) પ્રત્યયનું નિપાતન કરાય છે. त्रिंशत् चत्वारिंशद् वाऽध्याया मानम् एषाम् આ અર્થમાં त्रिंशत् અને चत्वारिंशत् નામને આ સૂત્રથી डण् પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अत् નો લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્ય સ્વર इ તથા अ ને વૃદ્ધિ ऐ તથા आ આદેશ . . . વગેરે કાર્ય થવાથી त्रैंशानि चात्वारिंशानि ब्राह्मणानि આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-ત્રૈંશ નામના બ્રાહ્મણ નામના ગ્રંથો. ચાત્વારિંશ નામના બ્રાહ્મણ નામના ગ્રન્થો. ॥૧૭૪॥

### पञ्चद्-दशद्-वर्गे वा ६।४।१७५॥

પ્રથમાન્ત પદાર્થ માન હોય તો પ્રથમાન્ત पञ्चन् અને दशन् નામને; ષષ્ઠ્યર્થ વર્ગ અર્થમાં વિકલ્પથી डत् પ્રત્યયનું નિપાતન કરાય છે. पञ्च दश वा मानमस्य वर्गस्य આ અર્થમાં पञ्चन् અને दशन् નામને આ સૂત્રથી डत् (अत्) પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चत् અને दशत् वर्गः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી डत् પ્રત્યય ન થાય ત્યારે 'सङ्ख्या० ६-४-१३०' ની સહાયથી 'मानम् ६-४-१६९' થી क પ્રત્યય. 'नाम्नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી पञ्चकः અને दशको वर्गः આવો પ્રયોગ થાય છે અર્થ ક્રમશઃ-પાંચનો સમુદાય. દશનો સમુદાય. ॥૧૭૫॥

### स्तोमे डट् ६।४।१७६॥

પ્રથમાન્ત પદાર્થ માન હોય તો પ્રથમાન્ત સઙ્ખ્યાવાચક નામને स्तोम સ્વરૂપ ષષ્ઠ્યર્થમાં डट् (अ) પ્રત્યય થાય છે. विंशतिर्मानमस्य स्तोमस्य આ

અર્થમાં विंशति નામને આ સૂત્રથી डट् પ્રત્યય. 'विंशते० ૭-૪-૬૭' થી ति નો લોપ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી विंशः स्तोमः આવો પ્રયોગ થાય છે. અર્થ-વીસનો સ્તોમ (ऋચાદિનો સમુદાય). ॥૧૭૬॥

### तमर्हति ६।४।१७७॥

દ્વિતીયાન્ત નામને अर्हति અર્થમાં યથાવિહિત इकण् વગેરે પ્રત્યય થાય છે. विषं सहस्रं वाऽर्हति આ અર્થમાં विष નામને આ સૂત્રથી इकण् પ્રત્યય; અને सहस्र નામને 'सहस्र० ૬-૪-૧૩૬' ની સહાયથી આ સૂત્રથી अण् (अ) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર इ અને अ ને વૃદ્ધિ ऐ અને आ આદેશ વગેરે કાર્ય થવાથી वैषिकः અને साहस्रिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વિષને યોગ્ય. હજાર રૂપિયાને યોગ્ય. ॥૧૭૭॥

### दण्डादे र्यः ६।४।१७८॥

दण्डादि ગણપાઠમાંનાં દ્વિતીયાન્ત दण्ड વગેરે નામને अर्हति અર્થમાં य પ્રત્યય થાય છે. दण्डमर्थं वाऽर्हति આ અર્થમાં આ સૂત્રથી दण्ड અને अर्थ નામને य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી दण्ड्यः અને अर्थ्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દંડને યોગ્ય. ધનને યોગ્ય. ॥૧૭૮॥

### यज्ञादियः ६।४।१७९॥

દ્વિતીયાન્ત यज्ञ નામને अर्हति અર્થમાં इय પ્રત્યય થાય છે. यज्ञमर्हति આ અર્થમાં यज्ञ નામને આ સૂત્રથી इय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી यज्ञियो देशः આવો પ્રયોગ થાય છે. અર્થ- યજ્ઞ કરવા માટે યોગ્ય દેશ. ॥૧૭૯॥

## पात्रात् तौ ६।४।१८०॥

દ્વિતીયાન્ત पात्र નામને अर्हति અર્થમાં य અને इय પ્રત્યય થાય છે. पात्रमर्हति આ અર્થમાં पात्र નામને આ સૂત્રથી य અને इय પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पात्र्यः અને पात्रियः આવો પ્રયોગ થાય છે. અર્થ- પાત્ર માટે યોગ્ય. ॥૧૮૦॥

## दक्षिणा-कडङ्गर- स्थालीबिलादीय-यौ ६।४।१८१॥

દ્વિતીયાન્ત दक्षिणा कडङ्गर અને स्थालीबिल નામને अर्हति અર્થમાં ईय અને य પ્રત્યય થાય છે. दक्षिणां कडङ्गरं स्थालीबिलं वाऽर्हति આ અર્થમાં दक्षिणा कडङ्गर અને स्थालीबिल નામને આ સૂત્રથી ईय અને य પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય आ તથા अ નો લોપ વગેરે કાર્ય થવાથી दाक्षिणीयो दाक्षिण्यो गुरुः; कडङ्गरीयः कडङ्गर्यो गौः અને स्थालीबिलीयाः स्थालीबिल्यास्तण्डुलाः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-દક્ષિણા માટે યોગ્ય ગુરુ. કડઙ્ગર (અનાજના ફોતરા; મગ વગેરેની શીંગ; અથવા સૂકું ઘાસ) માટે યોગ્ય બળદ. સ્થાલીબિલ (તપેલી વગેરેનો અંદરનો ભાગ) માટે યોગ્ય (અર્થાત્ તેમાં રાંધવાદિ માટે યોગ્ય) ચોખા. ॥૧૮૧॥

## छेदादे र्नित्यम् ६।४।१८२॥

छेदादि ગણપાઠમાંનાં छेद વગેરે દ્વિતીયાન્ત નામને नित्यमर्हति અર્થમાં યથાવિહિત इकण् વગેરે પ્રત્યય થાય છે. छेदं भेदं वा नित्यमर्हति આ અર્થમાં छेद અને भेद નામને આ સૂત્રથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ૭-૪-૧' થી આદ્યસ્વર ए ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી छैदिकः અને भैदिकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-સદૈવ છેદવા યોગ્ય. સદૈવ ભેદવા યોગ્ય. ॥૧૮૨॥

## विरागाद् विरङ्गश्च ६।४।१८३॥

દ્વિતીયાન્ત विराग નામને नित्यमर्हति અર્થમાં યથાવિહિત इकण् પ્રત્યય

થાય છે. અને ત્યારે विराग નામને विरङ्ग આદેશ થાય છે. विरागं नित्यमर्हति આ અર્થમાં विराग નામને આ સૂત્રથી इकण् પ્રત્યય અને विराग નામને विरङ्ग આદેશ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર इ ને વૃદ્ધિ ऐ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી वैरङ्गिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- સદૈવ વિરાગને યોગ્ય. ॥૧૮૩॥

**शीर्षच्छेदाद् यो वा ६।४।१८४॥**

દ્વિતીયાન્ત शीर्षच्छेद નામને नित्यमर्हति આ અર્થમાં વિકલ્પથી य પ્રત્યય થાય છે. शीर्षच्छेदं नित्यमर्हति આ અર્થમાં शीर्षच्छेद નામને આ સૂત્રથી य પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી शीर्षच्छेद्यः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य પ્રત્યય ન થાય ત્યારે 'इकण् ६-४-१' ની સહાયથી इकण् પ્રત્યય. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ई ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી शैर्षच्छेदिकश्चौरः આવો પ્રયોગ થાય છે. અર્થ- સદૈવ શિરચ્છેદ કરવા યોગ્ય-ચોર. ॥૧૮૪॥

**शालीन- कौपीना-ऽऽर्त्विजीनम् ६।४।१८५॥**

દ્વિતીયાન્ત शालाप्रवेशन, कूपप्रवेश અને ऋत्विज् ( અથવા ऋत्विक् कर्म) નામને अर्हति અર્થમાં ईनञ् (ईन) પ્રત્યયાદિ કાર્ય કરવા દ્વારા शालीन, कौपीन અને आर्त्विजीन નામનું અનુક્રમે નિપાતન કરાય છે. शालाप्रवेशनम्; कूपप्रवेशनम्; ऋत्विजम् (ऋत्विक्कर्म) वाऽर्हति આ અર્થમાં शालाप्रवेशन, कूपप्रवेशन અને ऋत्विज् (અથવા ऋत्विक्कर्म) નામને આ સૂત્રથી ईनञ् પ્રત્યય. સર્વત્ર ઉત્તરપદનો (प्रवेशन, कर्मन्) લોપ. 'वृद्धिः० ७-४-१' થી આદ્યસ્વર ऊ અને ऋ ને વૃદ્ધિ औ અને आर् આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ તથા अ નો લોપ વગેરે કાર્ય થવાથી शालीनोऽधृष्टः; कौपीनं पापकर्मादिः અને आर्त्विजीनो यजमान ऋत्विग् वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શરમાળ. પાપકર્મ અથવા લંગોટી. યજમાન (યજ્ઞ કરનાર) અથવા ગોર- પુરોહિત. ॥૧૮૫॥

भूमिं कामगवि!...... ઈત્યાદિ = સિદ્ધરાજ પૃથ્વીને જીતીને આવે છે માટે ( તેનું સ્વાગત કરવા ); હે કામધેનુ ! તું પોતાના છાણના પાણીથી પૃથ્વીને સિંચન કર, હે રત્નાકરો ! તમે મોતીઓના સાથિયા પૂરો, હે ચન્દ્ર ! તું પૂર્ણ કળશ થઈ જા, અને હે દિગ્ગજો ! તમે તમારી સરળ સૂંઢોથી કલ્પવૃક્ષના પાંદડાને લઈને તોરણો બનાવો.

इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे षष्ठस्याऽध्यायस्य चतुर्थः पादः।

॥इति षष्ठोऽध्यायः॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम्
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

( ભા. ૬ નું )

: શુદ્ધિપત્રક :

| પે. નં. | પઙ્ક્તિ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૫ | ૧૪ | ला | ल |
| ૭૯ | ૧ | या | यो |
| ૮૦ | ૬ | र्त्ता | कर्त्ता |
| ૮૭ | ૧૨ | ण्य | ण्यंग्न्य |
| ૨૧૮ | ૪ | वा | वायः |
| ૨૧૮ | ૯ | दृ | दृ |
| ૨૭૭ | ૫ | व | त्व |
| ૨૮૪ | ૩ | મા | માટે |
| ૨૮૫ | ૮ | ડ્ગ | ખડ્ગ |

